# મંત્રવિજ્ઞાન

卐

લેખક :

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, ગણિતદિનમણિ,
સાહિત્યવારિધિ, શતાવધાની પંડિત આદિ.

પ્રસ્તાવના :

**શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ**

એમ. એ., એલ્‌.એલ્‌. બી.

તંત્રી–મુંબઈ સમાચાર સાપ્તાહિક.

પ્રકાશક :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

મુંબઈ–૯.

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : પ્રજ્ઞા પ્રકાશન મંદિર
લધાભાઈ ગણપત બીલ્ડીંગ,
ચીંચબંદર, મુંબઈ–૯

બીજી આવૃત્તિ

વિ. સં. ૨૦૨૫ સને ૧૯૬૯

મૂલ્ય રૂપિયા સાડા સાત

આ ગ્રંથના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

મુદ્રક :
કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રીન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ.


# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| | સમર્પણ | ૫ |
| | ગ્રંથકર્તાના બે બોલ | ૭ |
| | પ્રસ્તાવના | ૯ |
| | સાક્ષીભૂત ગ્રંથોની યાદી | ૧૯ |
| ૧ | પ્રારંભિક વક્તવ્ય | ૩ |
| ૨ | મંત્રારાધનની આવશ્યકતા | ૧૪ |
| ૩ | મંત્રની વ્યાખ્યા | ૨૯ |
| ૪ | મંત્રની રચના અંગે વર્ણવિચાર | ૩૮ |
| ૫ | વર્ણમંત્રની શક્તિ | ૪૭ |
| ૬ | બીજાક્ષરો અને તેની વિશિષ્ટ સંજ્ઞાઓ | ૫૨ |
| ૭ | મંત્રશક્તિ અંગે કિંચિત્ | ૫૭ |
| ૮ | મંત્રના પ્રકારો | ૬૪ |
| ૯ | મંત્રની અવસ્થાઓ | ૭૩ |
| ૧૦ | મંત્રસાધન માટે ગુરુની આવશ્યકતા | ૭૭ |
| ૧૧ | સદ્‌ગુરુનાં લક્ષણો | ૮૫ |
| ૧૨ | મંત્રસાધકની યોગ્યતા | ૯૩ |
| ૧૩ | મંત્રનિર્ણય | ૧૦૯ |
| ૧૪ | મંત્રશુદ્ધિના દશ ઉપાયો | ૧૧૫ |
| ૧૫ | વિધિની પ્રધાનતા | ૧૨૬ |
| ૧૬ | કર્મ અંગે કેટલુંક વિચારણીય | ૧૩૨ |
| ૧૭ | સાધનાસ્થલ | ૧૩૬ |

૧૮ પૂજન–અર્ચન ૧૪૫
૧૯ માનસપૂજાનું મહત્ત્વ ૧૫૬
૨૦ ધ્યાન તથા સ્તોત્રાદિ ૧૬૩
૨૧ જપની પ્રશંસા ૧૬૮
૨૨ જપના પ્રકારો તથા નિયમો ૧૭૭
૨૩ જપની ગણનાપદ્ધતિ ૧૮૨
૨૪ જપ સંબંધી વિશેષ વિચારણા ૨૦૮
૨૫ હોમ–તર્પણ આદિ ૨૧૮
૨૬ યંત્રની આવશ્યકતા ૨૨૨
૨૭ અર્થભાવના ૨૩૦
૨૮ સાધનાકાલની પરિચર્યા ૨૩૮
૨૯ અંતરાયો ઓળંગવાની જરૂર ૨૪૪
૩૦ સ્વપ્નસંકેત ૨૫૩
૩૧ મંત્રસિદ્ધિના સાત ઉપાયો ૨૫૭
૩૨ મંત્રસિદ્ધિ ૨૬૧
૩૩ મંત્રપ્રયોગો ૨૬૬
૩૪ શાબરમંત્રો ૨૭૯
૩૫ ઉપસંહાર ૨૮૮

## ઉપયોગી લેખો

૧ મંત્રશક્તિ અંગે શ્રી કેદારનાથજી, શ્રી મોહનલાલ મહેતા ૨૯૩
૨ મંત્રશાસ્ત્ર અને જૈન શ્રમણો, પં. શ્રી રુદ્રદેવ ત્રિપાઠી ૩૦૦
૩ સર્વવેદ સારભૂત ગાયત્રી મંત્ર, શ્રી યોગાચાર્ય એમ. એ. ૩૨૩
૪ મંત્રસાધના માટે આસન, સ્થાન, માલા વગેરેની વિચારણા, શ્રી જેઠાલાલ ત્રિવેદી ૩૩૬
૫ મંત્રગ્રહણમા વિધિ તથા નિષેધ, ઠાકુર શ્રી રાસસુમેરસિંહજી ૩૪૬



## સમર્પણ

ભારતના તે મહાપુરુષોને

કે જેમણે

જગતના કલ્યાણ અર્થે

મંત્રવિદ્યાનો પ્રકાશ કર્યો.

卐

વિનીત

**ધીરજલાલ શાહ**

# પ્રકાશકીય

માનવજીવનનો ઉત્કર્ષ સાધવા માટે મંત્રવિદ્યા એક મહત્વનું સાધન છે, પણ આજે તેના અભ્યાસીઓ-અનુભવીઓ બહુ ઓછા નજરે પડે છે. તેમાંયે પોતાના અભ્યાસ અને અનુભવનું ફલ તટસ્થ ભાવે અક્ષરાંકિત કરીને પ્રજા સન્મુખ ધરનારા વિદ્વાનો તો આંગળીના ટેરવે ગણાય એટલા પણ નથી, પરંતુ ગુજરાતનું એ સદ્‌ભાગ્ય છે કે તેને અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, ગણિતદિનમણિ, શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જેવા મંત્રશાસ્ત્રના ઊંડા અભ્યાસી તથા એકનિષ્ઠ ઉપાસક સાંપડ્યા છે; અને તેઓ ગણિત, માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન આદિ અન્ય વિષયની જેમ આ મહત્ત્વપૂર્ણ વિષય પર પણ પોતાની કલમ ચલાવવા લાગ્યા છે.

આજથી બે વર્ષ પૂર્વે તેમણે ખૂબ પરિશ્રમપૂર્વક 'મંત્રવિજ્ઞાન' નામના એક બૃહદ્ ગ્રંથની રચના કરી અને તેમાં મંત્ર તથા મંત્રસાધના અંગે જાણવા જેવી અનેક હકીકતો વૈદિક, જૈન તથા બૌદ્ધ ગ્રંથના આધારે, તેમજ પોતાના અનુભવ પરથી સરસ શૈલિમાં અને સરલ ભાષામાં રજૂ કરી. પરંતુ આજનું લોકમાનસ મુખ્યત્વે મનોરંજક હળવા સાહિત્ય તરફ ઢળેલું હોઈને આ ગ્રંથનો કેવો સત્કાર થશે? તે અમારે મન એક વિચારણીય પ્રશ્ન હતો; કિંતુ તેનું પ્રકાશન થતાં જ પત્રકાર-મિત્રોએ તેને હાર્દિક આવકાર આપ્યો, વિદ્વાનોએ તેની પ્રશંસા કરી અને જિજ્ઞાસુજનોએ તેને અંતરના ઉમળકાથી વધાવી લીધો. પરિણામે બે જ વર્ષમાં તેની પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ અને આ બીજી આવૃત્તિ પ્રકટ કરવાનો મંગલ પ્રસંગ ઉપસ્થિત થયો. તે માટે અમે સર્વે વિદ્યાપ્રેમીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

મંત્રવિજ્ઞાનના પ્રકાશન પછી થોડા જ સમયમાં પંડિતજીએ '**મંત્રચિંતામણિ**' નામના બીજા પણ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથનું સર્જન કર્યું અને તેને અમે પ્રસિદ્ધ કરેલ છે. આ ગ્રંથ પણ એટલો જ લોકપ્રિય નીવડયો છે.

હવે પંડિત શ્રી '**મંત્ર દિવાકર**' નામના ત્રીજા ગ્રંથનું સર્જન કરી રહ્યા છે અને તે અમારા તરફથી આ વર્ષની દીવાળી પહેલાં પ્રકટ થઈ જવા વકી છે. આ રીતે અમે મંત્રવિષયક ત્રણ મહત્ત્વના ગ્રંથો ગુર્જરભાષાભાષીઓ આગળ રજૂ કરી શકીશું, તેનો અમને ખૂબ આનંદ છે.

મંત્રવિજ્ઞાનની પ્રથમ આવૃત્તિનું શોધન કરવામાં આવ્યું છે, પણ તેમાં વિશેષ ફેરફારો કર્યા નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેમ કરવાની આવશ્યકતા લાગી નથી.

આ મહત્ત્વપૂર્ણ ગ્રંથની પ્રસ્તાવના મુંબઈ સમાચાર સાપ્તાહિકના વિદ્વાન્ તંત્રી **શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ** એમ. એ. એલ્ એલ્. બી. સાહિત્યરત્ને ઘણા પરિશ્રમપૂર્વક લખી આપી હતી, તેજ આ આવૃત્તિમાં કાયમ રાખી છે.

જે મિત્રોએ તથા મહાનુભાવોએ આ પ્રકાશનમાં રસ લીધો છે અને એક યા બીજા પ્રકારે સહાય કરી છે, તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરીએ છીએ.

**પ્રકાશક**

# પ્રસ્તાવના

મંત્રશાસ્ત્રના ઊંડા અભ્યાસી, ગણિતદિનમણિ, સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ મનનીય અને માર્ગદર્શક ગ્રન્થની પ્રસ્તાવના લખવા માટે મને વિનંતિ કરી ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે એમના જેવા મહાવિદ્વાનના ગ્રન્થની પ્રસ્તાવના લખવી એ મારે માટે અનધિકારચેષ્ટા જ ગણાય. પરંતુ આ અગાઉ મુંબઈમાં તેમણે મંત્રવિશારદોની એક પરિષદ બોલાવવા યોજના ઘડી હતી, ત્યારે તેમણે વક્તા તરીકે મારી પસંદગી કરી હતી અને એ પસંદગીને મેં મારી અનુમતિ પણ આપી હતી અને તેથી તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે પ્રસ્તાવના લખવા માટે મારાથી ઈન્કાર થઈ ન શક્યો.

છેલ્લાં પચીસેક વર્ષથી મંત્રવિજ્ઞાનનો મેં અભ્યાસ કર્યો છે, પરંતુ એ અભ્યાસ સાધના કરતાં સંશોધનની દૃષ્ટિએ જ કર્યો છે, એમ કહેવું યોગ્ય થઈ પડશે અને આ પુસ્તકનું મૂલ્યાંકન પણ એ જ દૃષ્ટિથી કરવા હું પ્રેરાયો છું.

સામાન્ય રીતે પ્રત્યેક મનુષ્ય જીવનમાં સુખ ઇચ્છે છે. જેમને આવા સુખની પ્રાપ્તિ થાય અથવા ન થાય તેઓ સૂક્ષ્મ સુખની ઇચ્છા રાખે છે. જેમને આવા સૂક્ષ્મ સુખની પ્રાપ્તિ થાય તે આવું સૂક્ષ્મ સુખ શાશ્વત બને એવી ઝંખના રાખે છે. જેમને આવા શાશ્વત સૂક્ષ્મ સુખની પ્રાપ્તિ થાય છે, તે આત્મસાક્ષાત્કાર, કૈવલજ્ઞાન કે નિર્વિકલ્પ સમાધિમાં લીન થવા ઇચ્છે છે. ચૈતન્યમય માનવજીવનની આ જ સ્વાભાવિક સ્થિતિ હોય છે.

માનવજીવનનું આ ધ્યેય છે અને એ ધ્યેયને પહોંચવાના માર્ગો

અને સાધનોનું દર્શન અને માર્ગદર્શન આપણને જ્ઞાનીઓ, કર્મયોગીઓ, ભક્તો, યોગીઓ, તપસ્વીઓ, મુનિ મહારાજો, આધ્યાત્મવાદીઓ વગેરે પાસેથી મળી શકે છે. એમના અનુભવો અને માર્ગદર્શનની નોંધ તે જ આપણા ધર્મગ્રંથો અને શાસ્ત્રો છે.

સ્થૂલ સુખસંપત્તિથી જીવનમાં સાચા અને શાશ્વત સુખની પ્રાપ્તિ થતી નથી. સ્થૂલ સુખસંપત્તિ અને સમૃદ્ધિના શિખર પર બિરાજતા અમેરિકામાં આજે વધુમા વધુ ગાંડાની ઇસ્પિતાલો છે, વધુમાં વધુ પ્રકારના વધુમાં વધુ ગુના થાય છે અને ત્યા લગભગ દસ ટકા વસ્તિએ જીવનમાં એક વખત તો જરૂર માનસિક ઉન્માદ માટે ચિકિત્સા કરાવી હોય છે.

સમૃદ્ધિના શિખર પર બિરાજતા દેશની એક તરફ આવી દશા છે, તો ગરીબીમા ગબડી પડેલા અને સબડતા-દેશોનું ચિત્ર પણ લગભગ આવું જ છે. ઉપનિષદમાં એક કથા છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા રાખનાર એક શિષ્યને ગુરુએ સાત દિવસ ઉપવાસ કરી પછી પોતાની પાસે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા આવવાની સલાહ આપી. શિષ્ય સાત દિવસના ઉપવાસ કરી ગુરુ પાસે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા ગયો. શિષ્ય વેદપાઠી હતો અને લગભગ બધા જ વેદ એને કંઠસ્થ હતા. બ્રહ્મજ્ઞાન આપવા અગાઉ ગુરુએ એને અમુક અમુક વેદની અમુક અમુક ઋચાઓનો પાઠ કરવા જણાવ્યું. શિષ્યને કેટલીક ઋચાઓ યાદ આવી નહીં, કેટલીક ઋચાઓમાથી વચ્ચેના મંત્રો જ રહી ગયા અને સ્વરો પ્રમાણે ઉચ્ચાર કરવામાં પણ ઘણી ભૂલો થઈ!

આથી ગુરુએ એને બ્રહ્મજ્ઞાન આપતાં જણાવ્યું કે અન્ન છે, તે જ બ્રહ્મ છે. વળી પ્રાચીન ગ્રન્થોમાં કૌશલ્ય પ્રત્યે પ્રમાદ ન સેવવાનો અને બળની ઉપાસના કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. સ્થૂલ સુખસંપત્તિ માનવીના આધ્યાત્મિક વિકાસનું એક મહત્વનું અને

પ્રાથમિક સોપાન છે. રામકૃષ્ણ પરમહંસ પણ પોતાના શિષ્યોને સંસારમાં હોશિયાર થવાનો ઉપદેશ આપતા હતા, કારણ કે જે પોતાની સાંસારિક ફરજો વ્યવસ્થિત રીતે, નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી બજાવી શકતો ન હોય, એ આધ્યાત્મવાદના સૂક્ષ્મ ક્ષેત્રમાં ભાગ્યે જ પ્રગતિ કરી શકે છે.

અધ્યાત્મવાદ એ આત્મસાક્ષાત્કારનો એક માર્ગ છે. એના વિવિધ ભાગ પાડી શકાય, પણ આ ભાગો ઉપરાઉપરી ગોઠવાયેલાં પગથિયાં જેવા છે, એ આપણે ભૂલવું ન જોઇએ. મંત્રયોગ આ આત્મસાક્ષાત્કારનું સાધન છે, પરંતુ સર્વોચ્ચ શિખર પર પહોંચવા મથતા માનવીઓને જેમ પહેલેથી પોતાની સાથે લાકડી રાખવી પડે છે, એમ મંત્ર પણ સાચા સાધકની સાથે રહે છે, પણ ટોચ પર પહોંચ્યા પછી તે લાકડીને બાજુએ મૂકી દે છે.

અન્ય યોગો કરતાં મંત્રયોગનું સ્થાન અનેક રીતે વિશિષ્ટ છે. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં જણાવ્યું છે કે યજ્ઞોમાં પણ (ઉત્તમ એવો) જપયજ્ઞ હું છું.

'મંત્ર શબ્દ મન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. માનવીનાં મન અને પ્રાણ વચ્ચે અવિનાભાવ સંબંધ છે. (मनस. स्पन्दन प्राणः प्राणस्य स्पन्दनं मनः—યોગવાસિષ્ઠ રામાયણ). આ મનને જ માનવીનાં બંધન અને મોક્ષનું કારણ માનવામાં આવ્યું છે. માનવીની વાણી અને વર્તન એના મનની સ્થિતિનું જ પ્રતિબિંબ પાડે છે. વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો મનુષ્ય શરીરથી જે કાર્યો કરે છે, એની પાછળનું પ્રેરણાબળ એના મનમા જ હોય છે. સમગ્ર જગત માનવીના મન પર અવલંબે છે. આથી મનની સુધારણા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ભગવાન રામને દીક્ષા આપતાં એમના ગુરુ વસિષ્ઠે એમને કહ્યું હતું કે :

चित्तं कारणमर्थानां तस्मिन्सति जगत्त्रयम् ।
तस्मिन् क्षीणे जगत्क्षीणं तत् चिकित्स्यं प्रयत्नतः॥

एक एव मनोदेवो, ज्ञेयः सर्वार्थसिद्धिदः ।
अन्यत्र विफलः क्लेशः, सर्वेषां तज्जयं विना ॥

પરંતુ મન એ મોક્ષનું સાધન હોવા છતાં માનવી ભાગ્યે જ પોતાની માનસિક શક્તિને વિકસાવવા પ્રયત્ન કરે છે. તબીબી વિજ્ઞાન જણાવે છે કે એક માનવી ઝનૂને ચડે તો એનામાં દસ માનવીનું બળ અંદરથી પ્રગટે છે. આવું બળ સુષુપ્ત અવસ્થામાં દરેક માનવીમાં હોય છે જ. આવી જ રીતે મનમાં પણ સુષુપ્ત શક્તિઓનો ખજાનો ભરેલો છે, પણ માત્ર એકાદ સ્પર્શથી જ ટાઈટાનિક જેવી જંગી કદની સ્ટીમરને તોડી નાંખનાર, સાગરમાં તરતા પહાડ આઈસબર્ગનો માત્ર દશમો ભાગ જ બહાર જોઈ શકાય છે, એમ સામાન્ય મનુષ્યો મનની અત્યંત અલ્પ શક્તિઓથી જ પરિચિત હોય છે.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર મળીને માનવીનું અન્તઃકરણ બને છે અને માનવીની જોવાની અને કાર્ય કરવાની શક્તિ એ માનવીનું બાહ્ય કારણ છે. આ સર્વ મળીને માનવીનું સૂક્ષ્મ શરીર બને છે.

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે આપણે બાહ્ય જગતનાં કાર્યો આપણી ઈન્દ્રિયો મારફત કરીએ છીએ, પણ ખરી રીતે તો આ ક્રિયાઓ આપણા મગજની અંદર આવેલા વિવિધ કેન્દ્રો દ્વારા જ થતી હોય છે.

આ ચિત્તને કારણે જ આપણને પ્રત્યક્ષ દર્શન થાય છે, આપણે અનુમાનો કરીએ છીએ, પુસ્તકો અગર બીજાઓ પાસેથી જ્ઞાન મેળવીએ છીએ. આપણને છીપમાં મોતી કે દોરડામાં સાપ જેવું મિથ્યા જ્ઞાન —ભ્રાન્તિ થાય છે, સ્વપ્ન વગરની ગાઢ નિદ્રા આવે છે અને બધું યાદ રહે છે. ચિત્તની આ સ્વાભાવિક ક્રિયાઓ છે, પરંતુ જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને નિદ્રાવસ્થા એ ત્રણેયથી પર જઈ માનવી ચોથી તુરીય અવસ્થામાં પ્રવેશે છે, ત્યારે જ માનવીને આત્મસાક્ષાત્કાર થાય છે.

એટલે મનને આત્મસાક્ષાત્કાર માટે તૈયાર કરવા મંત્ર એક સર્વલક્ષી અને અમૂલ્ય સાધન છે. આજે અનેક રોગોની ગંભીર સ્થિતિમાં ડૉક્ટરો જેમ બ્રૉડ સ્પેક્ટ્રમ એન્ટીબાયોટિકસનો ઉપયોગ કરે છે, તેમ મંત્ર એ પણ એક સંજીવની ઔષધ છે.

મનની સુષુપ્ત શક્તિઓ વિકસાવવા માટે મનને એકાગ્ર બનાવવાની પ્રથમ આવશ્યકતા રહે છે. વૈજ્ઞાનિકો કહે છે કે એક ચોરસ ફૂટ કાચને હથોડાથી તોડવા માટે જેટલી શક્તિ વાપરવામાં આવે છે, એટલી શક્તિ જો કાચના ટાંકણીની ટોચ જેવડા ભાગ પર કેન્દ્રિત કરવામાં આવે તો તે જગતની સખતમાં સખત ધાતુને ક્ષણવારમાં ઓગાળી નાંખી શકે. મન જ્યારે એકાગ્ર થાય છે, ત્યારે માનવીમાં આવું જ મનોબળ પ્રગટે છે.

માનવીના જીવનની તમામ સફળતા કે નિષ્ફળતાનો આધાર તે દરેક પ્રસંગે શું પસંદ કરે છે અને શું પસંદ નથી કરતો ? એના પર રહે છે. આવી સારાનરસાની પરીક્ષાશક્તિ વિવેક કહેવાય છે.

માનવીનાં દુઃખોનું સૂક્ષ્મ પૃથક્કરણ કરવામાં આવે તો જણાશે છે કે સંસારરૂપી નાટકમાં એ પોતાને એક અભિનેતા સમજીને વ્યવહાર કરે છે અને રંગભૂમિ પર પોતે સાચો રામ ન હોવા છતાં અજ્ઞાનને લીધે તે પોતાને સાચો રામ માની દુઃખ અનુભવે છે, પરંતુ આત્મા પોતે આવો અભિનેતા નહીં પણ કેવલ સાક્ષી જ—પ્રેક્ષક જ છે. એના જ્ઞાનમય શુદ્ધ સ્વરૂપમાં તે દિવ્ય જ્યોતિર્મય છે. પોતાને આવા અભિનેતા નહીં પણ પ્રેક્ષક માનવાની આ ભાવના વૈરાગ્ય કહેવાય છે. આમ મન એકાગ્ર થવાથી એનામાં આપોઆપ વિવેક અને વૈરાગ્યનો ઉદય થાય છે અને અધ્યાત્મમાર્ગની એની યાત્રા આગળ વધે છે.

માનવીનું સાચું જગત આંતરિક હોવા છતાં અજ્ઞાનને કારણે બાહ્ય જગતને જ સાચું માને છે, પરંતુ બાહ્ય જગત જો સાચું હોત તો માંદા માનવીને કે શોકપૂર્ણ માનવીને પણ જગત એવા ને એવા

સ્વરૂપમાં જ જણાવું જોઈએ. પણ આમ બનતું નથી, એ જ બતાવે છે કે જગત મનોમય છે. માનવી જ્યારે બહિર્મુખ મટી અંતર્મુખ બને છે, ત્યારે જ તે સાચા સુખનો અનુભવ કરવા લાગે છે.

આ મનની એકાગ્રતા, મનના વિવેક–વૈરાગ્ય અને અંતર્મુખી દષ્ટિ એ સર્વને માટે મંત્ર એક અમોઘ શસ્ત્ર છે. જે મનન કરવાથી માનવીનું ત્રાણ અર્થાત રક્ષણ કરે છે, તે મંત્ર કહેવાય છે. આમ આ મંત્રની નિરુક્તિ દર્શાવે છે કે મંત્રનું પ્રધાન કાર્ય માનવીનું રક્ષણ કરવાનું છે.

મંત્ર માનવીનું આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણેયની સામે રક્ષણ કરે છે. આધિ એટલે ચિન્તા. બુદ્ધિ જેમાં ખૂબ ફેલાય જ છે. તે નિરુક્ત પ્રમાણે આધિ કહેવાય. માનવી જ્યારે ચિન્તામાં ઘેરાય છે, ત્યારે તર્ક, વિતર્ક અને કુતર્કોના જાળામાં ફસાય છે અને આવા તર્ક, વિર્તક અને કુતર્કોનો કોઈ છેડો રહેતો નથી. આવી ચિન્તા પ્રમાણભાન, વિવેકભાન વગેરે માનવીની શક્તિઓને હરી લે છે અને ચિન્તામગ્ન માનવી પોતાને અને અન્યને પણ દુઃખી કરે છે. માનવીની સોમાંની નવાણું ચિન્તાઓ નકામી જ હોય છે. કેટલાય મનુષ્યો ચિન્તાને વશ થઈ રોગિષ્ટ બને છે, મનોનાશ કરી સ્કીઝોફ્રેનીઆ જેવા માનસિક રોગથી પીડા પામી જીવનને ખુવાર કરે છે. આથી જ ચિન્તાને ચિતા સમાન ગણવામાં આવી છે. આમાંય ચિન્તા તો ચિતા કરતાં પણ વધુ ભયંકર છે, કારણ કે ચિતા નિર્જીવ મનુષ્યને બાળે છે, જ્યારે ચિન્તા તો જીવતા મનુષ્યને સળગાવે છે. ચિતા મનુષ્યના દેહને એક જ વખત બાળે છે, જ્યારે ચિન્તા એને સતત સળગાવ્યા કરે છે. આવી આધિ અર્થાત્ ચિન્તામાંથી છૂટવાનો સર્વોત્તમ માર્ગ મંત્રસાધના છે.

જે વિશેપ સ્વરૂપમાં આધિ અથવા ચિન્તા કરાવે છે, તે વ્યાધિ કહેવાય છે, કારણ કે વ્યાધિ શરીર ઉપરાંત મનને માટે પણ પીડાજનક

બને છે. વ્યાધિગ્રસ્ત મનુષ્યો ઘણાખરા રોગોમાંથી મુક્ત થઇ શકે છે, એ એક સાબીત થઇ ચૂકેલી હકીકત છે. ઘણાખરાં રોગો શરીરની અંદરની ક્રિયાઓમાં અવ્યવસ્થાને કારણે જ થતા હોય છે અને એવી અવ્યવસ્થાનાં મૂળ તપાસવા જતાં જણાય છે કે એમની અંતસ્ત્રાવી ગ્રંથીઓમાં ખામીઓ હોય છે. જો માનવીનું મન પ્રસન્ન રહી શકે તો જ આવી અંતસ્ત્રાવી ગ્રંથીઓ પોતાની કામગીરી બરાબર બજાવી શકે છે. પ્રસન્ન રહેતા માનવીને ભાગ્યેજ કોઈ રોગ થાય છે. આવી ચિત્તની પ્રસન્નતા મંત્રસાધના દ્વારા પ્રાપ્ત થઇ શકે છે. આમ છતાંય કેટલાક રોગો એવા પણ છે કે જેમને આયુર્વેદમાં અસાધ્ય ગણાવવામાં આવ્યા છે. આવા અસાધ્ય રોગથી પીડાતા માનવીઓને પણ મંત્રસાધના શાન્તિ અને પ્રસન્નતા અર્પણ કરી શકે છે, પરંતુ મંત્રદ્વારા તમામ રોગો મટી શકે છે એવો કોઇનો દાવો હોય તો તે ભાગ દાવો જ છે અને એ સફળ થાય તેને માટે માત્ર ભાવિમાં રાહ જ જોવાની રહે છે. આગળ અપારદર્શક પ્રવાહી આવી જવાથી કોઈ માનવી અંધ બન્યો હોય, તે મંત્રસાધના દ્વારા શારીરિક ક્રિયાઓનો ફેરફાર થવાથી દેખતો બની શકે. આવી જ રીતે સાંધા ઝલાઈ જવાથી કોઈ માનવી લગડો ચાલતો હોય, તે પણ મંત્રસાધના દ્વારા ફરી ચાલતો થઇ શકે, પણ જેની આંખમાં ડોળો જ ન હોય અથવા જેનો પગ કપાઈ ગયો હોય, તેમને અનુક્રમે આંખમાં ડોળો આવી જાય કે પગ આખો થઈ જાય, એવી આશા રાખી શકાય નહીં.

સામાન્ય મનુષ્યો માટે મૃત્યુ પામેલા મનુષ્યના મરણને ઓળખવાનું સહેલું નથી, કારણ કે શ્વાસ બંધ થયા પછી પણ થોડાક સમય બાદ ચાલુ થાય એમ પણ બને છે. ઘણી વાર બેભાન અવસ્થામાં શ્વાસ અને હૃદયના ધબકારા એટલા ધીમા થઇ ગયા હોય છે કે સામાન્ય માનવી તે પારખી ન શકે. આવા માનવી પણ એમના પર પાણી છંટાતાં કે ધૂપદીપ થતાં ભાનમાં આવી જાય છે. આ ઉપરાંત આવી

વ્યક્તિઓ આગળ મોટેથી ભજનકીર્તનના અવાજ થતાં પણ તેઓ ક્યારેક ભાનમાં આવી જાય છે. આવા પ્રસંગો ખાસ કરીને ગામડામાં બને છે. પણ મૃત્યુ પામેલો માનવી મંત્રશક્તિથી જીવતો થયો હોવાનો કોઈ વૈજ્ઞાનિક પુરાવા આપણી પાસે નથી.

મંત્રશક્તિથી ઘણી ખરી ઉપાધિઓ દૂર થઈ શકે છે, પણ તમામ ઉપાધિઓ મંત્રથી દૂર થઇ શકતી નથી. અભિક્રમનાશ અને પ્રત્યવાય એ જીવનનાં અનિવાર્ય અંગો છે. ખેતરમાં બરાબર પાક લણવાના સમયે હીમ પડે કે દીકરાને મહાપુરુષ બનાવવા તાલીમ આપી હોય છતાં તે મહા પાપી નીવડે એવા પ્રકારના બનાવો જીવનમાં પ્રારબ્ધને કારણે ઘણી વાર બને છે. આમ છતાં આવા પ્રસંગો પણ મંત્રસાધક અપાર ધીરજ રાખી આત્મનિકટ બની શાન્તિથી પસાર કરી નાખે છે. વળી મંત્રસાધક ઉપાધિમાં પણ મનને શાન્ત રાખતો હોવાથી ઘણી વાર એને ઉપાધિ દૂર કરવાના માર્ગો પણ મળી રહે છે.

આમ મંત્ર આધિ, વ્યાધિ અને ઉપાધિમાં રક્ષણ કરે છે, છતાં એમાં રહેલી મર્યાદાઓ પણ આપણે ધ્યાનમાં રાખવી જોઈએ.

મંત્રશક્તિથી ચમત્કારો થઈ શકે, પરંતુ ચમત્કાર કોને ગણવો એ વિશે હજી ઘણો મતભેદ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો કુદરત સર્વશકિતમાન હોવા છતાં પોતાના નિયમનું જ ઉલ્લંઘન કરે એવા નિયમો સાથે સાથે જ અમલમાં મૂકી ન શકે. મંત્રવિદ્યાને નામે જે ઘણાખરા ચમત્કારો જોવામાં આવે છે, તે અને જાદુગરોના ખેલમાં કશો જ તફાવત હોતો નથી. માનવી પોતાની સમજશકિતની મર્યાદા સ્વીકારવાને બદલે 'મેં આ નજરે જોયું' એમ કહી મંત્રના ચમત્કાર જોયા હોવાનો દાવો કરે છે. મંત્રવિદ્યાથી લોખંડનું સોનું ન બનાવી શકાય, અભણ માનવીની જીભ પર મંત્ર લખીને તેને વિદ્વાન બનાવી ન શકાય, પાણીમાં ઊભા રહી ન શકાય કે હવામાં અદ્ધર રહી ન શકાય. આવી પ્રાચીન વાતોનો હેતુ બોધદાયક કથાઓ રજૂ કરવાનો

જ હોય છે. પ્રાચીન કથાઓમાં આવે છે એ બધું સત્ય માની ન શકાય, કારણ કે કાગડો કે ગધેડો બોલી શકતા નથી, છતાં આવી કથાઓમાં એમને વાતચીત કરતાં કલ્પવામાં આવ્યા હોય છે.

આમ છતાં મંત્રશક્તિથી બળવાન બનેલ મન અનેક ચમત્કારો સર્જે છે. ઘણા મંત્રસાધક નિષ્ણાતો પોતાના મનોબળથી સામાનાં મન પર ઊંડી અસર કરે છે. એમની મંત્રસાધનાને પરિણામે આત્મ-સાક્ષાત્કાર થતાં એમના સંપર્કમાં આવનારાઓના મનમાં એમના પ્રત્યે ભક્તિભાવની લાગણી પ્રગટે છે. લોકો એમની પાસે માર્ગદર્શન પામવા પણ આવે છે.

પ્રાચીન ભારતમાં મંત્રવિજ્ઞાનનો વિકાસ અદ્ભુત ગણાય એવા પ્રમાણમાં થયો હતો અને એ વિષય પર અનેક ગ્રન્થો પણ લખાયા છે. કોઈ પણ શાસ્ત્ર પ્રત્યે અંધશ્રદ્ધા રાખવી તે એના પ્રત્યેની નાસ્તિકતા જેટલી જ નિરર્થક છે. મંત્રવિદ્યા સાચી વિદ્યા છે અને માનવીના આધ્યાત્મિક અને સર્વલક્ષી વિકાસમાં તે ખૂબ જ સહાયભૂત થાય છે, એમ હું અનુભવને આધારે કહી શકું છું.

ગુજરાતી ભાષામાં મંત્રવિજ્ઞાન પર એકેય અદ્યતન અને આધારભૂત પુસ્તક નહોતું, ત્યારે શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ પુસ્તક લખી આવા પ્રકારના સાહિત્યમાં એક સૌથી પ્રાણવાન ઉમેરો કર્યો છે. એમની દૃષ્ટિ તો સદાય તટસ્થ અને અભ્યાસલક્ષી રહી છે. પ્રાપ્ય, અપ્રાપ્ય, હસ્તલિખિત એવા લગભગ સાઠ પુસ્તકોના ઊંડા અભ્યાસ પછી એમણે આ પુસ્તક લખ્યું છે. મંત્રવિજ્ઞાન જાણવા માટે તેમણે હજારો માઈલનો પ્રવાસ ખેડ્યો છે અને સેંકડો નિષ્ણાતોને તેઓ મળ્યા છે. આટલી બધી જહેમતને અન્તે તેમણે લખેલા આ પુસ્તકની મૂલ્યવત્તા સુજ્ઞ વાંચકને સમજાવવાની ન જ હોય. મંત્રવિજ્ઞાનને લગતી કોઈપણ બાબત એમણે છોડી નથી. સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક એવું આ પુસ્તક સર્વ ધર્મના લોકોને એક સરખું જ ઉપયોગી નીવડશે એ

નિઃશંક છે. લેખકનું વિશાળ વાંચન, અનુભવ, ઊંડું નિરીક્ષણ વગેરેનું સ્પષ્ટ પ્રતિબિંબ આ પુસ્તકમાં પડયું છે. મંત્રવિદ્યાને નામે આજે લાખો માનવીઓ ઠગાઈને પાયમાલ થઈ રહ્યા છે અને સુશિક્ષિતો આપણી પ્રાચીન વિદ્યાઓથી વિમુખ થઈ રહ્યા છે, ત્યારે આ પુસ્તક લખીને લેખકે જનતાની અને ભારતીય સંસ્કૃતિની સાચી સેવા કરી છે અને એમની આ સેવા અભિનંદનને પાત્ર છે.

તા. ૧-૫-૧૯૬૭<br>
શાન્તાબહેન પટેલ<br>
એસ્ટેટ,<br>
ગોરેગામ ઈસ્ટ,<br>
મુંબઈ ૬૩ NB.

—શાન્તિકુમાર જ. ભટ્ટ<br>
(તંત્રી : મુંબઈ સમાચાર સાપ્તાહિક)

# સાક્ષીભૂત ગ્રંથોની યાદી

## [ વૈદિક, પૌરાણિક, તાંત્રિક ]

૧ અગ્નિપુરાણ
૨ આગમસારતંત્ર
૩ ૐકાર ઉપાસના
૪ કક્ષપુટી
૫ કાલિકાગમ
૬ કુલાર્ણવતંત્ર
૭ ગાયત્રી ઉપાસના ભાગ ૧–૨–૩
૮ ગોપાલસહસ્રનામ
૯ ગૌતમીય તંત્ર
૧૦ ઘેરંડસંહિતા
૧૧ છાંદોગ્ય ઉપનિષદ્
૧૨ જ્ઞાનાર્ણવતંત્ર
૧૩ તંત્રસાર
૧૪ દુર્ગાર્ચનસ્મૃતિ
૧૫ દેવી ઉપાસના
૧૬ પિચ્છિલા તંત્ર
૧૭ પિંગલામત
૧૮ પ્રયોગસાર
૧૯ ભગવદ્ગીતા
૨૦ ભૂતશુદ્ધિતંત્ર
૨૧ ભૈરવીતંત્ર
૨૨ મહાનિર્વાણતંત્ર
૨૩ મંત્રમહાર્ણવ
૨૪ મંત્રમહોદધિ
૨૫ માંડૂક્યોપનિષદ્
૨૬ મુંડમાલાતંત્ર
૨૭ યંત્રચિંતામણિ
૨૮ યોગદર્શન
૨૯ યોગદર્શન–પદબોધિની ટીકા
૩૦ યોગશિખોપનિષત્
૩૧ યોગસંહિતા
૩૨ રુદ્રયામલ
૩૩ લલિતાસહસ્રનામ
૩૪ વક્રતુંડકલ્પ
૩૫ વામકેશ્વરતંત્ર
૩૬ શબ્દકલ્પદ્રુમ
૩૭ શારદાતિલક
૩૮ શિવસંહિતા
૩૯ શૈવભાસ્કર
૪૦ ષટ્ચક્રો અને કુંડલિની શક્તિ
૪૧ સનત્કુમારતંત્ર
૪૨ સરસ્વતીતંત્ર
૪૩ સ્કંદપુરાણ


## [ જૈન ]

૪૪ આર્યવિદ્યાનુશાસન
૪૫ ઉવસગ્ગહરં સ્તોત્ર
૪૬ નમસ્કાર–સ્વાધ્યાય ભાગ ૧–૨
૪૭ નવસ્મરણ
૪૮ નિર્વાણકાલિકા
૪૯ પંચકલ્પભાષ્ય
૫૧ પ્રતિક્રમણસૂત્રપ્રબોધટીકા ભાગ ૧–૨–૩
૫૨ ભક્તામરસ્તોત્રમંત્રયંત્રાદિ
૫૩ ભૈરવપદ્માવતીકલ્પ
૫૪ મંત્રવ્યાકરણ
૫૫ મંત્રશાસ્ત્ર (અંગ્રેજી)
૫૬ મંત્રાધિરાજકલ્પ
૫૭ યોગબિંદુ
૫૯ શાન્તિસ્તવ

## [ પ્રકીર્ણ ]

કોષો, નિઘંટુ, વિશેષાંકો, લેખો વગેરે.

# મંત્ર વિજ્ઞાન



[ ૧ ]

# પ્રારંભિક વક્તવ્ય

મંત્રવિદ્યા ભારતવર્ષની પ્રાચીન પવિત્ર સંપત્તિ છે અને તે માનવજીવનનો ઉત્કર્ષ સાધવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે એવી છે. આ પ્રકારની પ્રતીતિ થવાથી જ અમે છેલ્લા બે દશકામાં તેનો અભ્યાસ કરવામાં, તેના નિષ્ણાતો–જાણકારોને મળવામાં તથા તેની સાધના–આરાધના કરવામાં યથાશક્તિ પ્રયત્નશીલ રહ્યા છીએ. છેલ્લા બે દશકાના અમારાં આ પ્રયત્નોએ અમને મંત્રવિદ્યામાં વધારે શ્રદ્ધાન્વિત કર્યા છે અને તેની કલ્યાણકારિતા વિષે અમારા મનમાં જરા યે શંકા રહેવા દીધી નથી.

'સંકટ સમયે સાંકળ ખેંચો' એવાં પાટિયાં રેલ્વેના ડબ્બાઓમાં મારેલાં હોય છે અને પ્રવાસીઓ જરૂર પડયે તેનો ઉપયોગ કરી સલામતી સાધે છે, તેમ અમે જીવનરૂપી રેલ્વેમાં પ્રવાસ કરતાં સંકટ સમયે મંત્રસ્મરણરૂપી સાંકળ ખેંચેલી છે અને તેણે અમને અકલ્પ્ય રીતે સહાય કરેલી છે.

જો આવી ઘટના એકાદ વાર બની હોત તો અમે તેને કાકતાલીય ન્યાય* માનત, પણ આવી ઘટના પાંચ-સાત વાર બની છે અને તેણે અમારી બુદ્ધિને મહાત કરી શ્રદ્ધાને વધારે બલવતી બનાવી છે.

સંભવ છે કે પાઠકગણ આ ઘટનાઓ જાણવાને ઉત્સુક બને, એટલે તેમાંની બે ઘટનાઓ અહીં રજૂ કરીએ છીએ.

. . .

ઘણાં વર્ષ પહેલાં અમે અમદાવાદમાં 'જ્યોતિ મુદ્રણાલય' ચલાવતા હતા અને સાહિત્યનું પ્રકાશન કરતા હતા. એ વખતે મહત્ત્વાકાંક્ષી સ્વભાવને લીધે સાથરા કરતાં સોડ લાંબી ખેંચાઈ હતી અને તેથી દ્રવ્યની તંગી ભોગવવાનો વખત આવ્યો હતો. એ વખતે કામ તો નિયમિત ચાલતું હતું, પણ વ્યવહાર નભાવવા માટે અમારે ખૂબ કાળજી રાખવી પડતી હતી અને મિત્રો તથા સંબંધીવર્ગની સહાય લેવી પડતી હતી.

. . .

પરંતુ એક વખત કસોટી આવી. અમારો લખેલો રૂપિયા બે હજારનો ચેક બેંકમાં રજૂ થયો હતો અને તે સીકરાય તે માટે અમારે બેથી ત્રણ કલાકમાં તેટલી રકમ બેંકમાં ભરી દેવાની જરૂર હતી. કાર્યાલય શરૂ થયા પછી વ્યવસ્થાપકે આ બાબતમાં અમારું ધ્યાન ખેંચ્યું, પણ તેનો તાત્કાલિક તોડ નીકળે તેમ લાગ્યું નહિ. છેવટે અમે એક

---

* કાગડાનું બેસવું ને ડાળનું પડવું, એ કાકતાલીય ન્યાય કહેવાય છે.

મંત્રમય સ્તોત્રનો+ આશ્રય લીધો કે જેનું અમે ઘણા વખતથી શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતા હતા.

એ સ્તોત્રનો સાત વાર પાઠ કર્યા પછી અમે થોડી વિશ્રાંતિ લેવા લાગ્યા. એ વખતે એક તદ્દન અજાણી વ્યક્તિએ અમારા કાર્યાલયમાં પ્રવેશ કર્યો અને અમારું નામ પૂછ્યું. અમે તેનો સત્કાર કર્યો અને બેસવા માટે ખુરશી આપી. તેણે કહ્યું કે મારે તમારી સાથે એક ખાનગી વાત કરવી છે, એટલે અમે બંને પાસેના ઓરડામાં ગયા. ત્યાં એ વ્યક્તિએ જણાવ્યું કે 'મારે અને તમારે કંઈ ઓળખાણ નથી, પણ મેં તમારું નામ સાંભળેલું છે અને તેથી જ અહીં આવેલ છું. તમે મારી રૂપિયા બે હજારની આ રકમ હાલ અનામત રાખો. હું ગુજરાતના પ્રવાસે જવા ઈચ્છું છું, એટલે આ રકમને સાથે ફેરવવાની મારી ઈચ્છા નથી.'

આગંતુકના આ શબ્દો સાંભળતાં જ અમે આશ્ચર્યમાં ડૂબી ગયા. અમે ફરી તેના ચહેરા સામે જોયું, પણ એ ચહેરો ધીર-ગંભીર હતો, સ્વસ્થ અને પ્રસન્ન હતો.

---

+ આ સ્તોત્ર પાચ ગાથાનુ છે, ઉવસગ્ગહરંસ્તોત્ર તરીકે ઓળખાય છે અને તેની મંત્રમયતાને લીધે જૈન સંપ્રદાયમાન્ય નવસ્મરણમાં સ્થાન પામેલું છે. યોગ-મંત્ર-જ્યોતિષવિશારદ શ્રી ભદ્રબાહુ સ્વામીએ પ્રાચીન શાસ્ત્રો (પૂર્વો)ના આધારે તેની રચના કરેલી છે. આ સ્તોત્ર પર અનેક મંત્રમય ટીકાઓ રચાયેલી છે. અમે આ સ્તોત્ર અંગે તાજેતરમાં જ 'મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' નામનો એક બૃહદ્ ગ્રંથ પ્રકટ કર્યો છે, તેનું મંત્રજિજ્ઞાસુઓએ અવશ્ય અવલોકન કરવું.

અમે કોઈપણ જાતની આનાકાની કર્યા વગર એ રકમનો સ્વીકાર કર્યો અને મુંઝવણમાંથી મુક્ત થયા. એક માસ પછી એ વ્યક્તિ પાછી આવી અને તેને રૂપિયા બે હજાર પરત કરવામાં આવ્યા.

આ ઘટનાથી મંત્રસ્મરણમાં અમારો વિશ્વાસ વધ્યો અને વધારે શ્રદ્ધાથી નિત્ય–નિયમિત તેનું સ્મરણ કરવા લાગ્યા.

અમે મુંબઈમાં સ્થિર થયા* પછી એક યંત્રની શોધમાં મ્હૈસુર રાજ્યનો પ્રવાસ કરવાનો પ્રસંગ આવ્યો અને મલૈનાડ વિસ્તારમાં+ પહોંચ્યા કે જ્યાં શ્રી પદ્માવતી દેવી, શ્રી જ્વાલામાલિની દેવી અને શ્રી શારદામ્બિકા દેવીનાં પ્રાચીન પવિત્ર ધામો આવેલાં છે.×

શ્રી પદ્માવતીપીઠ–હુમચથી અમારે કુંદાગિરિ પર્વત પર જવું હતું. આ સ્થાન આશરે પચાસ માઈલ દૂર હતું, એટલે હુમચથી બપોરના ચાર વાગે બસ પકડી સાંજ ટાણે

---

* સને ૧૯૩૯ની સાલથી અમે મુંબઈમાં સ્થિર થયા અને હાલ પણ મુંબઈમાં જ નિવાસ કરીએ છીએ.

+ આ વિસ્તાર શિમોગાથી શરૂ થાય છે અને સહ્યાદ્રિની પર્વતમાળામાં ચાલીશથી પચાસ માઈલ સુધી પ્રસરેલો છે.

× અમે કેટલાંક વર્ષો પૂર્વે 'શ્રી પદ્માવતી દેવીની ચમત્કારિક પીઠ હોમ્બુજા' એ નામનો એક લેખ લખ્યો હતો અને તે મુંબઈથી પ્રકટ થતાં 'કિસ્મત' માસિકમાં પ્રકટ થયો હતો. તેમાં આ પ્રદેશની કેટલીક ઉપયોગી હકીકત આપેલી હતી.

તીર્થહલ્લી આવ્યા અને એક કલાક બાદ આગુંબે ઘાટી તરફ જતી બસમાં સવાર થયા. રાત્રિના દશ વાગે બસ કંડકટરે અમને એક સ્થાને ઉતરી જવાની સૂચના કરી કે જ્યાંથી કુંદાગિરિ પર્વત તરફ જવાતું હતું.

અમે સામાન લઈને નીચે ઉતરી પડ્યા, પણ ત્યાં અમારા સિવાય અન્ય કોઈ માનવી ન હતો. ચારે બાજુ જંગલ નજરે પડતું હતું અને અંધકારે તેની ભયાનકતા વધારી મૂકી હતી. અહીંથી ચાર માઇલનો પ્રવાસ કરીએ તો કુંદાગિરિની તળેટીમાં વસેલા એક ગામમાં પહોંચી શકીએ, પણ અત્યારે એ પ્રવાસ કરવાની કોઈ શકયતા ન હતી. જ્યાં દિવસે પણ ભોમિયા કે જાણકારની સહાય વિના જઈ શકાય નહિ, ત્યાં રાત્રે એકલા–અટુલા શી રીતે જવું?

સડકની એક બાજુએ એક ઘર આવેલું હતું, પણ તે અત્યારે બંધ હતું. તેના દ્વાર ખખડાવવા કે કેમ? એ એક વિચારણીય પ્રશ્ન હતો. અમે કન્નડ ભાષા જાણતા ન હતા, એટલે આ પ્રદેશના મનુષ્યો માટે પરદેશી હતા અને એક પરદેશી માટે રાત્રિના આ સમયે દરવાજા ખુલે એ વાત મગજમાં બેસતી ન હતી. ત્યારે કરવું શું? જો અહીં પડી રહીએ તો જંગલી જનાવરોનો ભેટો થાય અને તેમના હુમલામાંથી બચવું ભારે થઈ પડે, એ નિશ્ચિત હતું.

હવે જ અમને ખ્યાલ આવ્યો કે આ વખતે અહીં આવવામાં અમે પૂરેપૂરું સાહસ કર્યું હતું અને આગળ–પાછળનો કંઈ વિચાર કર્યો ન હતો. આમ છતાં હિમ્મત હાર્યા

નહિ. અમે ધૈર્યનું અવલંબન લઈ પેલા મંત્રમય સ્તોત્રનું સ્મરણ શરું કર્યું. હજી તો તેની પાંચ–સાત વાર ગણના થઈ હશે કે બે લાઈટનો પ્રકાશ પડ્યો અને એક કાળા રંગની મોટર અમારી સામે આવીને ઊભી રહી.

અમે આશ્ચર્યચકિત નયને તેની સામું જોઈ રહ્યા. ત્યાં અંદરથી અવાજ આવ્યો : 'કીધર જાના હૈ ?' આ પ્રદેશમાં હિંદીનો આવો પ્રયોગ વિરલ જ ગણાય, છતાં તે બરાબર થઈ રહ્યો હતો. અમે વિચારમાં પડ્યા : 'શું જવાબ આપવો ? આમાં કંઈ દગો થાય તો આવી જ બને ને ?'

એ હાલતમાં એકાદ મીનીટ પસાર થઈ ગઈ કે ફરી પ્રશ્ન થયો : 'ક્યા સોચતે હો ? ડરો મત. કુંદાગિરિ જાના હો તો બૈઠ જાઓ.' અને અમે વધારે વિચાર કર્યા વિના સામાન લઈ એ મોટરમાં બેસી ગયા.

મોટર જંગલના રસ્તે વાંકીચૂકી ચાલવા લાગી. અંદર બે વ્યક્તિઓ બેઠેલી હોય તેમ લાગ્યું, પણ તે કંઈ વાત કરતી ન હતી કે અંધકારને લીધે તેમના ચહેરા દેખી શકાતા ન હતા, એટલે તે કોણ હતા ? તેનો નિર્ણય કરી શક્યા નહિ.

આશરે વીસ–પચીસ મીનીટ પછી એ મોટર કુંદાગિરિની તળેટીથી એક માઈલ દૂર વસેલા એક ગામડા આગળ ઊભી રહી અને અમને પ્રથમના સ્વરે જ કહેવામાં આવ્યું કે 'ઈધર ઉતર જાઓ.' અમે કંઈ પણ બોલ્યા વિના ત્યાં ઉતરી પડ્યા અને એક વ્યક્તિના મકાનમાં આશ્રય લીધો.

ખરેખર! ઘણી વિષમ પરિસ્થિતિમાંથી અમારો ઉદ્ધાર થયો હતો અને તે અતિ ચમત્કારિક રીતે થયો હતો. આજે પણ એ દૃશ્ય અમારી નજર સામે આવે છે અને અમારા હૃદયમાં અકથ્ય ભાવો જગાડી જાય છે.

અન્ય મહાનુભાવોને પણ આવા અનુભવો થયેલા છે. એક યુરોપિયન ગૃહસ્થને ભારતના કોઈ સાધુમહાત્માએ ૐકાર મંત્ર આપ્યો હતો અને તેની નિત્ય નિયમિત ગણના કરવાનું કહ્યું હતું. 'એનાથી શું લાભ થશે?' એ પ્રશ્નના ઉત્તરમાં મહાત્માએ જણાવ્યું હતું કે 'એનાથી તમારું રક્ષણ થશે.' હવે એક વાર એ યુરોપિયન ગૃહસ્થ યુરોપના પ્રવાસ દરમિયાન એક જંગલમાં ભૂલો પડી ગયો અને અતિ વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ ગયો. ત્યાં તેને પેલા મહાત્માના શબ્દો યાદ આવ્યા, એટલે આસન લગાવીને ૐકારનું ધ્યાન ધર્યું. પછી થોડી વારે આંખો ઉઘાડી તો કોઈ શ્વેતવસ્ત્રધારી એક વ્યક્તિ આવી રહેલી જણાઈ. તેણે સાથે આવી જંગલમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો અને ત્યાર બાદ તે અદૃશ્ય થઈ ગઈ. તે યુરોપિયન ગૃહસ્થે સહુની જાણ માટે આ હકીકત વર્તમાનપત્રોમાં પ્રકટ કરી હતી અને મંત્રના અદ્ભુત પ્રભાવને ભાવભરી અંજલિ આપી હતી.

'ૐકાર ઉપાસના' અને 'ગાયત્રી ઉપાસના' માં× આવા બીજા અનેક દાખલાઓની નોંધ થયેલી છે.

---

× આ બંને ગ્રંથો સ્વ. ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતાએ લખેલા છે અને મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે–અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ થયેલા છે.

પંડિત શ્રી શાન્તનુબિહારી દ્વિવેદીએ મંત્ર-વિષયક એક લેખમાં કહ્યું છે કે 'આપણે બધા ત્રાણ (રક્ષણ) ચાહીએ છીએ, સર્વ અનિષ્ટોમાંથી બચવા ચાહીએ છીએ અને ઇષ્ટપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહીએ છીએ. આ કાર્ય મંત્રારાધનાથી જ થવાનું, તેથી આવશ્યક એ છે કે આપણે મંત્રારાધનાનો આશ્રય લઈએ.'

સ્વામી શ્રી રામદાસજીએ મંત્રની શક્તિ પર પ્રકાશ પાડતાં જણાવ્યું છે કે 'મંત્રશક્તિ ખરેખર આશ્ચર્યજનક છે. જે સદા મંત્રોચ્ચારણ કરતા રહે છે, તે સમય જતાં અસીમ શક્તિ, જ્ઞાન, સુખ, પ્રેમ, આનંદ અને આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત થાય છે.'

સ્વામી શ્રી મહેશ્વરાનંદજીએ યોગશાસ્ત્રનો આધાર ટાંકીને જણાવ્યું છે કે 'મંત્રાનુષ્ઠાનથી સકલ દેવ તથા નિખિલ દેવીગણ સ્વતઃ વશીભૂત થાય છે અને તેથી સંસારના સર્વ વૈભવ સુલભ બની જાય છે.'

સ્વામી શ્રી શિવાનંદજીનો એવો દૃઢ અભિપ્રાય છે કે મંત્રયોગ એક પૂરું વિજ્ઞાન છે અને તેની સહાયથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગની પ્રાપ્તિ કરી શકાય છે.'

પ્રાચીન શાસ્ત્રોમાં મંત્રોપાસના અને તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિનાં વર્ણનો આવે છે, સાહિત્યની પ્રસિદ્ધ કૃતિઓમાં પણ મંત્ર અને માંત્રિકોના ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય

છે, તથા પરંપરાગત માન્યતાઓમાં મંત્રશક્તિનો મહિમા મુક્ત કંઠે ગવાય છે. આ પરથી સુજ્ઞજનો એટલું તો સમજશે જ કે મંત્રોપાસના એ કોઈ ભેજાંબાજનો તુક્કો નથી, મંત્રારાધના એ ટાઢા પહોરની ગપ નથી, અથવા મંત્રસાધના એ અજ્ઞાન અને વહેમમાંથી ઉત્પન્ન થયેલી એક પ્રકારની ઘેલછા નથી, પરંતુ મહાપુરુષો દ્વારા નિર્માયેલું-પ્રતિષ્ઠિત થયેલું એક સુંદર સાધન છે કે જે આપત્તિઓના નિવારણમાં સહાયભૂત થાય છે, સુખની સંપ્રાપ્તિમાં અનેરો ભાગ ભજવે છે અને ઇષ્ટદેવ કે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ મોકળો કરી આપે છે.

વર્તમાનકાળે જડવાદનું જોર જામ્યું છે અને અધ્યાત્મ-વાદની સ્પષ્ટ અવગણના થવા લાગી છે. કેટલાક તો પૂર્વ મહર્ષિ પ્રણીત મંત્ર-યંત્ર-તંત્રને હંબગ કહેવાની હદે પણ પહોંચ્યા છે, એટલું જ નહિ પણ તેની જાહેર નિંદા કરવા લાગ્યા છે. વધારે અફસોસની વાત તો એ છે કે જેમને સમાજની શિષ્ટ વ્યક્તિઓ કહી શકાય તેમાંનો મોટો ભાગ ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓથી અંજાઇ જઈને અધ્યાત્મવાદને નીચા પાટલે બેસાડવા લાગ્યો છે અને એ રીતે મંત્ર, માંત્રિક તથા મંત્રસાહિત્યને એક પ્રકારની નફરતની દૃષ્ટિએ જોવા લાગ્યો છે. એટલે અમને લાગે છે કે અધ્યાત્મવાદની પુનઃ પ્રતિષ્ઠા કરવી હોય, તેમજ મંત્રનો પ્રભાવ જનમનમાં અંકિત કરવો હોય તો મંત્રવિષયક પ્રમાણભૂત સાહિત્ય બહાર પાડવું જોઈએ અને તેમાં જે શક્તિ-સામર્થ્ય રહેલાં છે,

તેનો પ્રકાશ કરવો જોઇએ. મંત્રવિજ્ઞાનનું આલેખન-પ્રકાશન એ દિશામાં એક નમ્ર પ્રયાસ છે.

અમે આ ગ્રંથમાં મંત્રના વિવિધ પ્રકારો અને અંગ-પ્રત્યંગોની પ્રમાણભૂત માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે, એટલે તેનું 'મંત્રવિજ્ઞાન' એવું નામ સાર્થક લેખાશે.

અગાઉના જમાનામાં આ પ્રકારના ગ્રંથને સામાન્ય રીતે શાસ્ત્રસંજ્ઞા લગાડવામાં આવતી, પણ અમે પુખ્ત વિચારણા બાદ આ ગ્રંથને વિજ્ઞાનસંજ્ઞા લગાડી છે.

આજે શાસ્ત્રનું નામ પડતાં કેટલાક લોકોનું નાકનું ટેરવું ઊંચું થાય છે, તો કેટલાકના મુખ પર હાસ્યની રેખાઓ ફરકવા લાગે છે. તેમની એવી નિશ્ચિત ધારણા છે કે 'શાસ્ત્ર એટલે જરી-પુરાણી વાતોનો ભંડાર. તેમાં કેટલીક વાતો કર્ણપરંપરાએ સાંભળેલી હોય છે; તો કેટલીક વાતોમાં અત્યુક્તિ એટલે અતિશયોક્તિ પણ હોય છે. આવી વાતો પર ધ્યાન આપવાથી કોઇ ઉપયોગી અર્થ સરે નહિ.' એમ માની તેઓ શાસ્ત્રનું નામ પડતાં જ દૂર ભાગે છે, પછી તેને ગ્રહણ કરવાની કે વાંચવા-વિચારવાની વાત તો રહી જ ક્યાં? બીજી બાજુ તેમને વિજ્ઞાન શબ્દનું ઘણું આકર્ષણ છે, એટલે કોઇ વસ્તુ વિજ્ઞાનના નામે રજૂ થાય તો તેને ભારે આદરથી ગ્રહણ કરે છે, તેને હોંશે હોંશે વાંચે છે અને તેનો મિત્રમંડળ તથા સ્નેહીવર્ગમાં પ્રચાર પણ કરે છે.

જો આવા લોકોની સંખ્યા ગણી-ગાંઠી હોત તો અમે તેનો વિચાર કરત નહિ; પણ તેમની સંખ્યા ઘણી મોટી

છે અને તેમની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. જો તેમને પાઠક વર્ગમાંથી બાદ કરીએ તો શતકનું એક શૂન્ય ઓછું થાય તેમ છે. આવા લોકોનો પાઠક વર્ગમાં સમાવેશ કરવા માટે જ અમે આ ગ્રંથને મંત્રવિજ્ઞાનનું નામ આપેલું છે.

હવે થોડું પ્રાસંગિક. જ્યારે અમારે કોઈ પણ ગ્રંથનું નામકરણ કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે તે અંગે ઘણું મનોમંથન થાય છે. તેમાં જે શબ્દ હૃદયમાં ભાવોર્મિ જગાડે તેની જ અમે પસંદગી કરીએ છીએ. મંત્રવિજ્ઞાન શબ્દે અમારા હૃદયમાં ભાવોર્મિ જગાડી હતી, એટલું જ નહિ પણ તેની પસંદગી કર્યા પછી જે મિત્રોને અમે વાત કહી, તેમનું હૈયું પણ હર્ષિત થઈ ગયું હતું. આ પરથી અમને આ નામની મંગલમયતા વિષે પૂરેપૂરી ખાતરી થઈ હતી.

વળી નામની પસંદગીમાં અમે પાંચ, છ, સાત કે નવ અક્ષરને વિશેષ પસંદગી આપીએ છીએ. એ દૃષ્ટિએ પણ મંત્રશાસ્ત્ર કરતાં મંત્રવિજ્ઞાન શબ્દ વધારે પસંદગી પામ્યો છે.

છેવટે એ પણ જણાવી દઈએ કે પ્રસ્તુત ગ્રંથમાં અમે કોઈ વિશેષ સંપ્રદાય અથવા ધર્મ પર જ અવલંબિત ન રહેતાં વૈદિક, તાંત્રિક, પૌરાણિક, જૈન, બૌદ્ધ આદિ બધા ધર્મ તથા સંપ્રદાયોનો આશ્રય લઈને તે સંબંધી આવશ્યક સાહિત્યનો ઉપયોગ કર્યો છે, જે પ્રત્યેક સાધકને ઉપયોગી થશે. પ્રથમ પોતાના સંપ્રદાયનું ગુરુદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી ત્યારબાદ અહીં રજૂ થયેલી હકીકતોને સમજવા પ્રયત્ન થશે, તો એ વધારે હિતાવહ નીવડશે.

[ ૨ ]

## મંત્રારાધનની આવશ્યકતા

મંત્રારાધનની આવશ્યકતા સ્પષ્ટતયા સમજાય તથા તે અંગે જે અનેક પ્રકારની શંકાઓ ઉઠે છે, તેનું યોગ્ય સમાધાન થાય, તે માટે પ્રસ્તુત પ્રકરણની યોજના કરવામાં આવી છે.

કેટલાક કહે છે કે 'આધ્યાત્મિક પ્રગતિ સાધવી હોય તો આત્માનું જ્ઞાન મેળવવું જોઇએ અને સંયમ, તપ તથા યોગસાધનાનો આશ્રય લેવો જોઈએ. તેમાં મંત્રારાધનની કંઈ આવશ્યકતા નથી. તેનાથી તો ઘણીવાર માણસો આડા માર્ગે ચડી જાય છે અને તેમની આધ્યાત્મિક પ્રગતિમાં રૂકાવટ થાય છે, એટલે અમને મંત્રારાધનથી દૂર જ રહેવા દો.'

પરંતુ આમ કહેનારાઓએ સમજવું જોઈએ કે મંત્રારાધના આત્માનું જ્ઞાન મેળવવામાં ઉપયોગી છે. દાખલા તરીકે જેઓ પ્રણવમંત્ર ૐ ની નિયમિત ઉપાસના કરે છે, તેમને શીઘ્ર આત્મજ્ઞાન થાય છે. અથવા ઐં બીજની સાધના

કરનારને સરસ્વતીનો પ્રસાદ પ્રાપ્ત થાય છે અને તેના લીધે તે આત્માસંબંધી જાણવા જેવી સર્વ હકીકતો જાણી શકે છે. વળી આત્માનું જ્ઞાન માત્ર પુસ્તકો વાંચવાથી કે માત્ર ભાષણો સાંભળવાથી થતું નથી. તે માટે ચિંતન–મનન–નિદિધ્યાસન કરવું પડે છે અને તેનું સામર્થ્ય મંત્રારાધન પૂરું પાડે છે. 'સોઽહં' મંત્રનો અખંડ જાપ કરનારને પૂછો કે તેની અર્થ-ભાવના કરતાં કેટલો આત્મપ્રકાશ લાધે છે!

આધ્યાત્મિક પ્રગતિ માટે સંયમ અને તપની આવશ્યકતા છે, એ બાબતમાં કોઈ વિવાદ નથી, પણ મંત્રારાધના, મંત્ર-સાધના કે મંત્રોપાસના સંયમ અને તપની વિરોધી ક્યાં છે? અરે! એ તો સંયમ અને તપનું પોષણ કરનારી છે. મંત્રોપાસનાના નિયમો જાણો, એટલે તમને આ વાતની પ્રતીતિ થશે. તેમાં બ્રહ્મચર્ય પાળવું જ પડે, અમુક આસને બેસવું જ પડે, અમુક મુદ્રાઓ ધારણ કરવી જ પડે, એમાં સંયમનું પાલન નથી શું? વળી માત્ર ફલાહાર, અમુક વસ્તુનો ત્યાગ, એક જ વખત ભોજન કે અમુક દિવસના ઉપવાસ એ તપનું જ આચરણ છે અને તે મંત્રોપાસના દરમિયાન સાધકને અવશ્ય કરવું પડે છે.

અહીં યોગસાધનાનો નિર્દેશ કરવામાં આવે છે, એટલે સ્પષ્ટ કરવાની જરૂર છે કે યોગ ચાર પ્રકારનો છે, તેમાં મંત્રયોગને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલું છે. તે અંગે 'શિવસંહિતા'ના પાંચમા પટલમાં કહ્યું છે કે—

मन्त्रयोगो हठश्चैव, लययोगस्तृतीयकः।
चतुर्थो राजयोगः स्यात्, स द्विधाभाववर्जितः ॥

'પહેલો મંત્રયોગ, બીજો હઠયોગ અને ત્રીજો લય-યોગ છે. ચોથો રાજયોગ છે, તે દ્વિધાભાવથી વર્જિત છે.'

પરંતુ એક યા બીજા કારણે આજે મંત્રયોગ એ શબ્દનો પ્રચાર ઘટી ગયો છે અને તેથી મંત્રોપાસના એ યોગ-સાધનાનો જ એક મહત્ત્વનો ભાગ છે, એ વાત વિસરાઈ ગઈ છે.

યોગશાસ્ત્રના પરમ નિષ્ણાત **શ્રી પતંજલિ મુનિએ યોગદર્શનના** બીજા સમાધિપદમાં કહ્યું છે કે 'तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः । તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન એ ક્રિયાત્મક યોગ છે.' અહીં સ્વાધ્યાય શબ્દથી મુખ્યતાએ મંત્રજપનો નિર્દેશ છે. તે અંગે **યોગશાસ્ત્રની પદબોધિની ટીકામાં** કહ્યું છે કે 'स्वाध्यायः प्रणवश्रीरुद्र-पुरुषसूक्तादिमन्त्राणां जपः मोक्षशास्त्राध्ययनं च ।' સ્વાધ્યાય એટલે પ્રણવ, રુદ્રસૂક્ત, પુરુષસૂક્ત આદિ મંત્રોનો જપ કરવો તથા મોક્ષનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોનું અધ્યયન કરવું તે.

શું આ શબ્દો શ્રવણગોચર થયા પછી કોઇ એમ કહેવાની હિમ્મત કરશે ખરા કે મંત્રોપાસના એ યોગસાધનાનો એક મહત્ત્વનો ભાગ નથી?

જે મંત્ર પવિત્ર છે, સાત્ત્વિક છે અને સદ્‌ગુરુએ

ઉપદેશેલો છે, તે મંત્રની સાધના, આરાધના કે ઉપાસના કરતાં આડા માર્ગે ચડી જવાનો ભય જરા પણ નથી. પરંતુ લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે મરતા નથી. તેઓ એકને બદલે બીજું પધરાવી દે છે અને ઘણીવાર માણસોને જાણી બૂઝીને આડા માર્ગે ચડાવી દે છે, જેથી તેઓ એમનો મન-માન્યો શિકાર કરી શકે. ભૂતકાળમાં આવું ઘણું બન્યું છે અને આજે પણ બની રહ્યું છે, તેથી જ સુજ્ઞજનો આવાઓથી ચેતતા ચાલે છે અને મંત્રરૂપી ઝવેરાત ખરીદવાને સાચા ઝવેરીરૂપ સદ્ગુરુઓના શરણે જાય છે.

તાત્પર્ય કે મંત્રોપાસનાથી આધ્યાત્મિક પ્રગતિ સાધી શકાય છે, એટલે અધ્યાત્મપ્રેમીએ મંત્રોપાસનાનો આદર કરવો જોઈએ અને તેમાં તલ્લીન થવું જોઈએ.

કેટલાક કહે છે કે 'જમાનાની બલિહારી છે. સત્ય યુગમાં મંત્રો પોતાનું ફળ બરાબર આપતા હતા. ત્રેતાયુગમાં પણ તે પોતાનો પ્રભાવ બતાવતા હતા અને દ્વાપરયુગમાં પણ તેનો ચમત્કાર જોવામાં આવતો હતો, પણ આ તો ઘોર કલિયુગ છે. તેમાં મંત્રો પોતાનું ફળ શી રીતે બતાવે ? તાત્પર્ય કે આજે મંત્રો ફલદાયી નથી, એટલે તેની સાધના, આરાધના કે ઉપાસના કરવી નિરર્થક છે.

કલિયુગની કાલિમા જોતાં આ દલીલ કેટલાકના ગળે ઉતરી જાય એવી છે, પણ અમને સ્પષ્ટ કહેવા દો કે તેને શ્રુતિ, યુક્તિ કે અનુભૂતિનો ટેકો નથી.

મહાનિર્વાણતંત્રમાં કહ્યું છે કે-

कलौ तन्त्रोदिता मन्त्राः, सिद्धास्तूर्णफलप्रदाः ।
शस्ताः सर्वेषु कर्मसु, जपयज्ञक्रियादिषु ॥

અર્થાત્ 'તંત્રશાસ્ત્રોમાં કહેલા મંત્રો કલિયુગને વિષે સિદ્ધ થાય એવા છે, એટલું જ નહિ પણ શીઘ્ર ફલ આપનારા છે. વળી સર્વ કામો, તેમજ જપ, યજ્ઞ આદિ સુવિહિત ક્રિયાઓ માટે તે પ્રશસ્ત છે.'

જો કલિયુગમાં મંત્રસાધન ફલદાયી થતું ન હોય તો મહાનિર્વાણતંત્રમાં શ્રી શંકર ભગવાન આવા શબ્દો કહે શા માટે ?

કલિયુગમાં કોઈએ મંત્રસાધના કરવી નહિ, એવા કોઈ શાસ્ત્રીય પાઠો અમારા જોવામાં આવ્યા નથી. તાત્પર્ય કે આજે મંત્રસાધન ફલદાયી થતું નથી, એ માન્યતા નિરાધાર છે; તેને શાસ્ત્રનો ટેકો નથી.

હવે યુક્તિ પર આવીએ. યુક્તિ એમ કહે છે કે મંત્રોપાસના એક શાસ્ત્રીય-વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, એટલે તેનું ફળ મળવું જ જોઈએ. અગ્નિ પ્રકટે અને વસ્તુ બળે નહિ, એ કેમ બને ? અથવા વરસાદ પડે અને વસ્ત્ર ભીંજાય નહિ, એ કેમ બને ? શું કોઈ એમ કહેવાની હિંમત કરે છે ખરા કે સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં અગ્નિ વસ્તુઓને બાળતો હતો, પણ આજે ઘોર કલિયુગ આવ્યો, એટલે અગ્નિ વસ્તુઓને બાળતો નથી ! અથવા સત્યયુગ,

ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં વરસાદથી વસ્ત્રો ભીંજાતાં હતાં, પણ આજે ઘોર કલિયુગ આવ્યો, એટલે વરસાદથી વસ્ત્રો ભીંજાતાં નથી ?

આધુનિક વિજ્ઞાને અનેક પ્રમાણો આપીને પુરવાર કર્યું છે કે સંસ્કાર પરિવર્તનશીલ છે, પણ સ્વભાવ ગુણ એ નિત્ય વસ્તુ છે. જેનો જે ગુણ હોય તે કાયમ રહે. જો અગ્નિનો ગુણ બાળવાનો હોય તો ભૂતકાળમાં વસ્તુઓને બાળે, આજે પણ બાળે અને ભવિષ્યમાં પણ બાળે. અથવા વરસાદનો ગુણ ભીંજાવવાનો હોય તો ભૂતકાળમાં વસ્ત્રોને ભીંજાવે, આજે પણ ભીંજાવે અને ભવિષ્યમાં પણ ભીંજાવે. તો પછી મંત્રો અમુક કાળમાં પોતાનું ફળ આપે અને અમુક કાળમાં ન આપે, એ કેમ બની શકે ? ફલની પ્રાપ્તિમાં સંયોગોની તરતમતા ભાગ ભજવે છે, પણ તે એનો મૂળ સ્વભાવ બદલી શકતી નથી; આ પરિસ્થિતિમાં એમ માનવું જ વ્યાજબી ગણાય કે મંત્રસાધન આજે પણ ફલદાયી છે.

અહીં એ પણ વિચારવા યોગ્ય છે કે મંત્રસાધન ફલદાયી ન હોય તો હજારો–લાખો માણસો તેનો આશ્રય લે શા માટે ? ઘડીભર માની લઈએ કે એ તો ગાડરિયો પ્રવાહ છે, પણ યોગીઓ, સંન્યાસીઓ, અવધૂતો, સાધુઓ, મુનિઓ, શ્રમણો, તપસ્વીઓ એ બધાને માટે શું કહેશો ? જો તેમને પણ ગાડરિયા પ્રવાહમાં ગણવાની હિમાયત કરતા હો, તો અમે એમાં હરગીઝ સંમત નથી. જેમનામાં બુદ્ધિ છે, વિવેક છે, વસ્તુની પરીક્ષા કરવાની પૂરી આવડત છે,

તેમને ગાડરિયો પ્રવાહ કેમ કહી શકાય ? સાચી હકીકત એ છે કે તેઓ મંત્રોપાસનાનું ફળ સાક્ષાત્ જોઈ રહ્યા છે, માટે જ તેમાં સંલગ્ન છે.

અમે પોતે મંત્રસાધનથી પ્રાપ્ત થતી અનેક સિદ્ધિઓ નજરે નિહાળી છે અને જાતે અનુભવી છે, એટલે મંત્રસાધન આજે ફલદાયી નથી, એમ શી રીતે માનીએ ?

અમે દશ કે અગિયાર વર્ષની ઉંમરના હતા, ત્યારે અમારા ગામ દાણાવાડામાં[1] મોતી નામનો એક મંત્રવાદી આવેલો. તેણે પોતાના ખેલો-પ્રયોગો ગામચોરાની પાસે કરેલા. તેમાં રેલ્વેની ચાલુ ટીકીટોથી એક જણની ટોપી ભરી દીધેલી, પરંતુ આવું તો જાદુગરો પણ હાથચાલાકીથી કરી શકે છે, એટલે તેમાં બહુ આશ્ચર્ય લાગેલું નહિ. અમને જે આશ્ચર્ય થયું, તે ત્યાર પછીના બે પ્રયોગોથી થયું કે જેની અહીં રજૂઆત કરવામાં આવી છે.

તેણે ગામના એક ખડતલ માણસના માથાની આસ-પાસ લાકડી ફેરવીને કહ્યું કે 'હવે આ માણસને બોલાવો. તે કોઈનું સાંભળશે નહિ.' અને ગામલોકોએ તેને મોટા

---

૧ આ ગામ સૌરાષ્ટ્રના ઝાલાવાડ જીલ્લામાં સુરેન્દ્રનગરથી આશરે ૭ માઈલ અને દીક્ષરરોડ સ્ટેશનથી ૧॥ માઈલના અંતરે આવેલું છે. સને ૧૯૦૬ના માર્ચ માસની ૧૮મી તારીખે આ ગામમાં અમારો જન્મ થયો હતો. તે વખતે તેની વસ્તી આશરે ૧૦૦૦ મનુષ્યોની હતી. આજે કદાચ થોડી વધારે હશે. અમારા જ્ઞાનસંચયમાં આ ગામનો પણ નોંધપાત્ર ફાળો છે.

ઘાંટા પાડીને બોલાવ્યો, પણ તે સૂનમૂન બેસી જ રહ્યો. તેણે કંઈ જવાબ આપ્યો નહિ.

કોઈ વાર ઉત્તરસાધકથી પણ આવી ઘટના નીપજાવી શકાય છે, પણ આ માણસને તેણે પસંદ કર્યો ન હતો. 'કોઈ પણ માણસ આગળ આવો.' એમ જણાવતાં ગામ-લોકોએ જ તેને આગળ ધકેલ્યો હતો. જ્યારે અનેક માણસોએ ઘાંટો પાડીને બોલાવવા છતાં તેણે કંઈ સાંભળ્યું નહિ, ત્યારે બધાને ખાતરી થઈ કે આ માણસની શ્રવણશક્તિ હરાઈ ગઈ છે.

પછી મંત્રવાદીએ તે માણસના માથા પર બીજી લાકડી અવળી ફેરવીને કહ્યું : 'હવે આને બોલાવો.' એ વખતે એક જણ ધીમા અવાજે તેનું નામ બોલ્યો કે સામેથી જવાબ આવ્યો : 'શું છે ?' આથી બધાના આશ્ચર્યમાં વધારો થયો. અમે પણ ખૂબ જ આશ્ચર્ય પામ્યા. પછી તેને પૂછવામાં આવ્યું કે 'અમે તને આટલા ઘાંટા પાડીને બોલાવ્યો, છતાં કેમ કંઇ જવાબ ન આપ્યો ?' ત્યારે તેણે કહ્યું કે 'મેં તમારા કોઈનો ઘાંટો સાંભળ્યો જ નથી. શું તમે મને બોલાવતા હતા ?'

ત્યાર પછી મોતીએ એક ગંજીફ્રાક અને ધોતી રાખી બીજાં વસ્ત્રો ઉતારી નાખ્યાં હતાં અને લગભગ ત્રણસો માણસોને ઇચ્છિત વસ્તુ ખવડાવી હતી. તે પ્રેક્ષકની પાસે જઈને હાથની મૂઠી ઊંચી કરતો, તેને કઇ વસ્તુ ખાવી

છે ? એવો પ્રશ્ન કરતો અને જવાબ મળે કે તેના મુખમાં એ મૂઠી ખોલી નાખતો. એ વખતે પ્રેક્ષકે કહેલી ચીજ-વસ્તુ તેના મુખમાં આવી જતી અને તે હસતાં મુખડે ખાઈ જતો.

આ રીતે ત્રણસો માણસોને ઇચ્છિત વસ્તુ ખવડાવ્યા પછી દૂર બેઠેલા હરિજનભાઈઓએ પોતાને કંઈપણ આપવાની માગણી કરી, એટલે તેણે કહ્યું : 'પછેડી ધરો.' એ વખતે હરિજનોએ પછેડી ધરી કે મોતીએ બંને હાથનો ખોબો કરી પછેડીની ઉપર ધર્યો અને તેમાંથી પુષ્કળ સોપારીઓ પછેડીમાં પડી. આ રીતે તેણે ત્રણ-ચાર વાર સોપારી આપતાં આશરે દોઢ કિલો જેટલી સોપારી હરિજનોને મળી. તેઓ એને પોતાના ઘરે લઈ ગયા.

અમે એમ સાંભળ્યું હતું કે આ રીતે આપેલી વસ્તુઓ ટકતી નથી, એટલે કે તે થોડીવાર પછી અદૃશ્ય થઈ જાય છે, તેથી થોડા દિવસ બાદ એ સોપારી બાબત તપાસ કરી, તો એ સોપારીઓ મૂળ હાલતમાં જ હતી અને તેઓ એમાંથી પ્રસંગોપાત્ત કેટલીક વાપરતા હતા. આ વસ્તુ હાથ-ચાલાકીથી બને એવી ન હતી, એટલે અમે તેને કોઈપણ મંત્ર કે વિદ્યાનો પ્રભાવ માન્યો હતો અને ખરેખર વસ્તુ-સ્થિતિ એવી જ હતી.

મોટી ઉમરે મણિબહેન નામના એક દરજીબહેન પાસે પણ આવી સિદ્ધિ જોઈ હતી. તેમને કોઈ સાધુ પાસેથી આ સિદ્ધિ પ્રાપ્ત થયેલી અને હજારો માણસોને તેનો પરચો

બતાવેલો. આજે મોતી હૈયાત નથી અને મણિબહેન વિદ્યમાન્ છે કે કેમ ? તેની ખબર નથી, પરંતુ ભારતવર્ષમાં આવા બીજા પણ અનેક માણસો હૈયાતી ધરાવે છે કે જેમાં સચ્ચા સાંઈબાબા વગેરે પ્રસિદ્ધ છે.

દક્ષિણભૈરવની સાધનાથી મનની ચિંતિત વસ્તુ કહી શકાય છે. આ વસ્તુ મુંબઈના એક મંત્રવાદી મહાશય પાસે જોવા મળેલી. અમારા મિત્રે ચિંતવેલી વસ્તુ માળા છે અને તેમાં અમુક મોતી છે, એમ તેમણે સ્પષ્ટ ઉત્તર આપેલો. વળી હાલ તે કઈ બેન્કના કયા નંબરના ખાનામાં પડેલી છે, તે પણ બરાબર કહેલું. કેટલાક આને ઈ. એસ. પી. એટલે Extra Sensory perceptionનું પરિણામ પણ માને, પરંતુ અમે ખાતરી કરી હતી કે તેઓ આ પ્રકારની કોઈ વિશિષ્ટ ઈન્દ્રિય ધરાવતા ન હતા. તેમની આ સિદ્ધિ મંત્રોપાસનાને જ આભારી હતી.

આ જ મંત્રવાદી મહાશયે એક વખત મુંબઈમાં બેઠાં ખટમંડુના રાજમહેલના એક ખંડમાં બની રહેલી ઘટનાનું વિસ્તારથી વર્ણન કર્યું હતું અને તે સાચું પુરવાર થયું હતું. એ વખતે અમે તેમની પાસે જ બેઠેલા હતા.

બેંગલોરમાં અમે એક જ્યોતિષી પાસે અદ્ભુત મંત્રસિદ્ધિ જોઈ. તેઓ કન્નડ, તેલુગુ, તામીલ, હિંદી આદિ બારથી તેર ભાષા પૈકી કોઇપણ ભાષામાં લખાયેલા પ્રશ્નો જોયા વિના જ કહી આપતા હતા અને જ્યોતિષનાં આધારે

તેના જવાબો પણ આપતા હતા. ત્યાં રોજ માણસોની મોટી સંખ્યા ભેગી થતી કે જેમની વ્યવસ્થા કરવા માટે ખાસ માણસો રોકવામાં આવ્યા હતા. પરંતુ આ જ્યોતિષીનો ખરો ચમત્કાર તો પુષ્પાવતાર વિદ્યાનો હતો.

મંત્રની ચૈતન્યશક્તિનો પુષ્પોમાં અવતાર થાય તેનું નામ પુષ્પાવતાર વિદ્યા. તેઓ શ્રી પદ્માવતીદેવીનું એક માંત્રિક સ્તોત્ર બોલતાં કે સામે પડેલાં પુષ્પોમાં ચૈતન્ય આવતું અને તે ચક્કર ચક્કર ફરવા લાગતા, ચાલવા માંડતા, દોડતા કે અદૃશ્ય થઈ જતાં. એક વાર તેમણે માંત્રિક સ્તોત્ર બોલીને પુષ્પમાળામાં પ્રાણનો સંચાર કરેલો અને તે માળા ઉડીને તેમના આદેશ અનુસાર દૂર બેઠેલી એક વ્યક્તિના ગળામાં પડેલી. એક વાર બેંગલોરના પ્રવાસમાં મારા ધર્મપત્નિ મારી સાથે હતાં, ત્યારે તેમને પણ આ પ્રયોગ જોવાની તક મળેલી.

આ ઉપરાંત મંત્રશક્તિથી અનેક પ્રકારના રોગો મટયાના, ઈચ્છિત ધનલાભ થયાના, ઊંચા અધિકાર પ્રાપ્ત થયાના, કોર્ટ-કચેરીના કજિયા જિત્યાના, મન ગમતું સમાધાન થયાના, કન્યાઓને ઈચ્છિત વર મળ્યાના દાખલાઓ પણ અમારા જોવા-જાણવામાં આવ્યા છે, તેથી 'મંત્રસાધન આજે ફલદાયી થતું નથી,' એવા વિધાનને અમે કલ્પિત કે નિરાધાર લેખીએ છીએ.

કેટલાક કહે છે કે 'જેને મોહન, મારણ, આકર્ષણ,

ઉચ્ચાટન આદિ કરવું હોય તે મંત્ર-તંત્રની સાધના કરે. અમને આવી કોઈ બાબતમાં રસ નથી, તો મંત્રસાધના શા માટે કરીએ ?'

આ શબ્દો સાંભળીને પ્રથમ તો અમને એ જ વિચાર આવે છે કે માનવજાતિની ઉન્નતિ કરનારું જે મહાસાધન, તેના અંગે લોકોની આ કેવી માન્યતા ! પરંતુ તેમાં એમનો દોષ નથી. વચલો કાળ એવો આવી ગયો કે મંત્રશક્તિનો ઉપયોગ ઉપર જણાવેલાં કાર્યોમાં થવા લાગ્યો. કેટલાક સ્વાર્થી લોકોએ મંત્ર-તંત્રસાધનાના નામે દુરાચારના અડ્ડા પણ જમાવ્યા અને તેથી મંત્ર-તંત્રનું નામ વાયડું બની ગયું. જો કે ત્યારબાદ શ્રીમચ્છંકરાચાર્ય આદિના પ્રબળ પ્રયાસથી આવા દુરાચારીઓના અડ્ડાઓ ઉખડી ગયા અને મેલી મુરાદવાળા મંત્રવાદીઓ જીવ લઈને નાઠા, પરંતુ તેની જે છાપ લોકોના મનમાં પડી ગઈ, તે હજીયે ભૂંસાતી નથી. તેનું જ એ પરિણામ છે કે લોકો આવું મંતવ્ય પ્રકટ કરી રહ્યા છે.

પરંતુ આ મહાનુભાવોને અમે પ્રેમપૂર્વક જણાવવા ઇચ્છીએ છીએ કે મંત્રોપાસનાનો મૂળ હેતુ કલ્યાણ છે, તેથી તે કલ્યાણના અર્થે જ થવી જોઈએ. તેમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આદિ કર્મો ઇષ્ટ છે, પણ અન્ય કર્મો ઇષ્ટ નથી. શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ આદિ કર્મોમાંથી છેવટે ઇષ્ટદેવ કે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરવાના માર્ગે વળવાનું છે, એ વાત બરાબર ધ્યાનમાં રાખીએ.

આપણા દેશમાં હજારો-લાખો સાધુ-મહાત્માઓ તથા ગૃહસ્થ સ્ત્રીપુરુષો મંત્રોપાસના કરે છે, તે બધા મોહન, મારણ આદિ હેતુથી કરતા નથી, પણ આધ્યાત્મિક પ્રગતિ માટે કરે છે. આપણે તેમનો દાખલો કેમ ન લઈએ? અમે તો એમ પણ કહીએ છીએ કે પાસે બે પૈસાનો જીવ હોય, લાજ-આબરૂ સારી હોય અને શરીર નીરોગી હોય તો પણ મનુષ્યે મંત્રોપાસના કરવી જોઈએ, જેથી તે ઉત્તરોત્તર પોતાનો વિકાસ સાધી શકે અને સત્કાર્યો કરવાની શક્તિનો સંચય કરી શકે.

કેટલાક કહે છે કે 'ઋષિ-મહર્ષિઓ ધર્મ તથા મોક્ષની સિદ્ધિ કરનારા મંત્રોનું નિર્માણ કરે તે જરૂરનું છે, પણ તેમણે અર્થ અને કામની સિદ્ધિ કરનારા મંત્રોનું નિર્માણ શા માટે કરવું જોઈએ?' તાત્પર્ય કે આ વસ્તુ અમને ઠીક લાગતી નથી.

અહીં એટલું સમજવાની જરૂર છે કે સામાન્ય રીતે સંસારી મનુષ્યો ધનલાભ, સ્ત્રીલાભ, પુત્રલાભ, મિત્રલાભ તથા અધિકારની એષણાવાળા હોય છે અને તે માટે પોતાની સૂઝ-સમજ પ્રમાણે એક યા બીજા પ્રકારનો પ્રયત્ન કરતા હોય છે, પરંતુ તેમાં ધારી સફલતા બહુ ઓછાને મળે છે. ઘણાની સ્થિતિ તો 'ત્રણ સાધે ત્યાં તેર તૂટે' એવી હોય છે અને કેટલાકનું મહાપ્રયત્ને કિનારે આવેલું વહાણ ડૂબી જાય છે. આ વખતે તેમની નિરાશાનો પાર રહેતો નથી, તેમને સર્વત્ર અંધકાર ભાસે છે અને ઘડીભર તો જીવન કરતાં મૃત્યુ પ્યારું લાગી જાય છે.

મનુષ્યોની આ પરિસ્થિતિ લક્ષ્યમાં રાખીને પરોપકાર-પરાયણ ઋષિ-મહર્ષિઓએ અર્થ અને કામની સિદ્ધિ કરનારા મંત્રોનું નિર્માણ કર્યું, પણ તેની પાછળ દૃષ્ટિ તો એ જ રાખી કે જો મનુષ્યો મુશ્કેલીઓમાંથી ઉગરશે તો શાંત-સ્વસ્થ મનવાળાં થઈને પોતાનાં કર્તવ્યો યથાર્થપણે બજાવશે, ધર્મનું આરાધન કરવા તત્પર થશે અને આગળ વધીને ઇષ્ટદેવ કે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાને પ્રયત્નશીલ થશે.

ઉક્ત ઋષિ-મહર્ષિઓએ આવા મંત્રો અનધિકારીના હાથમાં ચડી ન જાય તે માટે તેને ગુપ્ત-અતિગુપ્ત રાખવાની આજ્ઞા ફરમાવી છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે શક્તિનો સદુપયોગ અને દુરુપયોગ બંને થઈ શકે છે અને તેથી અધિકારી અને અનધિકારીની વિચારણા આવશ્યક બને છે. આધુનિક વિજ્ઞાને આ વિચારણાને વિશેષ મહત્ત્વ આપ્યું નથી, તેથી અતિ શોચનીય સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જે અણુશક્તિનો ઉપયોગ માનવહિતનાં અનેક કલ્યાણકારી કામોમાં થઈ શકે, તેનો ઉપયોગ મનુષ્યોનો સામૂહિક વધ કરવામાં થાય છે. હીરોશીમા અને નાગાસાકીની ઘટનાઓ તેનાં પ્રત્યક્ષ પ્રમાણો છે.

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં અમે એટલું જણાવવા ઇચ્છીએ છીએ કે આપણે ત્યાં મંત્ર તથા મંત્રસાધના અંગે પ્રમાણભૂત પુષ્ટ ચર્ચાઓ થતી નથી. કેટલાક તે અંગે મૌન-

રહેવાનું પસંદ કરે છે, તો કેટલાક તે અંગે ભળતી જ વાતો ફેલાવે છે; તેથી શ્રેયસ્કર એ છે કે સુજ્ઞજનોએ મંત્રારાધનાની આવશ્યકતા સમજી તેનાં મૂળ પુસ્તકોનો અભ્યાસ કરવો અથવા તો તેના વિષે લખાયેલાં પ્રમાણભૂત સાહિત્યનો આશ્રય લેવો. આમ કરવાથી જ મંત્ર અને મંત્રસાધના અંગે સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે અને તે દ્વારા પ્રગતિ, વિકાસ કે અભ્યુદય સાધી શકાશે.

# [૩]

## મંત્રની વ્યાખ્યા

નિરુક્તકાર **યાસ્ક મુનિએ** કહ્યું છે કે 'मन्त्रो मननात्' મંત્રશબ્દનો પ્રયોગ મનનના કારણે થયેલો છે, તાત્પર્ય કે- જે વાક્યો–પદો વારંવાર મનન કરવા યોગ્ય હોય તેને મંત્ર કહેવાય છે. વેદનાં વાક્યો વારંવાર મનન કરવા યોગ્ય હતાં અને તેના પર મનન કરતાં ઋષિ–મુનિઓને આ વિશ્વનું વિરાટ સ્વરૂપ સમજાયું અને પરમ તત્ત્વનો પ્રકાશ લાધ્યો, તેથી તે મંત્ર કહેવાયાં. જૈન ધર્મનું **પંચમંગલસૂત્ર** આજ દૃષ્ટિએ મહામંત્રનું સ્થાન પામ્યું છે અને બૌદ્ધોની **ત્રિશરણ** પદરચના પણ આજ દૃષ્ટિએ ઉત્કૃષ્ટ મંત્ર તરીકે ઓળખાઈ છે.

મનન, ચિંતન, વિચાર, સંકલ્પ એ બધાં એક જ શક્તિનાં વિવિધ નામો છે. એક તત્વજ્ઞે કહ્યું છે કે ' મનુષ્યનું શરીર પાર્થિવ છે અને મન દૈવી છે. એટલે કે મનુષ્યના શરીરમાં પાર્થિવ અને દૈવી તત્ત્વનો અદ્ભુત સંયોગ થયેલો છે. જો મનુષ્ય પોતાને પ્રાપ્ત થયેલી દૈવી વસ્તુનો યથાર્થ

ઉપયોગ કરે તો અનેકવિધ અચિંત્ય કાર્યો કરી શકે છે. આ જગતમાં જે કંઈ શોધો થઈ છે, તે બધી મનુષ્યની આ દૈવી શક્તિને આભારી છે.'

**શ્રી વાસુદેવશરણ અગ્રવાલના** શબ્દોમાં કહીએ તો 'જીવનમાં મંત્રની શક્તિ અથવા ઉદાત્ત શિવસંકલ્પોનો વિજય અત્યંત મહિમાશાલી હોય છે.'

મીમાંસા મત અનુસાર જે વેદવાક્ય દ્વારા કોઈ પણ કર્મ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય તે મંત્રપદવાચ્ય છે.

તાંત્રિક કાલમાં તંત્રગ્રંથોનું નિર્માણ થયું. તેમાં 'मननात् त्रायते इति मन्त्रः' એ વ્યાખ્યા વ્યાપક બની. તાત્પર્ય કે જેના મનનથી સાધકનું વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ થાય તે મંત્ર કહેવાય એવી માન્યતા પ્રચલિત થઈ અને મંત્રોની રચના પણ તે પ્રકારે થવા લાગી.

માનસશાસ્ત્રના મહાપંડિત **ડૉ. ફ્રોઈડે** ઘણા સંશોધન પછી એ જાહેર કર્યું કે મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓના મૂળમાં મુખ્યત્વે બે જ ઉદ્દેશ્ય રહેલા હોય છે: એક તો ક્ષુધાશમનનો અને બીજો ભયનિવારણનો. એટલે ભયનિવારણ માટે વિવિધ પ્રકારનાં સાધનો શોધાય અને મનુષ્યો તેમાં વિશેષ રસ લે, એ સ્વાભાવિક છે.

જૈનાચાર્ય **શ્રી માનદેવસૂરિએ** મંત્રમય **શાન્તિસ્તવ**ની રચના કરેલી છે, તેમાં નીચેના ભયોનો ઉલ્લેખ આવે છે:—

(૧) **સલિલભય**—પાણીના પૂરનો ભય.

(૨) **અનલભય**—અગ્નિનો ભય.

(૩) **વિષભય**—સ્થાવર અને જંગમ બંને પ્રકારના વિષનો ભય.

(૪) **વિષધરભય**—જુદી જુદી જાતના સાપોનો ભય.

(૫) **દુષ્ટગ્રહભય**—ગોચરમાં રહેલો અશુભ ગ્રહોનો ભય.

(૬) **રાજભય**—રાજા તરફનો ભય.

(૭) **રોગભય**—વિવિધ પ્રકારના રોગોનો ભય.

(૮) **રણભય**—યુદ્ધનો ભય.

(૯) **રાક્ષસભય**—રાક્ષસના ઉપદ્રવનો ભય.

(૧૦) **રિપુભય**—શત્રુ તરફનો ભય.

(૧૧) **મારિભય**—મરકી-કોલેરા જેવા ચેપી રોગો ફાટી નીકળવાનો ભય.

(૧૨) **ચોરભય**—ચોર, ડાકૂ કે લુંટારાઓનો ભય.

(૧૩) **ઈતિભય**—અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, શુક પડવા, ઊંદર પડવા, તીડ પડવા, બળવો થવો તથા શત્રુઓની ચડાઈ થવી તેને ઈતિભય કહેવામાં આવે છે.

(૧૪) **શ્વાપદભય**—વાઘ, સિંહ, ચિત્તા, રીંછ વગેરે શિકારી પશુઓનો ભય.

અહીં આદિ પદથી નીચેના બે ભયોને પણ ગ્રહણ કરવામાં આવે છે.

(૧૫) **ભૂતાદિભય**—ભૂત, વ્યંતર આદિનો ભય.

(૧૬) **શાકિનીભય**—શાકિની, ડાકિની આદિનો ભય.

આ યાદીમાં બીજા પણ કેટલાક ભયો ઉમેરી શકાય એવા છે. જેમ કે મદોન્મત્ત હાથીનો ભય, બંધનનો ભય, કારાગારનો ભય વગેરે. આ બધા ભયો માટે વિશિષ્ટ મંત્રોની રચના થયેલી છે.

અહીં એ જણાવવું પ્રસ્તુત છે કે શ્રીમાનદેવસૂરિએ ઉક્ત શાન્તિસ્તવની રચના એટલા માટે કરી હતી કે તેનાથી અભિમંત્રિત કરેલું જળ છાંટતાં મહામારી આદિનો ઉપદ્રવ દૂર થાય. શાકંભરી નગરીમાં ફેલાયેલી મહામારી આ રીતે દૂર થઈ હતી.

અધ્યાત્મદૃષ્ટિએ સહુથી મોટો ભય જન્મ, જરા અને મરણનો છે કે જેને પ્રાપ્ત થયેલા પ્રાણીઓ વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવે છે. મંત્રોપાસના આ ભયમાંથી પણ મનુષ્યનું રક્ષણ કરે છે.

હવે તંત્રગ્રંથોએ કરેલી મંત્રની અન્ય વ્યાખ્યાઓ જોઈએ.

**પિંગલામતમાં** કહ્યું છે કે—

**मननं विश्वविज्ञानं, त्राणं संसारबन्धनात् ।**
**यतः करोति संसिद्धो, मन्त्र इत्युच्यते ततः ॥**

'મનન એટલે સમસ્ત વિજ્ઞાન અને ત્રાણ એટલે સંસારના બંધનમાંથી રક્ષણ. આ બંને કાર્યો સારી રીતે સિદ્ધ કરે છે, તેથી તે મંત્ર કહેવાય છે.'

કહેવાનો ભાવાર્થ એ છે કે ગુરુદત્ત મંત્રનું મનન કરતાં મનુષ્યને સમસ્ત સંસારનું સ્વરૂપ સમજાય છે અને તેમાંથી છૂટવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

**રુદ્રયામલમાં** કહ્યું છે કે–

**मननत्राणनाच्चैव, मद्रूपस्यावबोधनात् ।**
**मन्त्र इत्युच्यते सम्यग्, मदधिष्ठानतः प्रिये ॥**

પાર્વતીજીએ પ્રશ્ન કર્યો છે કે 'હે સદાશિવ! મંત્ર કોને કહેવાય?' તેનો ઉત્તર સદાશિવ એટલે શ્રીશંકર ભગવાન આ પ્રમાણે આપે છે: 'હે પ્રિયે! મનન અને ત્રાણથી, મારા સ્વરૂપનો અવબોધ થવાથી, તેમ જ મારા અધિષ્ઠાનથી તે સમ્યક્પણે મંત્ર કહેવાય છે.'

તાત્પર્ય કે મનન અને ત્રાણ શબ્દો વડે મંત્રશબ્દની વ્યાખ્યા કરવામાં આવે છે તે ઠીક છે, પણ પરમાર્થથી તો જેનું મનન કરતાં મારો એટલે પરમ તત્ત્વનો બોધ થાય અને તેમાં સ્થિરતા થાય, તેને જ મંત્ર સમજવો.'

યોગીઓ, અવધૂતો, સાધુઓ, સંન્યાસીઓ મંત્રનું જે સાધન કરે છે, તેમાં આ દૃષ્ટિ જ મુખ્ય હોય છે.

**લલિતાસહસ્ર**નામની ટીકામાં કહ્યું છે કે–

**पूर्णाहन्तानुसंध्यात्मस्फूर्जन्मननधर्मतः ॥**
**संसारक्षयकृत्त्राणधर्मतो मन्त्र उच्यते ॥**

'જે મનન ધર્મથી પૂર્ણ અહંતા સાથે અનુસંધાન

કરીને આત્મામાં સ્ફુરણાઓ ઉત્પન્ન કરે છે તથા સંસારનો ક્ષય કરનારા ત્રાણગુણવાળો છે, તે મંત્ર કહેવાય છે.'

આ વ્યાખ્યા મનન અને ત્રાણ ના પાયા પર રચાયેલી છે, છતાં તેને પોતાની વિશેષતા છે. તેમાં એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે કે જેનો જપ કરતાં કે ચિંતન કરતાં આપણી અહંતા સાથે અનુસંધાન થાય, એટલે કે આપણા આંતરમન (Subconcious mind) ને અસર પહોંચે અને તેના લીધે આત્મામાં સ્ફુરણાઓ થવા લાગે તથા જેનું અંતિમ પરિણામ સંસારક્ષયમાં આવે, તેને મંત્ર સમજવો.

આધુનિક યુગમાં વિજ્ઞાનની એક શાખા તરીકે માનસ-શાસ્ત્રનો વિકાસ થયો છે અને તેમાં દિન-પ્રતિદિન પ્રગતિ થઈ રહી છે. તેણે મંત્રનો અર્થ સૂચન (Suggestion) કર્યો છે અને તેનો વારંવાર પ્રયોગ કરવાથી આપણા આંતર-મન પર અસર પહોંચે છે, એ વાત કબૂલ રાખી છે. એ જોતાં આપણા મંત્રવિદોના અગાધ જ્ઞાન માટે કોને માન નહિ ઉપજે ?

અનેક જિનાગમો પર વિસ્તૃત ટીકા લખનાર **શ્રી અભયદેવસૂરિએ પંચાશક** નામના ગ્રંથની **ટીકામાં** જણાવ્યું છે કે 'मन्त्रो देवाधिष्ठितोऽसावक्षररचनाविशेषः । દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચનાને મંત્ર કહેવાય છે.' આ વ્યાખ્યા ઉપર્યુક્ત વ્યાખ્યાઓથી જુદી પડે છે, પણ મંત્રનું સ્વરૂપ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. જે વાક્યરચના દેવાધિષ્ઠિત નથી, તેને મંત્ર શી રીતે કહી શકાય ? અહીં એ

જાણવું જરૂરનું છે કે શ્રી અભયદેવસૂરિ મહામાંત્રિક હતા. તેમણે વિશિષ્ટ સ્તોત્રની રચના કરીને પોતાનો કુષ્ટ રોગ મટાડયો હતો, એટલે તેમની આ વ્યાખ્યા અનુભવસિદ્ધ છે.

**પંચકલ્પભાષ્ય** 'નામના જૈન ગ્રંથમાં જણાવ્યું છે કે 'मंतो पुण होइ पठियसिद्धो–જે પાઠસિદ્ધ હોય તે મંત્ર કહેવાય.' આ વ્યાખ્યા પણ મંત્રનું સ્વરૂપ સ્પષ્ટ કરનારી છે.

**મંત્રવ્યાકરણમાં** કહ્યું છે કે–

**मन्त्र्यन्ते गुप्तं भाष्यन्ते मन्त्रविद्भिरिति मन्त्राः।**

'જે મંત્રવિદો વડે ગુપ્તપણે બોલાય છે, તે મંત્ર જાણવા.'

ગુપ્ત પરિભાષણાર્થક मन्त्रि ધાતુમાંથી મંત્ર શબ્દ બનેલો છે, એટલે તેનો અર્થ ગુપ્ત ભાષણ થાય છે. મંત્ર–સંપ્રદાય એવો છે કે જ્યારે ગુરુ શિષ્યને મંત્રદીક્ષા આપે ત્યારે તેનો કાન ફૂંકે, એટલે કે હવે પછી જે મંત્રનો નિત્ય નિયમિત જપ કરવાનો છે, તે કોઈ ન સાંભળે એ રીતે તેના કાનમાં કહે અને શિષ્ય પણ અન્ય કોઈ ન સાંભળે, એ રીતે તેનો વિધિપૂર્વક જપ કરે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લેતાં ઉપરની વ્યાખ્યા પણ સંગત જ છે.

અહીં મંત્રવ્યાકરણ અંગે થોડો ખુલાસો કરી દઈએ. મંત્રવિષયક સાહિત્યનું અધ્યયન–સંશોધન કરતાં **આર્ષ-વિદ્યાનુશાસન** નામનો એક મોટો મંત્રગ્રંથ અમારા

જોવામાં આવ્યો. તેમાં જૈન આમ્નાયમાં પ્રચલિત એવા ઘણા મંત્રોનો તથા મંત્રસાધનાઓનો સંગ્રહ હતો. તેના દ્વિતીય પરિચ્છેદમાં મંત્રવિષયક ઘણી ઉપયોગી માહિતી હતી અને પ્રત્યેક વર્ણની શક્તિનું વર્ણન હતું. આ કોઈ મંત્રવિશારદ મહાત્માની કૃતિ હોવી જોઈએ, એવું અનુમાન એ જ વખતે થયું હતું.

ત્યારબાદ મંત્રવિષયક સંશોધન અંગે અમારે મલૈનાડ અને દક્ષિણ કન્નડનો પ્રવાસ કરવાનો પ્રસંગ આવ્યો. તેમાં મૂડબિદ્રીની યાત્રા થઈ કે જે સ્થાન મેંગલોરથી આશરે ૧૬ માઈલના અંતરે સુંદર હરિયાળા પ્રદેશમાં આવેલું છે.

પ્રાચીન પ્રતિઓના સંગ્રહ માટે ગુજરાતમાં જે સ્થાન પાટણનું છે, તે જ સ્થાન દક્ષિણ કન્નડમાં મૂડબિદ્રીનું છે. અહીં દિગમ્બર જૈનાચાર્યોએ સંસ્કૃત તથા કન્નડ ભાષામાં રચેલી અનેક પ્રાચીન કૃતિઓનો સંગ્રહ છે. ઉપરાંત એક મંદિરમાં વિવિધ પ્રકારનાં રત્નોની ત્રીશ જેટલી જિનમૂર્તિઓ છે. ટૂંકમાં સાહિત્ય–સંસ્કારપ્રેમીઓ માટે આ સ્થાન દર્શનીય છે.

અહીંના હસ્તલિખિત ભંડારની મુલાકાત લીધી, ત્યારે પંડિત ભુજબલિ શાસ્ત્રી તથા બીજા એક જૈન વિદ્વાનને અમારી સાથે રાખ્યા હતા, કારણ કે કન્નડલિપિનો અમને પરિચય ન હતો, અને અહીંની પ્રાયઃ બધી જ પ્રતિઓ કન્નડ ભાષામાં લખાયેલી હતી. આ વખતે આર્ષવિદ્યા-નુશાસનના દ્વિતીય પરિચ્છેદવાળો ભાગ એક સ્વતંત્ર પ્રતિ

તરીકે અમારા જોવામાં આવ્યો અને તેનો અંતિમભાગ ઉક્ત વિદ્વાનો પાસે વંચાવતા તેના રચયિતા તરીકે **શ્રીસમંતભદ્રાચાર્ય**નું નામ મળી આવ્યું કે જે દિગમ્બર જૈન પરંપરાના મહાન આચાર્ય હતા અને જેમણે ન્યાયાદિ વિષયો પર કેટલાક સુંદર ગ્રંથોનું નિર્માણ કર્યું હતું.

અમારા માટે આ એક નવીન અને શુભ સમાચાર હતા, એટલે અમને ખૂબ જ આનંદ થયો. ત્યારબાદ એ મંત્રવ્યાકરણની પ્રતિલિપિ થઈ અને તે આજે અમારી પાસે સુરક્ષિત છે. અમે અન્ય તંત્રગ્રંથોની જેમ આ કૃતિનો પણ પ્રસ્તુત ગ્રંથની રચનામાં કેટલાંક સ્થળે ઉપયોગ કર્યો છે.

બીજા એક તંત્રગ્રંથમાં કહ્યું છે કે 'गुप्तोपदेशतो मन्त्रो मननात् त्राणनादपि–ગુપ્ત ઉપદેશ કરવાને લીધે તેમજ મનન અને ત્રાણના વડે મંત્ર કહેવાય છે.'

આ બધી વ્યાખ્યાઓના સારરૂપે એમ કહી શકાય કે જેનો ગુરુ વડે ગુપ્ત ઉપદેશ કરાય છે અને જેનું મનન કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ થાય છે, તેવી દેવાધિષ્ઠિત વિશિષ્ટ શબ્દરચનાને મંત્ર સમજવો.

[ ૪ ]

# મંત્રની રચના અંગે વર્ણવિચાર

મંત્રની રચના વર્ણના સંયોજન વડે થાય છે. અહીં વર્ણ શબ્દથી વર્ણમાલાની શ્રૃંખલામાં જોડાયેલો વર્ણ અર્થાત્ અક્ષર સમજવાનો છે. આ વર્ણ કે અક્ષર બે પ્રકારના છે: (૧) સ્વર અને (૨) વ્યંજન. તેમાં સ્વરો ૧૬ છે: अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः; અને વ્યંજનો ૩૩ છે: क् ख् ग् घ् ङ् च् छ् ज् झ् ञ् ट् ठ् ड् ढ् ण् त् थ् द् ध् न् प् फ् ब् भ् म् य् र् ल् व् श् ष् स् ह्. કેટલાક મંત્રવિદોએ ळ ને પણ સ્વતંત્ર વ્યંજન માન્યો છે.

આ ૫૦ વર્ણો કે અક્ષરોમાંથી કોઈનું પણ સંયોજન થાય તો મંત્ર બની શકે, અન્યથા નહિ. દાખલા તરીકે अ, उ અને म् એ ત્રણ વર્ણોનું સંયોજન થયું તો ॐ મંત્ર બની શક્યો. અથવા ह् र् ई અને म् એ ચાર વર્ણોનું સંયોજન થયું તો ह्रीँ એવું મંત્રબીજ બની શક્યું. જેમ થડ વિના ડાળી-ડાંખળાં સંભવે નહિ કે માટી વિના ઘડાની રચના થાય નહિ, તેમ વર્ણ વિના મંત્રની રચના થાય નહિ.

મંત્રરચના વર્ણ વડે થાય છે, એટલે મંત્રવિદોએ વર્ણ અંગે વિશેષ વિચાર કરેલો છે. તેમાં પ્રથમ એ જણાવ્યું છે કે 'अकारादि-हकारान्ता वर्णमन्त्राः प्रकीर्तिताः-અકારથી શરૂ કરીને હકાર સુધીમાં જેટલા પણ વર્ણો છે, તે બધાને વર્ણ-મંત્ર કહેવાય છે.' આનો અર્થ એ થયો કે કોઈપણ વર્ણ અર્થાત્ અક્ષર એવો નથી કે જે મંત્રરૂપ નથી.

વર્ણ અંગે વિશેષ વિચાર કરતાં **મંત્રવ્યાકરણમાં** કહ્યું છે કે—

स्वरोष्माणो द्विजाः श्वेता, अम्बुमण्डलसंस्थिताः ।
कण्ठस्था भूभुजो रक्तास्तेजोमण्डलसंस्थिताः ॥
चु-पू-वैश्यान्वयौ पीतौ, पृथ्वीमण्डलभागिनौ ।
हु-तू-कृष्णत्विषौ शूद्रौ, वायुमण्डलसम्भवौ ॥

સ્વરો એટલે अ થી अः સુધીના સોળ વર્ણો અને ઉષ્માણ એટલે श् ष् स् અને ह् એ ચાર વર્ણો દ્વિજવર્ગ એટલે બ્રાહ્મણ વર્ગના છે. તેમનો રંગ શ્વેત એટલે ધોળો છે અને તે અંબુ-મંડળ એટલે જલમંડળમાં રહેલા છે.

કંઠસ્થ એટલે क्, ख्, ग्, घ् અને ङ् એ પાંચ વર્ણો ક્ષત્રિયવર્ગના છે. તેમનો રંગ રક્ત એટલે લાલ છે અને તે તેજોમંડલ એટલે અગ્નિમંડલમાં રહેલા છે.

च વર્ગ એટલે च् छ् ज् झ् અને ञ् એ પાંચ વર્ણો તથા प વર્ગ એટલે प् फ् ब् भ् અને म् એ પાંચ વર્ણો

વૈશ્યવર્ગના છે, તેમનો રંગ પીત એટલે પીળો છે અને તે પૃથ્વીમંડલમાં રહેલા છે.

ટ વર્ગ એટલે ટ્, ઠ્, ડ્, ઢ્ અને ણ્ એ પાંચ વર્ણો અને ત વર્ગ એટલે ત્ થ્ દ્ ધ્ અને ન્ એ પાંચ વર્ણો શૂદ્રવર્ગના છે. તેમનો રંગ કૃષ્ણ એટલે કાળો છે અને તે વાયુમંડલમાં રહેલા છે.

અહીં કેટલાકને લાગશે કે 'વર્ણોના વર્ગને બ્રાહ્મણ–ક્ષત્રિયાદિ સંજ્ઞા કેમ આપી?' પરંતુ જે કાળે જે વસ્તુની મુખ્યતા હોય અને જેનાથી લોકોને જલ્દી સમજણ પડે તેવી સંજ્ઞાઓનો પ્રયોગ થવો સહજ છે. પ્રાચીન કાલમાં વર્ણાશ્રમના આધારે સમાજરચના થયેલી હતી અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર કહેવાથી તેના ગુણ, કર્મ અને સ્વભાવ તરત જ લક્ષ્યમાં આવી જતા. આજે વર્ણાશ્રમવ્યવસ્થા લગભગ તૂટી ગઈ છે, આમ છતાં બ્રાહ્મણ–ક્ષત્રિયાદિની ઉપમા વડે તેનું ચઢ–ઉતરપણું તરત જ ખ્યાલમાં આવી જાય છે.

કયા વર્ગના વર્ણમંત્રની ક્યારે સિદ્ધિ થાય? તે અંગે મંત્રવ્યાકરણમાં કહ્યું છે કે—

प्रतिपन्नवमी रविशनिवासरे द्विजसिद्धिरथ चतुर्थ्यां च।
द्वादश्येकादश्योः सितवारे भूपसिद्धिः स्यात्॥
कुजवारे पञ्चम्यां षष्ठयां च चतुर्दशी–त्रयोदश्योः।
वैश्याक्षरसंसिद्धिः स्तम्भनकर्मात्र कर्तव्यम्॥
गुरुवारे पर्वयुगे सप्तम्यां शूद्रजाति–संसिद्धिः।

'બ્રાહ્મણ વર્ગવાળા વર્ણમંત્રોની સિદ્ધિ એકમ કે નોમની તિથિએ તથા રવિ કે શનિના દિવસે અનુષ્ઠાન કરવાથી થાય છે.

'ક્ષત્રિયવર્ગવાળા વર્ણમંત્રોની સિદ્ધિ ચોથ, અગિયારસ કે બારસની તિથિએ, તથા સોમ કે શુક્રવારના દિવસે અનુષ્ઠાન કરવાથી થાય છે.

'વૈશ્યવર્ગના વર્ણમંત્રોની સિદ્ધિ પાંચમ, છઠ્ઠ, તેરશ કે ચૌદશની તિથિએ તથા મંગળવારના દિવસે અનુષ્ઠાન કરવાથી થાય છે. સ્તંભનકર્મ આ તિથિ–વારે કરવું.

'અને શૂદ્રવર્ગના વર્ણમંત્રોની સિદ્ધિ પર્વયુગમાં એટલે પૂનમ કે અમાવાસ્યાની તિથિએ, સાતમે, તથા ગુરુવારના દિવસે અનુષ્ઠાન કરવાથી થાય છે.'

આ નિર્ણયમાં તો દીર્ઘ કાલનો અનુભવ એ જ મુખ્ય કારણ છે.

**મંત્રવ્યાકરણ**માં આ ચારેય વર્ગના વર્ણમંત્રોની ગતિ સંબંધી નિમ્ન શ્લોક દૃષ્ટિગોચર થાય છે:

लक्षयोजनगा विप्रास्तदर्धगतयो नृपाः ।
तदर्धगामिनो वैश्याः शूद्रास्तद्दलयायिनः ॥

'બ્રાહ્મણવર્ગવાળા વર્ણમંત્રોની ગતિ એક લાખ યોજનની હોય છે, ક્ષત્રિય વર્ગવાળા વર્ણમંત્રોની ગતિ તેનાથી અર્ધી એટલે પચાશ હજાર યોજનની હોય છે, વૈશ્યવર્ગવાળા વર્ણમંત્રોની ગતિ તેનાથી અર્ધી એટલે પચીશ હજાર યોજનની

હોય છે અને શૂદ્રવર્ગવાળા વર્ણમંત્રોની ગતિ તેનાથી અર્ધી એટલે સાડાબાર હજાર યોજનની × હોય છે.'

બ્રાહ્મણાદિ ચાર વર્ગની મિત્રતા તથા શત્રુતા અંગે મંત્રવ્યાકરણમાં કહ્યું છે કે—

आप्याक्षरमग्न्यक्षरमरयो मरुदग्निबीजमपि मित्रम् ।
भूम्यक्षरमाप्याक्षरमुभे च मित्रं खबीजं च ॥

'જલમંડળ અને અગ્નિમંડળના વર્ણો પરસ્પર શત્રુ હોય છે, જ્યારે વાયુમંડળ અને અગ્નિમંડળના વર્ણો મિત્ર હોય છે. પૃથ્વીમંડળના વર્ણો અને જલમંડળના વર્ણોની આપસમાં મિત્રતા હોય છે, તેમજ પૃથ્વીમંડળ અને જળ-મંડળના વર્ણોની વાયુમંડલના વર્ણો સાથે પણ મિત્રતા હોય છે.'

धराऽनिलज-वर्णानामन्योऽन्यमिह सर्वदा ।
न मित्रत्वं न वैरत्वमौदासीन्यं तु केवलम् ॥

'પૃથ્વીમંડલ અને વાયુમંડલના અક્ષરોમાં પરસ્પર સદૈવ મિત્રતા કે શત્રુતા કંઈપણ હોતી નથી. એકલી ઉદાસીનતા જ રહે છે.'

મંત્રમહોદધિના ચોવીશમા તરંગમાં આ બાબતનું વર્ણન વધારે વિસ્તારથી મળે છે. જેમકે—

पार्थिवादिकवर्णानां, स्वकीयाः स्वकुलाभिधाः ।
पार्थिवस्य च वर्णस्य, मित्रं वारुणमक्षरम् ॥८४॥

× ચાર ગાઉનો એક યોજન થાય છે.

तैजसं शत्रुभूतं स्यादुदासीनं तु मारुतम् ।
जलोद्भवस्य वर्णस्य, पार्थिवं मित्रमीरितम् ॥८५॥
सपत्नं वह्निसम्भूतमुदासीनं तु वायवम् ।
तैजसस्याथ वर्णस्य, वायवं मित्रमुच्यते ॥८६॥
विद्वेषी वारुणोवर्ण उदासीनस्तु पार्थिवः ।
पवनोत्थितवर्णस्य, मित्रं वह्नि-समुद्भवम् ॥८७॥
शत्रुः पार्थिववर्णः स्यादुदासीनस्तु पाथजः ।
चतुर्णां पार्थिवादीनामाकाशाणः सखा सदा ॥८८॥

'પાર્થિવ વગેરે વર્ગના વર્ણોમાં જે સ્વકીય હોય છે, તે સ્વકુલના કહેવાય છે. તેમાં પાર્થિવ વર્ણોને વારુણવર્ણની સાથે મિત્રતા હોય છે, આગ્નેય વર્ણોની સાથે શત્રુતા હોય છે અને વાયુમંડળના વર્ણો પ્રત્યે ઉદાસીનતા હોય છે.

'જલવર્ગના વર્ણોને પાર્થિવ સાથે મિત્રતા હોય છે, આગ્નેય વર્ણોની સાથે શત્રુતા હોય છે અને વાયુવર્ગના વર્ણ પ્રત્યે ઉદાસીનતા હોય છે.

'આગ્નેય વર્ણોને વાયુવર્ગના વર્ણો સાથે મિત્રતા હોય છે, જલવર્ગના વર્ણો સાથે શત્રુતા હોય છે અને પાર્થિવ વર્ણો પ્રત્યે ઉદાસીનતા હોય છે.

'વાયુવર્ગના વર્ણોને આગ્નેય વર્ણો સાથે મિત્રતા હોય છે, પાર્થિવ વર્ણોની સાથે શત્રુતા હોય છે અને જલવર્ગના વર્ણો પ્રત્યે ઉદાસીનતા હોય છે.

'અને આ ચારેય વર્ગના વર્ણો આકાશવર્ગના વર્ણો સાથે મિત્રતા રાખનારા હોય છે.'

મંત્રવ્યાકરણમાં આકાશમંડળનો નિર્દેશ નથી, જ્યારે અહીં આકાશવર્ગનો નિર્દેશ છે અને તેમાં ङ् ञ् ण् न् म् श् ह् आ ल ॡ અને अं એ વર્ણોની ગણના કરેલી છે, તે મતાંતર સમજવું.

હવે શત્રુવર્ગની સાથે મિત્રતા કેવી રીતે સધાય છે? તેનું વર્ણન મંત્રવ્યાકરણમાં આ પ્રમાણે કરેલું છે:

एकः शूद्रस्त्रिभिर्विप्रैर्मित्रत्वं प्रतिपद्यते ।
त्रिभि शूद्रैर्द्विजोऽप्येकस्तथा क्षत्रियवैश्ययोः ॥
एकभागो भवेद्विप्रस्यैकः क्षत्रियवैश्ययोः ।
शूद्रस्याप्येकभागश्चेत् संयुक्तो मित्रतां व्रजेत् ॥

'શૂદ્રવર્ગનો એક વર્ણ જ્યારે વિપ્રવર્ગના ત્રણ વર્ણોની સાથે આવે, ત્યારે તેની મિત્રતા થઈ જાય છે, અર્થાત્ તે પણ વિપ્રની શ્રેણીમાં આવી જાય છે. અને વિપ્રવર્ગનો એક વર્ણ શૂદ્રવર્ણના ત્રણ વર્ણોની સાથે આવે ત્યારે તેની મિત્રતા થઈ જાય છે, અર્થાત્ તે શૂદ્રની શ્રેણીમાં આવી જાય છે. ક્ષત્રિય અને વૈશ્યનું પણ આ પ્રમાણે જ સમજવું.

'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનો એક એક ભાગ હોય તો બધા પરસ્પર મિત્રભાવને પ્રાપ્ત થાય છે. અર્થાત્ એ ચારેયનો એક-એક ભાગ મેળવીને જે મંત્ર નિર્માણ

કરેલો હોય, તેમાં મિત્રતા જ રહે છે અને પૂર્વે કહેલા શત્રુ અને ઉદાસીન ભાવો થતા નથી.'

મંત્રની રચનામાં અન્ય વર્ગના વર્ણો ઈષ્ટ છે, તે **મંત્રવ્યાકરણ**ના નીચેના શ્લોકથી સમજાશે :

**सर्वे मन्त्रा न चैकस्मिन् वर्गेऽभीष्टफलप्रदाः ।**
**विमुच्याक्षरसङ्घातमिति सर्वज्ञभाषितम् ॥**

'સર્વજ્ઞ ભગવંતે એમ કહ્યું છે કે અક્ષરસંઘાત એટલે કૂટાક્ષર છોડીને સર્વે મંત્રોમાં એક જ વર્ગના સર્વ વર્ણો હોય તો ઈચ્છિત ફલને આપનારા થતા નથી.' તાત્પર્ય કે તેમાં અન્ય વર્ગના વર્ણો હોય તે ઈષ્ટ છે.

'એક કરતાં બે ભલા' એ ન્યાય વ્યવહારમાં પ્રસિદ્ધ છે. મંત્રશાસ્ત્રે પણ આ ન્યાય સ્વીકાર્યો છે, એટલે કે એક અક્ષર કરતાં વધારે અક્ષરમાં વિશેષ શક્તિ માની છે અને તેથી જ બે, ત્રણ, પાંચ કે સાત અક્ષરો ભેગા કરીને કૂટાક્ષર બનાવવાની રીતિ મંત્રવિદોમાં પ્રચલિત છે. ह्म्ल्व्र्यूँ क्ष्म्ल्व्र्यूँ એ કૂટાક્ષરો છે. આ કૂટાક્ષરમાં य् र् ल् અને व એ ચારે એક વર્ગના અક્ષરો આવવા છતાં તેના ફલમાં ન્યૂનતા થતી નથી.

મંત્રવિદોએ વર્ણનો વિચાર લિંગની દૃષ્ટિએ પણ કરેલો છે. મંત્રવ્યાકરણના અભિપ્રાયથી ૧૬ સ્વરોમાંના ૭ પુંલિંગી છે, ૨ સ્ત્રીલિંગી છે અને ૭ નપુંસકલિંગી છે. તથા ૩૩ વ્યંજનોમાંના ૧૮ પુંલિંગી છે, ૫ સ્ત્રીલિંગી

છે અને ૧૦ નપુંસકલિંગી છે. તેનો વધારે સ્પષ્ટ ખ્યાલ નીચેની તાલિકાથી આવી શકશે :

### સ્વરો

પુંલિંગી ૭–अ उ ऊ ऐ ओ औ अं

સ્ત્રીલિંગી ૨–आ ई

નપુંસકલિંગી ૭–इ ऋ ॠ ऌ ॡ ए अः

### વ્યંજનો

પુંલિંગી ૧૮–क् ख् ग् ज् झ् ट् ठ् ड् ढ् त् थ् ध् प् फ्
ब् भ् ष् स्

સ્ત્રીલિંગી ૫–च् छ् ल् व् श्

નપુંસકલિંગી ૧૦–घ् ङ् ञ् ण् द् न् म् य् र् ह्

આ વર્ગમાં મિત્રતા–શત્રુતાનું ધોરણ કેવું હોય છે? તે નિમ્ન શ્લોકથી સમજાશે :

> पुंल्लिङ्गाक्षरमित्रत्वं, रामाक्षरसमं सदा ।
> नपुंसकमुदासीनमक्षरं तद्द्वयोरपि ॥

'પુંલિંગી અક્ષરની સ્ત્રીલિંગી અક્ષર સાથે સદા મિત્રતા રહે છે. જો પુંલિંગી તથા સ્ત્રીલિંગી અક્ષર સાથે નપુંસકલિંગી અક્ષર આવે તો પરસ્પર ઉદાસીન રહે છે.'

આ પરથી સમજી શકાશે કે મંત્રની રચનામાં વર્ણની પસંદગી બહુ સંભાળથી કરવી પડે છે. જો તેનું સંયોજન આ નિયમોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો તે યથાર્થ નીવડે છે, અન્યથા તેના ફલમાં ન્યૂનતા આવી જાય છે.

[ ૫ ]

# વર્ણમંત્રની શક્તિ

વર્ણમાતૃકા અર્થાત્ વર્ણમાલાનો પ્રત્યેક વર્ણ મંત્ર છે, કારણ કે તેનું મનન કરતાં વિશિષ્ટ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને તેથી વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ થાય છે કે ઇષ્ટકર્મની સિદ્ધિ થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ પ્રત્યેક વર્ણને અનુસ્વાર લગાડયા પછી તેનું મનન કરવાનું હોય છે. જેમ કે अं आं इं ईं कं खं गं વગેરે. ह्रीँકારથી પુટિત કરીને તેનો જપ કરતાં શીઘ્ર ફલની પ્રાપ્તિ થાય છે. જેમ કે– ह्रीँ अँ ह्रीँ, ह्रीँ आँ ह्रीँ, ह्रीँ इँ ह्रीँ વગેરે.

અહીં **મંત્રવ્યાકરણ**ના ચતુર્થ વર્ગના આધારે અમે વર્ણમંત્રની શક્તિનો નિર્દેશ કરીએ છીએ.

अ–મૃત્યુનાશક છે.

आ–આકર્ષણ કરનાર છે.

इ–પુષ્ટિકર છે.

ई–આકર્ષણ કરનાર છે.

उ–બલ આપનાર છે.

ऊ–ઉચ્ચાટન કરનાર છે. એક વ્યક્તિ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય તે ઉચ્ચાટન છે.

ऋ–ક્ષોભણ કરનાર છે.

ॠ–મોહન કરનાર છે.

ऌ–વિદ્વેષણ કરનાર છે.

ॡ–ઉચ્ચાટન કરનાર છે.

ए–વશ્ય કરનાર છે.

ऐ–પુરુષને વશ્ય કરનાર છે.

ओ–લોકને વશ્ય કરનાર છે.

औ–રાજ્યને વશ્ય કરનાર છે.

अं–હાથીને વશ્ય કરનાર છે.

अः–મૃત્યુનો નાશ કરનાર છે.

क–વિષબીજ છે.

ख–સ્તોભબીજ છે.

ग–ગણપતિબીજ છે.

घ–સ્તંભનબીજ છે. તંત્રશાસ્ત્રોમાં તેની મારણ અને ગ્રહણબીજ તરીકે પણ પ્રસિદ્ધિ છે.

ङ–અસુરબીજ છે.

च–સુરબીજ છે. અન્યત્ર તેને ચંદ્રબીજ પણ માનવામાં આવ્યું છે.

छ–લાભબીજ તથા મૃત્યુનાશક છે.

ज–બ્રહ્મરાક્ષસબીજ છે.

झ–ચંદ્રબીજ છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનાર છે તથા રાજાને વશ કરનારું છે.

ञ–મોહનબીજ છે.

ट–ક્ષોભણબીજ છે અને ચિત્તને કલંકિત કરનારું છે.

ठ–ચંદ્રબીજ છે અને વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.

ड–ગરુડબીજ છે.

ढ–કુબેરબીજ છે. ઉત્તર દિશામાં મુખ રાખીને ચાર લાખ જપ કરવાથી સિદ્ધિ થાય છે. ધનધાન્ય વધે છે.

ण–અસુરબીજ છે.

त–અષ્ટ વસ્તુઓનું બીજ છે.

थ–યમબીજ છે તથા મૃત્યુભયનો નાશ કરે છે.

द–દુર્ગાબીજ છે તથા વશ્ય અને પુષ્ટિકર છે.

ध–સૂર્યબીજ છે અને જશ તથા સુખ આપનારું છે.

न–જ્વરબીજ છે અને જ્વરનો નાશ કરનારું છે.

प–વીરભદ્રબીજ છે અને સર્વ વિઘ્નોનો નાશ કરનારું છે. અન્યત્ર તેને જલબીજ પણ માનવામાં આવ્યું છે.

फ–વિષ્ણુબીજ છે અને ધનધાન્ય વધારનારું છે.

ब–બ્રહ્મબીજ છે અને વાત, પિત્ત તથા શ્લેષ્મનો નાશ કરનારું છે.

भ–ભદ્રકાલિનું બીજ છે અને ભૂત, પ્રેત તથા પિશાચોના ભયનું ઉચ્ચાટન કરનારું છે.

म–માળા, અગ્નિ અને રુદ્રનું બીજ છે તથા સ્તોભન મોહન અને વિદ્વેષણ કરનારું છે. તેમજ ભૂત, પ્રેત, પિશાચ વગેરેનો નાશ કરનારું છે અને અષ્ટમહાસિદ્ધિ આપનારું છે.

य–વાયુબીજ છે અને ઉચ્ચાટન કરનારું છે.

र–અગ્નિબીજ છે અને ઉગ્ર કર્મ કરનારું છે.

ल–ઇન્દ્રબીજ છે અને ધન, ધાન્ય તથા સંપત્તિ વધારનારું છે. અન્યત્ર તેને તંત્રબીજ પણ માનવામાં આવ્યું છે.

व–વરુણબીજ છે અને વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.

श–લક્ષ્મીબીજ છે તથા એક લક્ષ જપ કરવાથી લક્ષ્મી આવે છે.

ष–સૂર્યબીજ છે અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ આપે છે.

स–વાગ્બીજ છે અને જ્ઞાનસિદ્ધિ, વચનસિદ્ધિ આપનારું છે.

ह–શિવબીજ છે. અન્યત્ર તેને ગગનબીજ પણ માનવામાં આવ્યું છે.

क्ष–પૃથ્વીબીજ તથા નૃસિંહબીજ છે.

મંત્રવ્યાકરણમાં પ્રત્યેક વર્ણનાં વિશિષ્ટ લક્ષણો બતાવવામાં આવ્યાં છે. જેમ કે ' अ–वृत्तासनं गजवाहनं हेमवर्णं कुङ्कुम–गन्धं लवण–रसाढुं जम्बूद्वीपविस्तीर्णं चतुर्मुखमष्टबाहुं कृष्णलोचनं जटामुकुटधारिणं सितवर्णं मौक्तिकाभरणमतीवबलिनं

गम्भीरं पुंल्लिङ्गमित्यकारस्य लक्षणं ध्यायामि । ગોળ આકારનું આસન, સોના જેવો વર્ણ, કેશર જેવો ગંધ, લવણ જેવો સ્વાદ, જંબૂદ્વીપ જેટલો વિસ્તાર, ચાર મુખ, આઠ ભુજા, કાળી આંખ, જટા અને મુકુટને ધારણ કરનાર, શ્વેતવર્ણ, મોતીઓના આભૂષણવાળો, અત્યંત બલવાન, ગંભીર અને પુંલિંગ એવા લક્ષણવાળા અ કારનું હું ધ્યાન ધરું છું.'

તાત્પર્ય કે રાગ–રાગિણી અંગે જેમ વિશિષ્ટ પ્રકારનાં ચિત્રો નિર્માણ થયેલાં છે અને તેમાં ઘણું રહસ્ય સમાયેલું છે, તેમ મંત્રશાસ્ત્રમાં પ્રત્યેક વર્ણનાં વિશિષ્ટ ચિત્રો નિર્માણ થયેલાં છે અને તેમાં ઘણું રહસ્ય ભરેલું છે. પ્રત્યેક વર્ણનું તેના ચિત્ર પ્રમાણે ધ્યાન ધરતાં ઉપર કહી તેવી શક્તિ પ્રકટ થાય છે અને તેનાથી ઈષ્ટકર્મની સિદ્ધિ થાય છે.

આજે મંત્રવિશારદોની સંખ્યા ઘણી અલ્પ રહી છે અને કાલબળે અનેક આમ્નાયો–વિધિઓ–કલ્પો નાશ પામ્યા છે, એટલે આ વર્ણમંત્રોનું ધ્યાન ધરવાના વિશિષ્ટ વિધિ–વિધાનો પ્રાપ્ત થવા મુશ્કેલ છે, આમ છતાં જિજ્ઞાસુ તથા સંશોધક મહાનુભાવોને આ માહિતી ઘણી ઉપયોગી નીવડશે, એમ અમારું માનવું છે.

[ ૬ ]

## બીજાક્ષરો અને તેની વિશિષ્ટ સંજ્ઞાઓ

જેમ બીજમાં સૂક્ષ્મ રૂપે વૃક્ષ છૂપાયેલું હોય છે, તેમ બીજાક્ષરોમાં સૂક્ષ્મરૂપે શક્તિ છૂપાયેલી હોય છે. આવા બીજાક્ષરો અનેક છે અને તે મંત્રવિજ્ઞાનનો અતિ મહત્ત્વનો ભાગ છે, તેથી પાઠકોએ તેનાથી પરિચિત થવું જોઈએ.

રાસાયણિક દ્રવ્યોને પોત–પોતાની વિશિષ્ટ શક્તિ હોય છે, તેમ આ બીજાક્ષરોને પોતપોતાની વિશિષ્ટ શક્તિ હોય છે અને તે જપ–ધ્યાન અનુષ્ઠાનાદિથી પ્રકટ થાય છે.

બીજાક્ષરોમાં પ્રથમ સ્થાન ૐ કારને પ્રાપ્ત થયેલું છે. તે અંગે **મંત્રવ્યાકરણમાં** કહ્યું છે કે–

**तेजो भक्तिर्विनयः प्रणवब्रह्मप्रदीपवामाश्च ।**
**वेदोऽब्जदहनध्रुवमादिर्व्योमेति स्यात् ॥**

'ૐ બીજ તેજસ્, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ, આદિ અને આકાશ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.'

અન્ય તંત્રગ્રંથોમાં તેની અન્ય સંજ્ઞાઓ નીચે મુજબ જોવામાં આવી છે: 'વર્તુલ, તાર, હંસકારણ, મન્ત્રાદ્ય, સત્ય, બિંદુ, શક્તિ, ત્રિદૈવત, સર્વબીજોત્પાદક, પંચદેવ, ત્રિક, સાવિત્રી, ત્રિશિખ, ત્રિગુણ, ગુણજીવક, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ, ત્રિકૂટ, ત્રિભવ, ભવનાશન, ગાયત્રીબીજ, પંચાંશ, મંત્રવિદ્યાપ્રસૂ, પ્રભુ, અક્ષર, માતૃકાસૂ, અનાદિ, અદ્વૈત, મોક્ષદ આદિ.

मायातत्त्वं शक्तिर्लोकेशो ह्रीँ त्रिमूर्तिर्बीजेशः ।
कूटाक्षरः क्षकारो ह्म्ल्व्र्युँ पिण्डमष्टमूर्तिर्वा ॥

'હ્રીંકાર માયાતત્ત્વ, શક્તિ, લોકેશ, ત્રિમૂર્તિ અને બીજેશ તરીકે ઓળખાય છે. ક્ષકાર એ કૂટાક્ષર છે તથા હ્મ્લ્વ્ર્યું ને પિંડ કે અષ્ટમૂર્તિ કહે છે.'

बाणाः पञ्च द्राँ द्रीँ क्लीँ ब्लूँ स इति ठवर्णमखिलेन्दुः ।
स्त्रीँ क्ष्वीँ हंसः सुरभिमुद्राक्षरमथ वाग्भवश्चैव ॥

'द्राँ द्रीँ क्लीँ ब्लूँ सः' આ પંચબાણ કહેવાય છે. ઠ વર્ણનો પર્યાય પૂર્ણચંદ્ર છે. 'स्त्रीँ क्ष्वीँ हंसः' આ સુરભિ-મુદ્રાના અક્ષરો છે અને વાગ્ભવબીજ પણ કહેવાય છે.'

હાથની આંગળીઓ આદિની વિશિષ્ટ રચના કરવી તેને મુદ્રા કહે છે. આવી અનેક મુદ્રાઓનો મંત્રસાધનામાં ઉપયોગ થાય છે. સર જહોન વુડ્રોફે શબ્દકલ્પદ્રુમ અને મહાનિર્વાણતંત્રના આધારે આવી મુદ્રાઓ ૧૦૮ કે તેથી પણ

વધારે હોવાનું જણાવ્યું છે. આમાંની ૫૫ જેટલી મુદ્રાઓ પ્રચલિત છે. જૈનગ્રંથ **નિર્વાણકલિકા** તથા **વિધિપ્રપામાં** પણ મુદ્રા સંબંધી ઘણું વિવેચન થયેલું છે. સુરભિમુદ્રા એ તેમાંની જ એક મુદ્રા છે.

**क्षिप ॐ स्वाहा बीजाः क्षितिजलदहनानिलाम्बराः क्रमशः ।**
**खगपतिपञ्चाक्षरमित्याकाशं च द्विषां च स्यात् ॥**

'क्षिप ॐ स्वाहा' આ બીજો અનુક્રમે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશના છે. બીજા મંત્રવાદીઓ આને ગરુડના પંચાક્ષર, આકાશબીજ અને શત્રુબીજ પણ કહે છે.'

**ईकारः श्रीश्च लक्ष्मीः स्यात् श्वीमिन्दुः क्ष्वीँ सुधाक्षरम् ।**
**क्रोमङ्कुशः क्लीमनङ्गबीजं क्ष्मं पीठमक्षरम् ॥**

'ईकार श्री અને લક્ષ્મીનું બીજ છે. श्वीँ ઇન્દુબીજ છે, क्ष्वीँ સુધાબીજ છે, क्रोँ અંકુશબીજ છે, क्लीँ અનંગબીજ છે અને क्ष्मं પીઠબીજ છે.'

**स्वाहेति होमसंज्ञं स्यात् क्लैँ क्लीँ स्याद्रत्नयुग्मकम् ।**
**वसुधासंज्ञकं हंसो निर्विषीकरणं स्मृतम् ॥**

'स्वाहा હોમબીજ છે, क्लैँ અને क्लीँ બીજો રત્નયુગ્મક છે, हंस બીજ વસુધાસંજ્ઞક છે અને નિર્વિષીકરણ પણ કહેવાય છે.'

**खल्वाटं चाक्षरं प्रोक्तं ह्स्रौं महाशक्तिबीजकम् ।**
**'ह्वाः निरोधनबीजं च ठः स्तम्भनमक्षरम् ॥**

'च અક્ષર ખલ્વાટ કહેવાય છે, ह्सौं મહાશક્તિ બીજ છે, ह्ाः નિરોધનબીજ છે તથા ठः સ્તંભનબીજ છે.'

ह्रूँ जैनसकलाख्यं च ब्लैँ ब्लौँ विमलपिण्डकम् ।
आकर्षणाक्षरं ज्ञेयं क्लीँ ग्लौँ च स्तम्भनं स्मृतम् ॥

'ह्रूँ બીજ જૈન સકલ નામથી પ્રસિદ્ધ છે. ब्लैं અને ब्लौँ વિમલપિંડ કહેવાય છે, क्लीँ આકર્ષણબીજ છે અને ग्लैं સ્તંભનબીજ છે.'

सृष्टिर्विसर्जनं जँ य विद्वेषं जूँ च हूमपि ।
ब्लूँ द्रावणमिति प्रोक्तं चलं नं यस्तथाचलः ॥

'સૃષ્ટિ માટે जँ બીજ, વિસર્જન માટે यँ બીજ, વિદ્વેષ માટે जूँ અને हूँ બીજ અને વિદ્રાવણ માટે ब्लूँ બીજનો પ્રયોગ થાય છે તથા नं બીજ ચલ અને यः બીજ અચલ છે.'

ह्रामादिपञ्चकंशून्यं लमैन्द्राक्षरसंज्ञकम् ।
घे युगं वधबीजं स्याद् द्राँ द्रीँ च द्रविणाख्यकम् ॥

'ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः આ છ બીજો શૂન્યરૂપ છે. लं બીજ ઐન્દ્રાક્ષરસંજ્ઞક છે, घे घे વધબીજ છે અને द्राँ द्रीँ દ્રાવણસંજ્ઞક છે.'

हकारं शब्दकं शून्यं, नमः शोधनमर्चनम् ।
जपं कुर्यादविकलं, परंसिद्धसमाह्वयम् ॥

'हं કાર શબ્દગુણક છે અને શૂન્યરૂપ છે. તથા નમઃ શોધન અને અર્ચન માટે ઉપયોગી છે. (કેટલાક તેને મોક્ષ-બીજ પણ કહે છે.) પરમસિદ્ધ રૂપ આ બીજાક્ષરોનો પોતપોતાના ઈચ્છિત કર્માનુસાર નિરંતર જપ કરવો જોઈએ.'

આ સિવાય બીજાં પણ કેટલાંક બીજો તંત્રપ્રસિદ્ધ છે. જેમકે–

ऐँ–વાગ્બીજ કે તત્ત્વબીજ છે.

वषट्–દહનબીજ છે.

वौषट्–આકર્ષક અને પૂજાગ્રહણ બીજ છે.

संवौषट्–આકર્ષણ બીજ છે.

स्वधा–પૌષ્ટિક બીજ છે.

स्वाहा–શાંતિબીજ છે.

આ સિવાય બીજાં પણ કેટલાંક બીજો સંભવે છે, પણ અહીં તેનો આટલો પરિચય બસ છે.

[ ૭ ]

# મંત્રશક્તિ અંગે કિંચિત્

શબ્દ (Sound) એક પ્રકારની શક્તિ છે, એ વાત આપણે ત્યાં બહુ પ્રાચીન કાળથી જાણીતી હતી, તેથી જ શબ્દબ્રહ્મ વગેરે શબ્દોની યોજના થયેલી છે. વિજ્ઞાને અનેકવિધ પ્રયોગો પછી આ વસ્તુ માન્ય રાખી છે, એટલે તે બાબતમાં કોઈ શંકાને સ્થાન નથી.

શક્તિવાળા દ્રવ્યોનું અમુક રીતે સંયોજન થાય તો તેમાંથી એક પ્રકારની અદ્ભુત શક્તિ ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે ગંધક, મણસીલ, સુરોખાર વગેરે મેળવવાથી દારૂ ઉત્પન્ન થાય છે અને તે એક ધડાકે મજબૂતમાં મજબૂત દિવાલોના ભૂકા ઉડાવી દે છે. અણુબોંબ, હાઇડ્રોજન બોંબ વગેરે તેનાં પ્રત્યક્ષ પ્રમાણો છે. સમસ્ત રસાયણશાસ્ત્રની રચના આ સિદ્ધાંત પર જ થયેલી છે; એટલે વર્ણો અને તે દ્વારા શબ્દનું વિશિષ્ટ સંયોજન કરવાથી એક પ્રકારની શક્તિ ઉત્પન્ન થાય, એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી:

મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ મી. જહોન વુડ્રૉફે કે જેમણે પોતાનાં પાછલા જીવનનો બધો સમય શૈવ તંત્રોના સંપાદન અને વિવેચન પાછળ કાઢયો છે, તેમને પ્રથમ આ વિષયમાં શ્રદ્ધા ન હતી, પણ મદ્રાસ કે તેની આસપાસના એક તાંત્રિક પંડિત સાથે પરિચય થતાં તેમને આ વિષયમાં રસ ઉત્પન્ન થયો. પછી તેમણે એક વખત એ તાંત્રિક પંડિતને કહ્યું કે 'અમુક બીજમંત્રમાં અમુક શક્તિ હોય છે, એવા વિધાનમાં મારી શ્રદ્ધા બેસતી નથી. હ્રીં બોલીએ તો શું અને ક્લીં બોલીએ તો શું ? એ તો શબ્દોચ્ચારણની બાબત છે.'

આ સાંભળી તાંત્રિક પંડિતે જણાવ્યું કે 'જેમ બધા મનુષ્યો સરખા હોતા નથી, બધાં પશુઓ સરખાં હોતાં નથી અને બધાં વૃક્ષો પણ સરખાં હોતાં નથી, તેમ બધા અક્ષરો સરખા હોતા નથી. તે દરેકની શક્તિ ભિન્ન ભિન્ન હોય છે. તેના સંયોજનથી જે ચમત્કારિક પરિણામ આવે છે, તેને મહર્ષિઓએ બીજમંત્રની શક્તિ કહી છે. આ વિષયમાં જે શંકા થઈ, તેનું નિરાકરણ હું હમણાં જ પ્રયોગદ્વારા કરી આપું છું.'

પછી તેણે એક લાકડાના કકડાને સામે મૂક્યો. અને 'રં' એટલે અગ્નિબીજનો જપ કરવા માંડયો. એ બીજ એને સિદ્ધ હતું, એટલે થોડી જ વારમાં તે લાકડામાં અગ્નિ ઉત્પન્ન થયો અને તે સળગવા લાગ્યું. આ પ્રયોગ જોયા પછી મી. વુડ્રૉફને આ વિષયમાં મજબૂત શ્રદ્ધા બેઠી.

અને તેમણે આર્થર એવેલોનનાં સાંકેતિક નામથી શૈવમતના તંત્રગ્રંથોનું સંપાદન-સંશોધન-વિવેચન કરવા માંડ્યું. આજે તેમના એ વિષયના ગ્રંથો જિજ્ઞાસુઓની મંત્રજ્ઞાનવિષયક તૃષાને સારી રીતે છીપાવે છે. તેમણે વર્ણમાલા ઉપર 'A garland of letters–એ ગાર્લેન્ડ ઓફ લેટર્સ' નામનું પુસ્તક લખ્યું છે, તે શબ્દશક્તિ પર સારો પ્રકાશ પાડે છે.

પૂનાની ઓકલ્ટ રિસર્ચ કૉલેજના પ્રિન્સીપાલ **મી. કરમરકરે** વર્ણમાતૃકાશક્તિ એટલે અક્ષરોની શક્તિ ઉપર વડોદરામાં અતિ મનનીય ભાષણ કર્યું હતું. તેમાં તેમણે કહ્યું હતું કે વર્ણમાલાના મૂળાક્ષરો કેવલ ઔપચારિક જ નથી, પણ મંત્રશક્તિની સાથે અતિ ગાઢ સંબંધ ધરાવે છે. વર્ણમાલાનો પ્રત્યેક અક્ષર ઉચ્ચાર પ્રમાણે મનુષ્યનાં તન-મન ઉપર પોતાનો વિશિષ્ટ પ્રભાવ પાડે છે. આ પછી તેમણે ભિન્ન ભિન્ન વર્ણોચ્ચાર વડે કેવી અસર થાય છે, તેના કેટલાક પ્રયોગો કરી બતાવીને પોતાનાં મંતવ્યની પુષ્ટિ કરી હતી. તેમણે य र ल व श ष स અને ह વર્ણો પૈકી र અક્ષર પર વિશેષ ભાર મૂકી તેનું બિન્દુસહિત એટલે रं ઉચ્ચારણ એક હજાર વાર કરવાથી શરીરની ગરમી એક ડીગ્રી વધી જાય છે, તે પણ દર્શાવી આપ્યું હતું. એટલે મંત્ર-વિશારદોએ બીજ વગેરેની જે રચના કરેલી છે, તે અત્યંત રહસ્યમયી છે, એ નિશ્ચિત છે.

સને ૧૯૨૪ના એપ્રિલ માસના ફીઝીકલ કલ્ચર નામના

માસિકમાં મી. **બી. એમ. લેસર લેસારિયો** નામના એક ઓસ્ટ્રીઅન વૈજ્ઞાનિકે લખ્યું હતુ કે "મારી સંધિવાની બિમારી ચાલતી હતી, તેવામાં એક દિવસ એક પાડોશી પોતાના બાળકને ધ્યાન રાખવા મારી પાસે મૂકી ગયો. તે બાળકની તંદુરસ્તી એવી હતી કે તેને જોઈને થોડો વખત તો હું મારું દુઃખ ભૂલી ગયો.

તે બાળક પોતાની પીઠ પર ચતું સૂતું હતું અને 'લા–લા–લા–લા–લા–લા' કરતું રોયા કરતું હતું. મેં તેનાં લૂગડાં ઉતરાવી નાખી તેને મારી પથારી પાસે લીધું. મારી તરસી આંખોથી મેં તેને જોયા જ કર્યું અને 'લા–લા–લા–લા–લા–લા' ઉચ્ચાર કરતાં તેની છાતી અને પેટ કે જે હાલતાં હતાં, તે કેવી રીતે હાલે છે, તે જોયું. આવી રીતે ઉચ્ચાર કરીને રડતાં તેનાં ત્રણ પાંસળામાં આપણે સમજી શકીએ તેવી રીતે કંપ ઉપજતો હતો. દરેકે દરેક ઉચ્ચાર વખતે ત્યાં જ કંપ થતો અને ત્યાં જ વિરમતો.

તરત મેં પણ ઉચ્ચાર કરી જોયો અને તેવો જ કંપ થતો અનુભવ્યો. મારી જિજ્ઞાસા વધી. પછી 'પૂ–પૂ–પૂ–પૂ' બહુ વાર બોલી બીજા સ્વરનો અવાજ અજમાવ્યો અને મને લાગ્યું કે આ વખતે ત્રણ પાંસળીની નીચેનો ભાગ કંપતો હતો અને ત્યાં જ બંધ થતો હતો. પછી આ 'પૂ–પૂ–પૂ–પૂ' ના ઉચ્ચારથી ખરેખર શું પરિણામ આવે છે, તેની બારીકાઈથી ખાતરી કરવાને બાળકના કાનમાં મેં 'પૂ–પૂ–પૂ–પૂ' કર્યું.

તે બાળકે તે પ્રમાણે ઉચ્ચાર કરતાં તે જ પરિણામ આવ્યું, તે જ કંપ થયો.

'લા' અને 'પૂ'ના ઉચ્ચારથી છાતીમાં અને પેડુમાં જે કંપ ઉપજ્યો, તેથી મને અજાયબી થઈ; પછી મનમાં વિચાર આવ્યો કે જો આ ઉચ્ચારો લાંબા વખત સુધી થાય તો તે ભાગના રુધિરાભિસરણ ઉપર સારું પરિણામ આવતું હશે. મને એમ પણ લાગ્યું કે ગવૈયાઓ ગાતી વખતે અમુક એક જ સ્વરનો ઉચ્ચાર લાંબા વખત સુધી કરતા હોવાથી શરીરના બીજા ભાગ ઉપર જરૂર સારી અસર થતી હશે.

આમાં બે વાત સ્પષ્ટ થઈ. એક તો 'લા-લા-લા-લા' કરતાં તે બાળક આનંદિત દેખાતું હતું અને પાંસળીમાં કંપ સ્પષ્ટ થતો હતો. 'લા-લા-લા-લા' કરતાં તે શ્વાસ લેતું ન હતું અને જ્યારે એમ કરતાં તેના ફેફસામાં શ્વાસ ખૂટી જતો, ત્યારે દીર્ઘ શ્વાસ લેતું અને વળી 'લા-લા-લા-લા' કરવા લાગતું. આથી ફેફસામાં તે લાંબો વખત સુધી હવા પકડી રાખી શકતું હતું અને બીજા 'પૂ-પૂ-પૂ-પૂ'ના ઉચ્ચારથી તેના પેડુના સ્નાયુઓ ખેંચાતા. પછી તે બાળકની પેઠે સૂઈને અને સ્વરોચ્ચાર ઘણી વાર કરીને મેં મારા શરીર પર અજમાયશ કરી.

શરૂઆતમાં તો લાંબા વખત સુધી ઉચ્ચાર કરવાથી મને થાક લાગતો અને ચક્કર પણ આવતાં, પરંતુ પછીથી

નિત્યાભ્યાસને લીધે ચક્કર આવતાં બંધ થયાં, જુદા જુદા સ્વરના ઉચ્ચાર કરવાથી જે મનોભાવના થતી તેને દૃઢ કરી વારંવાર તે જ સ્વરના તે જ પ્રમાણે ઉચ્ચાર કરી જોતો. ઉદાહરણાર્થે 'ઈ' ના ઉચ્ચાર સાથે તેજ અને આનંદનો સંબંધ છે, એમ દેખાયું. 'ઓ'ના ઉચ્ચારથી ગંભીર ઉદાસીનતા દેખાઈ પણ તે દિલગીરી ભરેલી કે દુઃખદર્શક નહોતી. જ્યારે આમ થોડાં અઠવાડિયાં થયાં ત્યારે મારી સંધિવાની બિમારી કમ થવા લાગી; મને જે નવો રંગ લાગ્યો છે, તેનું આ પરિણામ છે કે કેમ, તે વિષે હું અચોક્કસ હતો. પણ મારી તબિયત સામાન્ય રીતે તેનાથી સુધરી તે વિષે જરા પણ શક નથી. શરીરના ખાસ ભાગો ઉપર કેટલાક સ્વરોચ્ચારથી દેખીતી સારી અસર ખરેખર થઈ હતી. દાખલા તરીકે 'ઈ'ના ઉચ્ચારથી ગળાં અને નાક વાટે શ્લેષ્માદિ ઘણું નીકળી જતું અને જ્યાં સુધી ગળાંની અને નાકની રેષાઓમાં દૃઢતા આવી, ત્યાં સુધી આ ખરાબી નીકળવી ચાલુ રહી. આનું કારણ એ કે શ્વાસોચ્છ્વાસ અને મોઢેથી ગણગણવાનું કામ બંને સાથે કરવાથી રુધિરાભિસરણ વ્યવસ્થાપૂર્વક થવા માંડયું. એક સ્વરના ઉચ્ચારની અસર શરીરના એક ભાગ પર અને બીજાની અસર બીજા ભાગ ઉપર થતી હોય તે બનવા જોગ છે."[1]

---

૧. અંગ્રેજી લેખનો આ અનુવાદ 'ષટ્ચક્રો અને કુંડલિની શક્તિ' પૃષ્ઠ ૩૩, ૩૪, ૩૫ પરથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યો છે.

આજથી દશ–બાર વર્ષ પહેલા અમને એક ત્યાગી મંત્રસાધકનો પરિચય થયો. તેઓ મુખ્યત્વે ૐકારની જ ઉપાસના કરતા હતા. તેમણે અમને ઈ ઈ ઉ ઊ વગેરે સ્વરોનો ઉચ્ચાર કરવાથી શરીરના કયા ભાગો પર કેવી અસર થાય છે, તે બતાવ્યું હતું અને તેથી રોગનિવારણની બાબતમાં આ મંત્રાક્ષરો કેવો ફાયદો કરી શકે, તે પણ જણાવ્યું હતું.

ત્યાર બાદ અમદાવાદમાં એક સાધુનો પરિચય થતાં તેમણે મંત્રાક્ષરોના ઉચ્ચારણ કેવી રીતે કરવા જોઈએ, તે અમને બતાવ્યું હતું અને તેનાથી શરીર પર થતી અસરો પણ સમજાવી હતી.

જ્યારે તન્મયતાપૂર્વક મંત્રનો જપ ચાલતો હોય છે, ત્યારે આપણાં શરીરમાં એક પ્રકારનો શક્તિસંચાર થતો હોય, એવો અનુભવ થાય છે. આ બધી વસ્તુઓ એમ બતાવે છે કે વિશિષ્ટ શબ્દસંયોજન વડે મંત્રમાં અદ્‌ભુત–અચિંત્ય શક્તિનું બીજ રોપાય છે અને તે જપાદિ અનુષ્ઠાન વડે પ્રકટ થાય છે.

પં કેદારનાથજીએ મંત્રની શક્તિ અંગે જુદું જ દૃષ્ટિબિંદુ વ્યક્ત કર્યું છે, તે લેખવિભાગમાં અપાયેલા તેમના લેખ પરથી જાણી શકાશે.

[ ૮ ]

# મંત્રના પ્રકારો

મંત્રનું સ્વરૂપ સમજવા માટે તેના ભેદો કે પ્રકારોથી પરિચિત થવાની જરૂર છે, તેથી પ્રસ્તુત પ્રકરણમાં મંત્રના પ્રકારો અંગે કેટલુંક વિવેચન કરવામાં આવ્યું છે.

અપેક્ષા કે દૃષ્ટિ અનુસાર પ્રકારોનું નિર્માણ થાય છે અને આવી અપેક્ષાઓ કે દૃષ્ટિઓ અનેક હોવાથી પ્રકારોમાં વિવિધતા આવે છે, પરંતુ તેથી સાધકે જરા પણ મુંઝાવાનું નથી.

## બે પ્રકારો

મંત્રસમુદાયના 'આગ્નેય' અને 'સૌમ્ય' એવા બે પ્રકારો છે. તેની નોંધ **મંત્રવ્યાકરણમાં** નિમ્ન શબ્દો વડે લેવામાં આવી છે :

**आग्नेयाः सौम्या इति, मन्यन्ते ते पुनर्द्विधा मन्त्राः ।**
**पृथ्व्यग्नि–वियत्प्राया ये ते मन्त्राः स्युराग्नेयाः ॥**

अन्ये सौम्याः सौम्यानेव फडन्तान् वदन्ति चाग्नेयम् ।
आग्नेयान्तमेव स्यात् सौम्यत्व नमोऽन्तत्वे ॥

'વળી મંત્રના આગ્નેય અને સૌમ્ય એવા બે પ્રકારો માનવામાં આવ્યા છે. તેમાં પૃથ્વી, અગ્નિ અને આકાશ-મંડળવાળાં મંત્રોને આગ્નેય કહેવામાં આવે છે તથા જલ અને વાયુમંડળવાળા મંત્રોને સૌમ્ય કહેવામાં આવે છે. જો ફટ્ અંતમાં આવે તો સૌમ્યમંત્રો આગ્નેય થાય છે અને મંત્રના અંતે नमः પદ આવે તો આગ્નેય મંત્રો પણ સૌમ્ય બને છે.'

કેટલાક તંત્રકારોએ મંત્રસમુદાયના '**સૌર**' અને '**સૌમ્ય**' એવા બે પ્રકારો પણ દર્શાવેલા છે, પરંતુ આગ્નેય અને સૌરનો અર્થ સરખો જ હોવાથી તેમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી. આ તંત્રકારોએ વિશેષમાં જણાવ્યું છે કે સૌરમંત્રો પુરુષ દેવતાના હોય છે અને સૌમ્યમંત્રો સ્ત્રી દેવતાના હોય છે.

અહીં એ જણાવવું જરૂરનું છે કે આગ્નેય અથવા સૌર મંત્રોનો પ્રયોગ પ્રાયઃ મારણ, ઉચ્ચાટન આદિ ઉગ્ર કર્મોમાં થાય છે, જ્યારે સૌમ્ય મંત્રોનો પ્રયોગ શાંતિક અને પૌષ્ટિક કર્મોમાં થાય છે.

મંત્રવિશારદોએ મંત્રસમૂહના કૂટ અને અકૂટ એવા પણ બે પ્રકારો માનેલા છે. જેમકે '**द्विविधो हि मन्त्रः कूटरूपोऽकूटरूपश्च । संयुक्तः कूट इति व्यवह्रियते उत्तरोऽकूटः**

ઇતિ' મંત્ર બે પ્રકારના છે : કૂટરૂપ અને અકૂટરૂપ. તેમાં ઘણા અક્ષરો સાથે જોડાયેલા હોય તેનો વ્યવહાર કૂટ તરીકે થાય છે અને બાકીનાનો વ્યવહાર અકૂટ તરીકે થાય છે. કૂટાક્ષર અંગે કેટલુંક વિવેચન પૂર્વપ્રકરણમાં થઈ ગયેલું છે.

કેટલાક મંત્રવિદો એકથી સોળ સુધીના અક્ષરોને 'માલામંત્ર' કહે છે અને તેથી અધિક અક્ષરવાળા મંત્રોને 'કલ્પ' કહે છે. પરંતુ મોટા ભાગના મંત્રવિદો વીશ અક્ષરથી અધિક અક્ષરવાળા મંત્રને માલામંત્ર ગણે છે કે જેનું વિવેચન હવે પછીના પ્રકારોમાં જોઈ શકાશે.

કેટલાક મંત્રમનીષિઓ મંત્રોને **બીજમંત્ર** અને **નામમંત્ર** એવા બે પ્રકારોમાં વિભક્ત કરે છે. તેમાં માત્ર બીજાક્ષરો હોય તેને બીજમંત્ર કહે છે. જેમકે 'ૐ હ્રીં નમઃ' અને ઇષ્ટદેવતાનું નામ ગુંથાયેલું હોય તેને નામમંત્ર કહે છે. જેમકે 'ॐ नमो भगवते वासुदेवाय ।'

## ત્રણ પ્રકારો

પ્રયોગસારમાં કહ્યું છે કે—

नवाक्षरान्ता ये मन्त्रा बीजमन्त्राः प्रकीर्तिताः ।
पुनर्विंशति वर्णान्ता मन्त्रा मन्त्रास्तथोदिताः ।
ततोऽधिकाक्षरमन्त्रा मालामन्त्रा इति स्मृता. ॥

'નવ અક્ષર સુધીના મંત્રો '**બીજમંત્રો**' કહેવાય છે, વીસ અક્ષર સુધીના મંત્રો '**મંત્રો**' કહેવાય છે અને તેથી વધારે અક્ષરવાળા મંત્રો '**માલામંત્રો**' કહેવાય છે. તાત્પર્ય

કે અક્ષરસંખ્યાની દૃષ્ટિએ મંત્રો ત્રણ પ્રકારના છે : (૧) બીજમંત્ર, (૨) મંત્ર અને (૩) માલામંત્ર.

મંત્રવ્યાકરણનો મત પણ આવો જ છે અને મંત્રમહોદધિનો નિમ્ન શ્લોક તેનું સમર્થન કરનારો છે :–

बाल्ये वयसि सिद्धयन्ति, बीजमन्त्रा उपासितुः ।
मन्त्रा सिद्धा यौवने तु, मालामन्त्राश्च वार्द्धके ॥

ઉપાસના કરનારની બાલ્યવયમાં બીજમંત્રો સિદ્ધ થાય છે, યૌવન વયમાં મંત્રોની સિદ્ધિ થાય છે અને વૃદ્ધાવસ્થામાં માલામંત્રોની સિદ્ધિ થાય છે.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે મંત્રાક્ષરોની ગણના સંપ્રદાય પર આધારિત છે, એટલે કે કેટલાક મંત્રસંપ્રદાયો ૐ તથા અન્ય વ્યાહૃતિને અક્ષરગણનામાં લેતા નથી, જ્યારે કેટલાક સંપ્રદાયો અક્ષરગણનામાં લે છે. દાખલા તરીકે–

'ૐ क्लः' એ એકાક્ષર મંત્ર છે.
'ૐ कृष्ण' એ દ્વયક્ષર મંત્ર છે.
'ૐ क्लीँ कृष्ण' એ ત્ર્યક્ષર મંત્ર છે.
'ૐ क्लीँ कृष्णाय' એ ચતુરક્ષરમંત્ર છે.
'ૐ कृष्णाय नमः' એ પંચાક્ષર મંત્ર છે. અને +
'ૐ क्लीँ कृष्णाय स्वाहा' એ ષડક્ષર મંત્ર છે.

જ્યારે 'ૐ नमः शिवाय'ની ષડક્ષરી મંત્રમાં, 'ૐ

---

+ આ મંત્રો બાલગોપાલના અઢાર પ્રસિદ્ધ મંત્રોમાંથી લેવામાં આવ્યા છે.

નમો નારાયણાય'ની ગણના અષ્ટાક્ષરી મંત્રમાં અને 'ॐ નમો ભગવતે વાસુદેવાય' ની ગણના દ્વાદશાક્ષરી મંત્રમાં થાય છે.

મંત્રવ્યાકરણમાં કહ્યું છે કે–

स्त्री-पुं-नपुंसकत्वेन, मन्त्रास्ते त्रिविधा मताः ।
स्वाहा शब्दावसानाः स्युर्ये मन्त्रास्तान् विदुस्त्रियः ॥
पुंमांसो हुं-वषट्-फट्-घे-स्वधाप्रभृतिपल्लवाः ।
ते नपुंसकलिङ्गाः स्युर्येषामन्ते नमः पदम् ॥

'મંત્રો ત્રણ પ્રકારના મનાયેલા છે: (૧) **સ્ત્રીલિંગી** (૨) **પુંલિંગી** અને (૩) **નપુંસકલિંગી**. તેમાં જે મંત્રોને છેડે સ્વાહા પલ્લવ આવતું હોય તેને સ્ત્રીલિંગી મંત્ર જાણવા. જે મંત્રના છેડે હુઁ, વષટ્, ફટ્, ઘે અને સ્વધા પલ્લવો આવતા હોય તેને પુંલિંગી મંત્રો જાણવા અને જે મંત્રોને છેડે નમઃ પલ્લવ આવતું હોય તેને નપુંસકલિંગી મંત્રો જાણવા.

અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે મંત્રના છેડે સ્વાહા પલ્લવ લાગતાં તેમાં કોમલતા આવી જાય છે, એટલે તેને સ્ત્રીલિંગી અર્થાત્ સ્ત્રીવર્ગ જેવા ગણેલ છે. વળી મંત્રના છેડે હુઁ, વષટ્, ફટ્, ઘે અથવા સ્વધા પલ્લવો લાગતાં તેની પ્રકૃતિમાં કઠોરતા આવી જાય છે, એટલે તેમને પુંલિંગી અર્થાત્ પુરુષવર્ગના જેવા ગણેલા છે અને જે મંત્રના છેડે નમઃ પલ્લવ લાગે છે, તેમાં કોમલતા કે કઠોરતાથી અતિરિક્ત શાંતિનો ગુણ આવી જાય છે, માટે તેને નપુંસકલિંગી અર્થાત્ નપુંસકવર્ગના જેવા ગણેલા છે.

**મંત્રમહોદધિના** ચોવીશમા તરંગમાં મંત્રના આ ત્રણ પ્રકારોનું સમર્થન થયેલું છે. જેમ કે–

**पुंस्त्रीनपुंसकाः प्रोक्ता मनवस्त्रिविधा बुधैः ॥१२॥**
**वषडन्ता फडन्ताश्च पुंमांसो मनवः स्मृताः ।**
**वौषट् स्वाहान्तगा नार्यो, हुँ नमोऽन्ता नपुंसकाः ॥१३॥**

'વિદ્વાન્ પુરુષોએ મંત્રો ત્રણ પ્રકારના કહેલા છે: (૧) પુલિંગી, (૨) સ્રીલિંગી અને (૩) નપુંસકલિંગી. જેના છેડે वषट् અને फट् પલ્લવ આવે, તેને પુંલિંગી મંત્ર સમજવા. वौषट् અને स्वाहा પલ્લવ લાગે તેને સ્રીલિંગી મંત્ર સમજવા અને हुँ તથા नमः પલ્લવ લાગે તેને નપુંસકલિંગી મંત્ર સમજવા.

**મંત્રવ્યાકરણમાં** हुँ પલ્લવ લાગતા મંત્રને પુંલિંગી માનેલો છે, ત્યારે અહીં નપુંસકલિંગી માનેલો છે, તે સિવાય આમાં બીજો કોઈ તફાવત નથી.

મંત્રવિશારદોનો એવો અભિપ્રાય છે કે પાપનાશન માટે સ્રીલિંગી મંત્રનો પ્રયોગ કરવો જોઈએ, શુભ કર્મની સિદ્ધિ માટે પુલિંગી મંત્રનો પ્રયોગ કરવો જોઈએ અને તે સિવાયનાં કર્મોમાં, તેમજ વિષનિવારણમાં નપુંસકલિંગી મંત્રનો પ્રયોગ કરવો જોઈએ.

મંત્રજ્ઞ પંડિત **શ્રી મુનિલાલજી સ્વામી** કહે છે કે મંત્રો ત્રણ પ્રકારના મનાયેલા છે: (૧) સિદ્ધ મંત્ર, (૨)

સાધારણ મંત્ર અને (૩) નિર્બીજ મંત્ર. સિદ્ધ મંત્રોમાં શક્તિ હોય છે. તેના દ્વારા સિદ્ધ પુરુષોની ચેતનશક્તિ શબ્દોના આશ્રયે બીજા મનુષ્યોની પાસે જઈને પોતાનું સામર્થ્ય કે પોતાનો પ્રભાવ તત્ક્ષણ દેખાડે છે. આ શ્રેણીના મંત્રો જે કોઈને સૌભાગ્યથી પ્રાપ્ત થાય છે, તે શીઘ્ર પોતાનો પ્રભાવ અન્ય મનુષ્યો પર પાડી શકે છે.

જે મહાનુભાવોની કુંડલિની શક્તિ + જાગ્રત થઈ છે, તેમને એ પરમેશ્વરીના અનુગ્રહથી સિદ્ધ મંત્રો સ્વયમેવ પ્રસ્ફુરિત થાય છે અને તે તેમના જીવનના પથપ્રદર્શક બને છે. તેથી જ કહેવાય છે કે હઠયોગથી કુંડલિની શક્તિ જાગ્રત થતાં મંત્રયોગનું પ્રસ્ફુટન થાય છે. મંત્રના બલથી મન એકાગ્ર બની જાય છે અને વૃત્તિઓનો નિરોધ થતાં લય થવા લાગે છે. આ રીતે હઠયોગથી મંત્ર અને મંત્રથી લય, તેમ જ લયથી રાજયોગની પ્રાપ્તિ થાય છે.

સિદ્ધ મંત્રોની પ્રાપ્તિ સિદ્ધ ગુરુના અનુગ્રહથી પણ થાય છે. આવા મંત્રોને જપ દ્વારા સિદ્ધ કરવાની આવશ્યકતા રહેતી નથી. **યોગશિખોપનિષદ્**માં કહ્યું છે કે 'यदानु ध्यायते मन्त्रं गात्रकम्पोऽथ जायते–જ્યાં (સિદ્ધ) મંત્રનું ધ્યાન કરવામાં આવે છે કે શરીરમાં કંપ ઉત્પન્ન થાય છે, જે સિદ્ધ ગુરુએ તપદ્વારા કરેલી કમાણીનો પ્રભાવ છે.

બીજી શ્રેણીના બહુસંખ્યક સાધારણ મંત્રો લોકવિખ્યાત છે. તેને ગુરુમુખેથી ગ્રહણ કરીને શાસ્ત્રોક્ત વિધિએ જપ

---

+ આ શક્તિનો કેટલોક પરિચય આગળ આવશે.

કરવાપૂર્વક પુરશ્ચરણાદિ દ્વારા સિદ્ધ કરવામાં આવે છે, પણ તે પહેલાં તેમાં રહેલા સુપ્ત, કીલિત, મૂર્ચ્છિત આદિ દોષોની દશ સંસ્કારો વડે શુદ્ધિ કરવી પડે છે. આવા મંત્રોમાં શક્તિનું બીજ ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે શક્તિ કાલાંતરે પુરશ્ચરણાદિ અનુષ્ઠાનોથી જાગ્રત કરવામાં આવે છે, ત્યારે જ એ મંત્રોના જપથી કુંડલિની શક્તિ કંઈક જાગ્રત થાય છે. તાત્પર્ય કે સિદ્ધ મંત્રોથી તે જ ક્ષણે અને સાધારણ મંત્રોના જપથી કાલાંતરે કુંડલિની જાગ્રત કરી શકાય છે.

**શ્રી ચૈતન્ય મહાપ્રભુ** 'હરિ' એવા બે અક્ષરોના (શુદ્ધ) મંત્રથી જ ધોબી, યવન તથા પાપીઓની શક્તિને જાગ્રત કરી દેતા હતા. તેજ રીતે **શ્રી રામાનંદજી**ના મુખથી નીકળેલા 'રામ' મંત્રે કબીર સાહેબની સુપ્ત શક્તિ જગાડી દીધી હતી. આવા મહાપુરુષોનો આ યુગમાં પણ અભાવ નથી (મતલબ કે તેમને પ્રબળ પ્રયાસથી શોધી કાઢવા જોઈએ).

પુસ્તકો વાંચીને પ્રાપ્ત કરેલા ત્રીજી શ્રેણીના મંત્રો નિર્બીજ (શક્તિરહિત) હોય છે, એટલે તેના જપમાં વૃથા શ્રમ માત્ર થાય છે.

**સાત્ત્વિક, રાજસિક** અને **તામસિક**ના ભેદથી પણ મંત્રોના ત્રણ પ્રકારો માનવામાં આવ્યા છે. તેમાં સાત્ત્વિક મંત્રો આત્મશુદ્ધિમાં ઉપકારક બને છે, રાજસિક મંત્રો યશ, ઐશ્વર્ય તથા ભોગાદિ ઈચ્છિત સામગ્રી આપે છે અને તામસિક મંત્રો મારણ, ઉચ્ચાટન આદિ વડે શત્રુનો પરાભવ કરે છે.

## પાંચ પ્રકારો

એક તંત્રગ્રંથમાં કહ્યું છે કે—

मन्त्रा एकाक्षराः पिण्डाः, कर्तर्यो द्व्यक्षरा मताः ।
वर्णत्रयं समारभ्य नवार्णावधिर्बीजकाः ॥
ततो दशार्णमारभ्य यावद्विंशति मन्त्रकाः ।
तत ऊर्ध्वंगता मालास्तासु भेदो न विद्यते ॥

'જે મંત્રો એક અક્ષરના હોય તે **પિંડ**, બે અક્ષરના હોય તે **કર્તરી**, ત્રણથી નવ અક્ષરના હોય તે **બીજ**, દશથી વીશ અક્ષરના હોય તે **મંત્ર** અને તેથી વધારે અક્ષરના હોય તેને **માલા-મંત્ર** કહેવામાં આવે છે કે જેના વિશેષ પ્રકારો નથી.'

સાર્વભૌમ સાહિત્ય–દર્શનાચાર્ય **શ્રી દામોદર શાસ્ત્રી**એ મંત્રતત્ત્વની આલોચના કરતાં જણાવ્યું છે કે 'મંત્રો પાંચ પ્રકારના છે : (૧) નૈગમિક, (૨) આગમિક, (૩) પૌરાણિક, (૪) શાબર અને (૫) પ્રકીર્ણક.'

નિગમ એટલે વેદ, તેના આધારે પ્રવર્તેલા મંત્રો તે નૈગમિક. આગમ એટલે તંત્ર, તેના આધારે પ્રવર્તેલા મંત્રો તે આગમિક. પુરાણો પ્રસિદ્ધ છે, તેના આધારે પ્રવર્તેલા મંત્રો તે પૌરાણિક. શબર એટલે ભીલ વગેરે નીચ જાતિ, તેમાં જે મંત્રો પ્રચલિત છે, તે શાબર (શાબરી) અને આ ચાર પ્રકારો સિવાયના અન્ય મંત્રો જેવા જૈન, બૌદ્ધ, ઈસ્લામ તે પ્રકીર્ણક.

અપેક્ષાવિશેષથી મંત્રના અન્ય પ્રકારો પણ પડી શકે, પરંતુ તે અહીં પ્રસ્તુત નથી.

## [૯]

# મંત્રની અવસ્થાઓ

મનુષ્યમાં નિદ્રા અને જાગ્રત એવી બે અવસ્થાઓ હોય છે, તેમ મંત્રમાં પણ સ્વાપ એટલે સુપ્ત-પ્રસુપ્ત અને બોધ એટલે જાગ્રત એમ બે અવસ્થાઓ હોય છે. તેમાં સ્વાપ અવસ્થા હોય તો મંત્રની સિદ્ધિ થતી નથી અને બોધ અવસ્થા હોય તો મંત્રની સિદ્ધિ થાય છે, એટલે જિજ્ઞાસુએ આ બંને અવસ્થાઓથી પરિચિત થવાની જરૂર રહે છે.

આ બે અવસ્થાઓ અંગે **મંત્રવ્યાકરણ**માં કહ્યું છે કે-

**तेषामुभे अवस्थे, स्वापो बोध इति तैजसस्य स्वापो वा ।**
**वामवहनं, प्रबोधो, दक्षिणवहनं परस्य तौ विपरीतौ ॥**
**मन्त्रस्योभयवाहे, बोधः स्यादुभयमन्त्रभेदानाम् ।**
**मन्त्रः प्रबुद्धमात्रः सिद्धयै न भवेत् प्रसुप्तश्च ॥**

'(આગળ આગ્નેય અને સૌમ્ય એવા જે મંત્રો કહી ગયા.) તેની બે અવસ્થાઓ હોય છે: એક સ્વાપ અને બીજી

બોધ. તેમાં વામનાડી એટલે પિંગલા નાડીમાં સ્વરનું વહન થતું હોય ત્યારે આગ્નેય મંત્રની સ્વાપ અવસ્થા રહે છે અને દક્ષિણનાડી એટલે ઈડા નાડીમાં સ્વરનું વહન થતું હોય ત્યારે બોધ અવસ્થા રહે છે. સૌમ્ય મંત્રમાં આ બંને ક્રિયાઓ વિપરીત સમજવી; એટલે કે પિંગલાનાડીમાં સ્વરનું વહન થતું હોય ત્યારે તેની બોધ અવસ્થા રહે છે અને ઈડા નાડીમાં સ્વરનું વહન થતું હોય ત્યારે તેની સ્વાપ અવસ્થા રહે છે.

જ્યારે ઉભયનાડી એટલે સુષુમ્ણામાં સ્વરનું વહન થતું હોય ત્યારે બંને પ્રકારના મંત્રોની બોધઅવસ્થા રહે છે.

જે મંત્ર પ્રબુદ્ધ જાગ્રત હોય તે જ સિદ્ધિ પામે છે. પ્રસુપ્ત મંત્રની સિદ્ધિ થતી નથી.'

અહીં પ્રથમ તો એ સ્પષ્ટતા કરી દઈએ કે આયુર્વેદને જેમ ઔષધિ અને રસાયણ સાથે ગાઢ સંબંધ છે, તેમ મંત્રશાસ્ત્રને સ્વરોદય અને કુંડલિની શક્તિ સાથે ગાઢ સંબંધ છે, એટલે મંત્રવિજ્ઞાનની પૂર્તિ તરીકે તેનું જ્ઞાન પણ મેળવી લેવું આવશ્યક છે. વિશેષ ન બને તો તેની મુખ્ય મુખ્ય બાબતોથી તો પરિચિત થવું જ જોઈએ.

'**ષટ્ચક્રો અને કુંડલિની શક્તિ**' નામના એક મનનીય નિબંધમાં કહ્યું છે કે 'શરીરમાં રહેલાં મર્મ-સ્થાનોમાં મેરુદંડ, કરોડરજ્જુને મુખ્ય સ્થાન આપવામાં આવે છે, તે શરીરનો આધારસ્તંભ છે. આ કરોડરજ્જુ નાના-મોટા તેત્રીશ અસ્થિખંડોનું બનેલું છે. આવા દરેક

અસ્થિખંડમાં આપણા તત્ત્વદર્શિઓને ખાસ શક્તિઓનું દર્શન થયું અને તેનો સંબંધ દૈવીશક્તિ સાથે જોડવામાં આવ્યો. દેવોમાં જે જે શક્તિઓનાં કેન્દ્રો છે, તે સર્વ શકિતઓ કરોડરજ્જુના આ અસ્થિખંડોમાં જુદે જુદે રૂપે અસ્તિત્વ ધરાવે છે અને તેથી એવું અનુમાન કરવામાં આવ્યું છે કે કરોડરજ્જુમાં બધા જ તેત્રીશ દેવતાઓનો વાસ છે. આઠ વસુ, બાર આદિત્ય, અગિયાર રુદ્ર, એક ઇન્દ્ર અને બીજો પ્રજાપતિ. એમ તેત્રીશ દેવોની શકિતનાં બીજ આ મેરુદંડ કરોડરજ્જુમાં ભર્યાં પડયાં છે. (સંભવ છે કે આ તેત્રીશ સંખ્યાનો સંબંધ તેત્રીશ કરોડ દેવતાઓ સાથે પણ હોય.)

આ પોલા કરોડરજ્જુમાં શરીરવિજ્ઞાનના જણાવવા પ્રમાણે અનેક નાડીઓ છે અને બધી જુદાં જુદાં કાર્યો કરે છે. અધ્યાત્મવિજ્ઞાન પ્રમાણે મનુષ્યની મુખ્ય નાડીઓ ત્રણ છે: (૧) ઈડા, (૨) પિંગલા અને (૩) સુષુમ્ણા. જો મેરુદંડને ચીરવામાં આવે, તો ત્રણે નાડીઓ પ્રત્યક્ષ રૂપમાં નરી આંખોથી ન દેખાય. આનો સંબંધ સૂક્ષ્મ જગતની સાથે હોય છે. આ એક પ્રકારનો વિદ્યુત્ પ્રવાહ છે. જેમ વીજળીથી ચાલતાં યંત્રોમાં નેગેટીવ અને પોઝીટીવ—ઋણ અને ધન એમ બે ધારાઓ વહે છે અને જ્યાં બંનેનું મિલન થાય છે, ત્યાં શકિત પેદા થાય છે, તેમ ઈડા એ નેગેટીવ અને પિંગલા એ પોઝીટીવ ધારા કહેવાય છે. ઈડાને ચંદ્રનાડી અને પિંગલાને સૂર્યનાડી પણ કહેવામાં આવે છે. ડાબીને ઈડા અને જમણીને પિંગલા કહે છે. આ બંનેના મિલનથી

જે ત્રીજી શક્તિ ઉત્પન્ન થાય છે, તેને સુષુમ્ણા કહે છે. કરોડરજ્જુના અંતર ભાગમાં આવી આધ્યાત્મિક શક્તિની ત્રિવેણી બનેલી છે. ઈડા–પિંગલાની બે ધારાઓ મળીને સુષુમ્ણાની ઉત્પત્તિ થાય છે અને એ રીતે પૂર્ણ ત્રિકોણ થાય છે.'

મંત્ર વ્યાકરણકારે અહીં જે હકીકત રજૂ કરી છે, તેનો સાર એ છે કે આગ્નેય મંત્રના જપ વખતે સૂર્યનાડી ચાલતી હોય તો તેની સિદ્ધિ થાય છે, પરંતુ ચંદ્રનાડી ચાલતી હોય તો તેની સિદ્ધિ થતી નથી. તે જ રીતે સૌમ્ય મંત્રના જપ વખતે ચંદ્રનાડી ચાલતી હોય તો તેની સિદ્ધિ થાય છે, પરંતુ સૂર્યનાડી ચાલતી હોય તો સિદ્ધિ થતી નથી. સુષુમ્ણા ચાલતી હોય તો બંને પ્રકારના મંત્રો માટે અનુકૂળ છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે સ્વર અનુકૂળ હોય તો મંત્રશક્તિ જાગ્રત કરવામાં સહાય મળે છે, પણ તેટલાથી જ કામ પૂરું થઈ જતું નથી. તે માટે મંત્ર-વિશારદોએ પૂજા, ધ્યાન આદિ જે અન્ય ક્રિયાઓ બતાવી છે, તે કરવી પડે છે અને તો જ મંત્રસિદ્ધિ થાય છે.

[ ૧૦ ]

## મંત્રસાધન માટે ગુરુની આવશ્કતા

વ્યાવહારિક શિક્ષણ માટે ગુરુની આવશ્યકતા રહે છે; ધાર્મિક ક્રિયાઓ-અનુષ્ઠાનો માટે પણ ગુરુની આવશ્યકતા રહે છે; અને આસન, પ્રાણાયામ આદિ યોગક્રિયાઓ શીખવી હોય તો પણ ગુરુની આવશ્યકતા રહે છે; તેજ રીતે મંત્ર-સાધના કરવા માટે પણ ગુરુની આવશ્યકતા રહે છે. ગુરુ ન હોય તો મંત્ર કોણ આપે? મંત્રનો મહિમા કોણ સમજાવે? અને તેનો સવિસ્તર વિધિ કે આમ્નાય કોણ બતાવે?

કોઈ એમ કહેતું હોય કે આ બધું ગ્રંથો-પુસ્તકો વાંચવાથી મળી શકે તો એમાં ઝાઝું તથ્ય નથી. પુસ્તકો વાંચવાથી જ્ઞાન મળી શકે છે, પણ તે અમુક પ્રમાણમાં. વળી તેમાં પણ કેટલોક ભાગ કાચો-કોરો એટલે અસ્પષ્ટ રહી જવા સંભવ છે: કેટલીક વાત તો ગુરુગમ કે સંપ્રદાયથી જ સમજાય એવી હોય છે, તેનો પુસ્તકમાં ઉલ્લેખ હોતો નથી. તેથી જ તંત્રગ્રંથોમાં કહેવાયું છે કે 'જાર પુરુષથી-

ઉત્પન્ન થયેલો પુત્ર જેમ શોભાને ધારણ કરતો નથી, તેમ આપમેળે પ્રાપ્ત કરેલું જ્ઞાન શોભાને ધારણ કરતું નથી.'

તાત્પર્ય કે વ્યવસ્થિત, ક્રમબદ્ધ અને અનુભવપૂર્ણ જ્ઞાન તો ગુરુ જ આપી શકે. આ જ કારણે મંત્રસાધનામાં ગુરુને ઘણું ઊંચું પદ અપાયું છે.

જેમ સુકાની વિના વહાણ યોગ્ય દિશા પકડી શકતું નથી, તેમ ગુરુ વિના મંત્રસાધના યોગ્ય દિશા પકડી શકતી નથી. અથવા તો રણ કે અરણ્યને પાર કરવા માટે કોઈ કુશલ ભોમિયાની જરૂર રહે છે, તેમ મંત્રસાધનારૂપી અરણ્યને પાર કરવા માટે ગુરુરૂપી કુશલ ભોમિયાની જરૂર રહે છે.

તંત્રગ્રંથોમાં કહ્યું છે કે 'જે ગુરુ શિષ્યને એક જ અક્ષર બતાવે છે, તેનું ઋણ આ પૃથ્વીના કોઈ પણ દ્રવ્યથી વળી શકતું નથી, તો જે ગુરુ મંત્રદીક્ષા આપે, ઈષ્ટ મંત્રનું દાન કરે, મંત્રના વિવિધ અંગપ્રત્યંગોની સમજ આપે, મંત્રની સાધનપદ્ધતિ બતાવે અને માર્ગમાં કંઈ પણ વિઘ્ન આવ્યું તો તેનું નિવારણ પણ કરે, એ ગુરુનો બદલો કઈ રીતે વળી શકે ?'

મનુષ્ય ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ માતાપિતાના ઉપકારનો બદલો વળી શકતો નથી, તેમ મંત્રગુરુના ઉપકારનો બદલો પણ વળી શકતો નથી, તેથી શ્રેષ્ઠ માર્ગ એ છે કે તેમના પ્રત્યે સંપૂર્ણ આદરભાવ રાખવો, તેમની બને તેટલી સેવા–ભક્તિ કરવી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમનો ઉપકાર ભૂલવો નહિ.

શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત કરી છે કે 'જે મનુષ્ય એક પણ અક્ષરનું જ્ઞાન આપનાર ગુરુનો ઉપકાર માનતો નથી, તે સો વાર કૂતરાનો જન્મ લઈને પાછો ચાંડાલને ત્યાં અવતરે છે.' તાત્પર્ય કે ગુરુનો ઉપકાર સદા યાદ રાખવો જોઈએ અને તેમને હૃદયકમલમાં ધારણ કરવા જોઈએ.

ગુરુ પ્રત્યે સંપૂર્ણ આદરભાવ કેળવવા માટે જ તેમને નિમ્ન શ્લોકો વડે નમસ્કાર કરવામાં આવે છે :

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म, तस्मै श्रीगुरवे नमः ॥
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

'ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર છે અને ગુરુ જ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તેવા ગુરુને મારો નમસ્કાર હો.'

'જેણે જ્ઞાનરૂપી અંજનની સળી વડે અજ્ઞાનરૂપી તિમિરથી અંધ થયેલાઓનાં નેત્ર ઉઘાડી નાખ્યાં, તે શ્રી ગુરુને મારા નમસ્કાર હો.'

તાત્પર્ય કે ગુરુ ઈશ્વરતુલ્ય છે અને તે આપણા અજ્ઞાનનો નાશ કરે છે, માટે આપણે તેમને ભાવપૂર્વક નમસ્કાર-પ્રણામ-વંદન કરવા જોઈએ.

મહાત્મા કબીરે ગુરુનો મહિમા દર્શાવતાં કહ્યું છે કે—

**गुरु गोविन्द दोनुं खडे, का के लागों पाय ।**
**बलिहारी गुरुदेव की, गोविन्द दियो बताय ॥**

'મારી સામે બે જણ ઊભા છે : એક ગુરુ અને બીજા ગોવિંદ. તેમાં કોને પગે લાગું ? તે સમજ પડતી નથી. એ તો ગુરુદેવની જ બલિહારી છે કે તેમણે ઈશારાથી ગોવિંદને બતલાવી દીધા.' તાત્પર્ય કે તેમણે ગોવિંદને પ્રથમ પ્રણામ કરવાનું કહ્યું, પણ ખરો ઉપકાર તો ગુરુનો જ ગણાય કે જેમણે ગોવિંદને ઓળખાવ્યા. અહીં દેવ કરતાં પણ ગુરુનું સ્થાન ઊંચું હોવાનો ધ્વનિ છે.

કુલાર્ણવતંત્રમાં કહ્યું છે કે—

**यथा घटश्च कलशः कुम्भश्चैकार्थवाचकाः ।**
**तथा देवाश्च मन्त्राश्च गुरुश्चैकार्थवाचकाः ॥**

'જેમ ઘડો, કલશ અને કુંભ એક અર્થના વાચક છે, તેમ દેવ, મંત્ર અને ગુરુ એક અર્થના વાચક છે.' તાત્પર્ય કે ગુરુને દેવ અને મંત્રની સમાન જ માનવા જોઈએ.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'ગુરુને દેવ અને મંત્રની સમાન પૂજ્ય શી રીતે માની શકાય ? એક દૈવી શક્તિથી ઓતપ્રોત છે અને બીજા સામાન્ય મનુષ્ય છે.' તેનો ઉત્તર એ છે કે ગુરુવડે મંત્રની પ્રાપ્તિ થાય છે, મંત્રના આરાધનથી દેવતા પ્રસન્ન થાય છે અને દેવતા પ્રસન્ન થતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચારેય વર્ગની પ્રાપ્તિ થાય છે,

તેથી ગુરુને દેવ અને મંત્રની સમાન જ પૂજ્ય માનવા જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો મંત્રદેવતાની પ્રસન્નતાનું મૂળ કારણ ગુરુ છે, એટલે તેમનું પદ જરા યે ઓછું કે ઉતરતું માની શકાય નહિ.

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે ગુરુને સામાન્ય મનુષ્ય માનવા એ યોગ્ય નથી. તે અંગે **આગમસાર તંત્રમાં** કહ્યું છે કે—

गुरुं न मर्त्यं बुद्ध्येत, यदि बुद्ध्येत तस्य तु ।
कदापि न भवेत्सिद्धिर्न मन्त्रैर्देवपूजनैः ॥

'સાધકે ગુરુને સામાન્ય મનુષ્ય માનવા નહિ. આમ છતાં જો ગુરુને સામાન્ય મનુષ્ય માને તો ગમે તેટલો મંત્રજપ કરવા છતાં તથા ગમે તેટલાં દેવપૂજન કરવા છતાં તેને કોઈ કાળે સિદ્ધિ પ્રાપ્ત થાય નહિ.' તાત્પર્ય કે તેણે ગુરુને દેવ માનીને જ ચાલવું જોઈએ. અન્ય તંત્રગ્રંથમાં એમ પણ કહેવાયું છે કે—

गुरौ मनुष्यबुद्धिं च, मन्त्रे चाक्षरवाचिताम् ।
प्रतिमासु शिलाबुद्धिं, कुर्वाणो नरकं व्रजेत् ॥

'ગુરુને સામાન્ય મનુષ્ય માનનારો, મંત્રમાં અક્ષરબુદ્ધિ ધારણ કરનારો તથા દેવપ્રતિમામાં પત્થરની બુદ્ધિ રાખનારો નરકમાં જાય છે.'

તાત્પર્ય કે ગુરુને સામાન્ય કોટિના મનુષ્ય ન માનતાં દેવસ્વરૂપ માનવા જોઈએ અને એ જ રીતે તેમના પ્રત્યે વ્યવહાર રાખવો જોઈએ. જો ગુરુને સામાન્ય મનુષ્ય માની

તેમની સાથે એ પ્રકારનું વર્તન કર્યું, તો મંત્રસાધના નિષ્ફળ જવાની, એટલું જ નહિ પણ ભવિષ્યમાં દુર્ગતિ પ્રાપ્ત થવાની.

જે મનુષ્યો મંત્રને દેવાધિષ્ઠિત એક પવિત્ર વસ્તુ માનવાને બદલે માત્ર અક્ષરોનો સમૂહ માને છે અને એ રીતે તેના પ્રભાવ વગેરેની ઉપેક્ષા કરે છે, તેમની અવસ્થા પણ આવી જ થવાની; અને જેઓ દેવપ્રતિમાને દેવત્વનો સાક્ષાત્કાર કરાવનારી એક મંગલમય પ્રશસ્ત વસ્તુ માનવાને બદલે પથ્થરનું પૂતળું માની તેનો ઉપહાસ કરે છે કે તેના પ્રત્યે આદર ધરાવતા નથી, તેમની હાલત પણ આવી જ થવાની.

તંત્રગ્રંથોમાં ગુરુનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે—

गुरुः पिता गुरुर्माता, गुरुर्देवो गुरुर्गतिः ।
शिवे रुष्टे गुरुस्त्राता, गुरौ रुष्टे न कश्चन ॥

'ગુરુ પિતા છે, ગુરુ માતા છે, ગુરુ દેવ છે અને ગુરુ જ ગતિ (Moving force) છે. જો શિવ અર્થાત્ દેવ નારાજ થાય તો ગુરુ રક્ષણ કરે છે, પણ ગુરુ નારાજ થાય તો કોઈ રક્ષણ કરવાને સમર્થ નથી.'

તાત્પર્ય કે દેવ કરતાં પણ ગુરુની પ્રસન્નતા વધારે મહત્ત્વની છે. જો ગુરુ પ્રસન્ન ન હોય તો મંત્રનું રહસ્ય ખોલે નહિ કે વિધિનું જ્ઞાન આપે નહિ. આ હાલતમાં સાધકની સ્થિતિ ઘણી જ કઢંગી થાય. તેથી શ્રેયસ્કર એ છે કે તેણે ગુરુને જ દેવતા માની તેમને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ગુજરાતના સંતકવિઓએ ગુરુની મહત્તા નિમ્ન શબ્દોમાં વ્યક્ત કરી છે :

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણુ ગમ નવિ હોય;
ગુરુ કહીએ માતાપિતા, ગુરુથી અધિક ન કોય.

* * * *

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણુ ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, તે રવડયા સંસાર.

**લલિતાસહસ્રનામ**માં ભગવતીનું એક નામ 'ગુરુમૂર્તિ, પણુ કહ્યું છે. તેનો અર્થ એ છે કે 'જેનું શરીર ગુરુની મૂર્તિરૂપ છે એવી.' તાત્પર્ય કે દેવતા અને ગુરુનું સ્વરૂપ એક જ છે, તેઓ સમાન કક્ષાના છે.

ગુરુનો મહિમા આવો અનેરો હોઈને જ મંત્રસાધકે તેમના શરણે જવાનું છે અને તેમને સાક્ષાત્ દેવ માની તેમની સેવા-ભક્તિ કરવાની છે. જો અંતરમાં ગુરુભક્તિ ન હોય તો મંત્રસાધના સફલ થવાની કોઈ શકયતા નથી. કહ્યું છે કે—

गुरुभक्तिविहीनस्य, तपो विद्या व्रतं कुलम् ।
व्यर्थं सर्वं शवस्यैव, नानाऽलङ्कारभूषणम् ।

'જેમ મડદાંને ધારણુ કરાવેલાં વિવિધ પ્રકારનાં આભૂષણો વ્યર્થ છે, તેમ ગુરુભક્તિથી રહિત સાધકનાં તપ, વિદ્યા, વ્રત અને કુલ વ્યર્થ છે.'

તંત્રગ્રંથોમાં એવું કથન છે કે—

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते कुलेश्वरि ! ॥

'હે કુલેશ્વરી ! જે સાધકની ઇષ્ટદેવ પ્રત્યે પરમભક્તિ રહે છે અને જેમ ઇષ્ટદેવ પ્રત્યે પરમભક્તિ રહે છે, તેમ ગુરુ પ્રત્યે પણ પરમભક્તિ રહે છે, તેને જ આ કહેલા અર્થો–પદાર્થો પ્રકટ થાય છે.'

આ પણ તંત્રવચનો છે કે—

तस्माद् देवं विदित्वा तु, गुरुं देवं तु नान्यथा ।
त्रिकालप्रणिपातेन, ध्यानयोगेन संयजेत् ॥

'તેથી ગુરુને દેવથી ભિન્ન નહિ માનતા દેવસ્વરૂપ જ માનવા અને તેમને ત્રિકાલ પ્રણામ કરવા તથા તેમનું ધ્યાન-યોગ વડે પૂજન કરવું.'

ગુરુના ત્યાગ વિષે તંત્રગ્રંથોમાં કહ્યું છે કે—

गुरुत्यागाद् भवेन्मृत्युर्मन्त्रत्यागाद् दरिद्रता ।
गुरुमन्त्रपरित्यागी रौरवं नरकं व्रजेत् ॥

'ગુરુનો ત્યાગ કરવાથી મૃત્યુ થાય છે, મંત્રનો ત્યાગ કરવાથી દરિદ્રતા પ્રાપ્ત થાય છે અને ગુરુ તથા મંત્ર બંનેનો ત્યાગ કરનાર રૌરવ નરકમાં જાય છે.'

ગુરુના પ્રકાર વિષે પિચ્છિલાતંત્રમાં કહ્યું છે કે—

गुरुस्तु द्विविधः प्रोक्तो दीक्षा–शिक्षा विभेदतः ।
आदौ दीक्षागुरुः प्रोक्तस्ततः शिक्षागुरुर्मतः ॥

'ગુરુ બે પ્રકારના કહેલા છે: દીક્ષાગુરુ અને શિક્ષા-ગુરુ. તેમાં દીક્ષાગુરુ પ્રથમ છે અને શિક્ષાગુરુ પછી છે.' તાત્પર્ય કે મંત્રદીક્ષા આપનાર ગુરુને શ્રેષ્ઠ માની તેની નિરંતર સેવા–ભક્તિ કરવી જોઈએ.

[ ૧૧ ]

## સદ્ગુરુનાં લક્ષણો

મંત્રનો મહિમા જાણ્યા પછી ઘણા માણસોને મંત્ર-સાધના કરવાના વિચારો આવે છે, પણ તેમાંનો મોટો ભાગ આગળ પગલું માંડતો નથી. જીવનની ચાલુ ઘરેડ છોડી નવી પ્રવૃત્તિ શરૂ કરવી, નવો માર્ગ ગ્રહણ કરવો કે અજાણ્યા—અગમ્ય પ્રદેશ ભણી પ્રસ્થાન કરવું, એ વિરલ કોટિના મનુષ્યો જ કરી શકે છે. તાત્પર્ય કે તેમાંના થોડા માણસો જ મંત્રસાધના માટે ઉત્સાહિત થઈ આગળ વધે છે અને તે અંગે વિશેષ માહિતી મેળવવા પ્રયત્ન કરે છે.

તેમાં પ્રથમ અને મોટી જરૂર યોગ્ય મંત્રદાન કરી શકે એવા ગુરુની લાગતાં તેઓ ગુરુની શોધ આરંભે છે, પણ યોગ્ય ગુરુ મેળવવાનું કામ સહેલું નથી. શું હીરા કે માણેકની ખાણો બધી જગાએ મળી આવે છે ખરી? અથવા ચંદનનાં વૃક્ષો સર્વ સ્થળે ઉગે છે ખરાં? એનો જવાબ નકારમાં હોય તો ગુરુની બાબતમાં પણ એમ જ સમજવાનું છે. તાત્પર્ય કે તેમની પ્રાપ્તિ દુર્લભ છે.

સદ્દગુરુની શોધ ચાલતી હોય ત્યારે જોવાનું એટલું કે કોઈ કુગુરુ હાથ લાગી ન જાય કે જે ધનમાલ લૂંટી લે અને સાધનાને અધવચ્ચે રખડાવી મારે. જે મનુષ્યો ગુરુના ગુણ-દોષની તપાસ કર્યા વિના માત્ર બાહ્ય આડંબરથી આકર્ષાય છે, તેઓ દુઝણી ગાયને બદલે વસુકેલી ગાય લઈ આવે છે.

## મુગ્ધ મનુષ્યનું દૃષ્ટાંત

કોઈ મુગ્ધ મનુષ્યને વૈદ્યોએ માત્ર ગાયના દૂધ ઉપર રહેવાની સલાહ આપી. આ રીતે દૂધ ઉપર રહેતાં રોજનું પાંચ શેર કે છ શેર દૂધ જોઈએ, તેથી તેણે એક ગાય ખરીદી લેવા વિચાર કર્યો અને તે માટે ખાસ બજારમાં ગયો. ત્યાં અનેક પ્રકારની ગાયો ઊભેલી હતી. તેમાં કેટલીક રાતી હતી, કેટલીક પીળી હતી, કેટલીક કાળી હતી, તો કેટલીક કાબરી હતી અને કેટલીક સાવ ધોળી હતી. વળી તેમાં કેટલીક ગાયો દુબળી જણાતી હતી, કેટલીક ગાયો મધ્યમ જણાતી હતી અને કેટલીક ગાયો રુષ્ટપુષ્ટ જણાતી હતી. તેમાં એક રુષ્ટપુષ્ટ ગાયના ગળે સુંદર ઘંટ બાંધેલો હતો.

આ જોઈને મુગ્ધ મનુષ્યે વિચાર કર્યો કે અન્ય કોઈ ગાયના ગળે ઘંટ બાંધેલો નથી, જ્યારે આ ગાયના ગળે ઘંટ બાંધેલો છે, માટે તે જ સારી હોવી જોઈએ. વળી શરીરમાં પણ રુષ્ટપુષ્ટ છે, માટે બીજી ગાયો કરતાં વધારે દૂધ આપતી હશે.' આથી વધારે પૂછપરછ કે તપાસ ન

કરતાં તે ગાયને મોંમાગ્યું મૂલ્ય આપીને ખરીદી લીધી અને ઘરે આવ્યો.

તેની સ્ત્રી ચતુર હતી. તેણે આ ગાયને જોતાં જ પ્રશ્ન કર્યો કે 'આને કેટલાં વેતર થયાં છે?' ધણીએ કહ્યું: 'એ તો મેં પૂછ્યું નથી.' સ્ત્રીએ કહ્યું: 'વારું, એ કેટલું દૂધ આપે છે?' ધણીએ કહ્યું: 'એ પણ મેં પૂછ્યું નથી.' સ્ત્રીએ કહ્યું: 'તો શું એને દોહીને લીધી?' ધણીએ કહ્યું: 'ના, મેં એને દોહી પણ નથી.' સ્ત્રીએ કહ્યું: 'ત્યારે તમે શું એનું આઉં તપાસ્યું?' ધણીએ કહ્યું: 'ના, મેં એનું આઉં પણ તપાસ્યું નથી.' સ્ત્રીએ કહ્યું: 'ત્યારે તમે એને ખરીદી કેવી રીતે?' ધણીએ કહ્યું: 'બધી ગાયોમાં એ રુષ્ટપુષ્ટ હતી અને તેના જ ગળામાં ઘંટ બાંધેલો હતો, તેથી મેં માન્યું કે તે સહુથી વધારે દૂધ આપતી હશે, એટલે મોંમાગ્યું મૂલ્ય આપીને ખરીદી લાવ્યો.' સ્ત્રીએ કહ્યું: 'તો એ બધા પૈસા પાણીમાં ગયા, કારણ કે આ ગાય તો પાંકણ છે, એટલે જરાપણ દૂધ આપશે નહિ.'

આ સાંભળી મુગ્ધ મનુષ્ય વિમાસણમાં પડી ગયો. પછી થોડી વારે કહ્યું કે 'જો એમ જ હોય તો આ ગાય આપણે બીજાને વેચી નાખીશું.' સ્ત્રીએ કહ્યું: 'પણ તમારા જેવા હૈયાફૂટા બીજા કોણ હશે કે જે વગર તપાસ્યે આ ગાયને ખરીદશે? એટલે આટલેથી જ સર્યું.'

આ રીતે મુગ્ધ મનુષ્યને ગાય માથે પડી અને તેના બધા પૈસાનું પાણી થયું.

તાત્પર્ય કે માત્ર બાહ્ય દેખાવ–બાહ્ય આડંબર જોઈને છેતરાવું નહિ, પણ ઊંડા ઉતરીને તપાસ કરવી અને પછી જ કોઈનો ગુરુ તરીકે સ્વીકાર કરવો.

અનુભવી પુરુષો સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપે છે કે 'ઓ સાધકો! જેના આધારે તમે મંત્રસાધનારૂપી મહાસાગરનો પાર પામવા ઇચ્છતા હો તે ગુરુરૂપી નૌકાને બરાબર તપાસજો. જો તે સુદૃઢ અને છિદ્ર વિનાની હશે તો તમને સામે પાર લઈ જશે, પણ ખખડી ગયેલી કે છિદ્રોવાળી હશે તો પોતે પણ ડૂબશે અને તમને પણ ડૂબાડશે. વળી આ દુનિયામાં 'પીળું તેટલું સોનું નથી અને ધોળું તેટલું દૂધ નથી.'

તાત્પર્ય કે સોનાને બદલે પિત્તળ કે દૂધને બદલે ધોળા રંગનું પાણી હાથમાં ન આવી જાય, તેની બરાબર સાવચેતી રાખજો.

કુગુરુઓ સાપ, ચોર, ઠગ, વાણિયા, વાંઝણી ગાય તથા નટ જેવા હોય છે, માટે તેમનો ત્યાગ કરવો.

સાપ સ્વભાવે અતિક્રૂર હોય છે, આકારે ભયંકર હોય છે, ફુંફાડો મારીને ડરાવનાર હોય છે તથા લાગ મળતાં ડંખ મારીને પ્રાણનો નાશ કરે છે. તે જ રીતે જે ગુરુઓ સ્વભાવે અતિ ક્રૂર હોય, આકૃતિમાં ભયંકર હોય, શાપ વગેરે આપવાના ભયથી ડરાવનારા હોય અને લાગ મળતાં ધન કે પ્રાણનું હરણ કરે તેવા હોય, તેમને કુગુરુ જાણવા અને તેમનો દૂરથી જ ત્યાગ કરવો.

ચોર લોકો યુક્તિ-પ્રયુક્તિથી કે ડરાવીને ધનમાલ લૂંટી જાય છે અને કદાચ પ્રાણની હાનિ પણ કરે છે. તે રીતે જે ગુરુઓ યુક્તિ-પ્રયુક્તિથી કે શાપ વગેરેના ભયથી શિષ્યના ધનમાલ લૂંટી લે છે અને તેમના માટે પ્રાણસંકટ ઊભું કરે છે, તેમને કુગુરુ જાણવા અને તેમનો દૂરથી જ ત્યાગ કરવો.

ઠગલોકો અનેક જાતની કપટક્રિયાઓ કરીને લોકોના ધનમાલ તથા પ્રાણ હરી લે છે, તે રીતે જે ગુરુઓ સાધુતાનો ડોળ રાખે છે, પણ હૃદયથી નાસ્તિક હોય છે અને અનેક પ્રકારનો દંભ કરીને શિષ્યના ધનમાલ પડાવી લે છે તથા તેમની આબરૂ ઉપર પણ હાથ નાખે છે, તેમને કુગુરુ સમજવા અને તેમનો દૂરથી જ ત્યાગ કરવો.

વાણિયો મૂલ્ય લીધા વિના કોઈ વસ્તુ આપતો નથી. વળી ગ્રાહકોને મીઠા શબ્દોથી સંબોધે છે અને તેમને બીજી દુકાને જવા દેતો નથી. પછી તેમની પાસેથી મનમાન્યું મૂલ્ય લે છે. તે જ રીતે જે ગુરુઓ કોઈ પણ પ્રકારનું મૂલ્ય લઈને મંત્રોપદેશ કરે છે તથા તેને લગતી અન્ય ક્રિયાઓ કરાવે છે તથા ખુશામતભર્યા શબ્દોથી સાધકોને પોતાના તરફ આકર્ષી પોતાનો નિર્વાહ કરે છે, તેમને કુગુરુ સમજવા અને તેમનો દૂરથી જ ત્યાગ કરવો.

વાંઝણી ગાય હમેશાં ઘાસ વગેરે ખાય છે, પરંતુ દૂધ આપતી નથી, તેવી રીતે જે ગુરુઓ શિષ્યો તરફથી પૂજા-સત્કાર વગેરે પામે છે, પરંતુ તેમને સાધનાનો સાચો માર્ગ બતાવતા નથી, તેમને પણ કુગુરુ જ સમજવા અને તેમનો દૂરથી જ ત્યાગ કરવો.

નટ લોકો અનેક પ્રકારના અભિનયો કરીને હાસ્ય, વૈરાગ્ય, શૃંગાર, કરુણા આદિ રસોની લોકહૃદયમાં જમાવટ કરે છે, પરંતુ તે પોતે એ બધાથી અલિપ્ત રહે છે, તેવી રીતે જે ગુરુઓ મંત્રશાસ્ત્રમાં વર્ણવેલા સિદ્ધાંતો-નિયમો આદિનો છટાપૂર્વક ઉપદેશ કરે છે, પરંતુ પોતાના જીવનમાં તેમાંનું કંઈ પણ ઉતારતા નથી, તેમને પણ કુગુરુ જ સમજવા અને તેમનો પણ દૂરથી જ ત્યાગ કરવો.

આજે કુગુરુઓની સંખ્યા ઘણી મોટી છે અને સદ્-ગુરુઓની સંખ્યા ઘણી નાની છે, તેથી જ મંત્રસાધના માટે લોકોનો વિશ્વાસ ડગી ગયો છે અને 'આમાં કંઈ નથી' એમ માનીને તેઓ વિમુખ થયા છે.

સદ્ગુરુને શોધવાનું કામ ખરેખર કઠિન છે, પણ તે અશક્ય કે અસંભવિત તો નથી જ. અમારો તથા બીજા કેટલાક મહાનુભાવોનો અનુભવ એવો છે કે જો આપણા હૃદયમાં મંત્રસાધના કરવાની તીવ્ર તાલાવેલી જાગે તો એક યા બીજા પ્રકારે સદ્ગુરુનો સમાગમ થઈ જાય છે અને સાધનાનો માર્ગ મોકળો બને છે.

તંત્રશાસ્ત્રોએ સદ્ગુરુનાં લક્ષણો આ રીતે દર્શાવ્યાં છે:

'शान्तो दान्तः कुलीनश्च विनीतः शुद्धवेशवान् ।
शुद्धाचारः सुप्रतिष्ठः शुचिर्दक्षः सुबुद्धिमान् ॥
आश्रमी ध्याननिष्ठश्च तन्त्र-मन्त्र-विशारदः ।
निग्रहानुग्रहे शक्तो गुरुरित्यभिधीयते ॥

'જે (૧) શાંત, (૨) દાંત, (૩) કુલીન, (૪) વિનીત, (૫) શુદ્ધ વેશવાળો, (૬) શુદ્ધ આચારવાળો, (૭) સુપ્રતિષ્ઠિત, (૮) પવિત્ર, (૯) દક્ષ, (૧૦) સુબુદ્ધિમાન્, (૧૧) આશ્રમી, (૧૨) ધ્યાનનિષ્ઠ, (૧૩) તંત્ર–મંત્ર–વિશારદ અને (૧૪) નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં શક્તિમાન હોય, તેને સાચો મંત્રગુરુ જાણવો.'

જેના મુખ પર ક્રોધ, રોષ કે ગુસ્સાની લાગણી ન હોય તે શાંત કહેવાય; અથવા જેણે સંસારના સર્વ વિષયોમાંથી મનને રોકી લીધું હોય તે શાંત કહેવાય; અથવા જે શ્રવણ–મનન–નિદિધ્યાસનમાં અનુરક્ત હોય તે શાંત કહેવાય.

જેણે સ્પર્શનેન્દ્રિયાદિ પાંચેય ઈન્દ્રિયોનું પૂર્ણ દમન કર્યું હોય તે દાંત કહેવાય.

જે આચાર, વિનય વગેરે નવ પ્રકારના ગુણવાળો હોય તે કુલીન કહેવાય. અહીં કુલીન શબ્દથી માત્ર ઊંચું કુલ ગ્રહણ કરવાનું નથી.

જે વિનયગુણથી સંપન્ન હોય તે વિનીત કહેવાય. અથવા જે સુશિક્ષિત હોય તે વિનીત કહેવાય.

જે પોતાના પદ કે દરજ્જા અનુસાર યોગ્ય પ્રકારની વેશભૂષાને ધારણ કરનારો હોય તે શુદ્ધ વેશવાળો કહેવાય. ઉદ્ભટ વેશ ધારણ કરનારને શુદ્ધ વેશવાળો કહી શકાય નહિ.

શાસ્ત્રમાં જે કાર્ય કરવા યોગ્ય જણાવ્યા છે અને જેનું અવશ્ય અનુષ્ઠાન કરવું જોઈએ, તેને આચાર કહેવામાં આવે

છે. આવા આચારનું શુદ્ધિપૂર્વક પાલન કરનારો હોય તે શુદ્ધ આચારવાળો કહેવાય.

સત્કાર્ય આદિ દ્વારા જેણે પ્રતિષ્ઠા મેળવી હોય, તે સુપ્રતિષ્ઠિત કહેવાય.

જે બાહ્ય અને અભ્યંતર પવિત્રતાથી યુક્ત હોય, તે પવિત્ર કહેવાય.

જે ક્રિયામાં નિપુણ હોય, તે દક્ષ કહેવાય.

જેની બુદ્ધિ સારી હોય, એટલે કે જે ગુણ–દોષની બરાબર પરીક્ષા કરી શકતો હોય, તે સુબુદ્ધિમાન્ કહેવાય.

જે ગૃહસ્થાશ્રમ આદિના નિયમોને ઉત્તમ રીતે પાળનારો હોય, તે આશ્રમી કહેવાય.

જે ઈશ્વર, પરમતત્ત્વ કે મંત્રદેવતાનું નિત્ય ધ્યાન ધરનારો હોય, તે ધ્યાનનિષ્ઠ કહેવાય.

જે તંત્ર, (યંત્ર) અને મંત્રમાં નિપુણ હોય તે તંત્ર–મંત્ર–વિશારદ કહેવાય. તંત્ર અને યંત્ર એ મંત્રની જ એક શાખા છે અને મંત્રવિશારદ થવા માટે તેનું જ્ઞાન અપેક્ષિત છે, એટલે જ મંત્રગુરુનાં લક્ષણોમાં તેનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે.

નિગ્રહ કરવો, એટલે દુષ્ટોનું દમન કરવું, ખરાબ પરિસ્થિતિ પર અંકુશ રાખવો અને કોઈ વાત વણસી જતી હોય તો તેને અટકાવી દેવી. અનુગ્રહ કરવો એટલે કૃપા કરવી, પ્રસન્ન થવું. આ બંને પ્રકારની શક્તિ મંત્રગુરુમાં હોવી જોઈએ. તો જ તે સાધકને મંત્રસાધનામાં પાર ઉતારી શકે અને તેનું કલ્યાણ કરી શકે.

[૧૨]

## મંત્રસાધકની યોગ્યતા

કાર્ય અનુસાર યોગ્યતા કેળવવી પડે છે, લાયકાત-મેળવવી પડે છે, અન્યથા તે કાર્યમાં સફલ થઈ શકાતું નથી. વ્યાપારના થડે બેઠેલા માણુસમાં વ્યાપારીના ગુણો ન હોય તો એ વ્યાપાર કરી શકે ખરો? અથવા ખેતી કરવા નીકળેલો મનુષ્ય ખેડૂતના કોઈ ગુણો ધરાવતો ન-હોય તો એ ખેતી કરી શકે ખરો?

દરજીમાં દરજીની યોગ્યતા જોઈએ, સુથારમાં સુથારની-યોગ્યતા જોઈએ અને લુહારમાં લુહારની યોગ્યતા જોઈએ. શિક્ષકની યોગ્યતા વિના શિક્ષક બની શકાતું નથી, લેખકની યોગ્યતા વિના લેખક બની શકાતું નથી અને કવિની યોગ્યતા-વિના કવિ બની શકાતું નથી.

હિમાલયનું શૃંગ સર કરવા નીકળવું હોય તો તે અનુસાર યોગ્યતા–લાયકાત કેળવવી પડે છે અને રોકેટમાં બેસીને આકાશમાં પરિભ્રમણ કરવું હોય તો તે અનુસાર યોગ્યતા–લાયકાત કેળવવી પડે છે. આ રીતે મંત્રની સાધના-

કરવી હોય તો મંત્રસાધકની યોગ્યતા કેળવવી પડે છે અને તો જ મંત્રસાધનામાં સફલતા કે સિદ્ધિ મેળવી શકાય છે.

યોગ્યતા કે લાયકાત કેળવ્યા વિના શરૂ કરાયેલું કાર્ય પ્રાયઃ વિડંબનાને નોતરે છે અને ઘણીવાર મોટો અપયશ આપે છે. એક વાર તરીને તળાવના સામા કિનારે જવાની શરત લાગી, તેમાં બે માણસો તૈયાર થયા અને તેમણે તળાવમાં ઝંપલાવ્યું. હવે તેમાંના પ્રથમ માણસને બરાબર તરતાં આવડતું હતું અને તે શરીરે પૂરતો સશક્ત હતો, એટલે તરીને સામે પાર પહોંચી ગયો, પણ બીજા માણસે તે પ્રકારની યોગ્યતા વિના માત્ર દેખાદેખીથી ઝંપલાવ્યું હતું, એટલે તે અધવચ્ચે પહોંચ્યો કે થાકી ગયો અને ગળકાં ખાવા લાગ્યો. કિનારે ઊભેલા માણસોએ આ દૃશ્ય જોયું, એટલે તેઓ તેની મદદે આવ્યા અને તેને બહાર કાઢ્યો, પણ તે સાથે જ તેનો ઉપહાસ કરીને જણાવ્યું કે 'કેમ ઈનામ જીતી લીધું ?' પેલાને જવાબ આપવો ભારે થઈ પડ્યો અને તે નીચું મોઢું કરી ચાલતો થયો.

મંત્રસાધના પણ તરીને સામા કિનારે જવા જેવી એક કઠિન ક્રિયા છે, એટલે તેમાં મંત્રસાધકને યોગ્ય અનેક ગુણો કેળવવાની જરૂર રહે છે.

'ભૈરવપદ્માવતીકલ્પ' માં કહ્યું છે કે—

मन्त्राराधनशूरः पापविदूरो गुणेन गम्भीरः ।
मौनी महाभिमानी मन्त्री स्यादीदृशः पुरुषः ॥

'મંત્રનું આરાધન કરવામાં શૂરો, દુષ્કર્મથી દૂર રહેનારો, ગુણથી ગંભીર, મૌન ધારણ કરનારો અને મહા અભિમાની હોય એવો પુરુષ મંત્રસાધક થઈ શકે છે.'

જે મનુષ્ય બહાદુર હોય, પરાક્રમી હોય અને ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા માટે જુસ્સો ધરાવતો હોય તે શૂરો કે શૂરવીર કહેવાય છે. જેમ યુદ્ધમાં શૂરવીરની જરૂર છે, તેમ પ્રભુભક્તિ તથા મંત્રસાધનામાં પણ શૂરવીરની જ જરૂર છે. જે શૂરવીર નથી, તે મુશ્કેલીઓ સામે ઝઝૂમી શકતો નથી અને કાયરની જેમ દુમ દબાવી પાછો ભાગે છે. તેથી જ અહીં શૂરવીરતાને ખાસ સ્થાન આપ્યું છે.

જે મનુષ્ય દુષ્કર્મ એટલે હિંસા, જૂઠ, ચોરી. વ્યભિચાર વગેરેમાં રચ્યોપચ્યો રહેતો હોય, તે મંત્રસાધના જેવી એક પવિત્ર ક્રિયા શી રીતે કરી શકે? જેમ સોય બે બાજુથી કપડું શીવી શકતી નથી, તેમ મનુષ્ય દુરાચાર અને સદાચાર બંનેનું સેવન એકીસાથે કરી શકતો નથી. જો સદાચારનું સેવન કરવું હોય અર્થાત્ સદાચારી થવું હોય તો દુરાચારને–પાપકર્મોને છોડવા જ જોઈએ.

વૈદિક ધર્મની સામાન્ય આજ્ઞા એ છે કે 'प्रशस्तानि सदा कुर्याद्, अप्रशस्तानि वर्जयेत्। –પ્રશસ્ત કાર્યો સદા કરવાં અને અપ્રશસ્ત કાર્યો છોડી દેવાં.' જૈન ધર્મે એવો આદેશ આપ્યો છે કે, 'पावकम्मं नेव कुज्जा, न कारवेज्जा' –પાપકર્મ સ્વયં કરવું નહિ અને બીજા પાસે કરાવવું પણ

'નહિ.' બૌદ્ધ ધર્મે પણ આવો જ ઉપદેશ આપ્યો છે. ધમ્મ પદમાં કહ્યું છે કે—

सव्वपावस्स अकरणं, कुसलस्स उपसंयया ।
सचित्तपरियोदपने, एते बुद्धान शासनं ॥

'કોઈ પ્રકારનું પાપ કરવું નહિ, પુણ્ય કર્મોનું સંપાદન કરવું અને ચિત્તને પરિશુદ્ધ રાખવું, એ બુદ્ધોનો આદેશ છે.'

મંત્રશાસ્ત્ર એ ધર્મશાસ્ત્રોનું જ એક અંગ છે, એટલે તે આ આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે નહિ, એ દેખીતું છે. આમ છતાં મંત્રસાધનાના નામે પ્રાણીઓનો ભોગ ધરાય છે, માંસ-મદિરાનો વ્યવહાર થાય છે અને ગુપ્ત મંડળો રચી વ્યભિચાર સેવવામાં આવે છે, એ ખરેખર! ઘણું ખેદજનક છે. મંત્ર તો ઉન્નતિનું સાધન છે, તેમાં અવનતિના ઉપાયો અજમાવીએ એ આપણા અજ્ઞાન, સ્વાર્થ કે દંભની પરાકાષ્ઠા સૂચવે છે. અહીં અમને સ્પષ્ટ કહેવા દો કે જેઓ મલિન સાધનને યુક્તિયુક્ત સિદ્ધ કરવા માટે પોતાની બુદ્ધિ-શક્તિનો ઉપયોગ કરે છે, તેઓ મંત્રસાધનાની મૂળ ભાવના પર ભયંકર કુઠારાઘાત કરે છે અને પોતાનું તથા સમાજનું અધઃપતન નોતરે છે. સુજ્ઞ મનુષ્યો જેમ વિષ અને વ્યાલથી દૂર રહે છે, તેમ આવા મનુષ્યોથી દૂર રહે, એટલી જ અમારી અભ્યર્થના છે.

ગુણ એટલે સદ્ગુણ, સારી ટેવ, સારો સ્વભાવ. તે

બરાબર કેળવાય તો જ ગંભીરતા–ધીરતા–સહનશીલતા આવે અને સ્વીકૃત કાર્ય પાર પાડી શકાય. ચંચળ મનવાળા તથા છીછરા સ્વભાવના મનુષ્યો એક સામાન્ય કાર્ય પણ સારી રીતે પાર પાડી શકતા નથી, તો મંત્રસાધના જેવું મહાન કાર્ય શી રીતે પાર પાડી શકે? તાત્પર્ય કે સદ્‌ગુણો કેળવી ધીર–ગંભીર બનવું, એ મંત્રસાધકનું ખાસ કર્તવ્ય છે.

વિશેષ બોલવાથી ચિત્તમાં વિક્ષેપ થાય છે અને શક્તિનો હ્રાસ થાય છે, તેથી જરૂર જેટલું જ બોલવું અને બાકીના સમયમાં મૌન રહેવું, એ મંત્રસાધકનું ખાસ લક્ષણ મનાયું છે. મૌનનો મહિમા આપણા દેશમાં એટલો બધો જાણીતો છે કે તે સંબંધમાં કંઈ પણ વિશેષ કહેવાની જરૂર રહેતી નથી.

'મહા અભિમાની' શબ્દ અહીં સ્વાભિમાનીના અર્થમાં સમજવાનો છે કે જે લીધેલું કામ પૂરું કરવામાં ગૌરવ માનનારો હોય છે. પોતાને દીન–હીન માનનાર મંત્રસાધના જેવું કઠિન કાર્ય પાર પાડી શકતો નથી.

गुरूजनहितोपदेशो गततन्द्रो निद्रया परित्यक्तः ।
परिमितभोजनशीलः स स्यादाराधको देव्याः ॥

'ગુરુજનોએ આપેલો હિતોપદેશ ધારણ કરનાર, આલસરહિત, વધારે નિદ્રા ન લેનાર તથા પરિમિત ભોજન કરનાર દેવીનો–મંત્રદેવતાનો આરાધક થઈ શકે છે.'

ગુરુજન એટલે માતા, પિતા, દાદા, દાદી, વિદ્યાગુરુ,

કલાગુરુ તથા જ્ઞાતિના વડીલો. તેમણે હિતબુદ્ધિથી જે કંઈ કહ્યું હોય તે ધ્યાનમાં લેવાથી ભૂલો સુધરે છે અથવા તો ભૂલો થતી અટકે છે અને વિકાસની વાટ મોકળી થાય છે. અન્ય રીતે કહીએ તો ગુરુજનોનો હિતોપદેશ માનવો, એ તેમનો વિનય છે અને તે વિદ્યાસિદ્ધિ-મંત્રસિદ્ધિમાં આશીર્વાદ રૂપ નીવડે છે 'विनयेन विद्या' એ ભારતીય સંસ્કૃતિનો મુખ્ય સૂર છે, એને સાધક ન જ ભૂલે.

આલસ આવી, પ્રમાદ થયો કે બધું કામ બગડે છે; તેથી જ એક કવિએ કહ્યું છે કે—

આળસ ભૂંડી ભૂતડી, વ્યંતરનો વળગાડ;
પેસે જેના પંડમાં, બહુ બહુ કરે બગાડ.

જે કાર્ય જે સમયે કરવાનું હોય તે કાર્ય તે સમયે જ કરવું જોઈએ. તેને મુલતવી રાખીએ કે આઘુંપાછું કરીએ તો સાધના તૂટે કે સાધનામાં ક્ષતિ પહોંચે, તેથી જ આલસ-રહિત થવું એ મંત્રસાધક માટે અત્યંત આવશ્યક છે.

કેટલાક મનુષ્યો એમ સમજે છે કે વધારે નિદ્રા લેવાય તો સારૂં. એથી વધારે તાજગી આવે અને આરોગ્ય બરાબર જળવાઈ રહે, પણ આ સમજણ ખોટી છે. વધારે નિદ્રાથી વધારે તાજગી આવતી નથી, પણ ચરબીમાં વધારો થાય છે. અને આળસ આવવા લાગે છે. નાનાંઓને ૮ કલાક, યુવાનો તથા આધેડને ૭ થી ૬ કલાક અને મોટી ઉમરનાઓને ૫ કે ૪ કલાકની નિદ્રા પર્યાપ્ત છે. જો આટલી નિદ્રાથી શરીરમાં તાજગી ન આવે તો સમજવું કે આરોગ્યમાં ખામી છે.

અમારો અનુભવ તો એવો છે કે ઇચ્છા પ્રમાણે નિદ્રા લઈ શકાય છે અને થોડી નિદ્રાથી પણ પૂરતી તાજગી મેળવી શકાય છે, પરંતુ એ નિદ્રા સ્વસ્થ મનની જોઇએ. વધારે સ્પષ્ટ કહીએ તો સર્વ ચિંતાઓમાંથી મુક્ત થઈને લીધેલી હોવી જોઇએ.

'ઊંઘ અને આહાર વધાર્યાં વધે છે અને ઘટાડ્યા ઘટે છે' એ વસ્તુ લક્ષ્યમાં રાખીને મંત્રસાધકે નિદ્રાનું પ્રમાણ ઘટાડી નાખવું અને એ રીતે વધારાનો જે સમય મળે તેમાં જપાદિ ક્રિયાઓ કરવી. જો ઉંઘ વધારે હશે તો જપ કરતાં પણ ઝોકાં આવશે અને કામ બગડશે.

પરિમિત ભોજનથી શરીર સ્વસ્થ રહે છે અને મન પણ સ્વસ્થ રહે છે કે જેની મંત્રસાધનામાં ખાસ આવશ્યકતા છે. ભારે ભોજન કે વધારે પડતું ભોજન કર્યા પછી જરૂર આળસ આવે છે અને નિદ્રા લેવાની વૃત્તિ થાય છે. ત્યારબાદ જો નિદ્રા લઈએ તો જ ચેન પડે છે, આથી પરિમિત અને સાદું ભોજન કરવું, એ જ હિતકર છે.

કેટલાક મનુષ્યો થાળીમાં મનગમતી વસ્તુઓ પીરસાયા પછી તેને ખાયા જ કરે છે અને પેટ તંગ થતાં સુધી તેને છોડતા નથી. પરિણામે તેમને અનેક જાતના રોગો લાગુ પડે છે. આધુનિક વૈજ્ઞાનિકોએ ઘણી શોધ કર્યા પછી જાહેર કર્યું છે કે જે મનુષ્યો પરિમિત સાદું ભોજન કરે છે, તે લાંબા વખત સુધી જીવી શકે છે, જ્યારે અકરાંતિયા થઈને પેટ ભરનાર પોતાના જીવનનો અકાળે અંત આણે છે.

તાત્પર્ય કે મંત્રસાધકે સ્વાદના લોલુપી ન બનતાં પોતાની જીભ ઉપર કાબૂ રાખવો જોઇએ અને સ્વાસ્થ્ય જળવાઈ રહે એટલું જ ભોજન કરવું જોઇએ.

અમારા એક મિત્રે લોકોને હિતશિક્ષા આપવા માટે નીચેની ઉક્તિ તૈયાર કરી હતી અને તેને એક મોટી દિવાલ પર ચિતરાવી હતી :

આંખે ત્રિફળાં દાંતે લૂણ;
પેટ ન ભરીએ ચારે ખૂણ.

'રોજ આંખે ત્રિફળાંનું પાણી છાંટવું કે જે રાત્રે માટીના ઠામમાં ત્રિફળાં પલાળીને તૈયાર કરેલું હોય અને સફેદ કપડે ગાળી લીધેલું હોય. વળી દાતણ કરતી વખતે થોડું મીઠું ઘસવું અને જમવા બેસીએ ત્યારે પેટના ચારે ખૂણા ભરાય એટલે કે તંગ થઈ જાય, એટલું ભોજન કરવું નહિ.

તેમની એ દૃઢ માન્યતા હતી કે આ જાતની પરિચર્યાથી આંખનું તેજ વધે છે, દાંતને લગતા જુદી જુદી જાતના રોગો થતા નથી અને અનેક પ્રકારની શારીરિક બિમારીઓથી બચી શકાય છે. તેમની આ માન્યતા પૂર્વપુરુષોના કથન અને તેમના અનુભવથી બંધાયેલી હતી.

निर्जितविषयकषायो धर्मामृतजनितहर्षगतकायः ।
गुरुतरगुणसम्पूर्णः स भवेदाराधको देव्याः ॥

'વિષય અને કષાય જિતનારો, ધર્મરૂપી અમૃતના

પાનથી હર્ષ પામેલા શરીરવાળો અને મહાન ગુણોથી યુક્ત હોય તે દેવીનો–મંત્રદેવતાનો આરાધક થઈ શકે છે.'

વિષય એટલે પાંચ ઈન્દ્રિયોના વિષયો કે જેને અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ કહેવામાં આવે છે. સ્પર્શને જિતવો એટલે સ્પર્શની લાલસામાં ફસાવું નહિ. હાથી સ્પર્શની લાલસામાં ફસાય છે, તો ખાડામાં પડી પરાધીન થાય છે અને જિંદગીભર બંધનમાં સબડે છે. રસને જિતવો, એટલે સ્વાદની લાલસામાં ફસાવું નહિ. માછલું સ્વાદની લાલસાએ ગલ પરનો માંસનો ટુકડો ખાવા જાય છે કે તેનો કાંટો ગળામાં ભરાય છે અને પોતાનો પ્રાણ ગુમાવે છે. ગંધને જિતવો? એટલે સુગંધની લાલસામાં ફસાવું નહિ. ભમરો સુગંધની લાલસામાં ફસાય છે તો રાત્રિ પડવા છતાં કમળમાંથી બહાર નીકળી શકતો નથી અને પ્રાતઃકાળે કમળની સાથે હાથીના મુખમાં જઈ પડતાં પોતાનો પ્યારો પ્રાણ ગુમાવે છે. વર્ણને જિતવો, એટલે રૂપની લાલસામાં ફસાવું નહિ. પતંગિયું રૂપની લાલસાએ દીપકની જ્યોત ભણી ધસે છે અને તેમાં બળીને ખાખ થઈ જાય છે. શબ્દને જિતવો, એટલે મધુર વચનો કે ગીત આદિની લાલસામાં ફસાવું નહિ. શબ્દની લાલસાએ સર્પ મોરલીનું ગીત સાંભળવા આવે છે અને ડોલવા લાગે છે, પણ પછી તેના શા હાલ થાય છે? મદારી તેને પકડી લે છે, તેના દાંતમાંથી ઝેરની કોથળી કાઢી લે છે અને તેને કાયમને માટે કરંડિયાનું કેદખાનું આપે છે. મંત્રસાધક માટે આ બધાં દૃષ્ટાંતો અતિ બોધદાયક છે.

મનની કલુષિત વૃત્તિને કષાય કહેવામાં આવે છે. તેમાં ક્રોધ અભિમાન, કપટ તથા લોભની મુખ્યતા છે. જો આ ચાર દોષોને જિતવામાં ન આવે તો મંત્રસાધનામાં વારંવાર અંતરાય ઊભો થાય છે કે તે તૂટી પડે છે, તેથી મંત્રસાધકે તેને જિતવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. આ કામ કઠિન તો છે જ, પણ દિલ દઈને પ્રયત્ન કરનાર માટે આ જગતમાં શું કઠિન છે? તાત્પર્ય કે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવાથી તે અવશ્ય જીતી શકાય છે.

જે મનુષ્યને ધર્મની આરાધનામાં આનંદ આવતો હોય, અર્થાત્ જે ધાર્મિક વૃત્તિનો હોય તે મંત્રસાધના સારી રીતે કરી શકે છે, તેમ જ જેણે પરોપકાર આદિ મહાન ગુણો કેળવ્યા હોય, તે પણ મંત્રની આરાધના સારી રીતે કરી શકે છે, તેથી મંત્રસાધકે તે તરફ લક્ષ્ય આપવાની ખાસ જરૂર છે.

મંત્રસાધકની યોગ્યતા માટે ઉક્ત ગ્રંથમાં નીચેનાં વચનો પણ કહેલાં છે. જેમ કે—

शुचिः प्रसन्नो गुरुदेवभक्तो,<br>
दृढव्रतः सत्यदयासमेतः ।<br>
दक्षः पटुर्बीजपदावधारी,<br>
मन्त्री भवेदीदृश एव लोके ॥

'બાહ્ય અને અભ્યંતર પવિત્રતાવાળો, પ્રસન્ન, ગુરુ તથા દેવનો ભક્ત, ગ્રહણ કરેલા વ્રતમાં દૃઢતાવાળો, સત્ય

અને દયાથી યુક્ત, ચતુર, મેધાવી અને મંત્રબીજ તથા મંત્રપદોને ધારણ કરનારો હોય, તે જ આ લોકમાં મંત્રની સાધના કરી શકે છે.'

બાહ્ય પવિત્રતા સ્નાનાદિ ક્રિયાથી આવે છે અને અભ્યંતર પવિત્રતા મલિન વિચારો કે મલિન ભાવોનો ત્યાગ કરવાથી આવે છે. તાત્પર્ય કે 'મુખમેં રામ બગલમેં છૂરી' એવો ઘાટ હોય તો મંત્રસાધના સફળ થઈ શકતી નથી.

મન સ્વસ્થ હોય તો પ્રસન્ન રહે છે, અન્યથા તેમાં ભય, ખેદ કે કંટાળાની લાગણીઓ ઉદ્ભવે છે અને તેની છાપ મુખમુદ્રા પર અંકિત થાય છે. તેથી મંત્રસાધકે સદા પ્રસન્ન રહેવા માટે મનની સ્વસ્થતા કેળવવાની ખાસ જરૂર છે.

ગુરુ અને દેવ પ્રત્યે અંતરંગ ભક્તિ એ મંત્રસાધકની સહુથી મોટી યોગ્યતા છે. કદી બીજા ગુણો ઓછા હોય કે અલ્પ પ્રમાણમાં હોય તો ચાલે, પણ આ ગુણની ખામી હોય તો મંત્રસાધના થઇ શકે જ નહિ. આગગાડીમાં એક બે ડબ્બા ઓછા હોય તો ચાલે છે, પણ એન્જિન જ ન હોય તો? અથવા વીજળીના પ્રવાહનું અનુસંધાન જ ન હોય તો? એક તંત્રગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે કે 'જે સાધક ગુરુ, મંત્ર અને દેવતાને ભિન્ન માને છે, તેને કોટિ કલ્પે પણ સિદ્ધિ થતી નથી.' આ પરથી મંત્રસાધક પોતાનું કર્તવ્ય સમજી શકશે.

ગુરુને જોતાં જ પ્રણામ કરવા, તેમને દરેક રીતે માન આપવું તથા તેમની બને તેટલી સેવા કરવી અને તેમને સમર્પિત થઈને રહેવું, એ ગુરુભક્તિનાં મુખ્ય લક્ષણો છે.

અહીં દેવ શબ્દથી ઇષ્ટદેવ સમજવાના છે. જે મનુષ્ય પોતાના ઇષ્ટદેવની ભક્તિ, પૂજા, પ્રાર્થના કે બંદગી નિયમિત કરે છે, તેની મંત્રસાધના જલ્દી સફળ થાય છે. જે કોઈ દેવને માનતો નથી કે માનવા છતાં તેમના પ્રત્યે ભક્તિવંત નથી, તેની મંત્રસાધના સફળ થવાની કોઈ આશા નથી, સિવાય કે તે દેવના અસ્તિત્વનો સ્વીકાર કરી તેના પ્રત્યે ભક્તિવંત બનવાનો દૃઢ સંકલ્પ કરે અને તે પ્રમાણે વર્તવા લાગે.

ગ્રહણ કરેલા વ્રતમાં દૃઢ રહેવું અને ગમે તેવાં વિઘ્નો આવે તો પણ ચલાયમાન ન થવું, એ મંત્રસાધક માટે અતિ આવશ્યક ગુણ છે. બીજા શબ્દોમાં કહીએ તો મંત્રસાધના સફળ કરવા માટે લોખંડી ઇચ્છાશક્તિ ( Iron willpower ) ની જરૂર છે કે જે કોઈ પણ વિઘ્નને ગણકારે નહિ, જે કોઈ મુશીબતને દાદ દે નહિ કે જે ગમે તેવા મહાન ઉપસર્ગો થાય તો યે જરા ઢીલી પડે નહિ.

આજે મંત્રસાધના શરૂ કરી ને કાલે કંઈ પડછાયો દેખાયો કે ચિત્ર-વિચિત્ર અવાજ થયો કે સાધના સંકેલી લેનાર ક્યા મોઢે સિદ્ધિની આશા રાખતા હશે? શાસ્ત્રોમાં તો એવા ઉલ્લેખો આવે છે કે કોઇ મંત્રસાધના ઘણી આગળ વધી હોય તો દેવો જરૂર પરીક્ષા કરે છે અને તે માટે નાનાં-મોટાં સંકટો ઉપસ્થિત કરે છે. જો સાધક તેમાંથી પાર

ઉતરે તો જ તે સિદ્ધિનો અધિકારી થાય છે, નહિ તો તેની હાલત પરાજિત યોદ્ધા જેવી થાય છે કે જે લોકની લજ્જાએ પોતાનું મુખ છૂપાવે છે અને એક પ્રકારના વિષાદમાં પોતાના દિવસો પૂરા કરે છે. તાત્પર્ય કે 'પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય.' એમ માનીને મંત્રસાધનામાં ઝુકાવનારો આખરે વિજયી થાય છે, માટે ગ્રહણ કરેલા વ્રતમાં દૃઢતા રાખવી એ મંત્રસાધકનું એક કર્તવ્ય મનાયું છે.

સત્ય અને દયા એ બંને દૈવી ગુણો છે. તેનું વર્ણન અમે ક્યા શબ્દોમાં કરીએ? જે મનુષ્ય સત્યને ચાહે છે અને સત્યને વળગી રહે છે, તે કદી હારતો નથી, પછી પરિસ્થિતિ ગમે તેવી મુશ્કેલ હોય. તે જ રીતે જે મનુષ્ય દયાળુ છે અને સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખે છે, તે સર્વેના પ્રેમનો અધિકારી થાય છે અને સર્વેના મુંગા આશીર્વાદ પામે છે. તાત્પર્ય કે આ બંને ગુણો સાધકે સારી રીતે કેળવ્યા હોય તો તે અવશ્ય સિદ્ધિનો અધિકારી થાય છે. પછી તેને ચિંતાનું કોઈ કારણ રહેતું નથી.

જે પરિસ્થિતિને ઓળખી તે પ્રમાણે ઉપાય યોજી શકે તેને ચતુર કહેવાય છે. અથવા તો જે કોઈથી છેતરાતો નથી કે કોઈની લોભામણી વાતોમાં ફસાતો નથી, તે ચતુર કહેવાય છે. આવો ચતુર માણસ જ મંત્રસાધનાને યોગ્ય છે. જે પરિસ્થિતિને ઓળખી શકતો નથી કે ઓળખવા છતાં તેનો ઉપાય યોજી શકતો નથી, તે મંત્રસાધના રૂપી મહાસાગરને શી રીતે પાર કરવાનો? તેમાં વિઘ્નોરૂપી વાવાઝોડાં અવશ્ય

આવવાનાં, તેમાં કસોટીરૂપી કાળમીંઢ ખડકોનો ભેટો અવશ્ય થવાનો. આ વખતે ચતુરાઇ ન દાખવી તો તેની સાધનારૂપી નૈયા અવશ્ય ડૂબી જવાની.

જે મનુષ્ય બીજાથી છેતરાઇ જાય છે કે બીજાની લોભામણી વાતોમાં ફસાઈ જાય છે, તે મનુષ્ય સાધનામાં સ્થિર રહી શકવાનો નહિ. સંભવ છે કે તે અન્યાન્ય વસ્તુઓ તરફ દોરવાઈ જવાનો અને આખરે ફસાઈ પડી પારાવાર પશ્ચાત્તાપ કરવાનો. કોઇ બ્રાહ્મણ પોતાના ખભા પર બકરો લઈને જતો હતો, તેને એક ઠગે કહ્યું કે 'આ કૂતરો છે.' બીજા ઠગે તેનું સમર્થન કર્યું અને ત્રીજા ઠગે તેનું જોરથી પ્રતિપાદન કર્યું, એટલે બ્રાહ્મણે એ બકરાને કૂતરો માનીને છોડી દીધો અને પોતાની સંપત્તિ ગુમાવી. જો તે ચતુર હોત તો આ પરિસ્થિતિ ઉત્પન્ન થાત નહિ.

મંત્રસાધના વખતે પણ ઘણા ઠગોનો ભેટો થઈ જાય છે. તેઓ પોતાના સ્વાર્થવશ આંબલી–પીંપળી બતાવે છે અને સાધક ચતુર ન હોય તો એમની વાતોમાં ફસાઈ પૈસા તથા પ્રતિષ્ઠા બને ગુમાવે છે. માટે જ અહીં ચતુર થવાનો ઉપદેશ છે.

મેધાવી એટલે બુદ્ધિમાન. જે પુરુષ બુદ્ધિમાન હોય છે, તે સારા અને ખોટાની યથાર્થ તુલના કરી શકે છે અને તેમાંનું સારું ગ્રહણ કરી લાભ તથા યશની પ્રાપ્તિ કરી શકે છે; જ્યારે બુદ્ધિ વિનાનો મનુષ્ય ગોળ અને ખોળને સરખા ગણે છે અથવા સોનાને બદલે પિત્તળ ઉઠાવી લે છે

અને એ રીતે વિડંબનાને પાત્ર થાય છે; માટે જ મંત્ર-સાધકે બુદ્ધિને કેળવી બુદ્ધિમાન થવાની જરૂર છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'બુદ્ધિ કેળવી કેળવાતી નથી, એ તો કુદરતે આપી હોય તેવી જ રહે છે,' તો અમે એ વસ્તુમાં સંમત થતા નથી. જો બુદ્ધિ કેળવી શકાતી ન હોય તો શિક્ષણ, સાહિત્ય, ઉપદેશ આદિનું પ્રયોજન શું? આ બધી વસ્તુઓ બુદ્ધિ કેળવવા માટે જ છે, એટલે મંત્ર-સાધકે તેનો ઉચિત ઉપયોગ કરવાનો છે અને એ રીતે પોતાની બુદ્ધિને કેળવી ઉત્તમ પ્રકારની બનાવવાની છે.

હવે છેલ્લી અને સહુથી મહત્વની વાત. જેને મંત્ર-સાધના કરવી છે, તેણે સદ્ગુરુ પાસેથી મંત્રબીજ અને મંત્ર-પદોની યોગ્ય રીતે ધારણા કરી લેવી જોઈએ અને તેને અક્ષરશઃ યાદ રાખવા જોઈએ. તો જ તેનો જપ તથા તેનું ધ્યાન યોગ્ય સ્વરૂપે થઈ શકે અને સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય.

અન્ય તંત્રગ્રંથોમાં પણ મંત્રસાધકની યોગ્યતા અંગે વર્ણનો કરેલાં છે, પણ તે બધાનો સાર આમાં આવી જાય છે, એટલે તેનો સ્વતંત્ર નિર્દેશ કરતા નથી.

આ વિવેચનના સાર રૂપે અહીં ૨૪ નિયમો આપીએ છીએ, જે સહેલાઈથી ધ્યાનમાં રહી જાય એવા છે.

(૧) શૂરવીર બનવું.
(૨) દુષ્ટ કર્મોનો ત્યાગ કરવો.
(૩) ગુણો વડે ગંભીર થવું.

(૪) જરૂર જેટલું બોલવું અને બાકીના સમયમાં મૌન ધારણ કરવું.
(૫) પોતાને દીન-હીન નહિ પણ શક્તિમાન સમજવો.
(૬) ગુરુજનોની હિતશિક્ષા માનવી.
(૭) આળસનો ત્યાગ કરવો.
(૮) નિદ્રા પ્રમાણસર લેવી.
(૯) ભોજન પરિમિત કરવું.
(૧૦) સ્પર્શાદિની લાલસામાં ફસાવું નહિ.
(૧૧) ક્રોધ, અભિમાન, કપટ અને લોભનો ત્યાગ કરવો.
(૧૨) ધર્માચરણમાં પ્રીતિ રાખવી.
(૧૩) પરોપકાર આદિ મહાન ગુણો કેળવવા.
(૧૪) બાહ્ય અને અભ્યંતર પવિત્રતા રાખવી.
(૧૫) પ્રસન્ન રહેવું.
(૧૬) ગુરુની દરેક પ્રકારે સેવા કરવી.
(૧૭) ઇષ્ટદેવની નિત્ય-નિયમિત ભક્તિ કરવી.
(૧૮) વ્રતમાં દૃઢ નિષ્ઠાવાળા થવું.
(૧૯) સત્ય બોલવું અને સત્ય આચરવું.
(૨૦) દયાળુ થવું.
(૨૧) ચતુરાઈ રાખવી.
(૨૨) પ્રતિભાસંપન્ન થવું.
(૨૩) ગુરુ પાસેની મંત્રપદો યથાર્થ રીતે ગ્રહણ કરવાં અને તેને બરાબર ધારી રાખવાં.
(૨૪) સતત પુરુષાર્થ કરવો.

[ ૧૩ ]

# મંત્રનિર્ણય

સાધકે કયા મંત્રનો જપ કરવો? એ બહુ સમજવા-વિચારવા જેવો પ્રશ્ન છે, કારણ કે એક જ વસ્તુ પરત્વે અનેકાનેક મંત્રોની રચના થયેલી છે× અને વ્યક્તિ પરત્વે તેનું ફળ જુદું જુદું હોય છે. વધારે સ્પષ્ટ કહીએ તો જે મંત્રનો જપ કરવાથી એક સાધકને ઘણો લાભ થાય છે, તે જ મંત્રનો જપ કરતાં બીજા સાધકને કશો લાભ થતો નથી અને ત્રીજા સાધકને નુકશાન સહેવું પડે છે. વળી બધા મંત્રોની સિદ્ધિ સમાન કાળે થતી નથી. એક સાધકને એક મંત્રની સિદ્ધિ શીઘ્ર થાય છે, તો બીજાને વિલંબે થાય છે અને ત્રીજાને તો થતી જ નથી.

---

× તંત્રશાસ્ત્રમાં મંત્રોની સંખ્યા સાત કોટિ એટલે સાત ક્રોડની માનેલી છે. કાલિકાગમમાં એવો ઉલ્લેખ છે કે 'सप्तकोटिमहामन्त्रै मूलविद्यासमुद्भवैः ।' લલિતાસહસ્રનામમાં સર્વેશ્વરી, સર્વમયી, સર્વમંત્રસ્વરૂપિણી વગેરે શબ્દો આવે છે. તેની વ્યાખ્યા કરતાં શ્રી ભાસુરાનંદનાથે કહ્યું છે કે 'सर्वे सप्तकोटिसंख्यामन्त्राः स्वरूपमस्याः ।' તેમ જ ગોપાલસહસ્રનામમાં જણાવ્યું છે કે 'सप्तकोटिमन्त्रशेखरो देवः शेखर इति ।'

જપ સંખ્યા આપવામાં આવે છે. જેમકે ગાયત્રી મંત્રમાં ૨૪ લાખ, બગલામુખીમાં ૧ લાખ વગેરે.

(૨) **સિદ્ધ-સાધ્ય મંત્ર** નિયત સંખ્યાથી બમણો જપ કરતાં સિદ્ધ થાય છે.

(૩) **સિદ્ધ-સુસિદ્ધ મંત્ર** નિયત સંખ્યાથી અર્ધા જપ કરતાં સિદ્ધ થાય છે.

(૪) **સિદ્ધ-અરિ મંત્રનો** જપ કરવાનો નિષેધ છે, કારણ કે તે બંધુનાશનું કારણ બને છે.

(૫) **સાધ્ય-સિદ્ધ મંત્ર** નિયત સંખ્યા કરતાં બમણો જપ કરવાથી સિદ્ધ થાય છે.

(૬) **સાધ્ય-સાધ્ય મંત્ર** નિરર્થક છે. તેના જપથી કંઈ પણ ફલ મળતું નથી.

(૭) **સાધ્ય-સુસિદ્ધ મંત્ર** નિયત સંખ્યા કરતાં બમણો જપ કરવાથી સિદ્ધ થાય છે.

(૮) **સાધ્ય-અરિ મંત્રનો** જપ કરવાનો નિષેધ છે, કારણકે તેથી ગોત્રજોનો નાશ થાય છે.

(૯) **સુસિદ્ધ-સિદ્ધ મંત્ર** નિયત સંખ્યા કરતાં અર્ધો જપ કરવાથી જ સિદ્ધ થાય છે.

(૧૦) **સુસિદ્ધ-સાધ્ય મંત્ર** નિયત સંખ્યા કરતાં બમણો જપ કરવાથી સિદ્ધ થાય છે.

(૧૧) **સુસિદ્ધ-સુસિદ્ધ મંત્ર** ગ્રહણ કરતાં જ સિદ્ધ થાય છે.

(૧૨) સુસિદ્ધ–અરિ મંત્રનો જપ કરવાનો નિષેધ છે, કારણ કે તેથી કુટુંબનો નાશ થાય છે.

(૧૩) અરિ–સિદ્ધ મંત્રનો જપ કરવાનો નિષેધ છે, કારણ કે તેથી પુત્રનો નાશ થાય છે.

(૧૪) અરિ–સાધ્ય મંત્રનો જપ કરવાનો નિષેધ છે, કારણ કે તેથી પુત્રીનો નાશ થાય છે.

(૧૫) અરિ–સુસિદ્ધ મંત્રનો જપ કરવાનો નિષેધ છે, કારણ કે તેથી પત્નીનો નાશ થાય છે.

(૧૬) અરિ–અરિમંત્રનો જપ કરવાનો નિષેધ છે, કારણ કે તેથી સાધકનો પોતાનો જ નાશ થાય છે.×

બીજા ઋણધનશોધનચક્રમાં 'મંત્ર ઋણી છે કે ધની?' એ વસ્તુ ખાસ જોવામાં આવે છે. મંત્ર ઋણી હોય તો શુભ મનાય છે, એટલે કે શીઘ્ર સિદ્ધિ આપનારો ગણાય છે અને ધની હોય તો અશુભ ગણાય છે, એટલે કે તેની સિદ્ધિ કરવા માટે ઘણા લાંબા સમયની આવશ્યકતા રહે છે. તંત્રશાસ્ત્રોમાં કહ્યું છે કે—

ऋणित्वात् प्राप्तिमात्रेण मन्त्रोऽभीष्टं प्रयच्छति ।
धनीमन्त्रस्तु संप्राप्तः फलत्यधिकसेवया ॥

---

× अरिसिद्धः सुत हन्यात् अरिसाध्यस्तु कन्यकाम् ।
तत्सुसिद्धस्तु पत्नीघ्नस्तदरिः साधकापहः ॥
सुसिद्धारि कुटुम्बघ्नः साध्यारिर्हन्ति गोत्रजान् ।

—મંત્રમહોદધિ

ત્રીજા તારાચક્રમાં સાધકના જન્મનક્ષત્રથી અથવા નામના નક્ષત્રથી મંત્રના આદ્યાક્ષર નક્ષત્રપર્યંત શોધન થાય છે.

ચોથા રાશિચક્રમાં સાધકની રાશિથી મંત્રના પ્રથમાક્ષરની રાશિપર્યંત શોધન થાય છે.

પાંચમા અકડમચક્રમાં સાધકના નામના પ્રથમાક્ષરથી મંત્રના પ્રથમાક્ષર પર્યંત શોધન થાય છે અને છઠ્ઠા પંચભૂત-ચક્રમાં મંત્રના આદ્યાક્ષર તથા સાધકના નામાક્ષરની મૈત્રીનો વિચાર થાય છે.

પરંતુ તંત્રકારોએ આ વિષયની લંબાણુ ચર્ચા કર્યા પછી છેવટે તો એ જ શબ્દો લખ્યા છે કે—

यत्र यस्य भवेद्भक्तिर्विशेषः स मनूत्तमः ।
वैरिकोष्ठमपि प्राप्तोऽभीष्टदस्तस्य जायते ॥

'જે મંત્ર ગ્રહણ કરવામાં સાધકની (પ્રબળ ઇચ્છા અને) દૃઢ ભક્તિ હોય તે મંત્ર સાધકને માટે ઉત્તમ છે. પછી સિદ્ધાદિચક્રનું શોધન કરતાં ભલે તે અરિના કોઠાને પ્રાપ્ત થયેલો હોય. આ રીતે દૃઢ ભક્તિપૂર્વક ગ્રહણ કરાયેલો મંત્ર સાધકને ઇચ્છિત ફળ આપનારો થાય છે.'

અહીં પ્રસંગોપાત્ત એ વચનો યાદ કરવા પણ ઉપ-યુક્ત જ લેખાશે કે—

मन्त्रे तीर्थ द्विजे देवे, दैवज्ञे भेषजे गुरौ ।
यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ॥

'મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવ, જ્યોતિષી, ઔષધ અને ગુરુની બાબતમાં જેની જે પ્રકારની ભાવના-શ્રદ્ધા હોય છે, તેને તે પ્રકારની સિદ્ધિ થાય છે.'

[ ૧૪ ]

## મંત્રશુદ્ધિના દશ ઉપાયો

બીજમંત્રોના ક્રમભેદથી મંત્રોમાં છિન્નત્વ આદિ ઓગણપચાશ પ્રકારના દોષો ઉત્પન્ન થાય છે. તેનો નિર્દેશ શારદાતિલકના દ્વિતીય પટલમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે :

छिन्नो रुद्धो शक्तिहीनः पराङ्मुख उदीरितः ॥६३॥
बधिरो नेत्रहीनश्च कीलितः स्तम्भितस्तथा ।
दग्धस्त्रस्तश्च भीतश्च मलिनश्च तिरस्कृत: ॥६४॥
भेदितश्च सुषुप्तश्च मदोन्मत्तश्च मूर्च्छितः ।
हतवीर्यश्च हीनश्च प्रध्वस्तो बालक: पुन: ॥६५॥
कुमारस्तु युवा प्रौढो वृद्धो निस्त्रिंश एव वा ।
निर्बीजः सिद्धिहीनश्च मन्दः कूटस्तथा पुनः ॥६६॥
निरंश: सत्त्वहीनश्च केकरो बीजहीनकः ।
धूमितालिङ्गितौ स्यातां मोहितश्च क्षुधातुर: ॥६७॥

अतिदृप्तोऽङ्गहीनश्च अतिक्रुद्धः समीरितः ।
अतिक्रूरश्च सव्रीडः शान्तमानस एव च ॥६८॥
स्थानभ्रष्टश्च विकलः सोऽतिवृद्धः प्रकीर्तितः ।
निःस्नेह–पीडितश्चापि वक्ष्याम्येषां च लक्षणम् ॥६९॥

અને તેનાં લક્ષણો પણ વિસ્તારથી બતાવવામાં આવ્યાં છે. જેમકે—

(૧) છિન્ન–ઋચા અથવા શ્લોકનો મધ્યમાં વિચ્છેદ હોવાથી અથવા મંત્રના આદિ, મધ્ય કે અંતના બીજમંત્રોનો લોપ થવાથી મંત્ર છિન્ન દોષવાળો મનાય છે.

(૨) રુદ્ધ–વ્યાકરણોક્ત સ્વરસન્ધિ અથવા વ્યંજનસંધિઓથી રહિત મંત્ર રુદ્ધ દોષવાળો હોય છે.

(૩) શક્તિહીન–માયાબીજ, હૂઁ અથવા શ્રીઁ આ બીજો જે મંત્રમાં ન હોય, તે શક્તિહીન કહેવાય છે.

(૪) પરાઙ્મુખ–જે મંત્રના આરંભમાં મંત્રબીજ અને અંતમાં ક્રૌઁ બીજ નથી, તે પરાઙ્મુખ કહેવાય છે.

(૫) બધિર–જે મંત્રના આદિ, મધ્ય કે અંતમાં 'हं' બીજ ન હોય તે બધિર કહેવાય છે.

(૬) નેત્રહીન–જે મંત્ર પાંચ અક્ષરવાળો હોવા છતાં હૂઁ અથવા ह અને स રૂપ સૂર્યચંદ્રના બીજથી રહિત હોય છે, તે નેત્રહીન કહેવાય છે; તેમજ આ બેમાંથી એક હોય અને એક ન હોય તો તે 'કાણુ' કહેવાય છે.

(૭) કીલિત-બીજ વગરના મંત્રને કીલિત કહે છે. તેમજ માયાબીજ અને નમામિ પદ ન હોય તેને કીલિત કહે છે.

(૮) સ્તમ્ભિત-જે મંત્રના અંતમાં ફટ્ હોય અને મધ્યમાં લકાર આવતો હોય તેને સ્તંભિત કહે છે.

(૯) દગ્ધ-જે મંત્રના આરંભમાં વાયુબીજ ય આવતો હોય અને તે પછી અગ્નિબીજ ર આવતો હોય, તે દગ્ધ કહેવાય છે, તેમજ છ કાનો વડે સાંભળેલા મંત્રને પણ દગ્ધ કહે છે.

(૧૦) ત્રસ્ત-જ્યાં બે, ત્રણ, છ કે આઠ અક્ષરો વડે ફટ્ બીજનો પ્રયોગ હોય, તેને ત્રસ્ત કહે છે.

(૧૧) ભીત-જે મંત્રની આદિમાં 'હંસઃ' બીજ નથી, તેને ભીત કહેવાય છે.

(૧૨) મલિન-જે મંત્રમાં આદિ, મધ્ય અને અંતનાં સ્થાનોમાં મળી ચાર મકારાક્ષરો હોય છે, તેને મલિન કહે છે.

(૧૩) તિરસ્કૃત-જે મંત્રની મધ્યમાં હકારાક્ષર હોય, અને છેડે હૂઁ બીજ હોય, તેમજ બે ફટ્ બીજનો પણ પ્રયોગ થયો હોય તેને તિરસ્કૃત કહે છે.

(૧૪) ભેદિત-જે મંત્રની વચમાં ફટ્ આવે અને અંતમાં વષટ્ આવે તથા આરંભમાં ॐકાર આવે તેને ભેદિત કહે છે.

(૧૫) સુષુપ્ત-ત્રણ વર્ણવાળો હોવા છતાં 'હંસઃ' આવા બીજથી રહિત હોય તે મંત્ર સુષુપ્ત જાણવો.

(૧૬) **મદોન્મત્ત**–વિદ્યા અથવા મંત્રરાજ અઢાર અક્ષરોનો હોય અને તેની સાથે પાંચ ફટ્કાર યોજાયેલા હોય, તે મંત્ર મદોન્મત્ત કહેવાય છે.

(૧૭) **મૂર્છિત**–જે મંત્ર અઢાર અક્ષરોનો હોય અને તેની વચમાં ફટ્ બીજની યોજના હોય તો તેને મૂર્છિત સમજવો.

(૧૮) **હતવીર્ય**–જે મંત્રની વચમાં કે છેડે ફટ્ બીજ હોય, તેને હતવીર્ય સમજવો.

(૧૯) **હીન**–જે મંત્રના આરંભમાં, વચમાં અને અંતમાં અસ્ત્રબીજ ફટ્ હોય તેને હીન સમજવો. દુષ્ટ પુરુષ વડે પ્રાપ્ત મંત્ર પણ હીન કહેવાય છે.

(૨૦) **પ્રધ્વસ્ત**–અઢાર કે ઓગણીસ અક્ષરનો મંત્ર હોય અને તેમાં માયા ૐ, પ્રણવ ૐ અને અંકુશ ક્રોં બીજ હોય તો તેને પ્રધ્વસ્ત કહે છે.

(૨૧) **બાલક**–સાત અક્ષરવાળા મંત્રને બાલક કહે છે.

(૨૨) **કુમાર**–આઠ અક્ષરવાળો મંત્ર કુમાર કહેવાય છે.

(૨૩) **યુવા**–સોલ અક્ષરવાળો મંત્ર યુવા હોય છે.

(૨૪) **પ્રૌઢ**–ચાળીસ અક્ષરવાળો મંત્ર પ્રૌઢ કહેવાય છે.

(૨૫) **વૃદ્ધ**–ત્રીશ, ચોસઠ, સો અથવા ચારસો અક્ષરવાળા મંત્રને વૃદ્ધ કહે છે.

(૨૬) **નિસ્ત્રિંશ**–નવ અક્ષરવાળો જે મંત્ર ઓંકારથી યુક્ત હોય તેને નિસ્ત્રિંશ કહે છે.

(૨૭) **નિર્બીજ**–જે મંત્રના છેડે નમઃ, સ્વાહા, વષટ્, હું, હું અથવા સઃ બીજોમાંથી કોઈપણ બીજ ન હોય તેને નિર્બીજ કહે છે. તેમજ આદિમાં ૐકાર ન હોય તો તેને પણ નિર્બીજ કહે છે.

(૨૮) **સિદ્ધિહીન**–જે મંત્રના આદિ, મધ્ય અને અંતમાં બબ્બે ફટ્કાર હોય છે, તેને સિદ્ધિહીન કહે છે.

(૨૯) **મંદ**–દસ અક્ષરવાળો મંત્ર મંદ હોય છે.

(૩૦) **કૂટ**–એક અક્ષરવાળો મંત્ર કૂટ કહેવાય છે.

(૩૧) **નિરંશક**–એક અક્ષરવાળા મંત્રની સંજ્ઞા નિરશંક પણ છે.

(૩૨) **સત્ત્વહીન**–બે અક્ષરવાળો મંત્ર સત્ત્વહીન હોય છે. પિંગલામતમાં ચાર અક્ષરવાળા મંત્રને પણ સત્ત્વહીન કહ્યો છે.

(૩૩) **કેકર**–ચાર અક્ષરવાળા મંત્રને કેકર કહે છે.

(૩૪) **બીજહીન**–છ અક્ષરવાળો મંત્ર ૐકારથી રહિત હોય તો બીજહીન કહેવાય છે.

(૩૫) **ધૂમિત**–સાડાસાત, સાડાબાર કે સાડાત્રણ વર્ણવાળા મંત્રને ધૂમિત કહે છે.

(૩૬) **આલિંગિત**–વીશ, એકવીશ કે ત્રીશ અક્ષરવાળા મંત્રને આલિંગિત કહે છે.

(૩૭) **મોહિત**–બત્રીસ અક્ષરવાળા મંત્રને મોહિત કહે છે.

(૩૮) **ક્ષુધાતુર**–સત્તાવીશ કે ચોવીશ અક્ષરવાળા મંત્રને ક્ષુધાતુર કહે છે.

(૩૯) **અતિદૃપ્ત**–અગિયાર, પચીશ અથવા ત્રીશ અક્ષરવાળા મંત્રને અતિદૃપ્ત કહે છે.

(૪૦) **અંગહીન**–છવીસ, ઓગણત્રીસ અને છત્રીસ અક્ષરવાળા મંત્રને અંગહીન કહે છે.

(૪૧) **અતિક્રુદ્ધ**–એકવીશ કે અઠ્ઠાવીશ અક્ષરવાળા મંત્રને અતિક્રુદ્ધ કહે છે.

(૪૨) **અતિક્રૂર**–વીશ અને તેત્રીશ અક્ષરવાળા મંત્રને અતિક્રૂર કહે છે.

(૪૩) **સવ્રીડ**–ચાળીસથી ત્રેસઠ અક્ષર સુધીના અક્ષરવાળા મંત્રને સવ્રીડ કહે છે.

(૪૪) **શાન્તમાનસ**–પાંસઠ અક્ષરવાળા મંત્રને શાન્તમાનસ કહે છે.

(૪૫) **સ્થાનભ્રષ્ટ**–પાંસઠથી નવાણું અક્ષર સુધીના મંત્રોને સ્થાનભ્રષ્ટ કહે છે.

(૪૬) **વિકલ**–તેર અને પંદર અક્ષરવાળા મંત્રને વિકલ કહે છે.

(૪૭) **અતિવૃદ્ધ**–ચારસોથી એક હજાર સુધીના અક્ષરવાળા મંત્રોને અતિવૃદ્ધ કહે છે.

(૪૮) **નિઃસ્નેહ**–બાણું, ત્રાણું, ત્રણસો, બસો અને અઢીસો અક્ષરવાળા મંત્રને નિઃસ્નેહ કહે છે.

(૪૯) **પીડિત**–હજાર અક્ષરોથી વધારે અક્ષરવાળા દંડક નામે છંદભેદવાળા મંત્રોને પીડિત કહે છે.

આ દોષોની સાથે જ બીજા પણ દોષો ટીકાકાર **શ્રી રાઘવભટ્ટે** બતાવ્યા છે, તે આ રીતે જાણવા :

(૧) **મીલિત**–કર્મમાં અતિ જડ અને સાધકે પોતે જ મંત્રની યોજના કરી હોય તેને મીલિત કહે છે.

(૨) **વિપક્ષસ્થ**–શત્રુપક્ષનો આશ્રય રાખનાર હોય તેને વિપક્ષસ્થ કહે છે.

(૩) **હારિત**–આદિ, મધ્ય અને અંતમાં ૐકાર ન હોય તેને હારિત કહે છે.

(૪) **મૂક**–ન્યાસ વગરના મંત્રને મૂક કહે છે.

(૫) **નગ્ન**–પલ્લવરહિત મંત્રને નગ્ન કહે છે.

(૬) **ભુજંગમ**–ઋષિ, દેવતા અને છંદ વગરના મંત્રને ભુજંગમ કહે છે.

(૭) **શૂન્ય**–જે મંત્રનો જપ કરતી વખત બીજો માણસ સાંભળે છે, તે શૂન્ય કહેવાય છે.

(૮) **હત**–જે મંત્રના અંતે કોઈ બીજ ન હોય તેને હત કહે છે.

આ દોષો મુખ્યતઃ કામ્ય કર્મ કરનારા સાધકે અવશ્ય જાણી દોષનિવૃત્તિ માટે મંત્ર–સંસ્કારો કરવા જોઈએ. જો મુક્તિ અથવા ઈશ્વરકૃપા માટે જપ કરવો હોય તો તે માટે સંસ્કારોની આવશ્યકતા નથી, એમ શાસ્ત્રકારોનું કહેવું છે.

અહીં મંત્રોના જે દોષો કહ્યા છે, તે વિદ્યાઓના દોષો પણ જાણવા. 'यथामन्त्रास्तथा विद्या भेदभिन्नाः परस्परम् ।'

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે નૈગમિક મંત્રો એટલે વેદોક્ત મંત્રોમાં તેમજ શાબર મંત્રોમાં આ

ધોરણ સ્વીકારાએલું નથી. વળી પ્રકીર્ણક મંત્રોમાં પણ જૈન, બૌદ્ધ, ઇસ્લામ આદિ આ ધોરણનો સ્વીકાર કરતા નથી, એટલે આ ધોરણ મુખ્યત્વે તંત્રોક્ત મંત્રોને તેમજ કેટલાક અંશે પૌરાણિક મંત્રોને લાગુ પડે છે, પરંતુ તેમાં પણ કેટલાક અપવાદ છે. જેમ કે-કૂટમંત્ર, સ્વપ્નપ્રાપ્તમંત્ર, સ્ત્રીપ્રાપ્ત મંત્ર, ૧-૨-૩-૫-૭-૮-૯-૧૧ અને ૧૨ અક્ષરના મંત્ર, માલામંત્ર, નરસિંહમંત્ર, પ્રસાદમંત્ર, સૂર્યમંત્ર, વારાહમંત્ર, માતૃકાદિમંત્ર, કામમંત્ર, આજ્ઞાસિદ્ધ (ગણેશ) મંત્ર અને ગારુડમંત્રને શુદ્ધિની આવશ્યકતા નથી. કેટલાક કાલી આદિ દશ મહાવિદ્યાઓનો પણ આ વર્ગમાં સમાવેશ કરે છે, એટલે કે તેની શુદ્ધિ કરવાની આવશ્યકતા સ્વીકારતા નથી.

ઉક્ત ઓગણપચાશ પ્રકારના દોષોની શાંતિ કરવા માટે તંત્રશાસ્ત્રોએ દશ પ્રકારના ઉપાયો બતાવ્યા છે. જેમ કે-

जननं जीवनं पश्चात्ताडनं बोधनं तथा ।
अथाभिषेको विमलीकरणाप्यायनो पुनः ॥
तर्पणं दीपनं गुप्तिर्दशैता मन्त्रसंस्क्रिया ॥

'જનન, જીવન, તાડન, બોધન, અભિષેક, વિમલીકરણ, આપ્યાયન, તર્પણ, દીપન અને ગુપ્તિ એ દશ મંત્રના સંસ્કારો (શુદ્ધિ કરવાના ઉપાયો) છે.'

(૧) **જનન**-ગોરોચનથી ભૂજપત્ર પર માતૃકામંત્ર લખવો. તેના પર દેવીનું આવાહન કરીને ચંદનાદિથી પૂજા કરવી. પછી મંત્રનો એક એક અક્ષર અથવા શબ્દ સંમાર્જિત

કરી બીજા પત્ર પર લખવો. તેને જનન નામનો સંસ્કાર કહેવામાં આવે છે. કેટલાક તેને મંત્રોદ્ધાર પણ કહે છે.

(૨) **જીવન**–મંત્રના પ્રત્યેક વર્ણને પ્રણવથી સંપુટિત કરી ૧૦૦૦ વાર જપ કરવો, એ જીવન નામનો સંસ્કાર છે. જેમ કે–ॐ रा ॐ, ॐ मा ॐ, ॐ य ॐ, ॐ न ॐ, ॐ मः ॐ । અહીં रामाय नमः । એવો મૂલ મંત્ર છે. સંપ્રદાય–ભેદથી અહીં स्वधा वषट् થી પુટિત કરેલા મંત્રનો ૧૦૦૦ જપ કરવાનું પણ વિધાન છે. જેમ કે 'स्वधा वषट् रामाय नमः वषट् स्वधा.'

(૩) **તાડન**–સાધક ભૂર્જપત્ર ઉપર મંત્રના અક્ષરો લખે. પછી यं બીજ બોલી ચંદનના જલ વડે પ્રત્યેક વર્ણનું સો સો વાર તાડન કરે, એ તાડન નામનો ત્રીજો સંસ્કાર છે. કેટલાકના અભિપ્રાયથી फट् વડે પુટિત કરેલો મંત્ર હજાર વાર જપતાં આ સંસ્કાર સંપન્ન થાય છે. જેમ કે 'फट् रामाय नमः फट् ।'

(૪) **બોધન**–સાધક ભૂર્જપત્ર પર મંત્રાક્ષરો લખે. પછી रं બીજ બોલી લાલ કણેરનાં પુષ્પ વડે પ્રત્યેક મંત્રનું એટલી વાર તાડન કરે કે એ મંત્રમાં જેટલા અક્ષરો હોય. આને બોધન નામનો સંસ્કાર કહેવામાં આવે છે. કેટલાક हूँ બીજથી સંપુટિત કરેલા મંત્રનો પાંચ હજાર જપ કરવાથી આ સંસ્કાર સંપન્ન થયો માને છે. જેમ કે 'हूँ रामाय नमः हूँ ।'

(૫) **અભિષેક**–પોતપોતના સંપ્રદાયે કરેલા વિધાન

અનુસાર મંત્રના અક્ષરોની સંખ્યા પ્રમાણે અશ્વત્થ એટલે પીંપળાના પત્રો વડે ભૂર્જપત્ર પર લખેલા અક્ષરો ઉપર ' अमुष्य मन्त्रस्य अमुकं अक्षरं अभिषिञ्चामि नमः । ' આ રીતે બોલી અભિષેક કરવો એ અભિષેક નામનો પાંચમો સંસ્કાર છે. કેટલાક ' ऐँ हंसः ' થી પુટિત કરેલા મંત્રને એક હજાર વાર જપતાં આ સંસ્કાર થએલો માને છે. જેમ કે 'ऐँ हंसः रामाय नमः सोऽहं ऐँ ।'

(૬) **વિમલીકરણ**–માનસિક જપપૂર્વક સાધ્ય મંત્ર સાથે 'ॐ ह्रौं બીજનો જપ કરી કુંડલિની ઉત્થાપન કરી મલત્રયનો દાહ કરવો તે વિમલીકરણ અથવા નિર્મલીકરણ નામનો સંસ્કાર કહેવાય છે. કેટલાક ' ॐ त्रो वषट् ' બીજથી પુટિત કરેલા મંત્રનો એક હજાર જપ કરવાથી આ સંસ્કારની સંપન્નતા સ્વીકારે છે. જેમ કે ' ॐ त्रोँ वषट् रामाय नमः वषट् त्रोँ ॐ । '

(૭) **આપ્યાયન**–કુશોદક અથવા પુષ્પોદકથી જ્યોતિ-મંત્ર દ્વારા મંત્રવર્ણોને સીંચવા એ આપ્યાયન સંસ્કાર કહેવાય છે. જ્યોતિમંત્ર–'तारं व्योमाग्निमनुयुक् दण्डी ज्योतिर्मनुस्मृतः । ' એક મત 'ह्रूं सौं' મંત્રથી પુટિત કરેલા મંત્રનો એક હજાર જપ કરવાથી આ સંસ્કાર થયેલો માને છે. જેમ કે–' ह्रूँ सौ रामाय नमः सौ ह्रूँ । '

(૮) **તર્પણ**–ઇષ્ટમંત્રના પ્રત્યેક વર્ણનું જ્યોતિમંત્ર દ્વારા જલથી તર્પણ કરવું, એ તર્પણ નામનો સંસ્કાર છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે શક્તિમંત્રોનું તર્પણ

મધુથી અને શૈવમંત્રોનું તર્પણ ઘી તથા દૂધ વડે થાય છે, જ્યારે વૈષ્ણવમંત્રોનું તર્પણ જલ વડે થાય છે.

(૯) **દીપન**–મંત્રની પૂર્વે તાર (ૐ), માયા (હ્રીઁ) અને રમાબીજ (શ્રીઁ) લગાડી અષ્ટોત્તરશત (૧૦૮) જપ કરતાં દીપનસંસ્કાર થાય છે.

(૧૦) **ગુપ્તિ–ગોપન**–મંત્રને પ્રકટ ન કરતાં સદા ગુપ્ત રાખવો અને હોઠની બહાર ન કાઢવો, એ ગુપ્તિ કે ગોપન નામનો સંસ્કાર છે.

આ દશ સંસ્કારોથી મંત્રશુદ્ધિ કર્યા બાદ તેનો જપ કરવામાં આવે તો શીઘ્ર સિદ્ધિ થાય છે.

[ ૧૫ ]

# વિધિની પ્રધાનતા

મંત્રાનુષ્ઠાનમાં વિધિની પ્રધાનતા છે. જો વિધિનું પાલન ન થાય તો અનુષ્ઠાન પૂર્ણ થતું નથી અને સાધક ઇષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી. વિધિઓમાં સહુથી પ્રધાન વસ્તુ છે શ્રદ્ધા. આપણે જે મંત્રનું અનુષ્ઠાન કરતા હોઈએ તેમાં આપણી પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ, તેની સફલતામાં આપણો પૂરો વિશ્વાસ હોવો જોઈએ. જો મંત્રમાં આપણી શ્રદ્ધા ન હોય તો સમસ્ત વિધિઓના પાલનનું પણ કંઈ મૂલ્ય નથી. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે—

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ ! न च तत्प्रेत्य नो इह ॥

'હોમ (હવન), દાન, તપ, આદિ જે કર્મ અશ્રદ્ધાથી કરવામાં આવે છે, તેને અસત્ કહેવાય છે. હે અર્જુન ! આવાં અસત્ કર્મો નથી તો પરલોકમાં ફળ આપી શકતાં કે નથી આ લોકમાં.'

જેટલાં પણ કર્મો–કાર્યો અધ્યાત્મ અથવા માનસિક શક્તિ સાથે સંબંધ ધરાવે છે, તે બધાની સરલતા માટે શ્રદ્ધા અને વિશ્વાસ અનિવાર્ય છે. હૃદયમાં અવિશ્વાસ રાખીને તેનું આચરણ કરવાનો કંઈ જ અર્થ નથી.

આપણા સમાજમાં કેટલાક એવા સજ્જનો પણ મળે છે કે જેઓ મંત્રમાં તો શ્રદ્ધા–વિશ્વાસ ધરાવતા હોય, પણ તેનાં વિધિ–વિધાનો પ્રત્યે નાક મચકોડતા હોય! તેઓ કહે છે કે 'આમ બેસો, આમ હાથ રાખો, આમ પગ રાખો, આવી માળા ફેરવો, આવાં સમિધ લાવો, આ બધું શું?' તાત્પર્ય કે અમે તેનાથી કંટાળી જઈએ છીએ. અમને તેની યથાર્થતા કે કાર્યસાધકતામાં વિશ્વાસ નથી.

આ વચનો સાંભળતાં અમને તો ઘણો ખેદ થાય છે અને હસવું પણ આવે છે. આપણે યંત્રની વરાળશક્તિ પર વિશ્વાસ કરીએ પણ કોલસા, પાણી ઉપર નહિ. વળી એ પણ માનવા ન ચાહીએ કે યંત્રની અમુક કળ અમુક વાર દબાવવી કે ફેરવવી જોઈએ અને ઇચ્છા એવી રાખીએ કે વરાળશક્તિ ધાર્યું કામ આપે, તો એ કદી બની શકે ખરું?

જેમ યંત્રો દ્વારા વિદ્યુત્ પેદા કરી શકાય છે, તેમ સાધક મંત્રજપ દ્વારા એક વિશિષ્ટ શબ્દશક્તિ ઉત્પન્ન કરી શકે છે અને એ શબ્દશક્તિનું આકાશમાં અમુક પ્રકારે કંપન થાય છે. આવશ્યકતા એ છે કે આ કંપન ઇચ્છાનુકૂલ જ ઉત્પન્ન થાય અને ઇષ્ટ પ્રકારે અન્ય તત્ત્વોને પણ કંપિત કરે.

યંત્રાલયમાં વરાળ અથવા વિદ્યુતને નિયંત્રિત કરવા માટે કોઈ સ્થળે અમુક પદાર્થ, કોઈ સ્થળે અમુક ધાતુ, કોઈ સ્થળે તેલ તો કોઈ સ્થળે કાર્બન વગેરેને યોજવા પડે છે. તેનો ઉદ્દેશ એ હોય છે કે વરાળ અથવા વિદ્યુતની શક્તિનું નિયંત્રણ કરી શકીએ અને તે નિયંત્રણ યંત્રોની ગતિમાં પણ અનુકૂળ સંબંધ રાખે. આ જ પ્રમાણે જપજનિત કંપનશક્તિને નિયંત્રિત કરવા માટે જુદા જુદા વિધિઓનું વિધાન છે.

મંત્રાનુષ્ઠાનમાં જુદી જુદી કોટિના પૂજન, ધ્યાન, પ્રાણાયામ, આસન, મુદ્રા, હોમ, તર્પણ વગેરે કરવા પડે છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેમાં ઘણી જાતના પ્રયોગો થાય છે. અમુક દિશા તરફ મુખ કરીને બેસવાથી અમુક પ્રકારનું કંપન થાય છે અને જુદી જુદી દિશાઓમાં પ્રવાહિત થતી વિદ્યુત-ધારાઓ પર તેનો પ્રભાવ પડે છે. આ વખતે કાળ-ઘડી-નક્ષત્ર આદિથી બીજા ગ્રહોનો જે પ્રભાવ પૃથ્વી પર પડતો હોય છે, તે પણ જોવાનો હોય છે. આ રીતે કોઈ ક્રિયા મંત્રના કંપનને ઉત્તેજિત કરે છે, કોઈ એની શક્તિના અમુક ભાગને વધારે છે, તો કોઈ અમુક ભાગનું શમન કરે છે. વળી કોઈ એના અભીષ્ટ માર્ગ તરફ આકર્ષણ કરે છે, તો કોઈ તેની વિપરીત ગતિનું નિયંત્રણ કરે છે. તાત્પર્ય કે આ રીતે અનેક પ્રકારનો પ્રભાવ એ વિધિ તથા પ્રક્રિયાઓથી પ્રયુક્ત થનારા પદાર્થો વડે મંત્રકંપન પર પડે છે અને ત્યારે જ ઇષ્ટ કાર્યનું સંપાદન થાય છે.

'વિધિમાં જે પદાર્થનો પ્રયોગ, જે ચર્ચા તથા દિન-સમય આદિનો નિષેધ હોય તથા જે વસ્તુ, વ્યક્તિ તથા ક્રિયા કરવાનો, જોવાનો, સાંભળવાનો નિષેધ હોય, તે કરવો જોઈએ નહિ. એ નિષેધનો અર્થ જ એ છે કે એવા પદાર્થો કે ક્રિયાઓનું કંપન મંત્રના કંપન પર પ્રતિકૂળ પ્રભાવ પાડે છે અને તેનાથી વિધિનો ભંગ થાય છે.

આ જગત્‌માં બે પ્રકારનાં કાર્યો જોવામાં આવે છે: એક તો પરીક્ષણથી થનારાં અને બીજાં શ્રદ્ધા તથા વિશ્વાસથી થનારાં. જે કાર્યોનાં પરિણામ તથા શક્તિના માપ-તોલ કરવાનું આપણી પાસે સાધન છે, તેનું તો આપણે પરીક્ષણ કરી શકીએ, પણ જેની શક્તિનું માપ કે રહસ્ય જાણવાનું સાધન નથી, એમાં તો શ્રદ્ધા તથા વિશ્વાસ જ રાખવા પડે. મંત્રસાધન બીજા પ્રકારનું કાર્ય છે. આપણી પાસે મંત્રજપથી ઉત્પન્ન થતી શક્તિનું વિશ્લેષણ કે પરીક્ષણ કરવાનું કોઈ સાધન નથી. આપણે કોઈ પણ પ્રકારે એ જોઈ શકતા નથી કે તેનાથી અભીષ્ટની અભિવ્યક્તિ કેવી રીતે થાય છે?

**શ્રી ગોપાલસ્વામી** સાયંપ્રાર્થના વખતે એક પાટલા પર ઈંટ કે પત્થરના ટુકડા મૂકી તેના પર કેળનું પાંદડું ઢાંકતા અને થોડી વાર મંત્રજપ કરતા કે તેની સાકર બની જતી. પછી તે જ સાકર પ્રસાદ તરીકે વહેંચતા. દિલ્હીમાં લોકસભાના ઘણા સભ્યોને તેમણે આ પ્રસાદ વહેંચેલો. એક વાર એ સભ્યોએ સરકારી નંબરવાળી એક આખી ઈંટ મૂકેલી, તેનું પણ થોડી જ વારમાં એ રીતે પરિવર્તન થયેલું અને

પાણીની ડોલમાં એક પુષ્પ નાખી મંત્રશક્તિથી તેનું દૂધ બનાવેલું, જે ઘણું જ સ્વાદિષ્ટ હતું અને ત્યાં હાજર રહેલાઓએ તેને આનંદથી પીધું હતું.

આ વખતે ગોપાલસ્વામીએ કહેલું કે તમે બધા શિક્ષિત છો અને વિજ્ઞાનમાં શ્રદ્ધા ધરાવો છો, તો આ ઈંટ અને પત્થરના ટુકડાની થોડી વારમાં સાકર બની જાય છે. તથા પાણીનું પયમાં પરિવર્તન થાય છે, તેનું કારણ બતાવો. લોકસભાનો કોઈ સભ્ય એનું કારણ બતાવી શક્યો નહિ. વાસ્તવમાં જે અદૃષ્ટ છે અને બુદ્ધિથી પર છે, તેમાં બુદ્ધિ-ગમ્ય કારણ શું બતાવે? તેથી આપણે મંત્રવિશારદ મહર્ષિઓના વાક્ય પર વિશ્વાસ રાખીને વિધિનું અક્ષરશઃ પાલન કરીએ, એ જ ઈષ્ટ છે.

યોગની વિશિષ્ટ ક્રિયાઓ દ્વારા પ્રકૃતિનાં સૂક્ષ્મ રહસ્યોને જાણી શકાય છે, પણ જેઓ એમ કરી શકતા નથી, તેમને માટે તો શ્રદ્ધા અને વિશ્વાસ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

'આમ કેમ?' એ એક એવો વિચિત્ર પ્રશ્ન છે કે જેનો છેડો કદી આવી શકતો નથી. વળી એ પણ યાદ રાખવું ઘટે કે પ્રત્યેક મનુષ્ય પ્રત્યેક વસ્તુનું કારણ જાણવાની શક્તિ ધરાવતો નથી, તેમ જ વિશેષજ્ઞો બહુ થોડા જ હોય છે. આ સંયોગોમાં આધ્યાત્મિક અને માનસિક વિષયોમાં શ્રદ્ધા અને વિશ્વાસનું જ આલંબન લેવું ઘટે.

વિધિ-વિધાનના ભિન્ન ભિન્ન પ્રકારો જોઈને સાધકે

મુંઝાવાનું નથી. તેણે તો સ્વગુરુએ બતાવેલા વિધિ-વિધાનને જ અનુસરવાનું છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

पन्थानो बहवः प्रोक्ता, मन्त्रशास्त्रमनीषिभिः ।
स्वगुरोर्मतमाश्रित्य, शुभं कार्यं न चान्यथा ॥

'મંત્રશાસ્ત્રમાં નિષ્ણાત પુરુષોએ મંત્રસિદ્ધિના અનેક માર્ગો કહેલા છે, પણ સાધકે તો પોતાના ગુરુનો જે મત—અભિપ્રાય હોય તેને અનુસરીને જ શુભકાર્ય કરવું, અર્થાત્ મંત્રસાધના કરવી. અન્ય રીતે નહિ.'

[ ૧૬ ]

## કર્મ અંગે કેટલુંક વિચારણીય

વિશિષ્ટ ફલની અપેક્ષા રાખીને જે કર્મ-ક્રિયા-વિધિ —અનુષ્ઠાન કરવામાં આવે છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં કામ્યકર્મ કહેવામાં આવે છે. આ કામ્યકર્મમાં સિદ્ધિ કે સફલતા ત્યારે જ મળે છે કે જ્યારે નિત્ય અને નૈમિત્તિક કર્મ યથાર્થરૂપે કરવામાં આવતાં હોય. અહીં નિત્યકર્મથી દરેક મનુષ્યે પોતાના ધર્મ અનુસાર રોજની જે ક્રિયાઓ કરવી જોઈએ તેનું સૂચન છે અને નૈમિત્તિક કર્મથી ખાસ ખાસ પર્વના દિવસોએ અથવા અમુક નિમિત્ત પ્રાપ્ત થતાં તે દિવસે જે કર્મ કરવું જોઈએ, તેનું સૂચન છે.

આત્મશુદ્ધિ કે આત્મદર્શન સિવાયના અન્ય કોઈપણ ફળની અપેક્ષાએ થતું મંત્રસાધન એક પ્રકારનું કામ્યકર્મ છે, એટલે મંત્રસાધકે આ વસ્તુ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે.

આર્ય મહાપુરુષો ભારપૂર્વક કહે છે કે—

विना स्वधर्मं यत् किञ्चिद् देवताराधनादिकम् ।
परिभ्रश्येत तद्यस्मात् क्षणात् सैकतहर्म्यवत् ॥

'જે સાધક પોતાના ધર્મનું પાલન કર્યા વિના દેવતાનું આરાધન આદિ જે કંઈ કરે છે, તે રેતીના પાયા પર ચણાયેલ મહેલની જેમ તેમાંથી ક્ષણમાત્રમાં પરિભ્રષ્ટ થાય છે.'

તાત્પર્ય કે જેણે મંત્રસાધના કરવી હોય તેણે પોતાના કુલક્રમાગત ધર્મનું યથાર્થ પાલન કરવું જોઈએ અને પોતાના ઇષ્ટદેવ પ્રત્યે ભક્તિવંત થવું જોઈએ. અન્ય રીતે કહીએ તો જેઓ પોતાના ઇષ્ટદેવને ભૂલી જાય છે કે તેમની યથાર્થ સેવા-ભક્તિ કરતા નથી અને દુન્યવી સ્વાર્થથી પ્રેરાઈને અમુક દેવી-દેવતાનું આરાધન કરવા લાગી જાય છે, તેમને એ આરાધનામાં સફળતા મળી શકતી નથી.

સ્વધર્મનું પાલન કરતાં શ્રદ્ધા, ભક્તિ આદિ ગુણો વિકાસ પામે છે અને એક પ્રકારની શિસ્ત કેળવાય છે, જ્યારે ધર્મવિહીન મનોવૃત્તિથી શ્રદ્ધા, ભક્તિ આદિ ગુણોનો લોપ થાય છે અને એક પ્રકારની નિરંકુશતા કે નાસ્તિકતા જન્મે છે કે જે છેવટે મનુષ્યને અવનતિના ઊંડા આરામાં ધકેલી દે છે; તેથી પ્રગતિ, વિકાસ કે અભ્યુદયની ઇચ્છા રાખનારે સ્વધર્મનું પાલન કરવું ઇષ્ટ છે. ભગવદ્ગીતામાં 'સ્વધર્મે નિધનં શ્રેયઃ' આદિ જે વચનો કહેવાયાં છે, તે પણ સ્વધર્મના પાલનની મહત્તા સૂચવે છે.

કહેતાં અફસોસ થાય છે, પણ કહેવું જરૂરી છે કે

આજે તો ધર્મ અને કર્મ બંને ભૂલાયાં છે અને લોકોનો મોટો ભાગ અર્થ અને કામની સાધનામાં જ મશગુલ બની ગયો છે. તેમાં કેટલાકની સ્થિતિ તો અતિ દયાજનક છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેમના જીવનમાં પશુજીવન કરતાં કોઈ વિશેષતા નથી. ખાવું-પીવું, ઊંઘવું અને સંતતિ પેદા કરવી એ તો પશુઓ પણ ક્યાં નથી કરતાં?

'મનુષ્યજીવનની સાર્થકતા શેમાં છે? મોજશોખ કરવામાં કે ધર્મનું આરાધન કરવામાં?' સુજ્ઞ મનુષ્યોએ આ પ્રશ્નનો ખૂબ ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. જેમણે આ પ્રશ્નને સામાન્ય સમજીને બાજુએ મૂકી દીધો છે, તેણે બાજી ગુમાવી છે. જેમણે આ પ્રશ્નને નિરર્થક ગણીને હસી કાઢયો છે, તેના હાથમાં કંઈ આવ્યું નથી. અને જેમણે આ પ્રશ્નને અનાવશ્યક લેખીને ઉડાવી દીધો છે, તેમને દીર્ઘકાળ સુધી અંધારામાં જ સબડવું પડયું છે. એટલે જ અમારો અનુરોધ છે કે સુજ્ઞ મનુષ્યે આ પ્રશ્નનું મહત્ત્વ સમજી તેનો યોગ્ય ઉત્તર મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

અમે સાર્થકતા અને નિરર્થકતા શબ્દથી શું કહેવા ઇચ્છીએ છીએ, તે પણ સ્પષ્ટ કરી લઈએ. ખેતર ખેડીએ અને તેમાં ખૂબ અનાજ પાકે તથા ઘરભેળું થાય તો મહેનત સાર્થક ગણાય અને કંઈ ન પાકે અથવા પાકયા છતાં ઢોર-ઢાંખર ચરી જાય કે ચોરચખાર લૂંટી જાય તો મહેનત નિરર્થક ગણાય. અથવા વેપાર કરીએ અને ઘણો લાભ થાય તો મહેનત સાર્થક ગણાય અને કંઈ લાભ ન થાય કે ખોટ ખમવી પડે તો એ નિરર્થક ગણાય. બસ, આટલી વસ્તુ

લક્ષ્યમાં રાખીને મનુષ્યજીવનની સાર્થકતા-નિરર્થકતાનો નિર્ણય કરવાનો છે.

આજે આપણા દેશમાં ધર્મનિરપેક્ષ રાજ્યની રચના થયેલી છે અને તે અનુસાર તેનો કારભાર ચાલે છે, પણ તેનું પરિણામ એ આવ્યું છે કે લોકોની ધર્મ પરત્વેની શ્રદ્ધા ડગમગી ગઈ છે. ઘણાએ તો ધર્મ એ કોઈ આવશ્યક વસ્તુ નથી એમ માનીને જ ચાલવા માંડ્યું છે. તેના ફલ સ્વરૂપે નીતિવિહીનતા, ભ્રષ્ટાચાર, લાંચ, રૂશ્વત આદિ મોટા પ્રમાણમાં વ્યાપી ગયાં છે અને તે અનેક પ્રકારની હાડમારીઓને જન્મ આપી રહ્યાં છે. આ સ્થિતિમાંથી દેશનો ઉદ્ધાર ત્યારે જ થશે કે જ્યારે લોકો પોતાનો ધર્મ સમજી તેનું બરાબર પાલન કરવા તત્પર થશે.

અહીં એ પણ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે દરેક ધર્મે નીતિ, સંયમ, સદાચાર, આદિ પર ભાર મૂકેલો છે, એટલે તેનું પાલન કરતાં મનુષ્ય નીતિમાન, સંયમી તથા સદાચારી થાય છે અને આવા મનુષ્યો જ પોતાનું તથા પરનું કલ્યાણ કરી શકે છે.

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં અમે એટલું જણાવીશું કે મનુષ્યજીવન અતિ કિંમતી જીવન છે, તે વારંવાર મળતું નથી, એટલે તેનો બને તેટલો સદુપયોગ કરવો જોઈએ અને મંત્રસાધન દ્વારા એવી શક્તિ મેળવવી જોઈએ કે જેનો વિનિયોગ કરતાં સમાજ, દેશ તથા સમસ્ત માનવજાતિનું કલ્યાણ થાય તથા પોતાનો આ ભવ અને પરભવ બંને સુધરવા પામે.

[૧૭]

## સાધનાસ્થલ

મંત્રયોગની સિદ્ધિ કરનારાં અનેક અંગ-પ્રત્યંગો છે, પણ તેમાં નીચેનાં અંગો મુખ્ય છે:

(૧) શુદ્ધિ, (૨) આસન, (૩) પંચાંગસેવન, (૪) આચાર, (૫) ધારણા, (૬) દિવ્યદેશસેવન, (૭) પ્રાણાયામ, (૮) મુદ્રા, (૯) તર્પણ, (૧૦) હવન, (૧૧) બલિ, (૧૨) યોગ, (૧૩) જપ, (૧૪) ધ્યાન અને (૧૫) સમાધિ.

આમાં દિવ્યદેશસેવનનો જે નિર્દેષ છે, તે અહીં વિચારણીય છે. દિવ્યદેશ એટલે રમણીય પ્રદેશ, અથવા જ્યાં ઋષિ-મહર્ષિઓનાં તપોવનો આદિ આવેલાં હોય એવો પવિત્ર પ્રદેશ અથવા જ્યાં દેવોનાં દર્શન થતાં હોય કે જ્યાં દેવો આવીને વિવિધ પ્રકારની ક્રીડા કરતા હોય કે જ્યાં વસવાથી દિવ્યતાનો અનુભવ થતો હોય એવો વિશિષ્ટ પ્રદેશ.

અતિ પ્રાચીન કાલથી ભારતની ઉત્તરે આવેલો નગાધિરાજ હિમાલય આ કોટિનો પ્રદેશ ગણાયો છે અને તેથી

જ અસંખ્ય સાધકોએ યોગસાધન માટે તેનો આશ્રય લીધો છે. આજે પણ એ પ્રદેશમાં અનેક યોગીઓ વસે છે કે જેમાંના કેટલાકની ઉંમર ત્રણસોથી ચારસો વર્ષની છે. એક પરદેશી પ્રવાસીએ હિમાલયનું વર્ષો સુધી પરિભ્રમણ કર્યા બાદ કેટલાક યોગીઓનો સંપર્ક સાધ્યો હતો અને તેમાં આ વસ્તુ જાણવામાં આવી હતી.

આધુનિક યુગના મહામાંત્રિક **શ્રી ગોપાલસ્વામી** કે જેમણે મંત્રના અનેક ચમત્કારો ભારતના પાટનગર દિલ્હીમાં લોકસભાના સભ્યોની સમક્ષ, તેમજ અન્ય શહેરોમાં બતાવ્યા હતા, તેમનું સાધનાસ્થલ પણ આ જ હિમાલયની ગોદમાં આલ્મોડાથી અમુક માઇલોના અંતરે આવેલું હતું.

તીર્થક્ષેત્રો પણ અમુક અંશે દિવ્ય દેશની ગણનામાં આવે છે, તેથી ઘણા મંત્રસાધકો કાશી, કુરુક્ષેત્ર, પ્રયાગ, પુષ્કર, દ્વારિકા આદિ વિવિધ તીર્થક્ષેત્રોમાં જાય છે અને ત્યાં અનુકૂળ સ્થાન શોધી મંત્રસાધના કરે છે. જૈનધર્મમાં શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા, સમેતશિખર, આદિ આવાં સ્થાનો મનાયેલાં છે અને ત્યાં રહીને અનેક મહાપુરુષોએ મંત્રસિદ્ધિ કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આજ રીતે બૌદ્ધ ધર્મમાં પણ કેટલાક સ્થાનો સિદ્ધિપદ મનાયાં હતાં અને ત્યાં જઇને બૌદ્ધ તાંત્રિકોએ મહાન સિદ્ધિઓ મેળવી હતી, એ હકીકત ઇતિહાસ પરથી જાણી શકાય છે.

તાંત્રિક યુગમાં દેવીપૂજાનો વધારે વિસ્તાર થયો ત્યારે

દેવીપીઠોને એ જ મહત્ત્વ પ્રાપ્ત થયું અને તેમાં કામાખ્યા પીઠની પ્રતિષ્ઠા ખૂબ જ વધી.

કુલાર્ણવતંત્રમાં કહ્યું છે કે—

कामाख्याया महायोनौ पूजां ज कृतान् सकृद् ।
स चेह लभते कामान् परत्र शिवरूपधृक् ॥

'જે મનુષ્ય કામાખ્યા દેવીના સ્થાનમાં* એક વખત જપ-પૂજાદિ કરે છે, તે આ લોકમાં સર્વ પ્રકારના ઇષ્ટફલની પ્રાપ્તિ કરીને પરજન્મમાં શિવત્વ પ્રાપ્ત કરે છે.'

કામરૂ દેશ અંગે આપણે ત્યાં જે કિંવદન્તીઓ પ્રસિદ્ધ છે, તે પરથી જણાય છે કે એક વખત એ દેશમાં અનેક મંત્રસિદ્ધ વ્યક્તિઓ વસતી હશે અને તેમણે મંત્રશક્તિનો ઘણો જ વિકાસ કર્યો હશે,

તાત્પર્ય કે મંત્રસાધના માટે અમુક સ્થળે જઈએ તો જ ઇષ્ટસિદ્ધિ થાય છે, એવો ખ્યાલ આપણે ત્યાં ઘણા પ્રાચીન કાલથી પ્રચલિત હતો અને તેમાં ઘણું તથ્ય હતું.

પવિત્ર-અપવિત્ર સ્થાનના લાભાલાભ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો સ્થાન પવિત્ર-સ્વચ્છ હોય તો ચિત્ત પ્રસન્ન થાય છે અને ત્યાં બેસવાનું તથા સ્થિર થવાનું મન થાય છે. તે જ રીતે સ્થાન અપવિત્ર-અસ્વચ્છ હોય તો મનમાં એક પ્રકારની જુગુપ્સા કે ઘૃણા પેદા થાય છે અને ત્યાંથી

* આ સ્થાન આસામના ગૌહત્તી શહેરથી થોડે દૂર એક પર્વત પર આવેલું છે.

તરત ચાલ્યા જવાનું મન થાય છે, તેથી મંત્રસાધનાનું સ્થાન પવિત્ર તથા સ્વચ્છ હોવું જોઇએ, એ નિર્વિવાદ હકીકત છે.

યોગસંહિતામાં કહ્યું છે કે—

गोशाला वै गुरोर्गेहं देवायतनकाननम् ।
पुण्यक्षेत्रं नदीतीरं, सदा पूतं प्रकीर्तितम् ॥

'ગોશાલા, ગુરુનું ઘર, દેવાલય, વનપ્રદેશ, તીર્થભૂમિ અને નદીનો કિનારો સદા પવિત્ર કહેલા છે.' તાત્પર્ય કે આ બધાંની ગણના પવિત્ર સ્થાનમાં થતી હોવાથી મંત્ર-સાધકે તેને પસંદગી આપવા જેવી છે.

પ્રથમ આપણા દેશમાં ગાયનું પાલન-પોષણ ઘણી સારી રીતે થતું અને તેથી સ્થળે સ્થળે સ્વચ્છ સુંદર ગોશાળાઓ હતી. ત્યાં જવાથી સાધકને વારંવાર ગાયમાતાનાં દર્શન થતાં, તેને સ્પર્શ કરવાનો અવસર મળતો અને પવિત્રતાનો અનુભવ થતો. પરંતુ કાલબળે પરિસ્થિતિમાં પરિવર્તન થયું અને ઘણા લોકોએ ગાયોને પાળવા-પોષવાનું છોડી દીધું. પરિણામે ગોશાળાઓની સંખ્યા ઘટી ગઈ અને સ્વચ્છ સુંદર ગોશાળાનાં દર્શન દુર્લભ થઈ પડ્યાં. આજે ગોશાળાનું જે ચિત્ર આપણી સમક્ષ છે, તે જોતાં મંત્રસાધના માટે ત્યાં જવાનું દિલ થાય તેમ નથી. સંભવ છે કે વર્તમાન કાલે ગોપાલન અંગે જે પ્રવૃત્તિઓ જોર પકડી રહી છે, તેના પરિણામે ભારતવર્ષમાં સ્થળે-સ્થળે, ગામે-ગામે સ્વચ્છ સુંદર ગોશાળાઓ સ્થપાય અને ફરી તે મંત્રસાધના માટે પસંદગી પામે.

ગુરુનું ઘર મંત્રસાધના માટે એ કારણે પસંદ કરવા યોગ્ય છે કે ત્યાંનું વાતાવરણ મંત્રસાધનાને વધારે અનુકૂળ હોય છે અને તેમના માર્ગદર્શનનો લાભ જ્યારે જોઈએ ત્યારે મળી શકે છે. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે જ્યાં મંત્રદાતા ગુરુ ત્યાગી વર્ગના હોય છે, ત્યાં તેમને પોતાનું ઘર હોતું નથી, પણ તેઓ આશ્રમ, ઉપાશ્રય, વિહાર, કે ઉદ્યાન આદિ જે સ્થાનમાં રહેલા હોય ત્યાં જઈને મંત્રસાધક તેમની નિશ્રા મેળવી શકે છે અને તેમના માર્ગદર્શનનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

દેવમંદિરો સામાન્ય રીતે પવિત્ર જ હોય છે, એટલે તેનો એક ભાગ પસંદ કરી ત્યાં મંત્રજપ માટે બેસી શકાય છે અને સાધનામાં આગળ વધી શકાય છે.

વનપ્રદેશ તેની સ્વાભાવિક રમણીયતા અને શાંત વાતાવરણના કારણે મંત્રસાધનાને યોગ્ય મનાયો છે. અનેક સાધુસંતોએ તેનો આશ્રય લઈને મંત્રસિદ્ધિ કર્યાના દાખલા શાસ્ત્રો તથા સાહિત્યમાં નોંધાએલા છે.

તીર્થભૂમિ માટે ઉપર કહેવાઈ ગયું છે.

નદીનો કિનારો એટલા માટે પવિત્ર અને સાધનાને યોગ્ય ગણાયો છે કે ત્યાં મોટા ભાગે વૃક્ષોની સુંદર ઘટા કે હરિયાળાં ખેતરો આવેલાં હોય છે, ત્યાંનું હવામાન ખુશનુમા હોય છે અને ત્યાંથી જલપ્રવાહનાં સતત દર્શન થઈ શકે છે કે જે ચિત્તને આહ્લાદ પમાડનારાં હોય છે.

**તંત્રસારમાં** આ સ્થાનો ઉપરાંત બીજાં પણ કેટલાંક સ્થાનોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેમકે—

धात्री–बिल्वसमीपे च पर्वताग्रे गुहासु च ।
गंगायास्तु तटे वापि कोटिकोटिगुणं भवेत् ॥

'જો ધાવડી કે બીલીના વૃક્ષ પાસે બેસીને અથવા પર્વતના શિખર પર જઇને, અથવા કોઈ ગુફામાં વસીને કે ગંગા નદીના તટે જઇને મંત્રસાધના કરવામાં આવે તો કોટિકોટિગણું ફલ પ્રાપ્ત થાય છે.' તાત્પર્ય કે ઉપરનાં સ્થાનો કરતાં પણ આ સ્થાનો વધારે પસંદ કરવા યોગ્ય છે.

અહીં ધાવડી કે બીલીના વૃક્ષ પાસે બેસીને મંત્રસાધના કરવાનો જે ઉલ્લેખ છે, તે અમારી સમજ પ્રમાણે પંચવટીનો નિર્દેશ કરે છે. **સ્કંદપુરાણમાં** કહ્યું છે કે પીંપળો, બીલી, વડ, ધાવડી અને અશોક એ પાંચના સમૂહને પંચવટી કહેવાય છે અને તેની પાંચ દિશામાં સ્થાપના કરવી.*

**યોગસંહિતામાં** 'पञ्चशाखायुतो देशोस्तथा सिद्धि-प्रदायकः' એ વચનો વડે એમ સૂચિત કરવામાં આવ્યું છે. જો કે મંત્રસાધક પંચવટી બનાવીને અર્થાત્ તેમાં વસીને મંત્રસાધના કરે તો તે સિદ્ધિ આપનારી થાય છે.×

---

* अश्वत्थो बिल्ववृक्षश्च वटो धात्री ह्यशोकक: ।
वटीपञ्चकमित्युक्तं स्थापयेत् पञ्चदिक्षु च ॥

× વૃક્ષોની પસંદગી કામ્યકર્મના ભેદથી અનેક પ્રકારે થાય છે. જેમકે ગંધર્વરાજનો મંત્રજપ કરવો હોય તો કદલી વૃક્ષ એટલે કેળની સમીપે થાય છે, લક્ષ્મીનો મંત્રજપ કરવો હોય તો બિલીના વૃક્ષની નિકટ થાય છે, વગેરે.

શ્રી ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતાએ દેવી ઉપાસનાના ઓગણીસમા અધ્યાયમાં પંચવટી અંગે વિવેચન કરતાં કહ્યું છે કે 'કોઈપણ પવિત્ર, એકાંત સ્થાનમાં પંચવટી બનાવવી જોઇએ. ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવના દક્ષિણેશ્વર સ્થાનના વિશાળ બગીચામાં અમે પંચવટી સ્થાનનાં દર્શન કર્યાં છે. પરમહંસદેવ એ એકાંત સ્થાનમાં બેસીને જ જગદંબાની ઉપાસના કરતા હતા અને તે જ સ્થળે તેઓશ્રીને સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થયાનું કહેવાય છે.

પવિત્ર ગંગાને કિનારે દક્ષિણેશ્વરનું સ્થાન છે, ત્યાં દક્ષિણ કાલિકાનું પીઠસ્થાન છે. માટે જ કોઈ પવિત્ર નદીના કિનારે અથવા અન્ય કોઈ પવિત્ર સ્થાનમાં પંચવટી સ્થાન બનાવવું જોઇએ. એકાંતમાં નિવાસ કરી શાંત અને પવિત્ર ચિત્ત થયા સિવાય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

પંચવટી સ્થાન બનાવવા માટે ચાર સમચોરસ હાથ જેટલું સ્થાન પસંદ કરી તેને એક ખૂણે બિલ્વ (બિલીનું વૃક્ષ), બીજા ખૂણે શેફાલિકા અથવા અશોક, ત્રીજે ખૂણે નિમ્બ (લીમડો), ચોથે ખૂણે પીંપળો અથવા વડવૃક્ષ અને મધ્ય ભાગમાં આમળાનું વૃક્ષ રોપવું. એ સ્થાનની ચારે દિશામાં લાલજવા પુષ્પની વાડ કરવી, તેની બાજુમાં માધ્વી કિંવા કૃષ્ણઅપરાજિતા લતા વેષ્ટિત કરવી. પંચવટીનું મધ્ય સ્થાન જુદાં જુદાં પવિત્ર તીર્થસ્થાનની રેતી અથવા ધૂળ દ્વારા શુદ્ધ કરી લેવું જોઇએ.

પંચવટીનું સ્થાન—આસન કોઈ મંત્રસિદ્ધ મહાત્માં દ્વારા વિશુદ્ધ બનાવી લેવાથી વિશેષ સરળતા થાય છે. સાધકો-

દેવી ઉપાસકોએ પોતપોતાની સગવડ પ્રમાણે પંચવટી–સ્થાન તૈયાર કરવું જોઈએ અને તેની મધ્યમાં તાંત્રિક વિધિ અનુસાર એક ચક્ર–એટલે મંડળ બનાવી તેના ઉપર બેસી સિદ્ધિ પ્રાપ્ત કરવા–ઈષ્ટ દેવદેવીનાં દર્શન કરવા મંત્રજપ કરવા જોઈએ.'

પર્વતનો શિખરપ્રદેશ સામાન્ય રીતે જનસંસર્ગથી રહિત હોય છે અને ત્યાંનું વાયુમંડળ શુદ્ધ–સ્વચ્છ હોય છે, તેથી તે મંત્રસાધના માટે અનુકૂળ મનાયો છે. અમે આબૂ પર્વત પર આવેલા ગુરુશિખરનાં પ્રથમ દર્શન કર્યાં, ત્યારે તેનો પ્રભાવ અમારા મન પર ખૂબ ઊંડો પડ્યો હતો અને અહીં બેસીને કલાકો સુધી ધ્યાન ધરીએ, એવી ભાવના પ્રકટ થઈ હતી. એ જ રીતે કાશ્મીરના પ્રવાસમાં પણ પર્વતના શિખરપ્રદેશની ભવ્યતા અમારા મનમાં અંકિત થઈ હતી. 'મરી હીલ'ના મથાળે જે કલાકો ગાળેલા, તેની સ્મૃતિ આજે ૩૭ વર્ષ પછી પણ તેવીને તેવી તાજી જ છે, તેમજ એક પર્વતના મથાળે એકાંત પ્રદેશમાં આવેલા માર્તંડ મંદિરના ભગ્નાવશેષો જોવા ગયેલા, ત્યારે ત્યાં કલાકો સુધી બેસી રહેલા અને અજબ પ્રકારનું સંવેદન અનુભવેલું, તે પણ સ્મૃતિપટમાંથી ભૂંસાયું નથી.

ગુફાઓમાં એકાંત હોય છે અને ગરમીની ઋતુમાં ઠંડી તથા શિયાળાની ઋતુમાં ગરમી હોય છે, તેથી મંત્રસાધકો માટે ગુફાની હિમાયત કરવામાં આવી છે. અહીં એટલી નોંધ કરવી ઉચિત ગણાશે કે જેણે નિર્ભયતા પૂરેપૂરી કેળવી હોય તે જ એકાંત અંધારી ગુફામાં રહીને મંત્રસાધના કરી શકે છે. કેટલીક ગુફાઓમાં પ્રકાશની વ્યવસ્થા હોય છે,

પણ તે માટે બનાવેલાં બાકોરાં ઘણી વખત સાપ–વીંછી વગેરેને આવવાનો માર્ગ પૂરો પાડે છે.

તંત્રગ્રંથોમાં શૂન્ય ઘર તથા સ્મશાન આદિમાં પણ મંત્રસાધના કરવાના નિર્દેશો આવે છે. ખાસ કરીને મલિન મંત્રસાધના માટે સ્મશાનને વધારે પસંદગી આપવામાં આવે છે, પણ જેને સાત્ત્વિક સાધના કરવી છે, તેમને માટે તો ઉપરનાં સ્થાનો જ પસંદ કરવા લાયક છે.

અહીં અમે એટલી સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે અન્ય સ્થાને જવાનું એક યા બીજા કારણે અનુકૂળ ન હોય તો પોતાના નિવાસસ્થાનમાં એક ઓરડો કે ઓરડાનો ભાગ જુદો કાઢીને ત્યાં પણ ગુરુદત્ત મંત્રનો જપ કરી શકાય છે, પણ તેની શરત એટલી જ કે તે ભાગને જળથી શુદ્ધ કરેલો હોવો જોઈએ અથવા લીંપી–ગુંપીને સ્વચ્છ બનાવેલો હોવો જોઈએ અને ત્યાં રોજ ઘીનો દીવો તથા ધૂપ થતો હોવો જોઇએ.

વર્તમાનકાળે જીવન અતિ જટિલ બન્યું છે અને શહેરોમાં તો ઘણાખરાને એક કે બે ઓરડીઓમાં વસી જીવન નિર્ગમન કરવું પડે છે, એટલે આ સૂચનાને દેશ-કાલોચિત સમજી તેનો સ્વીકાર કરવાનો છે. અન્ય સ્થળે જવાના અભાવે મંત્રસાધનાનો વિચાર માંડી વાળીએ તેના કરતાં પોતાના સ્વચ્છ–શાંત સ્થાનમાં રહીને મંત્રસાધના કરવામાં કશું જ અઘટિત કે અયોગ્ય નથી. અમૃત તો ચાખીએ તેટલું મીઠું જ લાગે છે, એ રીતે શુદ્ધ ભાવથી જેટલી મંત્રોપાસના કરીએ તેટલી લાભપ્રદ નીવડે છે.

[ ૧૮ ]

## પૂજન–અર્ચન

અનુકૂળ સ્થાનને પ્રાપ્ત થયેલા સાધકે સ્વધર્માનુસાર નિત્યકર્મ કર્યા પછી ગુરુદત્ત મંત્રની સિદ્ધિ માટે મંત્રદેવતાનું પૂજન, ધ્યાન, જપ અને હોમ એ ચાર કર્મો કરવાનાં હોય છે. તે અંગે મંત્રવિશારદોએ કહ્યું છે કે :

पूजां ध्यानं जपं होमं, तस्मात् कर्मचतुष्टयम् ।
प्रत्यहं साधकः कुर्यात्, स्वयं चेत् सिद्धिमिच्छति ॥

'જો સાધક મંત્રસિદ્ધિને ઇચ્છતો હોય તો તેણે પૂજા, ધ્યાન, જપ અને હોમ એ ચાર કર્મ પ્રતિદિન સ્વયં કરવા જોઈએ.'

અહીં પ્રતિદિન અને સ્વયં એ બે શબ્દો વિશેષ વિચારણીય છે. મંત્રાનુષ્ઠાન શરુ કર્યું કે મંત્રદેવતાનું પૂજન નિત્ય–નિયમિત કરવું જોઈએ. તેમાં એક યા બીજા કારણે

ખાંચો પાડવો ન જોઈએ.× એમ કરવાથી પ્રવૃત્તિની ધારા તૂટે છે અને તેથી આપણા મનમાં જે પ્રકારની નિષ્ઠા બંધાવી જોઈએ, તે બંધાતી નથી. રોગનિવારણ માટે ઔષધનું સેવન કરવાનું હોય તે અમુક દિવસે કરીએ અને અમુક દિવસે ન કરીએ તો તેનું ધાર્યું પરિણામ આવે છે ખરું? અહીં પણ એમ જ સમજવું.

વળી આ પૂજન પોતાની જાતે જ કરવું જોઇએ. તે બીજા પાસે કરાવીએ તો ચાલે નહિ. જેમ બીજો ગોળ ખાય તેથી આપણું મુખ ગળ્યું થતું નથી, તેમ બીજો પૂજા કરે તેનો લાભ આપણને મળતો નથી. મૂળ વાત તો પૂજન વડે આપણા મન-હૃદય પર અમુક પ્રકારના સંસ્કારો પાડવાના છે, તે બીજા દ્વારા પૂજન થતાં કેમ પડી શકે? મંત્રદેવતાનું પૂજન સામાન્ય રીતે તેમની શાસ્ત્રોક્ત પ્રમાણપુરસ્સર મૂર્તિ બનાવીને કરવામાં આવે છે. આવી મૂર્તિ પત્થર, ધાતુ, કાષ્ઠ આદિની બનાવી શકાય છે.

કેટલાક કહે છે કે અમને મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી, એટલે કે દેવ-દેવતાની મૂર્તિનું સ્થાપન કરીને તેનું પૂજન-અર્ચન કરતાં કંઈ લાભ થાય એવું અમે માનતા નથી. અમે તો તેમનું સીધું સ્મરણ કરવામાં માનીએ છીએ.

---

× શાંતિ, પુષ્ટિ આદિ કાર્યોમાં જો જન્મ-મરણ સંબંધી અશૌચ આવી જાય તો પ્રતિનિધિ દ્વારા આ કાર્ય કરાવી લેવાનો શાસ્ત્રકારોએ આદેશ આપેલો છે. એ જ રીતે સાધક અશક્ત કે રોગગ્રસ્ત થઇ જાય તો પણ નિરંતરતાને માટે પ્રતિનિધિ દ્વારા કામ લઈ શકાય છે.

પરંતુ આ કથન વ્યાજબી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો ભ્રાંત છે. જેમ માતા-પિતાનો ફોટો કે દેશનેતા વગેરે પ્રસિદ્ધ પુરુષોનાં બાવલાં તેમનું સ્મરણ કરાવે છે અને તેમના ગુણોની યાદ તાજી કરાવે છે, તેમ મંત્રદેવતાની મૂર્તિ દિવ્યતાનું સ્મરણ કરાવે છે અને તેમના ગુણોની યાદ તાજી કરાવે છે. સામાન્ય રીતે સ્થૂલ વસ્તુનો બોધ ઝડપથી થાય છે અને સૂક્ષ્મ વસ્તુનો બોધ ધીમેથી થાય છે, એ દૃષ્ટિએ પણ મૂર્તિપૂજા મહત્ત્વની છે. આ દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને જ મહાપુરુષોએ ઉપાસના માટે મૂર્તિપૂજાનું વિધાન કરેલું છે.

એક વિચારકે કહ્યું છે કે 'અંગ્રેજી ઉચ્ચ વિદ્યા પ્રાપ્ત કરનાર ઘણા આર્યબંધુઓ દેવ-દેવીની ઉપાસના કરવાથી વિરુદ્ધ જોવામાં આવે છે. તેઓ મૂર્તિપૂજા, મૂર્તિદર્શન અને મૂર્તિભક્તિને નિરર્થક સમજે છે અને એ પ્રમાણે મૂર્તિપૂજા કરનારની નિંદા કરે છે, પરંતુ તેમને આર્ય ઋષિ-મુનિઓએ રચેલાં શાસ્ત્રોનું જ્ઞાન નથી. તેઓ કદાચ ગીતાના બે-ચાર શ્લોક કે અધ્યાય વાંચવામાં જ સર્વશાસ્ત્રોનો સાર સમજ્યા હશે, પરંતુ સત્ય વસ્તુ એમ નથી. અનેક વર્ષ પર્યંત પવિત્ર ગંગા નદીને કિનારે પર્ણકુટીઓમાં નિવાસ કરી, વિવિધ પ્રકારમાં પકવાનોને બદલે માત્ર વન-જંગલના ક્ષુદ્ર સાત્ત્વિક કંદ-મૂળ-ફૂલનો આહાર કરી તપશ્ચર્યા કરનાર, ભગવત્ નામમાં જ આયુષ્ય વ્યતીત કરનાર, દીર્ઘદર્શી, ત્રિકાલજ્ઞાની ઋષિ-મુનિઓએ જે સત્ય જોયું છે, જે સત્ય જાણ્યું છે અને જે સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, તે જ સત્ય તેમણે શાસ્ત્રગ્રંથોમાં વર્ણવ્યું છે. એ ઋષિ-મુનિઓ જેવી

તપશ્ચર્યા કર્યા વિના, તેમના જેવી ત્રિકાલજ્ઞ બુદ્ધિ–શક્તિ પ્રાપ્ત કર્યા વિના જે અંગ્રેજી શિક્ષિત વિદ્વાનો દેવ–દેવીની તેમજ શાસ્ત્રનો ઊંડો અભ્યાસ અને સત્યનો અનુભવ કર્યા વિના તથા મૂર્તિપૂજાની નિંદા કરે છે, તે વાસ્તવમાં અજ્ઞાની અને અયોગ્ય છે.'

એક વિચારકે વિશેષમાં કહ્યું છે કે 'બાળકને જેમ તેના માતા–પિતા પ્રથમ માટી કે લાકડાના ગાય, ઘોડા, હાથી, મોર, ચકલી આદિ બતાવી તે સંબંધી જ્ઞાન આપે છે અને મોટી વય થતાં તે બાળક તે પશુ–પક્ષીને જોતાં જ બરાબર ઓળખી કાઢે છે, તેમ મૂર્તિપૂજા અને ઉપાસના એ સંસારી જીવો માટે પગથિયારૂપ છે. ક્રમે ક્રમે તે જ ઉપાસના, પૂજન–અર્ચન કરતાં સાધકને ઉચ્ચ પ્રકારનું જ્ઞાન થાય છે અને અંતે તે દેવ–દેવીનો સાક્ષાત્કાર કરે છે.'

મંત્રદેવતાનું અર્ચન યંત્ર બનાવીને અથવા કોઈ વસ્તુ-વિશેષ પર ધારણા કરવાથી પણ થઈ શકે છે, તે આગામી પૃષ્ઠોનું અવલોકન કરતાં સ્પષ્ટ સમજાશે.

પૂજન માટે પાંચ પ્રકારની શુદ્ધિ અપેક્ષિત છે. તે અંગે કુલાર્ણવતંત્રમાં કહ્યું છે કે :

आत्मास्थाने मन्त्रद्रव्ये देवशुद्धिस्तु पञ्चमी ।
यावन्न कुरुते देवि ! तस्य देवार्चनं कुतः ॥

'જે સાધક આત્મા, સ્થાન, મંત્ર, દ્રવ્ય અને દેવની શુદ્ધિ કરતો નથી, તેને હે દેવી ! દેવાર્ચન ક્યાંથી થાય ?'

તાત્પર્ય કે જેણે દેવતાનું પૂજન કરવું હોય તેણે આત્મ-શુદ્ધિ, સ્થાનશુદ્ધિ, મંત્રશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને દેવશુદ્ધિ એ પાંચ પ્રકારની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ.

**આત્મશુદ્ધિ** એટલે પોતાની જાતની શુદ્ધિ. તે માટે સ્નાન, ભૂતશુદ્ધિ, પ્રાણાયામ અને ન્યાસનું વિધાન છે.

સ્નાન સર્વાંગે કરવું જોઇએ, એટલે કે શરીરનો કોઈ ભાગ કોરો ન રહેવો જોઈએ. વળી તે વસ્ત્ર પહેરીને કરવું જોઇએ, એટલે કે નગ્ન થઇને સ્નાન કરવાનો નિષેધ છે. આ વખતે શરીર ચોળવા માટે મૃત્તિકા, ઉવટ્ટણ આદિનો ઉપયોગ થઈ શકે, પણ ચરબીવાળા સાબુઓનો ઉપયોગ કરવો ઇષ્ટ નથી. વળી આ પ્રકારનું સ્નાન કરતી વખતે ચોક્કસ મંત્ર બોલવો જોઇએ.

**ભૂતશુદ્ધિ** એટલે આપણા શરીરમાં રહેલાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશની શુદ્ધિ. અહીં પ્રશ્ન થશે કે આ 'આ પાંચ ભૂતો ક્યાં રહેલા છે?' એટલે જણાવવું જરૂરનું છે કે આપણા શરીરમાં હાડકાં તથા માંસપિંડમાં અમુક અંશે જે નક્કરતા દેખાય છે, તે પૃથ્વી-ભૂતને આભારી છે; લોહીમાં પ્રવાહીપણું દેખાય છે, તે જલ-ભૂતને આભારી છે. જઠરમાં તથા શરીરમાં જે ગરમી રહેલી છે, તે અગ્નિ-ભૂતને આભારી છે. પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન્ નામના જે પાંચ વાયુ છે, તે વાયુ-ભૂતને આભારી છે. અને અમુક ભાગમાં જે પોલાણ છે, તે આકાશ-ભૂતને આભારી છે. આ પંચ ભૂતને પાંચ તત્ત્વ પણ કહેવામાં આવે છે.

આ પાંચ ભૂતોની શુદ્ધિ માટે મંત્રબીજોનું અમુક વખત ઉચ્ચારણ કરવામાં આવે છે. તેમાં પ્રથમ यं બીજ વડે વાયુની, પછી रं બીજ વડે અગ્નિની, પછી वं બીજ વડે વરુણ એટલે જલની, પછી लं બીજ વડે પૃથ્વીની અને છેવટે 'ૐ ह्रीँ क्रोँ हंसः सोऽहं' મંત્ર બોલીને આકાશની શુદ્ધિ કરવામાં આવે છે.

**પ્રાણાયામ**ની ક્રિયા પ્રસિદ્ધ છે. તેનાથી નાડીઓની શુદ્ધિ થાય છે અને શરીર તથા મન સ્વસ્થ રહે છે.

**ન્યાસ** એટલે મંત્રબીજોની શરીરના જુદા જુદા ભાગોમાં સ્થાપના. તેના મુખ્યત્વે બે પ્રકારો છે: (૧) કરન્યાસ અને (૨) ષડંગન્યાસ. તેમાં હાથની આંગળીઓના ટેરવા પર જુદાં જુદાં મંત્રબીજોની સ્થાપના કરવી, તેમજ કરતલ અને કરપૃષ્ઠને મંત્રબીજોથી વાસિત કરવા તેને **કરન્યાસ** કહેવામાં આવે છે, તથા હૃદય, શિર, શિખા, કવચ (હાથનો મધ્ય ભાગ) અને નેત્રત્રય (બે આંખો તથા કપાળનો મધ્ય ભાગ કે જ્યાં ત્રીજું જ્ઞાનનેત્ર હોય છે) પર અનુક્રમે नमः, स्वाहा, वषट्, हूँ તથા वौषट् બીજની સ્થાપના કરવી તથા अस्त्राय फट् કહીને તાલી બજાવવી એ ષડંગન્યાસ કહેવાય છે. ×

× શરીરના વિભિન્ન અંગો પર ન્યાસ કરવાના અનેક પ્રકારો પ્રાપ્ત થાય છે. જેમાં આઠ ખંડ ન્યાસ, ષટ્ચક્ર ન્યાસ, દશાંગન્યાસ; પાંદાદિબ્રહ્મરંધ્રાંત સર્વાંગન્યાસ આદિ શ્રી વિદ્યાની ઉપાસનામાં નિર્દિષ્ટ લઘુષોઢાન્યાસ તથા મહાષોઢાન્યાસ દ્વારા વિશેષ પ્રકારે સમજવા યોગ્ય છે.

આ રીતે શરીરના જુદા જુદા ભાગો પર મંત્રબીજોની સ્થાપના કરવાનો અર્થ એ છે કે હવે આ શરીર મંત્રમય બન્યું છે અને મંત્રદેવતાનું પૂજન કરવાને યોગ્ય છે.

મંત્રવિશારદોએ બીજા અનેક પ્રકારના ન્યાસોનું વિધાન કરેલું છે, તે મંત્રસાધનાના પ્રકાર અનુસાર વિશિષ્ઠ પ્રસંગોએ કરવાનું છે.

આત્મશુદ્ધિનો આ અધિકાર આપણને એમ માનવા પ્રેરે છે કે મંત્રવિશારદોએ પ્રકૃતિના ગૂઢ તત્ત્વોનું ઊંડું અધ્યયન કર્યું હતું અને તેનો મંત્ર-સિદ્ધિ અર્થે ઉપયોગ કર્યો હતો. આ સંયોગોમાં તેમણે બતાવેલી પ્રક્રિયાઓને કે, તેમણે પ્રબોધેલા શાસ્ત્રને ઉચ્ચ કોટિનું વિજ્ઞાન જ કહેવું ઘટે.

પૂજન માટે નિયત થયેલા સ્થાનને વાળીને સાફ કરવું, તેમાં જળનો છંટકાવ કરવો કે તેને ગાયના છાણથી લીંપીને શુદ્ધ બનાવવું, તે **સ્થાનશુદ્ધિ** કહેવાય છે. અથવા તે સ્થાનમાં હાડકાં, લોખંડના ખીલા કે જંતુઓનાં મૃત કલેવર પડયાં હોય તે દૂર કરવા એ સ્થાનશુદ્ધિ કહેવાય છે. વિશિષ્ઠ મંત્રાનુષ્ઠાનોમાં તો એક હાથ સુધીની જમીન ખોદી તેમાં શુદ્ધ માટી નાખવામાં આવે છે. પૂજા તથા મંત્રસાધનાને અનુકૂળ સ્થાનની પસંદગી કરવી, એ પણ સ્થાનશુદ્ધિ છે. ગત પ્રકરણમાં તેનો વિચાર વિસ્તારથી કરવામાં આવ્યો છે.

સ્થાનની વિશેષ શુદ્ધિ માટે શાક્ત આદિ સંપ્રદાયોમાં નીચેનો મંત્ર બોલવામાં આવે છે:

अपक्रामन्तु भूतानि पिशाचाः सर्वतो दिशम् ।
सर्वेषामविरोधेन पूजाकर्म समारंभे ॥

'સર્વ દિશાઓમાંથી ભૂત, પિશાચ વગેરે ચાલ્યા જાઓ. તે બધાના અવિરોધથી હું પૂજાકર્મનો આરંભ કરું છું.'

કેટલાક એમ પણ બોલે છે કે:—

अपसर्पन्तु ते भूता, ये भूता भूमिसंस्थिताः ।
ये भूता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥

'જે ભૂત-પ્રેતો આ ભૂમિ પર રહેલા હોય, તે દૂર થાઓ. જે ભૂત-પ્રેતો વિઘ્નકર્તા હોય, તે શિવની આજ્ઞાથી નષ્ટ થાઓ.'

અકારાદિ માતૃકાવર્ણથી મંત્રાક્ષરોને ગ્રથિત કરવા તથા ક્રમ-ઉત્ક્રમથી તેની બે વાર આવૃત્તિ કરવી, તેને **મંત્ર-શુદ્ધિ** કહેવાય છે.

પૂજાની સામગ્રી ઉત્તમોત્તમ લાવવી, તે **દ્રવ્યશુદ્ધિ** કહેવાય છે.

દાખલા તરીકે પુષ્પો લાવીએ તે તાજાં અને સુગંધવાળાં જોઈએ. તેમાં કરમાયેલાં કે સડેલાં ચાલે નહિ. ગંધ માટે કસ્તૂરી, બરાસ આદિ જે લાવીએ, તે પણ ઉત્તમ કોટિના હોવા જોઈએ. નૈવેદ્યની સામગ્રી પણ નાહીધોઈને સ્વચ્છ વસ્ત્ર પહેરીને કોઈ પણ વસ્તુ એોટચા વિના-ચાખ્યા વિના તૈયાર કરવી જોઈએ. તેમાં દૂધ-ઘી આદિ જે વપરાય, તે પણ ચોકખાં હોવા જોઈએ. 'આ તો ચાલશે.' એમ કહીને

કોઈ પણ હીન દ્રવ્ય વાપરવું તે મંત્રદેવતાનું અપમાન કર્યા બરાબર છે. આ દ્રવ્યોની 'अस्त्राय फट्' બોલીને તથા ધેનુમુદ્રાથી વિશેષ શુદ્ધિ કરવામાં આવે છે.

જે દેવતાનું મંત્રસાધન કરવાનું હોય, તેમને પધરાવવા માટે ખાસ પીઠ એટલે સિંહાસન જોઈએ. તેના પર અમુક મંત્ર બોલીને દેવતાની સ્થાપના કરવી તથા દીપ, ધૂપ, પ્રકટાવીને જળ વડે ત્રણ વાર પ્રોક્ષણ કરવું, તે **દેવશુદ્ધિ** કહેવાય છે.

પૂજન માટે વપરાતી વસ્તુઓને તાંત્રિક પરિભાષામાં ઉપચાર કહેવામાં આવે છે. **સનત્કુમારતંત્ર**માં કહ્યું છે કે 'ઇષ્ટદેવતાનું પૂજન પ્રતિદિન ષોડશ એટલે સોળ ઉપચાર વડે કરવું જોઈએ. જો તેમ ન બને તો દશ ઉપચાર વડે કરવું જોઈએ અને તેમ પણ ન બને તો છેવટે પંચોપચાર વડે કરવું જોઈએ.'

**મહાનિર્વાણતંત્ર**ના તેરમા ઉલ્લાસમાં આ સોળ ઉપચારોનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યાં છે:

आसनं स्वागतं पाद्यमर्घ्यमाचमनीयकम् ।
मधुपर्कस्तथाचम्यं स्नानीयं वस्त्रभूषणे ॥
गन्धपुष्पे धूपदीपौ नैवेद्यं चन्दनं तथा ।
देवार्चनासु निर्दिष्टा उपचाराश्च षोडश ॥

'(૧) આસન, (૨) સ્વાગત, (૩) પાદ્ય–પગ ધોવા માટેનું પાણી, (૪) અર્ઘ્ય–અક્ષત, પુષ્પ, દુર્વા અને ઘસેલું ચંદન, (૫) આચમન કરવા માટેનું પાણી, (૬) મધુપર્ક–

દહીં, ઘી, મધ, પાણી, તથા સાકર એકત્ર કરીને બનાવેલ વસ્તુવિશેષ, (૭) મુખપ્રક્ષાલન કરવા માટેનું પાણી, (૮) સ્નાન માટેનું પાણી, (૯) વસ્ત્ર, (૧૦) ભૂષણ, (૧૧) ગંધ, (૧૨) પુષ્પ, (૧૩) ધૂપ, (૧૪) દીપ, (૧૫) નૈવેદ્ય અને (૧૬) વંદના એ દેવાર્ચન અંગે સોળ ઉપચારો છે.'

દશ ઉપચારની ગણના નીચે મુજબ થાય છે:

पाद्यमर्घ्यमाचमनं मधुपर्काचमौ तथा ।
गन्धादिपञ्चकं चैतं उपचारा दश स्मृताः ॥

(૧) પાદ્ય, (૨) અર્ધ્ય, (૩) આચમન, (૪) મધુપર્ક, (૫) મુખપ્રક્ષાલન માટેનું પાણી તથા ગંધાદિપંચક એટલે (૬) ગંધ, (૭) પુષ્પ, (૮) ધૂપ, (૯) દીપ અને (૧૦) નૈવેદ્ય.

પંચોપચારની ગણના નીચે મુજબ થાય છે:

गन्धदीपे पुष्पधूपौ नैवेद्यं चापि कालिके ।
पञ्चोपचाराः कथिता देवतायाः प्रपूजने ॥

'હે કાલિકા! દેવતાના પૂજનમાં (૧) ગંધ, (૨) દીપ, (૩) પુષ્પ, (૪) ધૂપ અને (૫) નૈવેદ્ય એ પાંચ ઉપચારો કહેલા છે.'

શ્રી ભૈરવપદ્માવતીકલ્પમાં પંચોપચારની ગણના જુદી રીતે કરવામાં આવી છે. જેમ કે—

आह्वानं स्थापनं देव्याः सन्निधिकरणं तथा ।
पूजां विसर्जनं प्राहुर्बुधाः पञ्चोपचारकम् ॥

'(૧) આહ્‌વાન, (૨) સ્થાપન, (૩) સન્નિધીકરણ, (૪) પૂજા અને (૫) વિસર્જન, એને પંડિતપુરુષોએ પંચોપચાર: કહ્યા છે.

આ સિવાય રાજોપચારમાં ૬૦ કે તેથી પણ અધિક ઉપચારો કરવામાં આવે છે. શ્રી વિદ્યાના ઉપાસકો ચક્રપૂજામાં ૬૪ ઉપચારો કરે છે તથા અન્યત્ર ૧૦૮ ઉપચાર પણ થાય છે.

**મંત્રમહાર્ણવ, શૈવરત્નાકર** વગેરે ગ્રંથોમાં દરેક ઉપચારનાં વિશિષ્ટ ફલો દર્શાવવામાં આવ્યાં છે, તે વિસ્તાર-ભયથી અહીં જણાવતા નથી.

[ ૧૯ ]

## માનસપૂજાનું મહત્વ

મનની વૃત્તિઓ વડે પૂજા કરવી, તે માનસપૂજા કહેવાય છે. મનની વૃત્તિઓ સૂક્ષ્મ હોય છે અને તેનું પ્રવર્તન આપણા અંતરમાં એટલે શરીરની અંદરના ભાગમાં થાય છે, એટલે તેને અંતઃપૂજા પણ કહેવામાં આવે છે. જો પૂજાને એક પ્રકારનો યજ્ઞ કે યાગ ગણીએ તો માનસપૂજા એ અંતર્યજ્ઞ કે અંતર્યાગ છે. મંત્રદેવતાનો સાક્ષાત્કાર થવામાં આ માનસપૂજા, અંતઃપૂજા કે અંતર્યાગ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલે તેની વિચારણા અહીં પ્રસ્તુત છે.

અહીં કોઈ પાઠક પ્રશ્ન કરશે કે 'વિવિધ ઉપચારો વડે દેવતાનું પૂજન કર્યા પછી મનોવૃત્તિ વડે પૂજન કરવાની આવશ્યકતા શી?' તેનો ઉત્તર એ છે કે 'વિવિધ ઉપચારો વડે દેવતાનું પૂજન કરવાનો મૂળ આશય તો એ છે કે તેમના પ્રત્યે આપણો સદ્ભાવ વધે, તેમનો આપણા મનમાં પ્રવેશ થાય, તેમનું આપણને સતત સ્મરણ રહ્યા કરે અને તેમના સ્વરૂપની સાથે આપણે તદાકાર બની શકીએ. આ

પરિણામ માનસપૂજા વડે બહુ ઝડપથી લાવી શકાય છે, તેથી માનસપૂજાની ખાસ આવશ્યકતા છે.'

મંત્રવિશારદો કહે છે કે 'દૂધ સ્વભાવથી મધુર હોય છે, પરંતુ તેમાં સાકર, એલચી, બદામ વગેરે નાખવામાં આવે તો એ અતિ મધુર બને છે અને વિશેષ ગુણકારી થાય છે, તેમ વિવિધ ઉપચારો વડે થતી બાહ્યપૂજા લાભકારી છે, પણ તેમાં માનસપૂજા ભળે તો તે અનેકગણી લાભકારી થાય છે. તેથી બાહ્ય પૂજાની સાથે માનસપૂજા પણ અવશ્ય કરવી જોઈએ.

ભૂતશુદ્ધિતંત્રમાં કહ્યું છે કે—

अन्तःपूजा महेशानि बाह्यकोटिफलं लभेत् ।
सर्वपूजाफलं देवि प्राप्नोति साधकः प्रिये ॥

'હે પાર્વતી ! એક વાર કરાયેલી અંતઃપૂજા કોડ વાર બાહ્યપૂજા કરીએ તેટલું ફળ પ્રાપ્ત કરે છે. વળી હે દેવી ! હે પ્રિયે ! બાહ્યપૂજાના અધિકારે વિવિધ પ્રકારના ઉપચારો કરતાં જે જે ફલની પ્રાપ્તિ થાય છે, તે બધાં જ ફલો અંતઃપૂજા કરનાર સાધકને પ્રાપ્ત થાય છે.'

અન્યત્ર કહ્યું છે કે—

मनसापि महादेव्यै, नैवेद्यं दीयते यदि ।
यो नरो भक्तिसंयुक्तो दीर्घायुः स सुखी भवेत् ॥
माल्यं पद्मसहस्रस्य मनसा यः प्रयच्छति ।
कल्पकोटिसहस्राणि सार्वभौमो भवेत् क्षितौ ॥

मनसापि महादेव्यै यो भक्तया कुरुते नतिम् ।
सोऽपि लोकान् विनिर्जित्य देवलोके महीयते ॥

'જે મનુષ્ય-જે સાધક ભક્તિવાળો થઇને મહાદેવીને મન વડે નૈવેદ્ય સમર્પણ કરે છે, તે દીર્ઘ આયુષ્યવાળો તથા સુખી થાય છે.'

જે સાધક મનઃકલ્પિત સહસ્રપદ્મની માલા દેવતાને અર્પણ કરે છે, તે આ પૃથ્વી પર કોટિસહસ્ર કલ્પ સુધી સાર્વભૌમત્વ પ્રાપ્ત કરે છે.

જે ભક્તિ વડે મનોવૃત્તિ માત્રથી મહાદેવીને નમસ્કાર કરે છે, તે ત્રણેય લોકને જિતીને દેવલોકમાં પૂજાય છે.'

અહીં કોઈ એમ કહેતું હોય કે 'માનસપૂજા આટલી શ્રેષ્ઠ છે, તો માત્ર માનસપૂજા જ કરવી જોઈએ, પછી બાહ્યપૂજા કરવાનું પ્રયોજન શું ?' તો એ કથન બરાબર નથી. બાહ્યપૂજા કરતાં માનસપૂજા અનેક ગણી શ્રેષ્ઠ છે, એ એક હકીકત હોવા છતાં બાહ્ય પૂજાનું મહત્ત્વ ઓછું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો મંત્રસાધનામાં આગળ વધવાની તે ઉત્તમ સીડી છે. માળ પર પહોંચ્યા પછી સીડીની જરૂર રહેતી નથી, પણ માળ પર ચડવા માટે તો સીડીની જરૂર પડે જ છે. આ જ રીતે મંત્રસાધનામાં આગળ વધવું હોય તો પ્રાથમિક ભૂમિકા તરીકે બાહ્યપૂજા કરવી જોઈએ અને ઉચ્ચ ભૂમિકાએ ન પહોંચાય ત્યાં સુધી તે ચાલુ રાખવી જોઇએ. **વામકેશ્વરતંત્રમાં** કહ્યું છે કે—

बाह्यपूजा तु कर्तव्या, गुरुवाक्यानुसारतः ।
बहिः पूजा विधातव्या, यावज्ज्ञानं न जायते ॥

'મંત્રદાતા ગુરુના વચન અનુસાર બાહ્યપૂજા કરવી જોઈએ. વળી જ્યાં સુધી સાચું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ બાહ્યપૂજા ચાલુ રાખવી જોઈએ.'

અહીં એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે યોગીઓ, મુનિઓ વગેરે પોતાના અધિકાર મુજબ માત્ર માનસપૂજા કરે છે અને તેનાથી સિદ્ધિ મેળવે છે, પણ ગૃહસ્થ સાધકોએ તો બાહ્ય અને અંતઃ એમ બંને પ્રકારનું પૂજન કરવાનું છે.

માનસપૂજા કેમ કરવી ? તે અંગે અનેક પ્રકારનાં વિધાનો મળે છે, પણ તે બધાનો સાર એ છે કે આપણા હૃદયને આસન કલ્પી તેના પર મંત્રદેવતાની મંગલમય મૂર્તિને સ્થાપન કરવી અને બાહ્યપૂજામાં જે જે ઉપચારો કરીએ છીએ, તે બધા જ મનોવૃત્તિથી કરવા. એટલે કે દેવતાને સ્નાન કરાવવું, વસ્ત્ર પહેરાવવાં, આભૂષણો પહેરાવવાં અને ગંધ, પુષ્પ, ધૂપ, દીપ તથા નૈવેદ્ય આદિ અર્પણ કરવાં, તેમજ તે વખતે હર્ષનો રોમાંચ અનુભવવો.

કોઈ એમ માનતું હોય કે 'આ તો બહુ સારું ! વગર ખર્ચની આવી પૂજા તો ગમે તેટલો વખત કરી શકીએ,' તો એ માન્યતા સુધારવા જેવી છે. પ્રથમ તો માનસપૂજામાં કંઈ ખર્ચ નથી, માટે તે સારી છે, એમ માનવું બરાબર નથી. માનસપૂજામાં મનનું પરિવર્તન કરવાની ચમત્કારિક

શક્તિ રહેલી છે અને મંત્રવિશારદોએ તેની ખાસ ભલામણ કરેલી છે, માટે તે પસંદ કરવા લાયક છે. વળી આવી પૂજા અભ્યાસ વિના લાંબો વખત કરી શકાતી નથી. મન કુંજરના કાન જેવું કે ધજાની પૂંછડી જેવું ચંચળ છે અને તેની ધારા બદલાયા જ કરે છે, એટલે મનોવૃત્તિનો એક સરખો પ્રવાહ લાંબા વખત સુધી ચલાવી શકાતો નથી. જ્યારે દૃઢ અભ્યાસ થાય છે, ત્યારે એ ધારા કોઈ જાતના વિક્ષેપ વિના ચાલે છે અને તેનો પ્રભાવ મન તથા શરીર પર ઘણો ઊંડો પડે છે.

અહીં અમે પાઠકોને નીચેનો પ્રયોગ કરી જોવાની ભલામણ કરીએ છીએ. તમે ઈષ્ટ દેવતાને હૃદયના સિંહાસન પર બિરાજમાન કરો અને એક એક મંત્ર બોલી ભાવનારૂપી પુષ્પ ચડાવવા માંડો. આવાં ૧૦૦ પુષ્પો ચડાવતાં તમારા મનની ધારા એક સરખી રહે છે કે તૂટે છે? તેનું બરાબર નિરીક્ષણ કરો. સાચી હકીકત એ છે કે સ્થૂલ કરતાં સૂક્ષ્મની સાથે કામ લેવું અઘરૂં છે અને તેથી જ મનને જિતવાનું—એકાગ્ર કરવાનું કામ અતિ કઠિન મનાયું છે.

માનસપૂજાના મહત્ત્વ અંગે અહીં એક દાખલો રજૂ કરીશું. ગુલાબસિંહ નામનો એક દારોગો દેવીનો ભક્ત હતો અને રાત્રે દરબારગઢની ચોકી કરતી વખતે એક સ્થાને બેસીને દેવીની માનસપૂજા કર્યા કરતો. આ પરથી અન્ય લોકો તો એટલું જ સમજ્યા કે આ દારોગો બેસી રહે છે.

અને ફોગટનો પગાર ખાય છે. તેમણે આ વાત રાજાના કાને પહોંચાડી.

રાજાઓ સામાન્ય રીતે કાનના કાચા હોય છે અને આવી કોઈ વાત સાંભળે તો ઉશ્કેરાઈ જાય છે. પણ આ રાજા વિચારશીલ હતો અને ઉક્ત દારોગા માટે ઘણું માન ધરાવતો હતો, એટલે તેણે એ બાબતમાં જાતે તપાસ કરવાનું નક્કી કર્યું.

થોડા દિવસ બાદ મધ્યરાત્રિના સમયે રાજા પોતાના શયનાગારમાંથી બહાર નીકળ્યો અને ચુપચાપ દરબારગઢના દરવાજા નજીક આવીને ઊભો રહ્યો. હવે પેલો દારોગો પોતાના નિયત સ્થાને બેસીને સુવર્ણનો એક સુંદર કળશ કલ્પીને તેની જળધારા વડે મહાદેવીને મનથી અભિષેક કરી રહ્યો હતો. તેમાં તેની તલ્લીનતા એવી જામી હતી કે રાજા પાસે આવીને ઊભો રહ્યો છે, તેનો ખ્યાલ આવ્યો નહિ.

રાજાએ જોયું કે આ દારોગો ઊંઘતો ન હતો કે આળસુની જેમ બેસી રહ્યો ન હતો, પણ હાથમાં સોનાનો કળશ લઈને તેની જળધારા કરી રહ્યો હતો. આટલી મોડી રાત્રે આમ કરવાનું પ્રયોજન શું ? તેને સમજ ન પડી કે આ શું થઈ રહ્યું છે, એટલે તેણે દારોગાને નામથી બોલાવ્યો કે દારોગો સાવધ થઈ ગયો અને 'ખમ્મા બાપુને' કહી ઊભો થઈ ગયો. પણ એ જ વખતે તેના હાથમાંથી સોનાનો કળશ સરકી પડ્યો અને રાજાએ તેનો અવાજ સાંભળ્યો.

રાજાએ કહ્યું : 'ગુલાબસિંહ ! જરા પણ ગભરાઈશ નહિ. તું શું કરતો હતો ? તે મને સાચેસાચું કહી દે.' એટલે ગુલાબસિંહે કહ્યું : 'મહારાજ ! હું મહાદેવીની માનસપૂજા કરતો હતો. મહાદેવી આસન પર બિરાજ્યા હતા અને હું સુવર્ણનો કલશ કલ્પીને તેમાંથી વહેતી જલધારા વડે તેમને અભિષેક કરી રહ્યો હતો.'

રાજાએ કહ્યું : 'એ વાત હું માનું છું, પણ કલ્પિત સુવર્ણકલશ દેખાય ખરો કે તેનો અવાજ થાય ખરો ?'

ગુલાબસિંહ સમજી ગયો કે આ તો માતાજી વારે ધાયા અને હું જૂઠો ન પડું તે માટે તેમણે કલ્પિત વસ્તુઓને સાક્ષાત્ કરી બતાવી. તેણે નમ્રતાથી કહ્યું : 'મહારાજ ! અસત્ય બોલવાનું કંઈ પ્રયોજન નથી. હું ખરેખર કલ્પિત સુવર્ણકલશ વડે જ માતાજીને અભિષેક કરી રહ્યો હતો, બાકી આપે જે કંઈ જોયું કે સાંભળ્યું તે બધો એનો પ્રતાપ છે.'

રાજાએ તેની આ માનસપૂજાની ખૂબ જ પ્રશંસા કરી અને બીજા દિવસથી પગાર દોઢો કરી આપ્યો.

તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો મનના શુદ્ધ ભાવો એ માનસપૂજાના ભિન્ન ભિન્ન ઉપચારો છે અને તેનાથી દેવતાની પ્રસન્નતા થાય છે. મંત્રવિશારદોએ તેનું પણ વિસ્તારથી વર્ણન કરેલું છે.

[ ૨૦ ]

# ધ્યાન તથા સ્તોત્રાદિ

મંત્રસાધનનું બીજું દૈનિક કર્મ ધ્યાન છે અને તે પૂજાનો વિધિ પૂર્ણ થયા પછી તરત જ કરવાનું હોય છે. અહીં ધ્યાન શબ્દથી દેવતાના વર્ણ, ભૂષણ, આયુધ, વાહન આદિ સ્થૂલ સ્વરૂપનું ચિંતન સમજવાનું છે. તે અંગે ઘેરંડસંહિતામાં કહ્યું છે કે—

यस्य देवस्य यद्रूपं, यथाभूषणवाहनम् ।
तद्रूपं ध्यायते नित्यं, स्थूलध्यानमिदं विदुः ॥

'જે દેવનું જે રૂપ હોય અને તેના જે ભૂષણ, વાહન વગેરે હોય, તે રૂપનું નિત્ય ધ્યાન ધરવું. આ ધ્યાનને સ્થૂલ ધ્યાન જાણવું.'

આગળ જતાં મંત્રસાધકે દેવતાના સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન માત્ર ચિન્મય જ્યોતિરૂપે ધરવાનું હોય છે, તે અપેક્ષાએ અહીં સ્થૂલ શબ્દનો પ્રયોગ છે.

દરેક મંત્રના કલ્પ કે વિધિમાં મંત્રદેવતાનું સ્વરૂપ આપેલું હોય છે અને તે મોટા ભાગે શ્લોકો દ્વારા વ્યક્ત કરેલું હોય છે, જેથી સાધક તેને સહેલાઈથી કંઠસ્થ કરી શકે છે અને તેને ભાવથી યાદ કરી શકે છે. દાખલા તરીકે મંત્રકલ્પોમાં શ્રી પદ્માવતી દેવીના ધ્યાન માટે નીચેનો શ્લોક આપેલો છે :

पाशफलवरदगजकरणकरा पद्मविष्टरा पद्मा ।
सा मां पातु भगवती त्रिलोचना रक्तपुष्पाभा ॥

'જેના એક હાથમાં પાશ છે, બીજા હાથમાં ફલ છે, ત્રીજો હાથ વરદમુદ્રાથી યુક્ત છે અને ચોથો હાથ અંકુશથી વિભૂષિત છે, જે પદ્મ પર બેઠેલી છે, જે ત્રણલોચનવાળી છે અને જેના શરીરનો વર્ણ રક્ત પુષ્પ જેવો છે, તે ભગવતી પદ્માવતી દેવી મારું રક્ષણ કરો.'

આમાં પ્રથમ શ્રી પદ્માવતી દેવીની ચાર ભુજાઓમાં જે આયુધ કે વસ્તુઓ હોય છે, તેનું વર્ણન છે; પછી વાહનનો નિર્દેશ છે, પછી ત્રિલોચના તરીકે તેની જે વિશેષતા છે, તે જણાવી છે અને છેવટે શરીરનો વર્ણ કહેવામાં આવ્યો છે. તે અનુસાર સાધકે શ્રી પદ્માવતી દેવીને પદ્મ પર બેઠેલાં, રક્ત શરીરવાળાં, ત્રીજા લોચનથી યુક્ત અને ડાબી બાજુના ઉપરના હાથમાં પાશ (જેની આકૃતિ અંગ્રેજી આઠડા (∞) જેવી હોય છે) નીચેના હાથમાં ફળ એટલે બીજોરું, જમણી બાજુના નીચેના હાથમાં વરદમુદ્રા અને ઉપરના હાથમાં અંકુશવાળાં ચિંતવવાનાં હોય છે.

દશ મહાવિદ્યાઓમાં કમલાદેવીનું ધ્યાન નીચે પ્રમાણે આપેલું છે :

कान्त्या काञ्चनसन्निभां हिमगिरिप्रख्यैश्चतुर्भिर्गजै-
र्हस्तोत्क्षिप्तहिरण्मयामृतघटैरासिच्यमानां श्रियम् ॥
बिभ्राणां वरमब्जयुग्ममभयं हस्तैः किरीटोज्ज्वलां,
क्षौमाबद्धनितम्बबिम्बललितां वन्देऽरविन्दस्थिताम् ॥

'જેની સુવર્ણ જેવી કાંતિ છે, જેને હિમાલય જેવા ચાર દિગ્ગજ પોતાની સૂંઢ વડે સુવર્ણમય અમૃતથી ભરેલા ઘટ વડે સિંચન કરે છે, જેણે એક હાથમાં વરમુદ્રા, એક હાથમાં અભયમુદ્રા તથા બીજા બે હાથમાં કમળપુષ્પો ધારણ કર્યાં છે, જેણે મસ્તક ઉપર મુગટ ધારણ કરેલો છે તથા જે કટિપ્રદેશ ઉપર રેશમી સાડી બાંધવાને લીધે અત્યંત લલિત સ્વરૂપવાળી છે અને જે કમલ પર બેઠેલાં છે, એવા કમલાદેવીને હું નમસ્કાર કરું છું.'

કમલાદેવી એટલે મહાલક્ષ્મી માતા. તેના સાધકે તેમની પૂજા કર્યા બાદ તેમનું ધ્યાન આ સ્વરૂપે ધરવું જોઈએ.

પ્રતિદિન આ પ્રમાણે મંત્રદેવતાનું ધ્યાન ધરતાં તેમનું સ્વરૂપ આપણા મન પર અંકિત થાય છે અને છેવટે જીવંત બની જાય છે, એટલે કે તે દેવતા જાણે સાક્ષાત્ આપણી સામે રહેતા હોય એમજ લાગે છે. અહીં અમે એમ કહીએ કે તેમાંથી ઘણી વાર ચમત્કાર પણ જન્મે છે, તો પાઠકોએ જરા પણ અતિશયોક્તિ માનવી નહિ. દાખલા તરીકે

અમે એકવાર શ્રી પદ્માવતી દેવીનું ધ્યાન ધરતા હતા, ત્યારે એમ લાગ્યું કે માતાજી પોતાના હાથમાં રહેલું ફળ અથવા બીજોરું અમને આપી રહ્યા છે, એટલે અમે તેને ભાવપૂર્વક ગ્રહણ કર્યું. અલબત્ત, આ ક્રિયા માનસિક હતી, પણ અમે થોડા જ દિવસમાં જોઈ શક્યા કે તે અમને થનાર ભાવી લાભનો શુભ સંકેત હતો.

આ જ રીતે કોઈ મોટું કાર્ય ઉપાડવું હોય અને માતાજીનું ધ્યાન ધરતાં જો તેમનો વરદ મુદ્રાવાળો હાથ અમારા તરફ લંબાય તો અમને એમ જ લાગે કે આ કાર્યમાં અચૂક ફત્તેહ મળશે, પછી ઉક્ત કાર્યમાં ગમે તેટલાં વિઘ્ન આવે પણ અમે હઠીએ નહિ. છેવટે તેમાં ફત્તેહ મળે જ મળે.

આ બધી વાતો માત્ર બુદ્ધિથી સમજાય એવી નથી, એટલે તે માટે તર્ક–વિતર્કો કરવા નકામાં છે. જે મંત્રસાધક છે અને મંત્રદેવતામાં પૂરેપૂરો શ્રદ્ધાન્વિત થઈને તેનું પૂજન તથા ધ્યાન આદિ નિયમિત કરે છે, તેને આવા અનુભવો અચૂક થાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસને શ્રી કાલીમાતાની મૂર્તિએ હાથ લંબાવીને પ્રસાદ આપ્યો હતો, તેમ જ નામદેવનું દૂધ વિઠોબાની મૂર્તિએ પી લીધું હતું, વગેરે ઘટનાઓ એમ માનવાને પ્રેરે છે કે દેવતાનું ભક્તિભાવથી ધ્યાન ધરતાં અકલ્પ્ય રીતે અમુક બનાવો બને છે કે જેને માટે આપણે ચમત્કાર શબ્દનો પ્રયોગ કરીએ છીએ.

ધ્યાન પછી સ્તોત્રાદિ બોલવાનાં હોય છે. અહીં આદિ

શબ્દથી હૃદય, કવચ, અષ્ટોત્તરશતનામ તથા સહસ્રનામ સમજવાનાં છે. સ્તોત્રમાં દેવતાનો મહિમા હોય છે, હૃદયમાં મંત્રદેવતાનું કેટલુંક ગુપ્ત રહસ્ય હોય છે, કવચમાં શરીર-રક્ષા આદિને લગતા મંત્રો હોય છે, અષ્ટોત્તરશતનામમાં દેવતાનાં ૧૦૮ નામો આપેલાં હોય છે અને સહસ્રનામમાં દેવતાનાં ૧૦૦૮ નામોનો વિસ્તાર હોય છે.

સ્તોત્રાદિ વડે દેવતાની સ્તુતિ કરતાં તેમના અનેક-વિધ ગુણોનું સ્મરણ થાય છે અને તેમનું અંતઃસ્વરૂપ આપણા સમજવામાં આવે છે. આ સ્તોત્રાદિ જેટલા ઉત્તમ હોય, તેટલી મંત્રદેવતાની પ્રસન્નતા વધારે થાય છે. અદ્ભુત સ્તોત્રરચનાવડે કેટલાક મંત્રસાધક કવિઓએ પોતાના અમુક અમુક રોગો મટાડ્યા છે અને **શ્રી માનતુંગસૂરિ** જેવાએ **ભક્તામરસ્તોત્રની** રચના કરીને ૪૪ લોઢાની શૃંખલાઓના બંધનમાંથી મુક્તિ મેળવી છે. ×

× ધારાનગરીમાં ભોજ રાજાએ શ્રી માનતુંગસૂરિની પરીક્ષા કરવા માટે તેમને ૪૪ સાકળના બંધનથી બાંધ્યા હતા અને ભોંયરામાં પૂર્યા હતા. ત્યા સૂરિજીએ ૪૪ ગાથા વડે શ્રી આદિનાથ ભગવાનની સ્તવના કરતું સ્તોત્ર બનાવ્યું અને દરેક ગાથાએ અકેક બંધન ઓછું થતું ગયું. એ રીતે ૪૪ ગાથાની રચના કરતાં ૪૪ બધનો તૂટી ગયાં અને તેઓ મુક્ત થઈને બહાર આવ્યા. આ સ્તોત્ર મુદ્રિત થએલું છે અને તેનો જૈન સંપ્રદાયમાં નિત્યપાઠ કરવામાં આવે છે.

[ ૨૧ ]

## જપની પ્રસંશા

'मन्त्रो मननात्' 'मननात् त्रायते इति मन्त्रः' 'આદિ વ્યાખ્યાઓ પરથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે મંત્રનો મનનની સાથે ગાઢ સંબંધ છે. અન્ય રીતે કહીએ તો મનન વિના મંત્રની સિદ્ધિ થતી નથી. આ મનન જપ અને અર્થભાવના બંને રૂપ હોય છે. તેમાંથી અહીં જપની વિચારણા મુખ્ય છે. મંત્રસાધકનું એ ત્રીજું દૈનિક કર્મ મનાયું છે.

શ્રીપતંજલિ મુનિએ જપની મહત્તા સ્વીકારી છે અને પ્રણવ (ॐ) મંત્રની સિદ્ધિ માટે તેનો ઉપયોગ કરવાની હિમાયત કરી છે. તેમણે યોગદર્શનમાં કહ્યું છે કે 'तस्य वाचकः प्रणवः । तज्जपस्तदर्थभावनम् ।'–તે પરમાત્માનો વાચક પ્રણવમંત્ર (ૐ) છે. તેની સિદ્ધિ માટે તેનો જપ અને તેની અર્થભાવના કરવી જોઈએ.

અગ્નિપુરાણમાં લખ્યું છે કે–

जपनिष्ठो द्विजश्रेष्ठोऽखिलयज्ञफलं लभेत् ।
सर्वेषामेव यज्ञानां, जायतेऽसौ महाफलः ॥

'જે દ્વિજશ્રેષ્ઠ જપનિષ્ઠ છે, તે અખિલ યજ્ઞનું ફલ પામે છે. તે જપયજ્ઞ બધા યજ્ઞોમાં મહાફલવાળો છે.'

અન્ય ધર્મગ્રંથોમાં જણાવ્યું છે કે—

जपयज्ञात् परो यज्ञो, नापरोऽस्तीह कश्चन।
तस्माज्जपेन धर्मार्थकाममोक्षं च साधयेत्॥

'આ જગતમાં જપયજ્ઞથી કોઈ શ્રેષ્ઠ યજ્ઞ નથી, તેથી જપ વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધના કરવી જોઈએ.'

શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતામાં 'यज्ञानां जपयज्ञोऽस्मि' કહીને જપની પ્રતિષ્ઠા ખૂબ વધારી છે અને ભક્તિ કે ઉપાસના માર્ગમાં આગળ વધવા માટે તેનું અવલંબન લેવા પર ખાસ ભાર મૂક્યો છે.

તંત્રસારમાં જપની પ્રશંસા મુક્તકંઠે કરવામાં આવી છે. આ રહ્યા તેના શબ્દો :

जपेन देवता नित्यं, स्तूयमाना प्रसीदति।
प्रसन्ना विपुलान् भोगान् दद्यान्मुक्तिंच शाश्वतीम्॥

'જપ વડે નિત્ય સ્તુતિ કરાયેલા દેવતા પ્રસન્ન થાય છે અને તે પ્રસન્ન થઈને વિપુલ ભોગો તથા શાશ્વતી મુક્તિ આપે છે.'

यक्षरक्षः पिशाचाश्च, ग्रहाः सर्पाश्चभीषणाः।
जपन्तं नोपसर्पन्ति, भयभीताः समन्ततः॥

'યક્ષો, રાક્ષસો, પિશાચો, ગ્રહો તથા ભીષણ સર્પો ખૂબ ભય પામીને જપ કરનારની પાસે જતા નથી.' તાત્પર્ય કે ઇષ્ટમંત્રનો જપ કરવાથી યક્ષ, રાક્ષસ, પિશાચ, દુષ્ટ ગ્રહ તથા ભયંકર સર્પના ભયમાંથી રક્ષણ મળે છે.

यावन्तः कर्मयज्ञास्तु:, प्रदिष्टानि तपांसि च ।
सर्वे ते जपयज्ञस्य, कलां नार्हति षोडशीम् ॥

'શાસ્ત્રોમાં જેટલા કર્મયજ્ઞો તથા તપો દર્શાવેલાં છે, તે બધાં જપયજ્ઞની સોળમી કલાને પણ યોગ્ય નથી.' તાત્પર્ય કે જપના ફલ આગળ તેમનું ફલ કંઈજ વિસાતમાં નથી.

અન્ય તંત્રકારોએ તાર સ્વરે કહ્યું છે કે 'जपात् सिद्धि-र्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः ।' અમે વારંવાર કહીએ છીએ કે મંત્રની સિદ્ધિ જપ વડે થાય છે. તેમાં કંઈ સંશય રાખવો નહિ.'

અગ્નિપુરાણમાં જપનું જે નિરુક્ત કરવામાં આવ્યું છે, તે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે :

जकारो जन्मविच्छेदः, पकारो पापनाशकः ।
तस्माज्जप इति प्रोक्तो, जन्मपापविनाशकः ॥

'જકાર જન્મનો વિચ્છેદ કરનાર છે અને પકાર પાપ-નાશક છે, તેથી જ તેને જન્મ અને પાપનો વિનાશક એવો 'જપ' કહેલો છે.'

પથ્થર પર દોરડું વારંવાર ઘસાય તો તેમાં ઊંડો

ખાડો પડે છે અને લોખંડના તવા પર ટાંકણાનો ઘા વારંવાર થાય તો તેમાં છિદ્ર પડે છે. તે જ રીતે અમુક પ્રકારના શબ્દનું વારંવાર ઉચ્ચારણ કરીએ તો અમુક પ્રકારનું કંપન થાય છે અને તેની અસર આપણા પ્રાણ, મન, બુદ્ધિ વગેરે પર બહુ ઊંડી પડે છે, તેમજ વાતાવરણમાં પણ તેનો પ્રભાવ વિસ્તાર પામે છે.

જેમ શાંત જળમાં એક પથ્થર નાખવાથી તેમાં લહરીઓ-તરંગો-કંપનો ઉત્પન્ન થાય છે અને તે જળાશયના એક કિનારાથી બીજા કિનારા સુધી પહોંચી જાય છે, એ પ્રમાણે જ મનુષ્યના મુખમાંથી નીકળેલા શબ્દો ઈથર વગેરેની સહાયથી સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપી જાય છે. રેડિયો વગેરે તેનાં પ્રસિદ્ધ ઉદાહરણો છે.

'મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવો તે થાય છે.' એ ઉક્તિને આધારે પણ એમ કહી શકાય કે દિવ્ય શક્તિથી વિભૂષિત મંત્રદેવતાનો વારંવાર જપ કરતાં મનુષ્ય પણ દિવ્યશક્તિથી વિભૂષિત થાય છે અને તે આ જગતમાં અનેક પ્રકારનાં અસાધારણ કાર્યો કરી શકે છે.

ઉજ્જૈનનિવાસી સદ્ગત **પં. શિવદત્તજી શર્મા** જપયજ્ઞના મહાન પ્રચારક હતા અને નિરંતર ૐનો જપ કર્યા જ કરતા. તેમણે એક લેખમાં લખ્યું હતું કે—

'ઈશ્વરને ઓળખવાને અને તેની કૃપા પ્રાપ્ત કરવાને માટે અસંખ્ય સાધન છે, પરંતુ સર્વથી સહેલું અને સર્વમાન્ય સાધન કે જે પાંચ વર્ષના બાળકથી તે સો

વર્ષના વૃદ્ધ પર્યંતના મનુષ્યો કોઈપણ પ્રકારની કઠિનતા વગર કરી શકે છે, એ સાધનનું નામ **મંત્રજપ** છે. જપ એ જ એક એવું સાધન છે કે તેમાં કોઈ પ્રકારની યોગ્યતાની વિશેષ આવશ્યકતા નથી, એક પાઈનો ખર્ચ થતો નથી અને મનુષ્યજન્મનો સર્વોપરી લાભ એનાથી સહેલાઈથી પ્રાપ્ત થાય છે. એનું એક દૃષ્ટાંત નીચે પ્રકટ કરવામાં આવે છે.

'ઉજ્જૈનમાં એક ન્હાનું વૈશ્ય કુટુંબ રહેતું હતું. એમાં બે પુરુષ, એક સ્ત્રી અને તેમનાં બાળબચ્ચાં હતાં. એક ભાઈ અવિવાહિત હતો. બીજા ભાઈને બે પુત્રો અને કેટલીક પુત્રીઓ હતી.

એ નાના કુટુંબે એક નાની દુકાન ઉઘાડી હતી. બંને ભાઈઓ એક પછી એક વારાફરતી પોતાની દુકાનનું કામ સંભાળતા હતા અને બાલબચ્ચાંના હાથ-મ્હોં ધોવાં, તેમને કપડાં પહેરાવવાં અને દરેક પ્રકારે તેમના ઉપર દેખરેખ રાખવી વગેરે કામ કરતા હતા અને જ્યારે એ બધાં કામો-માંથી નિવૃત્તિ થાય ત્યારે માળા લઈને જપ કરવા બેસી જતા હતા. એ એમની નિત્યની ચર્યા હતી, નિત્યનિયમ હતો.

ઘરનો મુખ્ય માલિક દિવસ કરતાં રાત્રિના સમયે શાંત ચિત્તે એકાગ્ર મનથી મંત્રજપ કરતો હતો. એક દિવસ તેનો પુત્ર રાત્રિએ પેશાબ કરવા ઉઠયો, ત્યારે તેણે બે-ચાર વખત જોયું તો તેના પિતા હાથમાં માળા લઈ મંત્ર-જપ કરતા હતા. એ સમયે તો કંઈ પૂછ્યું નહિ, પરંતુ

દિવસ ઉગતાં તેણે પિતાજીને પૂછ્યું કે 'આપ કયા મંત્રનો જપ કરો છો ?' પિતાએ ઉત્તર દીધો : 'બેટા ! હું કાંઈ વિશેષ ભણેલો નથી. બધા માણસો રામનામનો જપ કરે છે, તેમ હું પણ રામનામનો જપ કરું છું.' પુત્રે વિચાર કર્યો કે મધ્યરાત્રિ પછી પણ શાંત ચિત્તે એકાગ્ર મનથી પિતા જપ કરે છે, એ તો સર્વના કલ્યાણનું કાર્ય છે, તેથી તેણે વિશેષ પૂછ્યું નહિ.

કેટલાક સમય પછી ગૃહપતિનો અંત સમય આવી પહોંચ્યો. તેને સ્વપ્નમાં કોઈ મહાત્માનાં દર્શન થયાં અને તેમણે કંઈક પ્રસાદ આપીને કહ્યું : 'પરમ દિવસે તમને લઈ જઈશું, સાવચેત રહેવું.' એટલું કહી મહાત્મા ચાલ્યા ગયા. શેઠની સ્ત્રી તેમની બાજુમાં જ નિદ્રાધીન થઈ હતી, તેને જાગ્રત કરીને સ્વપ્નની હકીકત જણાવી અને કહ્યું કે 'પરમ દિવસે મારો અંતસમય છે. સ્વપ્નમાં મહાત્માએ મને અંતસમયની સૂચના આપી છે.'

ત્રીજે દિવસે શેઠજીને જે કંઈ દાન-પુણ્ય કરવું હતું, તેમજ સગાં-સ્નેહીઓને મળીને જે વાર્તાલાપ કરવો હતો, તે સંક્ષિપ્તમાં સમાપ્ત કરીને, પોતાને બેસવાના આસન આદિની સુવ્યવસ્થા કરીને, શુદ્ધ જળથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, માળા હાથમાં લઈને, આસન પર બેઠા અને કેવળ ઘરના મનુષ્યોને એ જ પ્રમાણે શુદ્ધ આચારસહિત ત્યાં બેસાડી વૈખરી વાણીથી (મોટેથી ઉચ્ચાર કરીને) 'રામ' મંત્ર જપવાનું કહ્યું. એ સમયે શેઠની સ્ત્રીએ પૂછ્યું : 'મને

કેમ મૂકી જાઓ છો?' ઉત્તર મળ્યો કે 'તારો આ સંસારનો ભોગ હજી એક વર્ષ બાકી છે.' એવો જ પ્રશ્ન તેમના ભાઈએ કર્યો. તેને શેઠે ઉત્તર આપ્યો કે 'તારી ભાભીના એક વર્ષ પછી તું પણ આવીશ.'

આ પ્રમાણે બરાબર ત્રણેય મનુષ્યોએ વખત પ્રમાણે પ્રયાણ કર્યું.

આ સ્થળે વિચારણીય પ્રશ્ન એ જ છે કે શેઠ કંઈ વેદ કે શાસ્ત્ર ભણી વિદ્વાન્ થયા નહોતા, તેમણે મંત્રશાસ્ત્ર જોયું ન હતું, તેમણે તપ કે યોગનું કઠિન સાધન કર્યું ન હતું, તેમણે તો કેવળ એકાગ્ર ચિત્તે માત્ર મંત્રનું આરાધન કર્યું હતું. એ મંત્રજપના પ્રભાવથી તેમનું સમસ્ત જીવન મહાન શાંતિયુક્ત વ્યતીત થયું હતું અને મૃત્યુ પહેલાં ત્રણ દિવસ અગાઉ મૃત્યુની સૂચના પ્રાપ્ત થઈ હતી, તેમજ અંતે દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી, તેથી પોતાની સ્ત્રી તથા ભાઈનું ભવિષ્ય પણ કહ્યું હતું.'

મહાત્મા **નારાયણ સ્વામીનું** નામ ગુજરાતમાં જાણીતું છે. તેમણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંન્યસ્ત ગ્રહણ કર્યું ત્યારે ગુરુદેવે આદેશ આપ્યો કે તારે **'બદરી વિશાલ'** એટલા શબ્દો મંત્રરૂપે જપવા. ગુરુદેવની આજ્ઞાનુસાર તેમણે પૂર્ણ શ્રદ્ધાપૂર્વક 'બદરી વિશાલ' એ જ મંત્રનો જપ શરૂ કર્યો. પછી ચાંદોદ ક્ષેત્રથી થોડે દૂર હનુમંતેશ્વરના એકાંત મંદિરમાં નર્મદાકિનારે જઈ એ જ મંત્રનો જપ કરવા લાગ્યા.

તેઓ માત્ર એક કંતાનના કકડાની લંગોટી મારતા અને ખુલ્લા શરીરે ઉત્તરાભિમુખ રહીને રાત્રિદિવસ એ જ મંત્રનો જપ કરી તપસ્યા કરતા. તેમનો આહાર અતિ સૂક્ષ્મ હતો. તેમના આહારની ગોઠવણ ચાંદોદનિવાસી એક સજ્જન બ્રાહ્મણ ગૃહસ્થ દ્વારા થઈ હતી.

મહાત્માજી રાત્રિએ માત્ર એક-બે કલાક આરામ લેતા. ઘણા માણસો તેમનાં દર્શન કરવા જતા, પણ પોતે મંત્ર જપ્યા જ કરતા અને મૌન રાખતા. રાત્રિએ એક-બે વાગે માત્ર મૌનનો ત્યાગ કરીને તે સમયે કોઈ દર્શન-સમાગમ માટે જતું તો તેમની સાથે થોડી વાતચીત કરતા.

આ મંત્રજપના પરિણામે તેમને બદ્રિનારાયણે સાક્ષાત દર્શન દીધાં હતાં અને તેઓ ત્રિકાલજ્ઞ તથા વચનસિદ્ધ મહાપુરુષ બની ગયા હતા. અહીં તેનો એક દાખલો આપવો ઉચિત લેખાશે.

ચાંદોદથી જે ગૃહસ્થ મહાત્માશ્રીને નિત્ય ભોજનસામગ્રી પહોંચાડતાં હતા, તેમની જ્યેષ્ઠ પુત્રીનાં લગ્ન થયાં હતાં, તે સાસરે પણ ગઈ હતી, પરંતુ ત્યાં ગયા પછી ત્રણ-ચાર વર્ષ સુધી તેને કંઈ સંતાન થયું નહિ. તેના સાસરાએ પુત્રવધૂના જન્માક્ષર જ્યોતિષીઓને બતાવ્યા તો જવાબ મળ્યો કે 'આ બાઈને સંતાન થવાનો યોગ નથી. તે વંધ્યા જ રહેશે.

સાસુસસરાએ પોતાના પુત્રને બીજી સ્ત્રી પરણાવવાનો વિચાર કર્યો. આ બાબત કન્યાના પિતાના જાણવામાં આવી.

તેમને મહાખેદ ઉત્પન્ન થયો. પરંતુ તેઓ મહાત્મા નારાયણ સ્વામીના ભક્ત હતા, એટલે એક દિવસ પોતાના કુટુંબ-પરિવારને લઈને રાત્રિના બે વાગે હનુમંતેશ્વરના મંદિરમાં ગયા. આ સમયે મહાત્મા મૌનનો ત્યાગ કરીને આરામ લેતા હતા. ભક્તોને આવેલા જોઈ તેમણે હાસ્યભરિતમુખે સર્વનો આદરસત્કાર કર્યો. થોડી વાર સંતસમાગમ કર્યા પછી ભક્ત પોતાના કુટુંબ-પરિવારસહિત ચાંદોદ જવા તૈયાર થયા, એટલે મહાત્માજીએ પોતાની ઓરડીમાંથી પતાસાંનો પ્રસાદ લાવી ભક્તની જ્યેષ્ઠ પુત્રીના હાથમાં બે પતાસાં મૂક્યાં અને તે ખાઈ જવા જણાવ્યું. પુત્રીએ શ્રદ્ધાપૂર્વક તેમ કર્યું.

બ્રાહ્મણભક્ત પ્રણામ કરી પોતાના ઘેર ગયો. બસ, તેને મહાત્માજીનો પ્રસાદ મળી ચૂક્યો હતો. તે જ વર્ષમાં ભક્તની જ્યેષ્ઠ પુત્રીને ગર્ભ રહ્યો અને પુત્રની પ્રાપ્તિ થઈ. જ્યોતિષીઓ જૂઠા પડ્યા અને તે પુત્રીના સાસુ-સસરા સ્તબ્ધ થઈ ગયા. પરંતુ જપસિદ્ધ માહાત્માની પ્રસાદી કદી ખાલી જતી નથી. એ પ્રમાણે તેમણે બીજાં પણ અનેક ભક્તોનાં દુઃખોનું નિવારણ કર્યું હતું.

તાત્પર્ય કે જાપમાં અલૌકિક શક્તિ રહેલી છે, તેથી મંત્રસાધકોએ તેનો વિધિ-નિષેધ જાણીને તેમાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ અને નિત્યનિયમ મુજબ તેની સંખ્યા પૂરી કરવા તરફ ખાસ લક્ષ્ય આપવું જોઈએ.

[ ૨૨ ]

# જપના પ્રકારો તથા નિયમો

મંત્રાક્ષરની વારંવાર આવૃત્તિ કરવી, તેને જપ કહેવાય છે. આ જપ મુખ્યત્વે ત્રણ પ્રકારનો છે: (૧) ભાષ્ય અથવા વાચિક, (૨) ઉપાંશુ અને (૩) માનસ. તેમાં બીજો સાંભળી શકે એ પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરવો, એ ભાષ્ય કે વાચિક જપ કહેવાય છે. 'यस्तु परैः श्रूयते भाष्यः ।' બીજો સાંભળી ન શકે, એ રીતે મંત્રનું રટણ કરવું, એ ઉપાંશુ જપ કહેવાય છે. 'ऊपांशुस्तु परैरश्रूयमाणो अन्तःसंजल्परूपः ।' અને જે મંત્ર માત્ર મનની વૃત્તિઓથી સ્વસંવેદનરૂપે જપાય છે, તે માનસ જપ કહેવાય છે. 'तत्र मानसो मनोवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः ।'

ફલની દૃષ્ટિએ ભાષ્ય કરતાં ઉપાંશુ અને ઉપાંશુ કરતાં માનસ જપ શ્રેષ્ઠ ગણાય છે. તે અંગે કહ્યું છે કે—

**विधियज्ञाज्जपयज्ञो विशिष्टो दशभिर्गुणैः ।**
**उपांशुः स्याच्छतगुणः सहस्रो मानसो स्मृतः ॥**

'શાસ્ત્રમાં કહેલાં વિધિ અનુસાર જે યજ્ઞો થાય છે, તેના

કરતાં જપયજ્ઞ (ભાષ્ય જપ) દશગણો શ્રેષ્ઠ છે, ઉપાંશુ જપ સો ગણો શ્રેષ્ઠ છે અને માનસ જપ હજાર ગણો શ્રેષ્ઠ છે.'

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે જે મંત્ર-જપ પ્રાણાયામ સહિત કરવામાં આવે છે, તે સગર્ભ કહેવાય છે અને તેનું ફળ માનસ જપ કરતાં પણ વિશેષ મનાય છે.

શ્રી સિંહતિલકસૂરિએ મંત્રાધિરાજકલ્પમાં જપના તેર પ્રકારો આ પ્રમાણે વર્ણવ્યા છે :

रेचक-पूरक-कुम्भा गुणत्रयं स्थिरकृतिस्मृती हक्का ।
नादो ध्यानं ध्येयैकत्वं तत्त्वं च जपभेदाः ॥

'(૧) રેચક, (૨) પૂરક, (૩) કુંભક, (૪) સત્ત્વ, (૫) રજસ્, (૬) તામસ, (૭) સ્થિરકૃતિ, (૮) સ્મૃતિ, (૯) હક્કા, (૧૦) નાદ, (૧૧) ધ્યાન, (૧૨) ધ્યેયૈક્ય અને (૧૩) તત્ત્વ એ જપભેદો છે.'

તેનો સામાન્ય પરિચય અહીં આપવામાં આવે છે :

(૧) **રેચકજપ**—શરીરમાં રહેલા વાયુને નસકોરા વાટે બહાર કાઢવાપૂર્વક જે જપ કરવો, તે રેચક જપ.

(૨) **પૂરકજપ**—વાયુને નસકોરાં વાટે શરીરમાં દાખલ કરવાપૂર્વક જે જપ કરવો, તે પૂરક જપ.

(૩) **કુંભક જપ**—વાયુને શરીરમાં સ્થિર કરવાપૂર્વક જે જપ કરવો, તે કુંભક જપ.

આ રીતે કરાયેલો જપ ષટ્કર્મની સિદ્ધિમાં ઉપયોગી થાય છે.

(૪) **સાત્ત્વિક જપ**—શાંતિકર્મ માટે કરાયેલો જપ, તે સાત્ત્વિક જપ.

(૫) **રાજસિક જપ**—વશીકરણાદિ માટે કરાયેલો જપ, તે રાજસિક જપ.

(૬) **તામસિક જપ**—ઉચ્ચાટન તથા મારણાદિક માટે કરાયેલો જપ; તે તામસિક જપ.

(૭) **સ્થિરકૃતિ જપ**—ગમે તેવાં વિઘ્નો સામે દેખાવા છતાં સ્થિરતાપૂર્વક જપ થાય, તે સ્થિરકૃતિ જપ.

(૮) **સ્મૃતિ જપ**—દૃષ્ટિને નાકના અગ્રભાગ પર સ્થાપીને મનથી મંત્રનું રટણ કરવામાં આવે, તે સ્મૃતિ જપ.

(૯) **હક્કા જપ**—જે મંત્રના અંત્યપદો ક્ષોભકારક હોય તેનો જપ કરવો, તે હક્કા જપ. અથવા જેમાં શ્વાસ લેતી અને મૂકતી વખતે હકારનો વિલક્ષણતા પૂર્વક ઉચ્ચાર કર્યા કરવો, તે હક્કા જપ.

(૧૦) **નાદ જપ**—જે જપ કરતી વખતે અંતરમાં ભ્રમરના જેવો ગુંજારવ ઉઠે, તે નાદ જપ.

(૧૧) **ધ્યાન જપ**—મંત્રપદોનું વર્ણાદિપૂર્વક ધ્યાન કરવું, તે ધ્યાન જપ.

(૧૨) **ધ્યેયૈક્ય**—ધ્યાતા અને ધ્યેયની એકતાવાળો જપ, તે ધ્યેયૈક્ય જપ.

(૧૩) **તત્ત્વ જપ**—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વોને અનુસરીને જપ કરવો, તે તત્ત્વ જપ.

'મંત્રજપ ક્યાં કરવો?' તેનો ઉત્તર એ છે કે મંત્રસાધના માટે જે અનુકૂળ સ્થાન પસંદ કર્યું હોય, ત્યાં રહીને મંત્રજપ કરવો. તે અંગે સાધનાસ્થલ નામના પ્રકરણમાં વિસ્તારથી ચર્ચા કરેલી છે. આમ છતાં અહીં કુલાર્ણવતંત્રનો નિમ્ન શ્લોક યાદ કરવો ઉપયોગી લેખાશે:

गृहे शतगुणं विद्याद् गोष्ठे लक्षगुणं भवेत् ।
कोटिर्देवालये पुण्यमनन्तं शिवसन्निधौ ॥

'ઘરમાં જપ કરવાથી સોગણું, ગોશાળામાં જપ કરવાથી લાખ ગણું, દેવાલયમાં જપ કરવાથી કોટિ ગણું અને શિવ (અથવા ઈષ્ટદેવતા) સમક્ષ જપ કરવાથી અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.'

'મંત્રજપ ક્યારે કરવો?' તેના ઉત્તરમાં મંત્રવિદોએ જણાવ્યું છે કે 'મંત્રજપ કરવાનો ઉત્તમ કાલ સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણ છે. દક્ષિણાયન (કર્કસંક્રાંતિ) અથવા ઉત્તરાયણ (મકરસંક્રાંતિ) એ મધ્યમ કાલ છે અને આદિત્યવાર (રવિવાર), અમાવસ્યા આદિ કનિષ્ઠકાલ છે. આ પર્વકાલમાં મંત્રનું અનુષ્ઠાન કરવાથી ત્વરિત મંત્રસિદ્ધિ થાય છે. અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે આ વખતે નદી અથવા તળાવમાં કેમ્મર જેટલા પાણીમાં ઊભા રહીને મૂલ મંત્રનો ૧૦૮ વાર જપ કરવાનો સંપ્રદાય છે.

નિત્ય-નિયમિત જપ કરવાનો સામાન્ય વિધિ એવો છે કે પ્રાતઃકાલમાં સ્નાન કર્યા પછી ષોડશ (૧૬) પ્રાણાયામ

કરીને ઇષ્ટદેવતાની તથા મંત્રદેવતાની ધૂપ, દીપ તથા ધ્યાનાદિ વડે યથાવિધિ પૂજા કર્યા પછી મંત્રજપ શરૂ કરવો, અને તે મન સ્વસ્થ રહે ત્યાં સુધી લંબાવવો. વૈદિક અને જૈન પરંપરાના ઊંડા અભ્યાસી તથા મંત્રવિશારદ **શ્રી હરિભદ્ર સૂરિએ યોગબિંદુ**માં કહ્યું છે કે 'ચિત્તની વિપરીત ગતિ થવા લાગે ત્યારે જપનો ત્યાગ કરવો. વ્યાકુલ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી વિશ્રાંતિ મળે છે અને પુનઃ જપમાં સારી પ્રવૃત્તિ થાય છે.'

શુદ્ધ સાત્વિક મંત્રોનો જપ કરવા માટે ત્રણ સંધ્યાનો સમય ઉત્તમ મનાયો છે. અહીં ત્રણ સંધ્યાથી સૂર્યોદય પહેલાંની તથા પછીની એક ઘડી, મધ્યાહ્ન પહેલાંની તથા પછીની એક ઘડી અને સૂર્યાસ્ત પહેલાંની તથા પાછીની એક ઘડી સમજવાની છે. જૈન આમ્નાયમાં શ્રી નમસ્કાર મહામંત્રનો × જપ આ ત્રણ સંધ્યાએ કરવામાં આવે છે.

કેટલાક મંત્રોનો જપ રાત્રિના અમુક સમયે શરૂ કરીને સૂર્યોદય પર્યંત કરવાનો હોય છે અને તે વખતે નાના પ્રકારનાં ભયાનક દૃશ્યો કે ભયજનક શબ્દો સંભળાવાનો ભય રહે છે. પરંતુ આવી સંભાવના હોય ત્યાં સાધકે એક વસ્ત્ર આંખ

---

× શ્રી નમસ્કાર મહામંત્રનો મૂલપાઠ આ પ્રમાણે સમજવો :
नमो अरिहंताण । नमो सिद्धाण । नमो आयरियाणं । नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूण ॥ एसो पंच-नमुक्कारो, सव्वपावप्पणासणो । मगलाणं च सव्वेसि, पढम हवइ मगलं ॥ આ મંત્રનો ત્રણ સંધ્યાએ જપ કરવાથી ઇચ્છિત ફલની પ્રાપ્તિ થાય છે. આ મંત્રની વધારે વિગતો 'નમસ્કારમંત્રસિદ્ધિ' ગ્રંથમાંથી મળી શકશે.

તથા કાન પર બાંધી દેવું કે જેથી ભયંકર દૃશ્યો જોવાય નહિ કે ભયપ્રદ શબ્દો સંભળાય નહિ.

તંત્રશાસ્ત્રોમાં જુદાં જુદાં કર્મો માટે જુદા જુદા કાળે મંત્રજપ કરવાનું વિધાન દૃષ્ટિગોચર થાય છે. જેમ કે–વશીકરણ, સ્તંભન અને આકર્ષણ માટે પૂર્વાહ્નને, એટલે દિવસના પૂર્વ ભાગમાં ( સવારના ૬ થી ૧૨ સુધીમાં ) જપ કરવો. વિદ્વેષણ માટે મધ્યાહ્નને, ઉચ્ચાટન માટે અપરાહ્નને એટલે દિવસના ત્રીજા પહોરે, પારણા માટે સાયંકાલે અને શાંતિકર્મ માટે મધ્યરાત્રિએ જપ કરવો.

'મંત્રજપ કેવી રીતે કરવો ?' તે અંગે ભૂતશુદ્ધિતંત્રમાં કહ્યું છે કે—

मनः संहृत्य विषयान्मन्त्रार्थगतमानसः ।
न द्रुतं न विलम्बं च जपेन्मौक्तिकहारवत् ॥

'મનને વિષયોમાંથી ખેંચી લઈને મંત્રાર્થમાં જોડવા પૂર્વક, અતિ ઉતાવળે પણ નહિ અને અતિ ધીમે પણ નહિ, એવી રીતે મોતીની માળા માફક એટલે સમ અંતરે મંત્રજપ કરવો.'

અહીં થોડા વિવેચનની આવશ્યકતા છે. આપણું મન એક-ભટકતા વાનર જેવું છે, જે ઘડીમાં અહીં જાય છે અને ઘડીમાં તહીં જાય છે. તે ઠરીને ઠામ બેસતું જ નથી. અનુભવી પુરુષોએ કહ્યું છે કે—

सुकरं मलधारित्वं, सुकरं दुस्तपं तथा ।
सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्तरोधनम् ॥

'શરીરવિભૂષાનો ત્યાગ કરીને મેલા રહેવું તે સહેલું છે, અન્નજલના ત્યાગરૂપ તપ કરવું એ સહેલું છે અને ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, એ પણ સહેલો છે, પરંતુ ચિત્તની વૃત્તિઓને અહીં તહીં જતી રોકવી, એ કામ ઘણું દુષ્કર છે.'

મનને અન્યાન્ય વિષયોમાંથી ખેંચી લીધા વિના નથી તો ઇષ્ટદેવની પૂજા યથાર્થ રીતે થઈ શકતી કે નથી મંત્રજપ સરખી રીતે થઈ શકતો.

એક શેઠ રોજ ભગવાનના નામની માળા ફેરવતા, પણ તે વખતે ધંધા-ધાપાના કે સંસાર-વ્યવહારના વિચારોને અટકાવતા નહિ. તેમના હાથમાં માળાના મણકા ફરતા અને મન બીજે ભમતું. તેમની પુત્રવધૂ ડાહી હતી અને ધર્મ-નીતિના સુંદર સંસ્કારોવાળી હતી. તેણે વિચાર કર્યો કે 'સસરાજી વૃદ્ધ થવા છતાં તેમની તૃષ્ણા જરાયે ઘટી નથી અને માળા ફેરવવા જેટલી સ્થિરતા પણ પેદા થઈ નથી, માટે એવો કોઈ ઉપાય કરું કે જેથી તેમની સાન ઠેકાણે આવે.'

હવે શેઠજી નિત્ય નિયમ મુજબ માળા ગણતા હતા અને હમેશની ટેવ મુજબ મણકા ઝડપથી ફેરવી રહ્યા હતા. એવામાં કોઈએ બારણું ખખડાવ્યું અને પૂછ્યું કે 'શેઠ ઘરમાં છે? મારે તેમનું કામ છે.' તે વખતે પુત્રવધૂએ જવાબ આપ્યો કે 'શેઠ ઘરમાં નથી. એ તો ઢેઢવાડે (હરિજનવાસમાં) ઉઘરાણી કરવા ગયા છે.' એટલે તે માણસ ચાલ્યો ગયો.

પ્રશ્ન પૂછનારના સાદ ઉપરથી શેઠ સમજી ગયા કે કોણ માણસ આવ્યો હતો. આ માણસ તે જ હતો કે જેને પોતે

ખાસ કારણસર બોલાવ્યો હતો અને તેની સાથે કેટલીક વાતો કરવી હતી, તેથી પુત્રવધૂ પર ચીડાયા અને જેમ તેમ માળા પૂરી કરીને ઊભા થઈ ગયા. પછી તેમણે પુત્રવધૂને પૂછ્યું કે 'હું ઘરમાં બેઠો બેઠો માળા ગણતો હતો, છતાં તમે પેલા માણસને એમ કેમ કહ્યું કે એ તો ઢેઢવાડે ઉઘરાણી કરવા ગયા છે ?'

પુત્રવધૂએ ઠાવકાઈથી જવાબ આપતાં કહ્યું કે 'તમારું શરીર અહીં હતું, પણ મન તો ઢેઢવાડામાં જ ગયું હતું, એટલે મેં કહ્યું—એ તો ઢેઢવાડે ઉઘરાણીએ ગયા છે.' આ પરથી શેઠ સમજી ગયા કે પુત્રવધૂએ મને સમજાવવા માટે જ આવો ઉત્તર આપ્યો હતો, એટલે બીજા દિવસથી માળા બરાબર ગણવા લાગ્યા.

આપણામાંના ઘણાખરાની સ્થિતિ આવી જ છે અને તે જ કારણે આપણે મંત્રજપ યથાર્થ રીતે કરી શકતા નથી.

એક વાર બે મહાત્માઓનો મેળાપ થયો. તેમાં પહેલા મહાત્માએ બીજા મહાત્માને પ્રશ્ન કર્યો કે 'હે મુનિ ! આ મહા સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તેના પર બેઠેલા તમે ઉન્માર્ગે કેમ જતા નથી ?'

બીજા મહાત્માએ કહ્યું : 'હે મહામુનિ ! તે વેગભર દોડતા ઘોડાને શાસ્ત્ર"તથા"સ્વાધ્યાયરૂપ લગામથી હું બરાબર-કાબૂમાં રાખું છું, તેથી ઉન્માર્ગે જતો નથી.'

પ્રથમ મહાત્માએ પૂછ્યું : 'એ ઘોડો કયો ?'

બીજા મહાત્માએ તરત જ જવાબ આપ્યો કે 'સંસારના વિવિધ વિષયોમાં આમ તેમ દોડી રહેલું મન જ તો.'

તાત્પર્ય કે મહાન સાધકોને પણ મનનો પ્રશ્ન મુંઝવે છે, પણ તેઓ શાસ્ત્રોક્ત ઉપાયોને અમલમાં મૂકે છે તથા અમુક મંત્રનો જપ કર્યા કરે છે, એટલે મનની વૃત્તિઓ કાબૂમાં રાખી શકે છે અને તેને ધ્યેય પરત્વે એકાગ્ર કરી શકે છે.

અહીં **કબીર સાહેબે** કરેલો કટાક્ષ પણ લક્ષ્યમાં લેવા જેવો છે :

**माला तो करमें फिरे, जीभ फिरे मुखमांहि;**
**मनवा तो चिहुं दिश फिरे, यह तो सुमिरन नांहि।**

'માળા હાથમાં ફરતી હોય, જીભ મુખમાં ફરતી હોય અને મન તો ચારે દિશામાં ફરતું હોય, તેને સ્મરણ અર્થાત્ જપ કહી શકાય નહિ.'

તાત્પર્ય કે જપ વખતે મનને બને તેટલું સ્થિર કરવું જોઈએ.

મનને મંત્રાર્થમાં જોડવું, એટલે જે મંત્રદેવતાનો જપ ચાલુ હોય તેનું સ્વરૂપ ચિંતવવું અને તે સામેજ બેઠા છે, એમ માનીને જપ કરવો.

મંત્રજપ મધ્યમ ગતિએ ચાલુ કરવો અને એજ ગતિએ પૂરો કરવો, પરંતુ તેની ગતિ વધારી દેવી નહિ કે ધીમી પાડવી નહિ. મંત્રવિદો કહે છે કે શીઘ્રતાથી જપ કરતાં ધન-હાનિ થાય છે અને બહુ ધીમે મંત્રજપ કરવાથી બિમારી પેદા થાય છે, એટલે મધ્યગતિએ મંત્રજપ કરવો ઇષ્ટ છે.

મોતીની માળામાં બધા મોતી સમઅંતરે પરોવેલા હોય છે, તેમ જપવખતે બધાં મંત્રપદો સમાંતરે જ બોલવા જોઈએ. આ વસ્તુ અભ્યાસથી સિદ્ધ થાય છે.

મંત્રવિશારદોએ મંત્રજપ અંગે બીજાં પણ સૂચનો કર્યાં છે. જેમ કે–

नोच्चैर्जपं च संकुर्याद् रहः कुर्यादतन्द्रितः ।
समाहितमनास्तूष्णीं मनसा वापि चिन्तयेत् ॥

(૧) જપ મોઢેથી બોલીને કરવો નહિ. અહીં દુર્ગાર્ચનસ્મૃતિનો નિમ્ન શ્લોક વિચારવા યોગ્ય છે :

मनसा यः स्मरेत् स्तोत्रं, वचसा वा मनुं स्मरेत् ।
उभयं निष्फलं तस्य, भिन्नभाण्डोदकं यथा ॥

'સ્તોત્ર એ બોલવાની વસ્તુ છે, તેનું જે મનથી સ્મરણ કરે છે અને મંત્ર એ મનથી સ્મરવાની વસ્તુ છે, તેનો જે બીજા સાંભળે એ રીતે બોલીને પાઠ કરે છે, તે બંનેની ક્રિયા નિષ્ફળ થાય છે. અહીં ફૂટેલાં પાત્રનું દૃષ્ટાંત સમજવું.' તાત્પર્ય કે જેમ ફૂટેલા પાત્રમાં પાણી ભરવાનો પ્રયત્ન કરીએ તો એ નિષ્ફળ જાય છે, તેમ આ પ્રકારની વિપરીત ક્રિયા કરીએ તો એ નિષ્ફળ જાય છે.

આમ છતાં અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે ઘણા મહાત્માઓ પ્રણવમંત્રનો પ્રથમ મોટેથી ઉચ્ચાર કરે છે અને પછી તેનો જપ કરે છે તથા અર્થભાવનાનો આશ્રય

લઈ નિદિધ્યાસન સુધી પહોંચે છે. એટલે ૐકારની સાધનાને આ નિયમ લાગુ પડતો નથી. બીજા પણ કેટલાક મંત્રોમાં આ રીતે દીર્ઘ ઉચ્ચારણ થાય છે, એટલે આ વસ્તુ બાકીના મંત્રો માટે સમજવી.

(૨) જપ એકાંતમાં કરવો, જેથી મનને એકાગ્ર કરી શકાય.

(૩) જપ અનિદ્રિત થઈને કરવો, એટલે કે જપ કરતાં ઊંઘનાં ઝોકાં આવી ન જાય, તેની કાળજી રાખવી.

(૪) જપ સ્વસ્થમનવાળા થઈને કરવો. અસ્વસ્થ ચિત્તે જપ કરવાથી દ્રુત, વિલંબિત વગેરે દોષો આવે છે અને વખતે ભંગ પણ પડે છે.

(૫) જપ મૌનપૂર્વક કરવો, એટલે કે તે વખતે કંઈ પણ બોલવું નહિ.

(૬) જપ મનથી કરવો, એટલે ઉપાંશુ કે માનસ જપનો આશ્રય લેવો. જો માત્ર મનોવૃત્તિથી સ્વસંવેદનરૂપ જપ થાય તો ઘણો જ ઉત્તમ.

હવે મંત્રજપ કરતાં કઈ કઈ બાબતો વર્જવી જોઈએ, તે જણાવીશું. તંત્રગ્રંથોમાં કહ્યું છે કે—

आलस्यं जृम्भणं निद्रां क्षुतं निष्ठीवनं भयम् ।
नीचांगस्पर्शनं कोपं, जपकाले विवर्जयेत् ॥

'જપ કરતી વખતે આળસ મરડવી નહિ, બગાસું ખાવું નહિ; નિદ્રા કરવી નહિ; છીંક ખાવી નહિ, ખોંખારો

ખાવો નહિ કે થૂંકવું નહિ, ભયભીત થવું નહિ, નીચેનાં અંગોને સ્પર્શ કરવો નહિ કે કોઈ પર કોપ કરવો નહિ.'

આમ છતાં જો આ દોષોનું સેવન થાય તો ફરી આચમન, અંગન્યાસ, પ્રાણાયામ તથા સૂર્ય, અગ્નિ કે બ્રાહ્મણનું દર્શન કરી બાકી રહ્યા હોય, તે જપ પૂરો કરવાનો વિધિ છે.

આ ઉપરાંત બીજા પણ કેટલાક નિષેધો મંત્રવિદોએ ફરમાવ્યા છે. જેમ કે–

(૧) શીવેલાં વસ્ત્રો પહેરીને મંત્રજપ કરવો નહિ. તેજ કારણે મંત્રસાધકો એક ધોતી પહેરીને તથા બીજી ધોતી કે શાલ વગેરે ઓઢીને મંત્રજપ કરે છે.

(૨) નગ્ન થઈને મંત્રજપ કરવો નહિ.

(૩) વાળ ખુલ્લા રાખીને મંત્રજપ કરવો નહિ. અર્થાત્ જપ કરતાં પહેલાં તેને બાંધી લેવા જોઈએ અને મલિન હોય તો ધોઈને સ્વચ્છ કરી લેવા જોઈએ.

(૪) અન્ય મનુષ્યો બેઠેલા હોય ત્યાં બેસીને મંત્રજપ કરવો નહિ.

(૫) શરીર કે હાથ અપવિત્ર હોય તો મંત્રજપ કરવો નહિ.

(૬) વાતો કરતાં મંત્રજપ કરવો નહિ.

(૭) આસન બિછાવ્યા વિના મંત્રજપ કરવો નહિ. લાકડાની પાટ કે પાટલા પર ગરમ વસ્ત્રનું આસન બિછાવીને મંત્રજપ કરવો ઈષ્ટ છે. કેટલાક હરણનું ચામડું, વાઘનું ચામડું

વગેરે પણ આસન તરીકે બિછાવે છે. આમ કરવાથી મંત્રશક્તિ ચાલી જતી નથી એવી પરંપરાગત માન્યતા છે. સુતરાઉ વસ્ત્રનું આસન ઇષ્ટ નથી.

(૮) ગમનસમયે મંત્રજપ કરવો નહિ, કારણ કે એ વખતે જવાની ઉતાવળ હોય છે, એટલે મંત્રજપ બરાબર થવાની સંભાવના નથી.

(૯) શયનસમયે મંત્રજપ કરવો નહિ. આંખમાં ઊંઘ ભરાઈ હોય અને મંત્રજપ કરવા જઈએ તો એ બરાબર થાય નહિ અને થોડા જ વખતમાં છોડી દેવો પડે.

(૧૦) ભોજનસમયે મંત્રજપ કરવો નહિ; કારણ કે તે વખતે મન બરાબર એકાગ્ર થઈ શકતું નથી.

(૧૧) ભ્રમિતચિત્તે મંત્રજપ કરવો નહિ.

(૧૨) બે હાથ તથા મસ્તક ઢાંક્યા વિના મંત્રજપ કરવો નહિ.

(૧૩) માર્ગમાં બેસીને મંત્રજપ કરવો નહિ.

(૧૪) અંધકારવાળા સ્થાનમાં બેસીને મંત્રજપ કરવો નહિ. આ સૂચના સામાન્ય સાધક માટે સમજવી. કારણ કે મહાન સાધકો માટે તો પર્વતની ગુફા વગેરેનું વિધાન છે.

(૧૫) ચામડાનાં જોડાં પહેરીને મંત્રજપ કરવો નહિ.

(૧૬) પગ લાંબા પસારીને મંત્રજપ કરવો નહિ.

(૧૭) ઉત્કટ આસને બેસીને મંત્રજપ કરવો નહિ.

(૧૮) યજ્ઞકાષ્ઠ, પાષાણ કે મૃત્તિકા પર બેસીને મંત્રજપ કરવો નહિ.

માનસજપ સર્વસ્થાનમાં અને સર્વ અવસ્થામાં કરી શકાય છે. તેમ કરવામાં કંઈ દોષ નથી.

મંત્રજપ કરતી વખતે સુખાસન, પદ્માસન કે અન્ય જે સાધન વિહિત હોય તે અંગીકાર કરવું. આસનની ઉપયોગિતા અંગે એક અનુભવી કહે છે કે 'શરીર અને મનને સંબંધ છે. શરીર એ વાસણના સ્થાને છે અને મન એ પાણીના સ્થાને છે. શરીર ચંચળ બને તો તેની અસર મન ઉપર પણ થાય છે, અર્થાત્ મન પણ ચંચળ બને છે. તેથી સાધનાની શરૂઆતમાં આસન બાંધવું જ જોઈએ. આ આસનની સ્થિરતાનો આધાર ખોરાકની શુદ્ધિ ઉપર છે. તેથી સાધકે પોતાની પ્રકૃતિને અનુકૂલ સાત્ત્વિક અને મિત ખોરાક લેવો જોઈએ. ઊણોદરીનું * પાલન અવશ્ય કરવું ઘટે. ભારે તળેલા અને મશાલાથી ભરપૂર પદાર્થો ન લેવા જોઇએ. ઉપરાંત ઓછામાં ઓછો સાંજના ભોજનનો મોહ છોડી દેવો જોઈએ.'

આ ગ્રંથના પરિશિષ્ટમાં **'મંત્રસાધના માટે આસન, સ્થાન, માલા વગેરેની વિચારણા'** નામનો

---

* જમતી વખતે ઉદરનો થોડો ભાગ ઊણો–ખાલી રાખવો તે ઊણોદરી નામનું તપ ગણાય છે. તાત્પર્ય કે સાધકે પેટ ઠાંસીને જમવું નહિ, અકરાંતિયા થઇને ભોજન કરવું નહિ, પણ ભૂખ કરતાં થોડું ઓછું જ જમવું.

એક લેખ આપવામાં આવ્યો છે. તેમાં આસન સંબંધી કેટલીક ઉપયોગી વિચારણા છે, એટલે અહીં તેનું વિશેષ વિવેચન ન કરતાં એ લેખનું મનન-પરિશીલન કરવાની ભલામણ કરીએ છીએ.

મંત્રજપ કરતી વખતે દિશાનો વિચાર પણ આવશ્યક છે. જો વશીકરણાર્થે મંત્રજપ કરવાનો હોય તો પૂર્વાભિમુખ બેસવું, મારણાદિક અભિકર્મ કરવું હોય તો દક્ષિણાભિમુખ બેસવું, ધનલાભ વગેરે માટે પશ્ચિમાભિમુખ બેસવું અને શાંતિ-તુષ્ટિ માટે ઉત્તરાભિમુખ બેસવું. આ વિધિ-નિષેધ લક્ષમાં રાખવો. તે અનુસાર જપ કરવાથી મંત્રસિદ્ધિ સત્વર થાય છે.

[ ૨૭ ]

## જપની ગણનાપદ્ધતિ

દરેક મંત્રના વિધિ, આમ્નાય કે કલ્પમાં તેની જપ-સંખ્યાનું વિધાન કરેલું હોય છે. તેટલા જપ પૂરા કરવાથી મંત્રસિદ્ધિ થાય છે, અન્યથા નહિ. દાખલા તરીકે સવાલાખ જપથી મંત્રસિદ્ધિ કહેલી હોય તો બરાબર સવાલાખ જપ થવા જોઈએ તેમાં ભૂલ કે ગફલતથી હજાર-બે હજાર ઓછા ગણીએ કે પાંચ-પંદરનો ફેર રાખી દઈએ તો ચાલે નહિ. અટકળ કે અનુમાનોથી કેટલીક બાબતોમાં કામ ચાલે છે. પણ મંત્રસાધનામાં તેમ ચાલતું નથી, અર્થાત્ તેમાં દરેક વસ્તુ–દરેક ક્રિયા ખૂબ ચોકસાઈપૂર્વક કરવાની હોય છે અને એ રીતે જપની સંખ્યા પણ બરાબર ગણવી જ પડે છે.

અગ્નિપુરાણમાં કહ્યું છે કે 'ગણતરી વિનાના જપ અફળ છે.' અન્યત્ર એમ જણાવ્યું છે કે 'ગણતરી વિના થયેલા જપનું ફલ રાક્ષસો ગ્રહણ કરે છે, તેથી સાધકને ફલ મળતું નથી, આ કારણે સુજ્ઞ મનુષ્યોએ જપની સંખ્યા અવશ્ય ગણવી જોઈએ.'

આપણે જપ કરતાં જઈએ અને તેની સંખ્યા ગણતાં જઈએ એ તો બને નહિ. એમાં તો સંખ્યાનો પણ જપ થાય અને વસ્તુનું સ્વરૂપ બદલાઈ જાય, તેથી મંત્રવિશારદોએ તે માટે માલાનું સાધન નક્કી કરેલું છે. માલા જેમ ભૂષણોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, તેમ મંત્રસાધનામાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અલબત્ત, આ બંનેનું સ્વરૂપ જુદા પ્રકારનું હોય છે, પણ તેમની મહત્તામાં કાંઈ ફેર નથી.

માલાના મુખ્ય પ્રકારો ત્રણ છે: (૧) વર્ણમાલા, (૨) કરમાલા અને (૩) અક્ષમાલા. આ ત્રણેય પ્રકારો સંબંધી તંત્રગ્રંથોમાં વિશદ વિવેચન થયેલું છે.

## વર્ણમાલા

માતૃકાવર્ણના તમામ વર્ણો તથા ક્ષકારનો આધાર લઈને જપસંખ્યાની ગણના કરવી, તેને વર્ણમાલા કહેવામાં આવે છે. તેની રીત એવી છે કે દરેક વર્ણને અનુસ્વારથી યુક્ત કરવો અને તેને મંત્રના છેડે લગાડવો. ત્યારબાદ क्ष ને क्षं કરી તેનો મેરુ બનાવવો. આ રીતે લોમ એટલે સીધી આવૃત્તિ કરતાં કુલ ૫૦ જપ થાય. પછી તેની વિલોમ આવૃત્તિ કરવી, એટલે કે તે બધા અક્ષરોને ઉલટા ક્રમે મંત્રની પાછળ લગાડવા ને એ રીતે જપ પૂરો કરવો, એટલે ૧૦૦ની સંખ્યા પૂરી થાય. હવે જો ૧૦૮ની સંખ્યા પૂરી કરવી હોય તો લોમ–વિલોમ આવૃત્તિ પછી અષ્ટવર્ગની એક આવૃત્તિ કરવી. અષ્ટવર્ગમાં अ क च ट त प य અને

श ની ગણના કરવામાં આવે છે. આ બધા વર્ણોને પણ અનુસ્વારયુક્ત કરીને જ બોલવાના હોય છે. એક દાખલો લેવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

ધારો કે 'ॐ नमः शिवाय' એ મંત્રનો વર્ણમાલા વડે ૧૦૮ જપ કરવો છે, તો તે આ રીતે થશે :

ॐ नमः शिवाश अँ

ॐ नमः शिवाय आँ

ॐ नमः शिवाय इँ

આ રીતે ૧૬ સ્વર બોલાતાં જપ સંખ્યા ૧૬ ની થશે. ત્યારબાદ कं खं गं અને છેવટે क्षं લગાડતા એ સંખ્યા ૫૦ સુધી પહોંચશે. ત્યારબાદ क्षं લગાડવામાં આવશે પણ તેની ગણત્રી કરવાની નહિ. ત્યારબાદ ळं हं सं पं शं આદિ વ્યંજનો તથા अः अं औ ओ આદિ સ્વરો ઉલટા ક્રમે લગાડતાં બીજા ૫૦ની સંખ્યા થશે અને એ રીતે જપ-સંખ્યા ૧૦૦ની પૂરી થશે. ત્યારબાદ 'ॐ नमः शिवाय अं' 'ॐ नमः शिवाय कं' એ રીતે અષ્ટવર્ગની આવૃત્તિ કરવાથી બરાબર ૧૦૮ની સંખ્યા પૂરી થશે.

કેટલાક મંત્રવિદો કહે છે કે શિવશક્ત્યાત્મક કુંડલિની સૂત્ર દ્વારા આ માલા ગુંથાયેલી છે અને બ્રહ્મનાડીની મધ્યમાં કમલતંતુ જેવી સૂક્ષ્મ અને શુદ્ધ વર્ણની ચિત્રિણી નામની નાડી છે, તે આ વર્ણમાલાની ગ્રંથિરૂપ છે. એ ગમે તેમ હોય પણ વર્ણમાલાના પ્રત્યેક વર્ણનો જપ મંત્રની સિદ્ધિ

માટે મદદગાર મનાયેલો છે, એટલે આ રીતે મંત્રજપ કરવો ઇષ્ટ છે. આ પદ્ધતિ ગુરુપરંપરા દ્વારા પ્રાપ્ત થાય છે અને ચિત્તસ્થિરતા માટે વિશિષ્ટ સાધકો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

## કરમાલા

કર એટલે હાથ. તેની આંગળીઓના વેઢાનો ઉપયોગ કરીને જપસંખ્યા ગણવી, તે કરમાલા કહેવાય છે.

તંત્રગ્રંથોમાં કહ્યું છે કે—

नित्यं जपं करे कुर्याद्, न तु काम्यमबोधनात् ।
काम्यमपि करे कुर्यान् मालाभावेऽपि सुन्दरि ॥

'હે પાર્વતી! મંત્રસાધકે જે નિત્ય જપ કરવાનો હોય છે, તે કરમાલા વડે કરવો જોઈએ, પરંતુ કર્મનું સ્વરૂપ જાણ્યા વિના કામ્ય જપ કરમાલા વડે કરવો નહિ. આમ છતાં કર્મને યોગ્ય માલાનો અભાવ હોય. એટલે કે પ્રયત્ન કરવા છતાં મળી શકે નહિ તો કામ્ય જપ પણ કરમાલા વડે કરી શકાય છે.'

કરમાલા વડે જપ કરવાનો સામાન્ય નિયમ એવો છે કે જપ કરતી વખતે હથેળી જરા સંકોચવી જોઈએ અને હાથનાં આંગળાં થોડાં વાંકાં વાળવા જોઈએ તથા પ્રત્યેક આંગળી એક બીજાની સાથે જોડાયેલી રાખવી જોઈએ. તાત્પર્ય કે બે આંગળીઓની વચ્ચે અંતર રાખવું જોઈએ નહિ. જો આંગળીઓ વચ્ચે અંતર રાખવામાં આવે તો તેમાંથી જપ નીકળી જાય

છે, અર્થાત્ તેની શક્તિ નષ્ટ થાય છે અને ધાર્યું ફળ મળતું નથી. વળી કરમાલાનો ઉપયોગ કરતાં જમણો હાથ હૃદય સમક્ષ અને ડાબો હાથ ડાબા ઢીંચણ પર રાખવો જોઈએ. તેમાં જમણો હાથ વસ્ત્રથી ઢાંકવો જોઈએ. વસ્ત્ર ઢાંક્યા વિના મંત્રજપ કરવો ઉચિત નથી, તે જ કારણે સુજ્ઞ સાધકો ગોમુખીનો ઉપયોગ કરે છે. જમણા હાથે જપ કરવો અને ડાબા હાથે સંખ્યા ગણવી એવો મંત્રવિદોનો ઉપદેશ છે, તેથી જ હૃદય સમક્ષ બંને હાથ વસ્ત્ર ઢાંકીને રાખવાના છે.

હાથની દરેક આંગળીનું વિશિષ્ટ નામ છે, તે સાધકે જાણી લેવું જોઈએ, અન્યથા મંત્રવિદોએ કરેલું વિધાન બરાબર સમજવામાં આવશે નહિ. અંગૂઠાની પાસેની આંગળીને તર્જની કહેવાય છે, પછીની આંગળીને મધ્યમા કહેવાય છે. (કારણકે તે પાંચ આંગળીઓની મધ્યમાં આવેલી છે), તેની પાસેની આંગળીને અનામિકા કહેવામાં આવે છે અને ટચલી આંગળીને કનિષ્ઠા કે કનિષ્ઠિકા કહેવામાં આવે છે. કરમાલામાં જમણા હાથનો ઉપયોગ કરવાનો હોય છે, તેમાં આ ક્રમ ઉલટો સમજવો, એટલે કે જમણો હાથ સવળો કરીને સન્મુખ રાખીએ તો પ્રથમ કનિષ્ઠા, બીજી અનામિકા, પછી મધ્યમા, પછી તર્જની અને છેવટે અંગૂઠો આવે છે.

ટચલી આંગળીના અગ્રભાગથી શરૂ કરીને અંગૂઠાના મૂળ સુધીમાં ૧૫ વેઢા આવે છે, તેથી તેની ૭ વાર ગણના કરીને ટચલી આંગળીના ૩ વેઢા ફરી ગણીએ તો ૧૦૮ની સંખ્યા પૂરી થાય છે. (૧૫ × ૭ = ૧૦૫ + ૩ = ૧૦૮),

પણ મંત્રજપમાં આ રીતે ગણના કરવાનો નિષેધ છે. તે માટે વિશિષ્ટ પદ્ધતિને અનુસરવી પડે છે.

પુરુષદેવતાના જપ કરતી વખતે કરમાલામાં તર્જની, અનામિકા અને કનિષ્ઠા આંગળીના ત્રણ ત્રણ વેઢા, અને મધ્યમા આંગળીનું એક વેઢું લેવું જોઈએ અને મધ્યમા આંગળીના ઉપરના બે વેઢાને મેરુરૂપ સમજવા જોઈએ. વળી અનામિકાના વચલા વેઢાથી જપનો આરંભ કરવો જોઈએ અને કનિષ્ઠા આંગળીથી ક્રમે ક્રમે તર્જનીના મૂળ વેઢા સુધી જે દશ વેઢા છે તેના વડે જપને આગળ વધારવો જોઈએ. આ રીતે જ્યારે એક સો જપ પૂરા થાય ત્યારે અનામિકાના મૂળ વેઢાથી આરંભ કરીને કનિષ્ઠા આંગળીથી ક્રમપૂર્વક તર્જનીના મધ્ય વેઢા સુધીના આઠ વેઢા સુધી જપ કરી ૧૦૮ની સંખ્યા પૂરી કરવી જોઈએ.

નીચેના બે યંત્રોનું નિરીક્ષણ કરવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ સમજાશે :

## પુરુષદેવતાના જપ ગણવાની રીત
### યંત્ર પહેલો

| | | | |
|---|---|---|---|
| ૩ | ૨ | મે | ૧૦ |
| ૪ | ૧ | ર | ૯ |
| ૫ | ૬ | ૭ | ૮ |
| ક૦ | અ૦ | મ૦ | ત૦ |

આ રીતે ૧૦ આવૃત્તિ કરવાથી ૧૦૦ જપની સંખ્યા પૂરી થાય.

ક૦–કનિષ્ઠકા. અ૦–અનામિકા. મ૦–મધ્યમા. ત૦–તર્જની.

## યંત્ર બીજો

| | | | |
|---|---|---|---|
| ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | – | – | ૮ |
| ૨ | ૧ | | – |
| ક૦ | અ૦ | મ૦ | ત૦ |

આ રીતે બાકીના ૮ જપની આવૃત્તિ કરતાં ૧૦૮ જપ પૂરા થાય.

સ્ત્રી દેવતા કે શક્તિદેવીનો જપ કરમાલાથી કરતી વખતે અનામિકા આંગળીના મધ્યવેઢાથી શરૂ કરી કનિષ્ઠાદિ ક્રમે મધ્યમા આંગળીના ત્રણ વેઢાં અને તર્જની આંગળીનો મૂળ વેઢા, એ રીતે દશ વેઢા સુધીનો જપ કરવો જોઈએ અને અષ્ટોત્તરશત (૧૦૮) ની સંખ્યા પૂરી કરવાની હોય તો પૂર્વોક્ત પદ્ધતિએ ૧૦૦ ની ગણના કર્યા બાદ અનામિકાના મૂળ વેઢાથી આરંભ કરીને કનિષ્ટકાદિ ક્રમે મધ્યમા આંગળીના મૂળ વેઢાપર્યંત જપ કરવો જોઈએ. નીચેના બે યંત્રોનું નિરીક્ષણ કરવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે:

## સ્ત્રીદેવતાના જપ ગણવાની રીત

### યંત્ર પહેલો

| | | | |
|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | મે |
| ૪ | ૧ | ૮ | રુ |
| ૩ | ૨ | ૯ | ૧૦ |
| ક૦ | અ૦ | મ૦ | ત૦ |

આ રીતે ૧૦ આવૃત્તિ કરવાથી ૧૦૦ની જપની સંખ્યા પૂરી થાય.

## યંત્ર બીજો

| | | | |
|---|---|---|---|
| ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | – | – | ૮ |
| ૨ | ૧ | – | – |
| ક૦ | અ૦ | મ૦ | ત૦ |

આ રીતે બાકીના ૮ જપની આવૃત્તિ કરતાં ૧૦૮ જપ પૂરા થાય.


કેટલાક સંપ્રદાયો પુરુષ અને સ્ત્રીદેવતાનો ભેદ કર્યા વિના નીચે પ્રમાણે કરમાળાનો ઉપયોગ કરે છે :

| | | | |
|---|---|---|---|
| ૫–૧૬ | ૬–૧૫ | ૭–૧૪ | ૮–૧૩ |
| ૪–૧૭ | ૧–૨૦ | સુ | ૯–૧૨ |
| ૩–૧૮ | ૨–૧૯ | મે રુ | ૧૦–૧૧ |


જૈન મંત્રામ્નાયમાં કરમાલાના જપ અંગે નંદ્યાવર્ત, શંખાવર્ત આદિ પદ્ધતિઓનું નિર્માણ થયેલું છે, તે પણ અહીં ધ્યાનમાં રાખવા યોગ્ય છે. શ્રી નમસ્કાર મહામંત્રનો ૧૦૮ વાર જપ કરવો હોય તો જમણા હાથે નંદ્યાવર્તથી બારની સંખ્યા ગણવામાં આવે છે અને શંખાવર્તથી ડાબા હાથે નવની સંખ્યા ગણતાં ૧૨ × ૯ = ૧૦૮ની સંખ્યા પૂરી થાય છે. તે આ રીતે :—

| ડાબા હાથે શંખાવર્ત | | | | જમણા હાથે નંદ્યાવર્ત | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૩ | ૪ | ૫ | ૧૨ |
| ૬ | ૧ | ૨ | ૧૧ | ૨ | ૭ | ૬ | ૧૧ |
| ૫ | ૪ | ૩ | ૧૨ | ૧ | ૮ | ૯ | ૧૦ |
| ત૦ | મ૦ | અ૦ | ક૦ | ક૦ | અ૦ | મ૦ | ત૦ |

ડાબા હાથની ગણુનામાં શંખના જેવો અંદર પડતો આવર્ત થાય છે, એટલે તે શંખાવર્ત કહેવાય છે અને જમણા હાથે ગણુના કરતાં નંદ્યાવર્ત સાથિયાના પાંખડા જેવો અંદર જઇને બહાર નીકળતો આવર્ત થાય છે, એટલે તે નંદ્યાવર્ત કહેવાય છે. નીચેની આકૃતિઓ આ વસ્તુને સ્પષ્ટ કરે છે :



શંખાવર્ત



નંદ્યાવર્ત

## અક્ષમાલા

અક્ષ એટલે મણુકો કે પારો. તેના વડે જે માલા બનાવેલી હોય તે અક્ષમાલા કહેવાય છે. આ માલા જપ ગણુના કરવા માટે સહુથી વધારે સરળ સાધન છે, તેથી લોકોમાં તેનો અધિક પ્રચાર છે. તે જપમાલિકા, જપમાલા કે માત્ર માલા તરીકે પણુ ઓળખાય છે.

અક્ષમાલાઓ અનેક પ્રકારની હોય છે અને ફળની અપેક્ષાએ તેમાં તરતમ ભાવ હોય છે. અગ્નિપુરાણમાં કહ્યું છે કે :

हिरण्यरत्नमणिभिर्जप्त्वा शतगुणं भवेत् ।
सहस्रगुणमिन्द्राक्षैः पद्माक्षरयुतं भवेत् ॥
नियुतं वापि रुद्राक्षैर्भद्राक्षस्तु न संशयः ।
पुत्रजीवकजापस्य परिसंख्या न विद्यते ॥

'સુવર્ણ, રત્ન અને મણિની માલા વડે જપ કરવાથી સોગણો લાભ થાય છે, ઈન્દ્રાક્ષની માલા વડે જપ કરવાથી હજારગણો લાભ થાય છે અને કમલબીજની માલા વડે જપ કરવાથી દશ હજારગણો લાભ થાય છે.

રુદ્રાક્ષ અને ભદ્રાક્ષની માલા વડે જપ કરવાથી દશ લાખ ગણો લાભ થાય છે અને પુત્રજીવકની માલા વડે કરેલ જપનું ફળ સંખ્યા વડે ગણી શકાતું નથી. તાત્પર્ય કે આ માલાઓ ઉત્તરોત્તર વધારે સારી છે અને વિશેષ ફલ આપનારી છે.'

કેટલાક તંત્રોમાં શંખની માલાને વાંછિત ફલ આપનારી કહી છે અને તેના અભાવે સ્ફટિકની માલાનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

આ સિવાય મુક્તા (મોતી), રજત (ચાંદીના મણકા), રક્તચંદન (રતાંજલી), કુશગ્રંથિ, સૂત્રગ્રંથિ વગેરેની માલા-

ઓના ઉલ્લેખો પણ આવે છે, તેમ જ સોના ચાંદી અને ત્રાંબાના તારમાં ગુંથીને પણ માળા બનાવવાનો વ્યવહાર છે.

મુંડમાલતંત્રમાં કહ્યું છે કે 'ત્રીશ મણકાની માલા ઐશ્વર્યપ્રદ છે, પચીશ મણકાની માલાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, ચૌદ મણકાની માલા ભુક્તિ અને મુક્તિ બંને આપે છે, પંદર મણકાની માળા મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, વશીકરણ, રોધન અને અંજનના અનુષ્ઠાનમાં ઉપયોગી છે. પાદુકાસિદ્ધિ અને મંત્ર-યંત્રસિદ્ધિ માટે એક સો મણકાની માલા જોઈએ, પણ સમસ્ત કામનાઓની સિદ્ધિ માટે ૧૦૮ મણકાની માલા વડે મંત્રજપ કરવા જોઈએ.

અન્ય તંત્રગ્રંથમાં એમ પણ કહ્યું છે કે 'પચીશ મણકાની માળાથી મોક્ષ, સત્તાવીશ મણકાની માળાથી પુષ્ટિ, ત્રીશ મણકાની માલાથી ધનસિદ્ધિ અને પચાસ મણકાની માલાથી મંત્રસિદ્ધિ થાય છે અને ૧૦૮ મણકાની માલાથી સર્વકામના પરિપૂર્ણ થાય છે.'

૧૦૮ મણકાની માલાનું માહાત્મ્ય સહુથી અધિક હોવાને કારણે આજે મોટા ભાગે ૧૦૮ મણકાની માલાનો જ ઉપયોગ થાય છે.

માળા બનાવવા માટે સૂતર અને રેશમ બન્નેના દોરા કામમાં લઈ શકાય છે. તેમાં ધોળા દોરા વડે શાંતિ, રાતા દોરા વડે વશીકરણ અને કાળા દોરા વડે મારણ આદિ કર્મ થાય છે.

આ માળાઓ ॐ, માતૃકાવર્ણ અથવા ऍं બીજનો જપ કરતાં બનાવવાની હોય છે. માળાની મધ્યમાં રહેલા મોટા મણુકાને મેરુ કે સાક્ષી કહેવામાં આવે છે. કેટલાકના મતથી જે માળામાં મણુકો પરોવ્યા પછી બ્રહ્મગ્રંથિ એટલે ગાંઠ મારેલી હોતી નથી, તે મંત્રજપ કરવાને યોગ્ય નથી.

**ગૌતમીય તંત્રમાં કહ્યું છે કે—**

**मुखे मुखस्तु संयोज्य, पुच्छे पुच्छस्तु योजयेत् ।**
**गोपुच्छसदृशीमाला, यद्वा सर्पाकृतिः शुभा ॥**

'મણુકાના મુખ સાથે મુખ અને પુચ્છ સાથે પુચ્છ મેળવીને માળા પરોવવી જોઈએ. ગોપુચ્છ અને સર્પાકૃતિ માળા શુભ છે.'

રુદ્રાક્ષનો ઉપલો ભાગ અને નીચલો ભાગ પુચ્છ કહેવાય છે. બીજા મણુકાઓમાં જે ભાગ સ્થૂલ એટલે મોટો હોય, તે મુખ અને સૂક્ષ્મ એટલે પાતળો હોય, તે પુચ્છ કહેવાય છે. જે માલામાં પ્રથમ મોટા મણુકા અને પછી ક્રમે ક્રમે નાના મણુકા પરોવેલા હોય, તે ગોપુચ્છ જેવી એટલે ગાયના પૂંછડાના આકારની લાગે છે અને વચ્ચે મોટા મણુકા તથા બંને બાજુ નાના મણુકા હોય, તે સર્પાકૃતિ એટલે સાપના આકાર જેવી લાગે છે.'

પરંતુ આજે તો મંત્રજપ માટે મુખ્યત્વે મણુકાવાળી માલાઓ જ બનાવવામાં આવે છે અને તેમાં કોઈ દોષ હોય, એમ અમે માનતા નથી. કાલ અને ક્ષેત્રને અનુસરી કેટલાંક

પરિવર્તનો અવશ્ય થાય છે. તેમાં મૂળભૂત સિદ્ધાંતને બાધ ન આવતો હોય એવું પરિવર્તન સ્વીકારવામાં હરકત નથી.

રુદ્રયામલતંત્રમાં કહ્યું છે કે—

अप्रतिष्ठितमालाभिर्मन्त्रं जपति यो नरः ।
सर्वं तन्निष्फलं विद्यात् क्रुद्धा भवति देवता ॥

'જે મનુષ્ય–સાધક અપ્રતિષ્ઠિત માલા વડે મંત્રનો જપ કરે છે, તેના ઉપર દેવતાઓ ક્રોધાયમાન થાય છે. તેના મંત્રજપ નિષ્ફલ જાણવા.' તાત્પર્ય કે વિધિપૂર્વક માલા તૈયાર થયા પછી તેની પ્રતિષ્ઠા કરવી જોઈએ.

માલાપ્રતિષ્ઠાનો વિધિ આ પ્રમાણે સમજવો. પ્રથમ પીંપળાનાં નવ પાંદડાં લઈ તેની પદ્માકાર રચના કરવી અર્થાત્ તેનો પડિયો બનાવવો. પછી તેમાં પંચગવ્ય મૂકવું. પંચગવ્ય એટલે ગાયના દૂધ, દહીં, ઘી, મૂત્ર તથા છાણને એકત્ર કરીને બનાવેલી વસ્તુ. પછી તેમાં માળાને ડૂબાડવી, પણ મેરુ પોતાના હાથમાં પકડી રાખવો. ત્યાર બાદ શુદ્ધ જલથી પ્રક્ષાલન કરીને તેને ધોઈ નાખવી અને અગુરુ, કપૂર, ચંદન, ધૂપ વગેરેથી વાસિત કરીને તેને ડાબા હાથમાં મૂકવી. પછી ૧૦૮ વાર મંત્રજપ કરવો. પછી તેની પ્રાણપ્રતિષ્ઠા કરવી એટલે કે ઉપાસ્ય દેવતાનું આવાહન કરી, મૂલ મંત્ર વડે પાંચ વાર અભિમંત્રિત કરી ૧૦૮ વાર ઘીની આહૂતિ આપી હોમ કરવો. પછી ગુરુને દક્ષિણા અર્પણ કરી એ માળાનો

પ્રયોગ કરવો. જે મંત્ર વડે માલાનો સંસ્કાર થયો હોય, તે જ મંત્રજપ માટે તેનો ઉપયોગ કરવો.

સંપ્રદાયભેદથી આ વિધિ અન્ય પ્રકારે પણ સંભવે છે, પણ મુખ્યત્વે તેનું સ્વરૂપ આ પ્રકારનું જાણીને તે પ્રમાણે પ્રતિષ્ઠા કરવા તરફ લક્ષ્ય આપવું.

તત્ત્વથી તો ભાવશુદ્ધિ માટે જ આ બધા સંસ્કારો કરવાના છે, એટલે આ બધી ક્રિયા ભાવપૂર્વક કરવી. ભાવ વિના કોઈ મંત્ર–તંત્ર કામ આપતા નથી, એ વાત સર્વદા ખ્યાલમાં રાખવી.

મંત્રજપ જેટલા દિવસમાં પૂરો કરવો હોય તેના પ્રમાણમાં તેનો પ્રતિદિન જપ કરવો અને તે પ્રમાણે માલાઓ ગણવી. કેટલી માલાઓ ગણાઈ તે ખ્યાલમાં રાખવા માટે ચાંદીના મણકા કે કમળકાકડી કે છેવટે કાગળપર લખી રાખેલા આંકડા ચેકવાનો ખ્યાલ રાખવો. દાખલા તરીકે રોજના ૨૧૬૦ જપ કરવાના હોય તો ૨૦ માલા ગણવી જોઈએ. એટલે દરેક માળા ગણ્યા પછી ચાંદીનો એક મણકો કે એક કમળકાકડી બાજુએ મૂકવી. અથવા એક કાગળ પર નીચે મુજબ આંક લખી રાખ્યા હોય તેના પર નીચે મુજબ નિશાન કરતાં જવું. :

| | |
|---|---|
| √૧ | ૪ |
| √૨ | ૫ |
| √૩ | ૬ |

| | |
|---|---|
| ૭ | ૧૪ |
| ૮ | ૧૫ |
| ૯ | ૧૬ |
| ૧૦ | ૧૭ |
| ૧૧ | ૧૮ |
| ૧૨ | ૧૯ |
| ૧૩ | ૨૦ |

આ રીતે પ્રતિદિન કરેલા જપની સંખ્યા ગણીને નિયત સમયમાં જપસંખ્યા પૂરી કરવાથી અભીષ્ટની પ્રાપ્તિ થાય છે.

[ ૨૪ ]

## જપ સંબંધી વિશેષ વિચારણા

જપ સંબંધમાં હજી કેટલુંક સમજવા–વિચારવા જેવું છે, તે પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યું છે. પાઠકો–સાધકોને તે જરૂર માર્ગદર્શક નીવડશે.

જપ યથાર્થ–શુદ્ધ ત્યારે જ થયો ગણાય કે જ્યારે તે અક્ષરશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ અને ભાવશુદ્ધિપૂર્વક થયેલો હોય. જેમ અશુદ્ધ દવાનું સેવન કરવાથી રોગ મટતો નથી, પણ નવી ઉપાધિ પેદા થાય છે, તેમ અશુદ્ધ જપ કરવાથી કંઈ ફલ મળતું નથી, પણ વિપરીત પરિણામ આવે છે. કદાચ વિપરીત પરિણામ ન આવે તો પણ સમય અને શક્તિનો વ્યય તો થાય જ છે કે જે કોઈ સુજ્ઞ મનુષ્યને પરવડે તેમ નથી.

મંત્ર એ અક્ષરની રચનાવિશેષ છે, એટલે તેમાં અમુક અક્ષરો હોય છે. તે જ પ્રમાણે તેનો જપ કરવો જોઈએ. તેમાં એક પણ અક્ષર આઘોપાછો કરવો નહિ કે

એકના બદલે બીજો બોલવો નહિ. તે જ રીતે તેના કાના, માત્રા કે મીંડામાં કંઈ ફેરફાર થવા દેવો નહિ, તેને **અક્ષરશુદ્ધિ** કહે છે. જો આમાંનું કંઈ પણ બને તો અક્ષરશુદ્ધિનો ભંગ થયો ગણાય અને તે જપ અશુદ્ધ લેખાય.

ૐ હ્રીઁ ક્લીઁ શ્રીઁ એ પ્રમાણે મંત્રાક્ષરો હોય અને આપણે ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ બોલીએ કે ૐ ક્લી હ્રીઁ શ્રીઁ બોલીએ તો એ આપણો મંત્ર અશુદ્ધ ગણાય. યંત્રમાં અમુક અમુક સ્થળે ચાવીઓ હોય છે, તે આઘીપાછી કરીએ તો એ યંત્ર કામ આપે છે ખરું ? અહીં પણ એમ જ સમજવું, એટલે કે મંત્રાક્ષરના કોઈ પણ અક્ષરને આઘો—પાછો કરવો નહિ.

અમે એક મિત્રના મુખેથી સાંભળ્યું છે કે એક સાધક વારાણસીમાં ગંગાજીના જળમાં ઊભો રહીને ભૈરવમંત્રનો જપ કરતો હતો. તેના કેટલાક દિવસના મંત્રજપના પ્રભાવે ભૈરવ પ્રસન્ન તો થયો, પણ એ વખતે સાધકના મુખમાંથી રક્ષ રક્ષને બદલે મક્ષ મક્ષ એવા અક્ષરો બોલાતા હતા. અલબત્ત, લક્ષ્ય નહિ રહેવાને લીધે કે શૂન્યમનસ્કતાને કારણે આમ બન્યું હતું, પણ ભૈરવ તો એમ જ સમજ્યો કે કોઈ પણ કારણે તે મને ભક્ષણ કરી જવાનું કહે છે, એટલે તે સાધકનું ભક્ષણ કરી ગયો અને તેનાં સોયે વર્ષ પૂરાં થઈ ગયાં.

કદાચ આ વાત કલ્પિત પણ હોય, પરંતુ વર્ણવ્યત્યય એટલે એકને બદલે બીજો અક્ષર આવી જવાથી કેવો અનર્થ થવા સંભવ છે, તે આ વાત પરથી બરાબર સમજી શકાય છે.

'અધીયતે' પદનું 'અંધીયતે' પદ થતાં એક રાજકુમારને ભણાવવાને બદલે તેની બંને આંખો ફોડી નાખી તેને અંધ બનાવવામાં આવ્યો હતો, એ કથા પ્રસિદ્ધ છે. પાવનમાંથી કાનો નીકળી જાય તો પવન બને અને નગરના પ્રથમ અક્ષરમાં ભૂલથી કાનો ચડી જાય તો નાગર બને. તે જ રીતે વંદનમાંથી અનુસ્વાર ઉડી જાય તો વદન બને અને જગના પ્રથમ અક્ષર પર ભૂલથી અનુસ્વાર ચડી જાય તો જંગ બને. તાત્પર્ય કે અક્ષરની રચનામાં કંઈ પણ ફેરફાર થાય તો તેનો અર્થ ફરી જાય અને મંત્ર અશુદ્ધ બને.

અહીં એ સ્પષ્ટતા પણ જરૂરી છે કે જે મંત્રાક્ષરો છે, તે મંત્રદેવતાની મૂર્તિ છે. તેમાં કંઈ પણ ફેરફાર થાય તો મંત્રદેવતાની મૂર્તિ વિકૃત કે ખંડિત થાય, એટલે અક્ષરશુદ્ધિ માટે પૂરેપૂરી કાળજી રાખવી ઘટે છે.

જે અક્ષર કે પદનો ઉચ્ચાર જે રીતે કરવો ઘટે, તે રીતે જ કરવો, પણ અન્યથા ન કરવો, તેને **ઉચ્ચારશુદ્ધિ** કહે છે. सकल નું शकल બોલીએ કે सकृत्નો ઉચ્ચાર शकृत् કરીએ તો અનર્થ થાય છે. सकल એટલે સમસ્ત અને शकल એટલે ટુકડો. सकृत् એટલે એકવાર અને शकृत् એટલે છાણ કે વિષ્ટા. વળી ટૂંકાને બદલે પહોળો ઉચ્ચાર કરીએ કે પહોળાને બદલે ટૂંકો ઉચ્ચાર કરીએ તો પણ અર્થમાં મોટો ફરક પડી જાય છે. ગોળ એટલે વર્તુલ અને ગૉળ એટલે શેરડીના રસમાંથી બનેલો એક મીઠો પદાર્થ. અથવા બૂટ એટલે જોડા અને બુટ એટલે કાનનો નીચેનો ભાગ.

આ જ રીતે છૂટા અક્ષરને ભેગા કરીએ એટલે કે તેને જોડાક્ષર કે સંયુક્તાક્ષર બનાવીએ અને જોડાક્ષર કે સંયુક્તાક્ષરને છૂટા પાડીને બોલીએ તો પણ ઉચ્ચાર અશુદ્ધ થયો ગણાય છે. વિજયાને બદલે વિજ્યા બોલીએ કે ચરણને બદલે ચર્ણ બોલીએ તે અશુદ્ધ છે અને હ્રીઁ ને બદલે હ્રરીઁ કે ક્લીં ને બદલે कलीँ બોલીએ તે પણ અશુદ્ધ છે.

વિશેષમાં જેનો ઉચ્ચાર પ્લુત કરવાનો કહ્યો હોય તેનો ઉચ્ચાર પ્લુત જ કરવો જોઈએ. ત્યાં દીર્ઘ કે હ્રસ્વ ઉચ્ચાર ચાલે નહિ. દાખલા તરીકે ઓ૩મ્ લખ્યું હોય તો ત્યાં ઓનો ઉચ્ચાર પ્લુત કરીને પછી મ્ બોલવો જોઈએ. ત્યાં માત્ર ઓમ્ એવું બોલીએ તો એ શુદ્ધ ગણાય નહિ. ૩નો અંક પ્લુત ઉચ્ચારણ સૂચવે છે.

હજી આ સંબંધમાં થોડું કહેવાનું છે. કોઈ પણ મંત્રાક્ષરો માત્ર હોઠ ફફડાવીને બોલીએ એ વૈખરી વાણીનો પ્રયોગ છે, કંઠમાંથી બોલીએ એ મધ્યમા વાણીનો પ્રયોગ છે અને નાભિમાંથી સ્વર કાઢીને બોલીએ એ પશ્યંતી વાણીનો પ્રયોગ છે. તેમાં પ્રથમ પ્રયોગ કનિષ્ઠ છે, બીજો મધ્યમ છે અને ત્રીજો ઉત્તમ છે. વાસ્તવમાં આ ત્રીજા પ્રકાર વડે મંત્રોચ્ચાર કરવાથી જ યોગ્ય કંપન (Vibrations) થાય છે અને તેનું પરિણામ સુંદર આવે છે.

પાઠશાળાઓમાં કેટલાક મંત્રોનો પાઠ આપવામાં આવે છે, પણ તેનું ઉચ્ચારણ શીખવવામાં આવતું નથી. ધર્મગુરુઓ તરફથી પ્રાપ્ત થતા મંત્રોમાં પણ મોટા ભાગે આ જ દશા

હોય છે. પરિણામે મંત્રોચ્ચારણની બાબતમાં અંધેર ચાલે છે, પણ તે બધાને કોઠે પડી ગયું છે, એટલે તે સંબંધી ખાસ ઊહાપોહ જોવામાં આવતો નથી. આ દશા ખરેખર! શોચનીય છે. જો મંત્ર અને મંત્રશાસ્ત્રની પુનઃ પ્રતિષ્ઠા કરવી હોય તો તેની ઉચ્ચારણપદ્ધતિ સુધારવી જોઈએ અને તેને સંપૂર્ણ શાસ્ત્રીય કક્ષાએ મૂકવી જોઈએ. આ બધું તો પ્રાસંગિક કહ્યું, પણ તેમાંથી સાધકે એટલો સાર લેવાનો છે કે જપ કરતી વખતે દરેક મંત્રપદનો ઉચ્ચાર શુદ્ધ કરવો જોઈએ.

આસન, દિશા, કાલ તથા મુદ્રાદિનો વિધિ સાચવીને જે જપ કરવામાં આવે છે, તે **ક્રિયાશુદ્ધ** જપ કહેવાય છે. તેમાં જે પ્રકારની માલા ઇષ્ટ હોય તે જ લેવી જોઈએ અને તે પ્રતિષ્ઠિત કરેલી હોવી જોઈએ. સામાન્ય રીતે માળા મધ્યમા કે તર્જની આંગળીના મધ્ય વેઢા પર રાખીને ફેરવવાની હોય છે, અને કાર્યભેદથી અન્ય આંગળીઓના વેઢા પર રાખીને પણ ફેરવવામાં આવે છે, તે બહુ ઝડપથી પણ નહિ અને બહુ ધીમેથી પણ નહિ એવી મધ્યમ ગતિએ ફેરવવી જોઈએ. વળી તે વખતે નખનો સ્પર્શ ન થાય, તેનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ.

વિશેષમાં રેલ્વેના પાટા પર ગાડીનાં બે પૈડાં સરખી ગતિએ ચાલે છે, તેમ મંત્ર અને માળાના મણકા સરખી ગતિએ ચાલવા જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો એક મંત્ર

બોલાય અને એક મણકો ફરે તેમ કરવું જોઈએ. જો મણકા ઝડપથી ફરે અને મંત્રપદો પાછળ રહી જાય કે મંત્રપદો ઝડપથી બોલાય અને મણકા પાછળ રહી જાય તો અવ્યવસ્થા ઊભી થાય છે, જે હરગીઝ ઇચ્છવા યોગ્ય નથી.

જપ બને ત્યાં સુધી ઈષ્ટદેવની મૂર્તિ સામે બેસીને કરવો જોઈએ અને તેમ ન બને તો તેમની છબી સામે રાખીને કરવો જોઈએ. જપ શરૂ કરતાં પહેલાં થોડો પ્રાણાયામ કરી લેવાનું ચૂકવું નહિ. જપ ચાલુ થયો કે આડું–અવળું જોવાય નહિ કે શરીરનું હલન–ચલન કરાય નહિ. મેરુદંડ સીધો રાખવો જોઈએ અને આખર સુધી તે જ હાલતમાં બેસવું જોઈએ. વળી દૃષ્ટિ ઈષ્ટદેવ સામે જ રાખવી જોઈએ કે નાસિકાના અગ્રભાગ પર સ્થાપવી જોઈએ. એ વખતે બીજા કોઈ સાથે વાત કરાય નહિ કે ઇશારો કરીને અમુક કાર્ય કરવાનું સૂચન આપી શકાય નહિ. શરીરને આસનથી બદ્ધ કરવું અને વાણીને મંત્રજપથી બદ્ધ કરવી. વળી જપ ઉપાંશુ કે માનસ જ કરવો, એટલે ક્યા મંત્રનો જપ કરીએ છીએ, તે અન્ય કોઈ જાણે નહિ કે સાંભળે નહિ.

પરંતુ આ ત્રણેય શુદ્ધિ કરતાં વધારે મહત્ત્વ **ભાવશુદ્ધિનું** છે. અન્ય શબ્દોમાં કહીએ તો અક્ષરશુદ્ધિ હોય, ઉચ્ચારશુદ્ધિ હોય ક્રિયાશુદ્ધિ પણ હોય, પરંતુ ભાવશુદ્ધિ ન હોય તો એ જપને શુદ્ધ કહી શકાતો નથી. રસવતીમાં વિવિધ પ્રકારનાં વ્યંજનો નાખેલા હોય, પણ લૂણ (મીઠું) નાખ્યું ન હોય તો એ રસવતી સ્વાદિષ્ટ થાય ખરી? અથવા મુખડું ચંદ્રમા

જેવું ગોળ હોય, આંખો અંબુજપાંખડી જેવી મનોહર હોય અને કપાળ અનેરી આભાથી ચળકતું હોય, પણ નાક નંદવાયેલું હોય, એટલે કે તેનું ટેરવું છેદાઈ ગયેલું હોય તો એને સુંદર કહી શકાશે ખરું ? તાત્પર્ય કે જેની જેમાં ખાસ જરૂર હોય, તેના અભાવે તે શુદ્ધ, સુંદર કે પ્રશસ્તની ગણનામાં આવતું નથી.

મંત્રવિશારદ મહાપુરુષોએ કહ્યું છે કે—

बहुजापात् तथा होमात् कायक्लेशादिविस्तरैः ।
न भावेन विना देव-यन्त्र-मन्त्राः फलप्रदाः ॥

'બહુ જાપ, ઘણા પ્રકારના હોમ તથા અનેક પ્રકારના શારીરિક કષ્ટો વેઠવાથી શું ? જો ભાવ ન હોય તો દેવ, યંત્ર કે મંત્ર ફલપ્રદ થતા નથી.'

વળી એમ પણ કહ્યું છે કે—

भावेन लभते सर्वं, भावेन देवदर्शनम् ।
भावेन परमं ज्ञानं, तस्मात् भावावलम्बनम् ॥

'ભાવથી સર્વ પ્રકારના લાભો મળે છે, ભાવથી દેવતાનાં દર્શન થાય છે અને ભાવથી પરમ જ્ઞાન મળે છે, તેથી ભાવનું અવલંબન લઈને કાર્ય કરવું જોઈએ.'

ભાવ એટલે અંતરનો ઉલ્લાસ. ઉમંગ, ઉત્સાહ, રસ એ બધા તેના પર્યાયશબ્દો છે. જે કાર્ય અંતરના ઉલ્લાસથી કરીએ તેમાં રંગ જામે છે અને તેનું પરિણામ સુંદર આવે છે, જ્યારે અંતરના ઉલ્લાસ વિના શૂન્ય હૈયે-શૂન્ય મને,

માત્ર કરવાની ખાતર જે કાર્ય કરીએ, તેમાં રંગ જામતો નથી અને તેનું પરિણામ સુંદર આવતું નથી. આપણા રોજિંદા વ્યવહારમાં તથા પ્રવૃત્તિઓમાં તેના દાખલા અનેક જોવામાં આવે છે.

વળી એ પણ ખ્યાલમાં રાખવા જેવું છે કે એક કાર્ય ખરેખર કઠિન હોય, પણ તે અંતરના ઉલ્લાસથી કર્યું હોય તો કઠિન લાગતું નથી, જ્યારે એક કાર્ય થોડું કઠિન હોય પણ અંતરના ઉલ્લાસ વિના કર્યું હોય તો એ વધારે કઠિન લાગે છે. તેથી જરૂરનું એ છે કે મંત્રસિદ્ધિ માટે પૂજા, ધ્યાન, જપ આદિ જે કંઈ કરીએ, તે ભાવશુદ્ધિપૂર્વક જ કરીએ.

ભાવશુદ્ધિનો બીજો અર્થ મનઃશુદ્ધિ થાય છે, તે પણ અહીં વિચારણીય છે. મનઃશુદ્ધિ એટલે મનની પવિત્રતા. તેનું સંપાદન કરવા માટે મલ અને વિક્ષેપ એ બંને દોષો દૂર કરવાની જરૂર રહે છે. મલિન વિચારો તથા મલિન લાગણીઓથી રંગાવું તે મલદોષ કહેવાય છે અને ચિંતનીય વિષયો બદલાયા જ કરે તે વિક્ષેપ કહેવાય છે. તાત્પર્ય કે મંત્રસાધકે જપ કરતી વખતે મનમાં કોઈ પણ મલિન વિચારને પેસવા દેવો નહિ કે તેને અન્યાન્ય વિષયમાં ભટકતું રાખવું નહિ.

એક મંત્રસાધક મિત્ર કહે છે કે 'આમ તો મનને ઠીક ઠીક કાબૂમાં રાખી શકાય છે, પણ જ્યાં પૂજા, ધ્યાન કે જપમાં બેસું છું ત્યાં કોણ જાણે કેમ! પણ ન આવવાના

વિચારો આવી જાય છે અને કોઇક વાર તો તેનો હુમલો બહુ મોટો હોય છે. આમાંથી બચવા શું કરવું ? તે સમજાતું નથી.' આ સ્થિતિ બીજા પણ ઘણા સાધકોની હોય છે.

ખરી વાત તો એ છે કે જન્મ-જન્મના સંસ્કારોથી આપણા આંતરમનમાં વાસનાઓનો સંચય થયેલો છે, તેના લીધે આપણા મનરૂપી સરોવરમાં જુદા જુદા ભાવો અને વિચારોના તરંગો ઉઠે છે, તેમાંના કેટલાક અતિ મલિન, કેટલાક મલિન, કેટલાક સામાન્ય, કેટલાક શુદ્ધ તો કેટલાક વિશુદ્ધ પણ હોય છે. પરંતુ આ ભાવો કે વિચારોનો મોટો ભાગ મલિન હોવાથી આપણું મન મલિન થાય છે અને તેની એ મલિનતા દૂર ન કરીએ તો એ મલયુક્ત કે અપવિત્ર રહે છે. વૈરાગ્ય, સત્સંગ, તપ, જપ, ધ્યાન એ બધા મનશુદ્ધિના મુખ્ય ઉપાયો છે અને તે માત્ર મંત્રસાધકે જ નહિ, પણ અભ્યુદયની ઇચ્છા કે અભિલાષા રાખનારા સહુ કોઈએ અજમાવવા જેવા છે.

મનનો વિક્ષેપ ઘટાડવા માટે તેને એક વસ્તુ પર એકાગ્ર થવાની ટેવ પાડવી જોઈએ. પાણી પ્રસરણશીલ છે, એટલે કે આજુબાજુ પ્રસરી જવાના સ્વભાવવાળું છે, પણ તેને ઘડામાં રાખ્યું હોય તો ત્યાં જ પડી રહે છે અને તેની બહાર જતું નથી, તેમ આપણું મન વિક્ષેપયુક્ત હોવા છતાં જો તેને મંત્રાક્ષર કે મંત્રદેવતાની મૂર્તિ પર એકાગ્ર કરીએ અને ધીમે ધીમે એ અભ્યાસ વધારીએ તો શાંત અને સ્થિર મને મંત્રજપ કરવાને શક્તિમાન થઈએ છીએ.

એક તંત્રગ્રંથમાં કહ્યું છે કે 'મંત્રજપ વખતે મન અન્યત્ર હોય, શિવ (મંત્રદેવતા) અન્યત્ર હોય અને વાયુની ગતિ પણ અન્યત્ર હોય તો ક્રોડો જપ કરવા છતાં મંત્રની સિદ્ધિ થતી નથી.' તાત્પર્ય કે મંત્રનો જપ કરતી વખતે મન, મંત્ર અને સ્વર (શ્વાસ) એ ત્રણે સંવાદી સ્થિતિમાં રહેવા જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો સ્વર પ્રમાણે મંત્રજપ કરવો જોઈએ, તે વખતે મંત્રદેવતાનું જ ધ્યાન ધરવું જોઈએ અને મનને તેમાં જ જોડાયેલું રાખવું જોઈએ.

મંત્રજપ શરૂ કર્યા પછી તેનો રંગ લાગવો જોઈએ, તો જ નિયત સમયે અને નિયમ મુજબ તેનો જપ થઈ શકશે. પછી તો એવો સમય પણ આવશે કે મંત્રજપ કર્યા સિવાય ખાવું, પીવું, સૂવું, ઉઠવું, બેસવું આદિ કંઈ પણ ગમશે નહિ.

અહીં એ પણ સ્પષ્ટ કરવા દો કે મંત્રજપમાં મન ચોંટી ગયું તો એ વખતે બીજું કંઈ પણ યાદ આવશે નહિ, તેમ જ દેહ અને સમયનું ભાન પણ રહેશે નહિ. એવા દાખલાઓ જોવામાં આવ્યા છે કે મંત્રસાધક એક કલાક જપ કરવાનું કહીને એક સ્થાને બેઠા હોય અને તેમનું મન જપમાં લાગી જાય તો કલાકો સુધી ઉઠતા નથી. તેમને કોઈ ઉઠાડે ત્યારે જ ઉઠે છે અને તે વખતે એમને એમ જ લાગે છે કે હવે કલાક પૂરો થયો. મંત્રસાધક માટે આવી એકાગ્રતા ઇચ્છવા યોગ્ય છે.

લક્ષ્ય તરફ નજર રાખવી અને પ્રમાદ, આલસ્ય વગેરે

દોષોથી દૂર રહેવું, તો જ જપ સારો-શુદ્ધ-વિશુદ્ધ થઈ શકશે અને તેનું ફળ ઘણું મહાન હશે.

જો બને તો ત્રણ કલાક, નહિ તો બે કલાક અને છેવટે એક કલાક તો મંત્રજપ કરવામાં ગાળવો જ જોઈએ. આટલો સમય મંત્રજપ કરવાથી આપણા શરીર, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે પર તેની સુંદર અસર થાય છે.

[ ૨૫ ]

## હોમ–તર્પણ આદિ

હોમ એ મંત્રસાધકનું ચોથું દૈનિક કર્મ છે અને તે પૂજા, ધ્યાન તથા જપ પછી તરત જ કરવાનું હોય છે. કોઈ સાધક મંત્રદેવતાની પૂજા કરે, પણ તેનું ધ્યાન ન ધરે, અથવા ધ્યાન ધરે પણ તેના નામથી ગર્ભિત એવો મંત્રનો જપ ન કરે તો ઈષ્ટસિદ્ધિ થતી નથી, તેમ જપ પછી હોમ ન કરે તો પણ તેનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થતું નથી.

તંત્રકારોએ કહ્યું છે કે—

नाजप्तः सिद्धयति मन्त्रोऽनाहुतश्चफलप्रदः ।
विभूर्ति चाग्निकार्येण, सर्वसिद्धिश्च विन्दति ॥

'જપ કર્યા વિના કોઈ મંત્ર સિદ્ધ થતો નથી, તેમ આહુતિ આપ્યા વિના અર્થાત્ હોમ કર્યા વિના તે ફલપ્રદ થતો નથી. સર્વ પ્રકારની વિભૂતિ તથા સિદ્ધિ એ અગ્નિકાર્ય વડે પ્રાપ્ત થાય છે.'

વિશિષ્ટ પ્રકારના કુંડ બનાવીને, અથવા વેદિકા રચીને તથા તેના અભાવે કોઈ ઉત્તમ પાત્રમાં અગ્નિ ભરીને તેમાં ઘી, જવ, તલ અથવા વિશિષ્ટ રીતે નિર્દેશાયેલાં સમિધો કે અન્ય દ્રવ્યોની અમુક મંત્ર બોલીને 'સ્વાહા' પલ્લવ પૂર્વક આહુતિ આપવી તેને હોમ કહેવામાં આવે છે. હવન તથા યજ્ઞ એ તેના પર્યાયશબ્દો છે.

વૈદિક પરંપરામાં હોમ, હવન કે યજ્ઞને ખૂબ જ મહત્ત્વ અપાયેલું છે. તેના કોઈ પણ સંસ્કાર, વ્રત, પૂજન, અનુષ્ઠાન ઉત્સવ કે મહોત્સવ એવા નથી કે જેમાં એક યા બીજા પ્રકારે હોમને સ્થાન આપવામાં આવ્યું ન હોય. મંત્રાનુષ્ઠાન પણ એક પવિત્ર ક્રિયા છે, એટલે તેમાં હોમને ખાસ સ્થાન અપાયેલું છે. જૈન, બૌદ્ધ આદિ પરંપરાઓ યજ્ઞ-યાગ કે હોમ-હવનને મહત્ત્વ આપતી નથી, આમ છતાં તેના પ્રતિષ્ઠા-મહોત્સવો તથા મંત્રાનુષ્ઠાનોમાં હોમનો વિધિ બતાવેલો હોય છે, એટલે મંત્રસંપ્રદાયમાં તો હોમ એક અનિવાર્ય કર્મનું સ્થાન પામેલો છે અને એ દૃષ્ટિએ જ તેનો વિચાર કરવાનો રહે છે.

**જ્ઞાનાર્ણવતંત્ર**ના વીશમા પટલમાં તથા **મંત્ર-મહોદધિ**ના પચીશમા તરંગમાં મંત્રાનુષ્ઠાન માટે કેવા પ્રકારના કુંડો બનાવવા તથા ક્યા કર્મમાં ક્યા પ્રકારના સમિધો કે દ્રવ્યોનો હોમ કરવો, તેનું સવિસ્તર વિવેચન કરેલું છે. અહીં એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે પ્રાયઃ દરેક મંત્રના વિધિ, આમ્નાય કે કલ્પમાં જપ અનુસાર હોમની સંખ્યા દર્શાવેલી

અને હોમ ઉપરાંત તર્પણ, બ્રહ્મભોજન તથા માર્જન આદિનો પણ આશ્રય લેવામાં આવે છે. સામાન્ય રીતે હોમ કરતાં દશાંશ ભાગે તર્પણ, તર્પણ કરતાં દશાંશ ભાગે બ્રહ્મભોજન અને બ્રહ્મભોજન કરતાં દશાંશ ભાગે માર્જનનો વિધિ કરવાનો હોય છે, એટલે ૧૦૦૦૦૦ જપ કરવાના હોય તો ૧૦૦૦૦ હોમ (આહૂતિ), ૧૦૦૦ તર્પણ, ૧૦૦ બ્રહ્મભોજન અને ૧૦ માર્જન કરવા જોઈએ.

મંત્ર બોલીને દેવની તૃપ્તિ અર્થે આચમની આદિ વડે જલ અર્પણ કરવું, તે તર્પણ કહેવાય છે, બ્રહ્મણોને મીઠું ભોજન કરાવવું, તે બ્રહ્મભોજન કહેવાય છે અને શરીરની આંતર્બાહ્ય શુદ્ધિ માટે મંત્ર બોલીને કુશ આદિ વડે શરીર પર જલનાં છાંટણાં નાખવાં, તે માર્જન કહેવાય છે. આ ક્રિયાઓ એક યા બીજા પ્રકારે મંત્રસિદ્ધિમાં સહાયક થાય છે, તેથી મંત્રના પુરશ્ચરણમાં તેનો આશ્રય લેવામાં આવે છે.

[ ૨૬ ]

# યંત્રની આવશ્યકતા

મંત્રના વિધિ કે કલ્પોમાં સામાન્ય રીતે યંત્રનું વિધાન કરેલું હોય છે, કારણ કે મંત્રસિદ્ધિ માટે તે એક અગત્યનું સાધન છે. ખાસ કરીને મંત્રચૈતન્ય કરવા માટે તે અતિ ઉપયોગી આલંબન પૂરું પાડે છે, એટલે તે અંગે અહીં કેટલીક વિચારણા કરીશું.

'જેટલા મંત્ર એટલા યંત્ર' એવી એક ચુક્તિ મંત્ર-વિશારદોમાં પ્રચલિત છે. તેનો અર્થ એ છે કે દરેક મંત્રને-મંત્રદેવતાને પોતાનો એક ખાસ યંત્ર હોય છે અને મંત્રસિદ્ધિ માટે તેનું પૂજન-અર્ચન કરવું આવશ્યક છે.

તંત્રગ્રથોમાં કહ્યું છે કે 'દેહ અને આત્માનો જેમ અભેદ હોય છે, તેમ યંત્ર અને મંત્રદેવતાનો અભેદ હોય છે.' તાત્પર્ય કે મંત્રાક્ષરની જેમ યંત્રરચનામાં દેવશક્તિ સંનિહિત હોય છે અને પૂજા આદિ વડે તે પ્રકટ થાય છે. જેઓ યંત્રને પાષાણનો પટ, વસ્ત્રનો ટુકડો કે માત્ર ચિતરેલો કાગળ જ

સમજે છે, તેમને એનો દૈવી પ્રસાદ પ્રાપ્ત થઈ શકતો નથી. યંત્રને યંત્રરાજ વગેરે માનાર્હ શબ્દોથી સંબોધવામાં આવે છે, તેનું કારણ પણ આ જ છે.

કેટલાંક સ્થળે તો દેવ–દેવીઓની મૂર્તિને બદલે માત્ર યંત્રને જ પધરાવવામાં આવે છે અને તેની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ગુજરાતની ઉત્તર સરહદ પર આવેલા આરાસુરના પહાડમાં શ્રી અંબાજી માતાજીનું તીર્થ છે, ત્યાં માત્ર યંત્ર પર જ અલંકાર પહેરાવી તેનું પૂજન–અર્ચન કરવામાં આવે છે. વળી તીર્થસ્થાનોનો પ્રભાવ વધારવા માટે પણ કેટલાક સિદ્ધ યંત્રોની સ્થાપના કરવામાં આવે છે. હરદ્વારમાં ગાયત્રીની મૂર્તિ આગળ સિદ્ધ ગાયત્રીયંત્ર છે અને કાશીમાં અન્નપૂર્ણાના મંદિરમાં જમણી બાજુએ શિવલિંગ ઉપર શ્રીયંત્ર પ્રતિષ્ઠિત છે. કેટલીક વાર મંદિરની દીવાલો ઉપર પણ યંત્રો ચિતરવામાં આવે છે, જે તેની રહસ્યમયતામાં ઉમેરો કરે છે.

તાંત્રિક કર્મો સિદ્ધ કરવા માટે પણ યંત્રની જરૂર પડે છે. તે અંગે **મંત્રમહોદધિ**ના છવીસમા તરંગમાં કહ્યું છે કે–

> शान्तौ वश्ये लिखेद् भूर्जे, स्तम्भने द्विपचर्मणि ।
> खरचर्मणि विद्वेषे, उच्चाटे ध्वजवाससि ॥
> नरास्थिनि लिखेद् यन्त्रे, मारणे मन्त्रवित्तमः ।

'મંત્રને સારી રીતે જાણનાર પુરુષે શાંતિકર્મ અને વશીકરણમાં ભૂર્જપત્ર ઉપર, સ્તંભનમાં હાથીના ચામડા ઉપર, વિદ્વેષણમાં ગધેડાના ચામડા ઉપર, ઉચ્ચાટનમાં કાગડાના

પીંછા ઉપર અને મારણમાં મનુષ્યમાં હાડકાં ઉપર યંત્ર આલેખવો જોઈએ.'

યશ-લાભની વૃદ્ધિ માટે ઘણા માણસો પોતાનાં ઘર કે દુકાનની દીવાલો પર યંત્ર ચિતરે છે તથા યંત્રોને મઢાવીને દીવાલ પર ટાંગે છે. તે જ રીતે આપત્તિના નિવારણ અર્થે તેને પ્રવેશદ્વારની બારશાખ પર કોડી તથા લીંબુ વગેરે સાથે બાંધે છે કે તેને પ્રવેશદ્વારની આગળની ભૂમિમાં દાટે છે. આ ઉપરાંત નજર ન લાગે, ભૂતપ્રેતની બાધા ન થાય, રોગ-વ્યાધિનો હુમલો ન થાય તથા ઇષ્ટ મનોરથની સિદ્ધિ થાય તે માટે પણ તેનો બહોળો ઉપયોગ થાય છે. શ્રી જગન્નાથ-પૂરીમાં ભૈરવીચક્ર અને શ્રીનાથજીમાં સુદર્શનચક્ર, તેમજ પ્રસિદ્ધ મસ્જિદોમાં વીશા યંત્રો લખાયેલા હોય છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કે જેઓ વર્તમાન જગતમાં લગભગ અવતારી પુરુષની ખ્યાતિ પામ્યા, તેમને ગુરુસમાન યોગિનીદેવીએ એક સુવર્ણનો યંત્ર (કવચ) બનાવી આપ્યો હતો. તે પરમહંસ પૂજામાં રાખતા હતા અને તેમનાં પંચત્વ પછી તેમના સહધર્મિણી શારદામણિમાતા તેને પોતાના હાથે બાંધી રાખતા હતા.

તાત્પર્ય કે મંત્રની જેમ યંત્ર પણ એક ચમત્કારિક વસ્તુ છે અને તે મંત્રવિશારદોમાં ખૂબ પ્રતિષ્ઠા પામેલી છે.

મંત્રમાં શબ્દ પ્રધાન છે, તેમ યંત્રમાં આકૃતિ પ્રધાન છે. આ આકૃતિઓ સેંકડો પ્રકારની હોય છે. વધારે સ્પષ્ટ

કહીએ તો મનુષ્યની કલ્પનામાં જેટલી આકૃતિ ઉદ્ભવી શકે તે બધી આકૃતિઓ યંત્રમાં જોવામાં આવે છે. જેને આજે ભૌમિતિક આકારો કહેવામાં આવે છે, તે બધાં જ યંત્રોમાં નજરે પડે છે. દાખલા તરીકે શક્તિના યંત્રો ત્રિકોણગર્ભિત હોય છે અને તેના ભૂપુરો (યંત્રને બંધ કરતી બહિર્રેખા) પ્રાયઃ ચતુષ્કોણાત્મક હોય છે.[1] કેટલાક જ્વરનાશક[2] તથા મારણ–ઉચ્ચાટનને લગતા યંત્રો ત્રિકોણાત્મક જોવા મળ્યા છે અને લલનાકૃતિ કામરાજ તથા વંધ્યાગર્ભધારણ યંત્ર પણ ત્રિકોણાત્મક નિહાળ્યા છે.

જૈન આમ્નાયમાં વર્ધમાનવિદ્યાનો યંત્ર, વિજય-પતાકાયંત્ર તથા ભક્તામરસ્તોત્ર વગેરેને લગતા ઘણા યંત્રો ચતુષ્કોણાત્મક છે.

શુક્રનો યંત્ર પંચકોણાત્મક હોય છે અને નરનારી મારણયંત્ર પાંચ પાંખડીનો અમારા જોવામાં આવ્યો છે.

---

૧. શક્તિ સંપ્રદાયમા (૧) કાલી, (૨) તારા, (૩) ષોડશી અથવા ત્રિપુરાસુંદરી, (૪) ભુવનેશ્વરી, (૫) ભૈરવી, (૬) છિન્નમસ્તકા, (૭) ધૂમાવતી, (૮) બગલામુખી. (૯) માતંગી અને (૧૦) કમલા અથવા મહાલક્ષ્મી એ દશ મહાવિદ્યાનો ઘણો મહિમા છે. આ દશે મહાવિદ્યાના અલગ અલગ મંત્રો છે, સ્તોત્રો છે, કવચો છે અને યંત્રો પણ છે. તે દરેક યંત્રના ગર્ભમા ત્રિકોણની જ રચના હોય છે. ષોડશી અથવા ત્રિપુરાસુંદરીનો યંત્ર કે જે શ્રીયંત્રના નામથી પ્રસિદ્ધ છે, એ તો ત્રિકોણની એક મહારચના ગણાય છે.

૨. જુઓ **યંત્રચિંતામણિ** પૃ. ૮૮ તથા ૯૪ (વ્યંકટેશ્વર પ્રેસ પ્રકાશિત)

ગુરુ અને શનિના યંત્રો ષટ્કોણાત્મક હોય છે, શ્રી પદ્માવતી દેવીનો યંત્ર પણ ષટ્કોણાત્મક હોય છે અને દિવ્ય સ્તંભનાદિ બીજા પણ કેટલાક યંત્રો ષટ્કોણાત્મક જોવામાં આવ્યા છે.

બુધનો યંત્ર અષ્ટકોણાત્મક હોય છે અને કેટલાક જ્વરનાશક યંત્રો પણ અષ્ટકોણાત્મક હોય છે.

સૂર્યનો યંત્ર દ્વાદશકોણાત્મક હોય છે અને ચંદ્રનો યંત્ર ષોડશકોણાત્મક હોય છે.

જૈન સંપ્રદાયમાં શ્રી સિદ્ધચક્ર તથા ઋષિમંડલનો યંત્ર વર્તુલમાં છે અને અન્ય સંપ્રદાયમાં પણ અનેક યંત્રો વર્તુળમાં હોય છે. દશ મહાવિદ્યાના દરેક યંત્રમાં ત્રિકોણોની ઉપર વર્તુળ આકૃતિ હોય છે. તાંત્રિક કાર્યોમાં મહામોહન આદિ અનેક યંત્રો પણ વર્તુળમાં જ નિર્માણ થાય છે. ક્રોધશમન માટે ઉપયોગમાં લેવાતો જામદગ્ન્ય યંત્ર મધ્ય તથા ચાર દિશાઓ મળી પાંચ સ્થાનમાં પાંચ વર્તુળો ધરાવે છે.

વશીકરણ વગેરેને લગતા કેટલાક યંત્રો અંડાકૃતિ પણ જોવામાં આવે છે.

જેને આજે કુદરતી આકૃતિ (Natural form) કહેવામાં આવે છે, તે પણ યંત્રોમાં સારી રીતે જોઈ શકાય છે.

ધ્યાનને લગતાં યંત્રો કમલાકૃતિમાં હોય છે, તેમજ સૌભાગ્યકર, વિવાદજન્ય વગેરે યંત્રોમાં પણ કમલની પાંખડીઓનો ઉપયોગ હોય છે. કેટલાક યંત્રો પર્ણની તથા વૃક્ષની

આકૃતિના પણ હોય છે, તો કેટલાકની રચના સર્પાકૃતિમાં થયેલી હોય છે. વળી અશ્વ, ગજ, ગરુડ, કુક્કુટ તથા મત્સ્ય વગેરેની આકૃતિઓ પણ યંત્રમાં અવલોકી શકાય છે અને મનુષ્યાકૃતિનાં પણ વિવિધરૂપે દર્શન થાય છે.

આ રીતે યંત્રમાં આકૃતિનો પાર નથી, આમ છતાં તેમાં વર્તુલ, ત્રિકોણ અને ચતુષ્કોણની મુખ્યતા છે.

યંત્રમાં ગોઠવણ પણ અતિ મહત્ત્વની વસ્તુ છે, એટલે જે દેવ, દેવી, તેમનો પરિવાર, બીજાક્ષરો, અન્ય વર્ણો, અંકો કે વિશિષ્ટ આકૃતિઓ જ્યાં સ્થાપવાનું વિધાન હોય ત્યાં જ સ્થાપવા જોઈએ. તેમાં કંઈ પણ ફેરફાર ચાલી શકે નહિ. સંચામાં અનેક પ્રકારની કળો હોય તો જ તે સંચો કામ આપે છે, તેમ યંત્રમાં પણ સમજવું.

અમુક યંત્રમાં જે બીજો ન લખવા જોઈએ, તે લખાય તો ઉપદ્રવ થાય છે. આવા અનેક કિસ્સાઓ અમારા જાણવામાં આવ્યા છે, તેથી જે મંત્ર લખવાનો કે તૈયાર કરવાનો હોય તેની રચના પ્રથમથી બરાબર સમજી લેવી જોઈએ.

યંત્રો મુખ્યત્વે બે પ્રકારના હોય છે : (૧) પૂજન યોગ્ય અને (૨) પ્રાયોગિક. તેમાં પૂજન યોગ્ય યંત્રો સોના ચાંદી, ત્રાંબા, કાંસા કે પંચધાતુના બનાવવામાં આવે છે અને પ્રાયોગિક યંત્રો ભૂર્જપત્ર, કાગળ કે જે વસ્તુ પર લખવાનું વિધાન હોય તેના પર લખવામાં આવે છે.

પૂજન માટે જે યંત્રો બનાવવામાં આવે છે, તે ત્રણ પ્રકારના હોય છે : (૧) પાતાલયંત્ર, (૨) ભૂપૃષ્ઠયંત્ર અને

(૩) કર્મપૃષ્ઠયંત્ર. જેની સપાટી મધ્યમાંથી નીચે ગયેલી હોય કે જેમાં અક્ષરો ખોદાયેલા હોય તે પાતાલયંત્ર, જેની સપાટી સમાન હોય તે ભૂપૃષ્ઠયંત્ર અને જેની સપાટી કાચબાની પીઠ માફક ઉપરથી ઉપસેલી હોય તે કૂર્મપૃષ્ઠ-યંત્ર. આ ત્રણ યંત્રોમાં પ્રથમ કનિષ્ઠ છે, બીજો મધ્યમ છે અને ત્રીજો ઉત્તમ છે.

યંત્રનું અલૌકિક અપૂર્વ ફળ ઇચ્છનારે તો આ ત્રીજા પ્રકારનો યંત્ર જ ઉપયોગમાં લેવો જોઈએ.

આ સિવાય યંત્રપટો પણ બને છે. તે કપડાં કે કાગળ પર ચિતરાયેલા હોય છે અને પૂજનના કામમાં લેવાય છે, એટલે તે પણ એક પ્રકારના પૂજનયંત્રો જ છે.

મૂર્તિ તૈયાર થયા પછી શુભ દિવસે અને શુભ મુહૂર્તે તેનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ કરવામાં આવે છે અને પછી તેને મંદિરમાં વિધિપૂર્વક યોગ્ય સ્થાને બેસાડવામાં આવે છે. ત્યાર પછી જ તે મૂર્તિ પૂજનને યોગ્ય ગણાય છે. તે જ પ્રમાણે પૂજનયંત્ર તૈયાર થયા પછી તેનો સંસ્કારવિધિ–પ્રાણપ્રતિષ્ઠા-વિધિ કરવો પડે છે અને ત્યાર પછી જ તેનું પૂજન કરી શકાય છે.

યંત્ર સ્થાપિત કર્યા પછી કોઈ દિવસ અપૂજિત રાખી શકાય નહિ. તેની ધૂપ, દીપ તથા સુગંધી દ્રવ્યો વડે નિય-મિત પૂજા કરવી જોઈએ.

પર્વ દિવસે યંત્રની વિશિષ્ટ પ્રકારે પૂજા કરવી જોઈએ.

આ યંત્રરૂપે ઘરમાં દેવતા વિરાજે છે, એમ માનીને સઘળો વ્યવહાર કરવો જોઈએ.

યંત્રની એકાગ્ર ચિત્તે પૂજા કરતાં તથા તેનું ધ્યાન ધરતાં મંત્રચૈતન્ય થાય છે અને તે સિદ્ધિમાં ઘણું સહાયક નીવડે છે.

યંત્રના પ્રભાવે કેટલાક ચમત્કારો પણ થાય છે, પરંતુ સાધકે તેની જાહેરાત કરવી યોગ્ય નથી.

[ ૨૭ ]

## અર્થભાવના

સરસ્વતીતંત્રમાં કહ્યું છે કે—

मन्त्रार्थं मन्त्रचैतन्यं, योनिमुद्रां न वेत्ति यः ।
शतकोटिजपेनापि, तस्य विद्या न सिद्धयति ॥ ×

'જે સાધક મંત્રાર્થ, મંત્રચૈતન્ય અને યોનિમુદ્રા જાણતો નથી, તેને શતકોટિ જપ વડે પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.' તાત્પર્ય કે મંત્રસિદ્ધિને ઇચ્છનાર સાધકે જપ ઉપરાંત મંત્રની અર્થભાવના કરવી જોઈએ, મંત્રચૈતન્યની ભૂમિકાને સ્પર્શવી જોઇએ અને યોનિમુદ્રા વગેરે સંબંધી પણ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. +

પરંતુ આજે મંત્રની અર્થભાવના કેટલા કરે છે? અરે! ઘણા તો તેનો વાસ્તવિક અર્થ પણ જાણતા નથી.

---

× અહીં तस्य सिद्धिर्न जायते એવો પણ પાઠ છે.

+ યોનિમુદ્રા ઘણા બ્રાહ્મણો જાણતા હોય છે. તેમની પાસેથી તે શીખી લેવી જોઈએ.

અહીં અર્થશબ્દથી ' મંત્ર વડે વાચ્ય એવું દેવતાનું શરીર સમજવાનું છે અને ભાવનાથી તે સંબંધી અભેદ ચિંતન કરવાનું છે. તાત્પર્ય કે મંત્રદેવતાના અક્ષરમય સ્વરૂપ સંબંધી અભેદ ચિંતન કરવું, તે મંત્રની અર્થભાવના કહેવાય છે. મંત્રની સિદ્ધિ થવામાં તે એક મહત્ત્વનું પગલું છે.

કિંતુ મંત્રદેવતાના અક્ષરમય સ્વરૂપનું અભેદ ચિંતન એમ ને એમ થતું નથી. તે માટે ભાવાર્થ અને સંપ્રદાયાર્થથી પરિચિત થવું પડે છે અને જ્યારે નિગર્ભાર્થની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ મંત્રદેવતાના અક્ષરમય સ્વરૂપનું અભેદ ચિંતન થઈ શકે છે.

કેટલાક કહે છે કે, 'મંત્ર તો શ્રદ્ધાનો વિષય છે, એટલે ગુરુદ્વારા જે મંત્રાક્ષરો પ્રાપ્ત થયા હોય, તેનો જપ કર્યા કરવો જોઈએ. તેનું ફળ સમય પાકયે જરૂર મળે છે. પછી તેના અર્થની કે અર્થભાવનાની કડાકૂટ શા માટે કરવી ?'

પરંતુ આમાં ગેરસમજ રહેલી છે. મંત્રની બાબતમાં શ્રદ્ધાની ઘણી આવશ્યકતા છે અને કેટલાકને માત્ર શ્રદ્ધાથી જ તેની સિદ્ધિ થાય છે, આમ છતાં તે માત્ર શ્રદ્ધાનો વિષય નથી. અન્ય શબ્દોમાં કહીએ તો શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયાની ત્રિપુટી થાય તો જ મંત્રસિદ્ધિ શક્ય બને છે. જો મંત્ર એ માત્ર શ્રદ્ધાનો વિષય હોત તો તેના વિષે આટલા ગ્રંથો શા માટે લખાત ? કે આટલી ક્રિયા-પ્રક્રિયાઓની યોજના શા માટે થાત ? તે માટે તો માત્ર શ્રદ્ધાનો જ નિર્દેશ થાત અને તેટલાથી કામ પતી જાત, પણ મંત્ર અને

મંત્રસાધના વિષે આજ સુધીમાં સેંકડો ગ્રંથો રચાયા છે, અરે એક ઓંકાર મંત્ર ઉપર જ અનેક ટીકાઓ રચાઈ છે અને વિવિધ પ્રકારની ક્રિયાઓ તથા વિવિધ પ્રકારનાં અનુષ્ઠાનો અસ્તિત્વમાં આવ્યાં છે, તેથી એ વસ્તુ સિદ્ધ થાય છે કે મંત્રની સિદ્ધિ માટે શ્રદ્ધા ઉપરાંત જ્ઞાન અને ક્રિયાની પણ આવશ્યકતા છે.

મંત્ર કે મંત્રપદોનો ભાવાર્થ જાણવો હોય તો ગુરુ તથા કોષ-વ્યાકરણાદિ ગ્રંથોથી જાણી શકાય છે, પરંતુ સંપ્રદાયાર્થ જાણવા માટે તો માત્ર ગુરુનું જ શરણ લેવું પડે છે. કોષ-વ્યાકરણમાન્ય ભાવાર્થ કરતાં આ અર્થમાં કેટલીક વિશેષતા કે કેટલુંક રહસ્ય અવશ્ય હોય છે. એ મંત્રનો શબ્દાર્થ કે ભાવાર્થ જાણીએ, પણ સંપ્રદાયાર્થને જાણીએ તો સાધનામાં વિશેષ પ્રગતિ થતી નથી.

મંત્ર કે મંત્રપદોનો તાત્ત્વિક કે ગૂઢ અર્થ જાણવો, તે નિર્ગર્ભાર્થ કહેવાય છે. અહીં જ સાધકને તાત્ત્વિક વિચારણા વડે મંત્ર અને મંત્રદેવતા એક જ છે, એવી અભેદ બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેના આધારે તે મંત્રદેવતાનું સ્વરૂપ ચિંતવે છે કે જેને મંત્રવિશારદોએ સાંકેતિક ભાષામાં '**મંત્રાર્થ**' કહ્યો છે.

**રુદ્રયામલ**માં કહ્યું છે કે—

मन्त्रार्थो देवतारूप-चिन्तनं परमेश्वरि ।
वाच्यवाचकभावेनाभेदो मन्त्रदेवतयोः ॥

'હે પાર્વતી! મંત્રદેવતાના સ્વરૂપનું ચિંતન કરવું, તે મંત્રાર્થ કહેવાય છે. વાચ્ય અને વાચક ભાવથી વિચાર કરતાં મંત્ર અને દેવનો અભેદ છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે મંત્ર એ વાચક છે અને મંત્રદેવતા એ વાચ્ય છે. આ બંનેનું સ્વરૂપ એવું છે કે તેને જુદા પાડી શકાય જ નહિ. મંત્ર ન હોય તો મંત્રદેવતા નથી અને મંત્રદેવતા ન હોય તો મંત્ર નથી. મંત્રના અક્ષરોમાં દેવતાનો વાસ છે અથવા મંત્રના અક્ષરો એ જ મંત્રદેવતાનું શરીર છે, એટલે તેમને જુદા શી રીતે પાડી શકાય? તાત્પર્ય કે મંત્રદેવતાનું સ્વરૂપ ચિંતવવું, એ મંત્રનું સ્વરૂપ ચિંતવ્યા બરાબર છે અને તેથી જ મંત્રદેવતાના સ્વરૂપચિંતનને મંત્રાર્થ કહેવામાં આવે છે.

પ્રારંભમાં દરેક મંત્રસાધક એમ માને છે કે મંત્ર અને મંત્રદેવતા એ બે જુદી વસ્તુઓ છે. તાત્પર્ય કે એ વખતે મંત્ર અને મંત્રદેવતાની બાબતમાં ભેદબુદ્ધિ પ્રવર્તે છે, પણ ભાવાર્થ અને સંપ્રદાયાર્થની પ્રાપ્તિ થયા પછી મંત્રસાધક મંત્રના પ્રત્યેક અક્ષરનું ધ્યાન ધરવા લાગે છે અને એ ધ્યાન ધીમે ધીમે આગળ વધે છે કે દરેક મંત્રાક્ષરમાં મંત્રદેવતાનો ભાસ થાય છે અને એ રીતે મંત્રાક્ષર તથા મંત્રદેવતાની વચ્ચે જે ભેદબુદ્ધિ હતી, તે નાશ પામે છે. એટલે હવે પછી તે મંત્ર અને મંત્રદેવતાને જુદા ન માનતાં એક માનીને આગળ વધે છે.

અમારી સમજણ મુજબ મોટા ભાગના મંત્રસાધકો

હૃદયકમલમાં મંત્રાક્ષરની સ્થાપના કરીને તેનું ધ્યાન ધરે છે અને અનુક્રમે મંત્રાર્થ સુધી પહોંચે છે, જ્યારે કેટલાક કુંડલિની શક્તિનો આધાર લઈ જુદા જુદા ચક્રોમાં ધ્યાન ધરતાં અનુક્રમે આજ્ઞાચક્રમાં ધ્યાન ધરે છે અને ત્યાં તેમને મંત્રાર્થની પ્રાપ્તિ થાય છે. તે અંગે એક મંત્રવિશારદ મહાત્માએ બતાવેલો ઉપાય નીચે મુજબ છે :

'ગુરુદેવે આપેલા ઇષ્ટમંત્રનું પ્રથમ ધ્યાન એ રીતે ધરવું કે મૂલાધાર ચક્રમાં કુંડલિની શક્તિરૂપે અવસ્થિત છે, તેનું સ્વરૂપ અતિ નિર્મળ અને સ્ફટિક જેવું શ્વેત છે અને તેમાં મંત્રના અક્ષરો પંક્તિરૂપે વિરાજી રહ્યા છે. આવું ધ્યાન લગભગ અર્ધો ઘડી એટલે કે દશથી બાર મીનીટ સુધી ધરવું.

ત્યાર પછી કુંડલિની શક્તિમાંથી ચૈતન્યનો પ્રવાહ સ્વાધિષ્ઠાનચક્રમાં આવી રહ્યો છે, એવી ભાવના કરવી અને ત્યાં અરુણ વર્ણના ઇષ્ટદેવતા તથા મંત્રના અક્ષરની પંક્તિ એકત્ર વિરાજી રહી છે, એવું ચિંતન દશથી બાર મિનિટ સુધી કરવું.

ત્યાર પછી ચૈતન્યનો પ્રવાહ મણિપૂરચક્રમાં આવી રહ્યો છે એવી ભાવના કરવી અને ત્યાં દેવતા તથા મંત્રનું સ્ફટિક જેવા શ્વેત વર્ણે થોડીવાર અભિન્ન ચિંતન કરવું.

ત્યાર પછી ચૈતન્યનો પ્રવાહ મસ્તકની ટોચ પર આવેલા સહસ્રકમલદલમાં આવી રહ્યો છે, એવી ભાવના કરવી અને

ત્યાં દેવતા તથા મંત્રનું સ્ફટિક કરતાં પણ વધારે ઉજ્જવલ વર્ણે અભેદ ચિંતન કરવું.

ત્યાર પછી અનાહતચક્ર એટલે હૃદયપદ્મમાં મરકત મણિ સમાન શ્યામ રંગથી દેવતા અને મંત્રનું અભેદ-ચિંતન કરવું.

ત્યાર પછી વિશુદ્ધચક્રમાં પીળા રંગે દેવતા તથા મંત્રનું અભેદ ચિંતન કરવું.

છેવટે આજ્ઞાચક્રમાં દેવતા તથા મંત્રનું અભેદ ચિંતન કરવું. તેમાં મંત્રમય ઇષ્ટદેવતા પૂર્વોક્ત ચારે વર્ણથી રંગાયેલા છે, એ પ્રમાણે ભાવના કરવી. આ વખતે એક અનુપમ રૂપ કે ભાવ જન્મ પામશે, તેને જ જપમંત્રનો યથાર્થ અર્થ એટલે કે મંત્રાર્થ સમજવો.'

ભૂતશુદ્ધિતંત્રમાં કહ્યું છે કે—

चैतन्यरहिता मन्त्राः प्रोक्ता वर्णास्तु केवलाः ।
फलं नैव प्रयच्छन्ति, लक्षकोटिजपैरपि ॥

'ચૈતન્યરહિત મંત્રોને માત્ર અક્ષરો જ કહેલા છે, કારણ કે તેઓ લક્ષકોટિ જપ કરવા છતાં ફલ આપતા નથી.'

તાત્પર્ય કે મંત્રચૈતન્ય થયા પછી જ મંત્રનું ખરું ફળ મળવા લાગે છે, તેથી મંત્રસાધકે મંત્રાર્થની પ્રાપ્તિ થયા પછી મંત્રચૈતન્ય માટે જ્વલંત પુરુષાર્થ કરવો જોઈએ અને મંત્રચૈતન્ય થાય ત્યારે જ સંતોષ માનવો જોઈએ.

સાધનાનો એક અર્થ પુરુષાર્થ છે. પ્રયત્ન, પ્રયાસ, કોશીષ એ બધા તેના પર્યાયશબ્દો છે. જો પુરુષાર્થમાં ક્ષતિ આવી, પ્રમાદ થયો કે ઉપેક્ષાભાવ જાગ્યો, તો ઘણું સોનું ધૂળ થવાનું! પ્રવાસે નીકળ્યા પછી અધવચ્ચે ઊભો રહેનાર ક્યાં પહોંચે વારુ?

સતત ઉત્સાહી રહેવું અને પુરુષાર્થ કર્યા જ કરવો, એટલે એક દિવસ સિદ્ધિની સમીપે પહોંચશે, એમાં જરા પણ શંકા રાખવી નહિ. સસલો દોડવામાં નિપુણ હતો, પણ સૂઈ રહ્યો, એટલે લક્ષ્યસ્થાને પહોંચી શક્યો નહિ. કાચબો ઘણો મંદગતિવાળો હતો, છતાં ચાલતો જ રહ્યો, એટલે લક્ષ્યસ્થાને પહોંચી ગયો.

અમારા કહેવાનો ભાવાર્થ એ છે કે એક વાર મંત્ર-સાધનાનો સ્વીકાર કર્યા પછી, તે માટે જે જે ક્રિયાઓ જરૂરી હોય, તે તે અવશ્ય કરવી જોઈએ. પ્રારંભનાં પગલાં બરાબર માંડીએ અને વચ્ચેથી ચૂકી જઈએ તો એ સાધના સફળ થઈ શકે નહિ. અહીં કોઈ એમ કહેતું હોય કે 'જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે,' એ વચનને અનુસરીને માત્ર જપ કરવામાં આવે તો મંત્રસિદ્ધિ કેમ ન થાય? તો અમે જણાવીશું કે આ વચનો જપની મહત્તા દર્શાવવા માટે બોલાયેલાં છે, નહિ કે અન્ય ક્રિયાઓનો નિષેધ કરવા માટે. મંત્રની સિદ્ધિ માટે જપ તો કરવાનો જ છે, પણ તેની સાથે પૂજા, ધ્યાન, હોમ આદિનો જે અન્ય વિધિ બતાવેલો છે, તે પણ કરવો જોઈએ અને

અર્થભાવના વડે મંત્રાર્થ અને મંત્રચૈતન્યની ભૂમિકાઓને પણ અવશ્ય સ્પર્શવી જોઈએ.

મંત્રનો વર્ણભાવ કે અક્ષરભાવ દૂર થઈ ગયા પછી તે શક્તિરૂપે અર્થાત્ દેવતારૂપે જ ભાસે છે. ત્યારબાદ વિશેષ અર્થભાવના કરતાં આ શક્તિસ્વરૂપ દેવતાનું શિવ એટલે કે પરમતત્ત્વ સાથે અનુસંધાન થાય છે, અર્થાત્ તેમાં ચૈતન્યનો જે મહાપ્રવાહ વહી રહ્યો છે, તેની સાથે મંત્ર તથા મંત્રદેવતા જોડાઈ જાય છે. આ રીતે ચૈતન્યમાં મંત્રનું સમન્વિત થવું, તે જ મંત્રવિશારદોએ વર્ણવેલી મંત્રચૈતન્યની વિશિષ્ટ ક્રિયા છે.

આ વખતે આંખમાં આંસુ આવી જાય છે, રોમાંચ ખડા થાય છે તથા નિદ્રાનો આવેશ પણ થાય છે. તેના પરથી મંત્રચૈતન્ય થયાનું જાણી શકાય છે.

અહીં પ્રાસંગિક એટલું જણાવીશું કે શબ્દ તો શક્તિનું વાહન (Medium) છે. તેના દ્વારા શક્તિ જાગ્રત થવી જોઈએ અને તેનું અનુસંધાન મહાચૈતન્ય (Superconscious) સાથે થવું જોઈએ. પછી સર્વસિદ્ધિઓ સાધકને ચરણે આળોટવાની એ નિશ્ચિત છે.

[ ૨૮ ]

# સાધનાકાલની પરિચર્યા

સાધનાકાલ દરમિયાન સાધકે કેવી પરિચર્યા રાખવી જોઈએ ? તેનું વિવેચન તંત્રગ્રંથોમાં ઘણું થયેલું છે. તેનો સાર એ છે કે મંત્રસાધકે સાધના દરમિયાન નીચેના નિયમો પાળવા જોઈએ :

(૧) સ્વચ્છ રહેવું, અર્થાત્ ગંદા, ગંધાતા કે મેલા રહેવું નહિ. અંગ્રેજી ભાષામાં એક ઉક્તિ છે કે 'Cleanliness is next to godliness–સ્વચ્છતા એ પ્રભુતાની નજીકનું પગલું છે.' તે આ બાબતનું સમર્થન કરનારી છે. દેવતાઓ સ્વચ્છતાને પસંદ કરનારા છે. તેઓ ગંદા, ગંધાતા કે મેલા મનુષ્યો પાસે આવતા નથી.

(૨) સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવાં. કેટલાક એમ માને છે કે ધોબીએ ગળી નાંખીને જે વસ્ત્ર ધોયેલાં હોય તે વાપરવાં નહિ અને કદાચ એજ વસ્ત્રો વાપરવાં પડે તેમ હોય તો તેને એક વાર શુદ્ધ જળથી ધોઈને પછી જ વાપરવાં.

(૩) કેશને આંબળાં વડે ધોવાં. આજે તો સાબૂનો ધૂમ પ્રચાર છે અને આંબળાં, અરીઠાં કે ઉવટ્ટણનો પ્રયોગ ભાગ્યે જ થાય છે.+ પરંતુ આ વસ્તુ સાધક માટે જરાય કઠિન નથી. તે કોઈ પણ ગાંધીને ત્યાંથી સારાં આંબળાં લાવી તેનો પ્રયોગ કરી શકે છે.

(૪) સ્થાનશુદ્ધિ રાખવી. જે સ્થાનમાં મંત્રસાધના ચાલી રહી હોય તે સ્થાનને વાળી-ઝૂડીને સાફ કરવું, જરૂર હોય તો પાણીનો છંટકાવ કરવો અને તેમાં બધી વસ્તુઓ વ્યવસ્થિત મૂકવી.

(૫) નીચ મનુષ્યનો સ્પર્શ ન કરવો તથા તેની સાથે સંભાષણ આદિ પણ ન કરવું. નીચ મનુષ્યના શરીરના પરમાણુઓ અશુદ્ધ હોય છે અને તે આપણી પવિત્રતાને દૂષિત કરે છે, માટે જ તેનાથી બચવાનો ઉપદેશ છે. જો નીચ મનુષ્યનો સ્પર્શ થઈ જાય તો સ્નાન, ભૂતશુદ્ધિ, ન્યાસ, પ્રાણાયામ આદિ ફરી કરવા જોઈએ અને ત્યારબાદ જપની શરૂઆત કરવી જોઈએ. નીચ મનુષ્ય સાથે સંભાષણ કરવામાં કંઈ સાર નથી. કેટલીક વાર તેની વાતોથી આપણી વૃત્તિ બદલાય છે અને સંયમ તૂટે છે, તેથી તેની સાથે સંભાષણ ન કરવું એજ હિતકર છે.

---

+ ઉવટ્ટણ એટલે ઉદ્વર્તન, મેલ કાઢવા માટેની એક જાતની પીઠી કે શરીરે ચોળવાના સુગંધી પદાર્થોનું મિશ્રણ. આયુર્વેદમાં આવાં કેટલાક ઉદ્વર્તનનો વિધિ બતાવેલો છે. ભારેમાં ભારે સાબૂની સુગંધ શરીર પર થોડો વખત રહે છે, જ્યારે ઉદ્વર્તનની સુગંધી ઘણો લાંબો વખત ટકે છે.

(૬) નિંદ્રા, આળસ કે બગાસાં ન આવે તેવી શરીર-સ્ફૂર્તિ રાખવી.

(૭) મિથ્યા, અપ્રિય તથા બહુભાષણ કરવું નહિ. જે વચન તથ્યથી રહિત હોય, તે મિથ્યા કહેવાય છે. જે વચન સાંભળતાં અતિ કડવું કે કઠોર લાગે, તે અપ્રિય કહેવાય છે અને જે ભાષણ જરૂર કરતાં લાંબુ થાય કે શરૂ કર્યાં પછી અટકે જ નહિ, તે બહુભાષણ કહેવાય છે.

(૮) જરૂર હોય તો જ બોલવું, અન્યથા મૌન ધારણ કરવું. મૌનથી શક્તિનો સંચય થાય છે અને મનને એકાગ્ર કરવામાં મોટી સહાય મળે છે. વળી જરૂર જેટલું જ બોલવાથી અનેક પ્રકારની ખોટી અથડામણોને ટાળી શકાય છે.

(૯) ક્રોધ કરવો નહિ. ક્રોધથી મનનો ઉશ્કેરાટ વધે છે અને તેનું પરિણામ ઘણું ખરાબ આવે છે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે—

क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ।

'ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે, સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં મનુષ્ય સર્વ પ્રકારે નાશ પામે છે.'

અન્ય ધર્મશાસ્ત્રોમાં પણ ક્રોધને એક મોટો આધ્યાત્મિક દોષ સમજીને તેનો ત્યાગ કરવા પર ભાર મૂકાયેલો છે.

(૧૦) ચિત્તની ચંચળતાનો ત્યાગ કરવો, અર્થાત્ તેને

અને તેટલું શાંત અને સ્વસ્થ રાખવું. ઘડીમાં આ, ઘડીમાં તે, એમ અનેક પ્રકારની ગડમથલો કરવી નહિ.

(૧૧) ભોજન હિતકર અને હળવું કરવું. જે ભોજન કરવાથી કોઇ પ્રકારનો રોગ કે વ્યાધિ ન થાય, તે હિતકર કહેવાય છે અને જે ભોજન સહેલાઇથી પચી જાય એવું હોય તેને હળવું કહેવાય છે. કયું ભોજન પોતાના માટે હિતકર થશે, તેનો નિર્ણય સામાન્ય રીતે કોઇ પણ બુદ્ધિમાન મનુષ્ય પોતાની જાતે જ કરી શકે છે.

(૧૨) ભોજનમાં બને ત્યાં સુધી દેવાન્ન કે હવિષ્યાન્નનો પ્રયોગ કરવો.

(૧૩) ભોજન બપોર પછી માત્ર એક જ વાર કરવું. કેટલાકના અભિપ્રાયથી તે છેક સાયંકાળે કે તે પછી કરવું.

(૧૪) મૂલમંત્ર વડે અભિમંત્રિત કરીને જ પાણી કે ભોજન વાપરવાં.

(૧૫) પ્રતિદિન એક કાળ, દ્વિકાળ કે ત્રિકાલ મંત્રજપ કરવો અને તે પહેલાં દેવતાની પૂજા કરવી.

(૧૬) પલંગ કે ખાટલામાં સૂવું નહિ. જમીન પર શેત્રંજી, સાદડી કે ગોદડું બિછાવીને જપસ્થાનની નજીક સૂવું.

(૧૭) ગરમ પાણીથી સ્નાન કરવું નહિ.

(૧૮) ક્ષૌર કર્મ કરાવવું નહિ. અર્થાત્ હજામત કરાવવી નહિ.

(૧૯) અંધારામાં સૂવું નહિ અર્થાત્ કંઇક પણ પ્રકાશ આવતો હોય એવા સ્થાનમાં જ સૂવું.

(૨૦) કોઈને શાપ કે આશીર્વાદ આપવા નહિ. જો મંત્રસાધક કોઈને શાપ કે આશીર્વાદ આપે તો તેની શક્તિ ચાલી જાય છે અને મંત્રસિદ્ધિ થતી નથી.

ઉપરાંત નીચેના નિયમોનું પણ વિધાન છે

(૨૧) ભાવનાની દૃઢતા રાખવી.

(૨૨) કોઈ પણ ધર્મ કે શાસ્ત્રની નિંદા કરવી નહિ.

(૨૩) શાસ્ત્ર અને સંપ્રદાય ઉપર અવિચલ શ્રદ્ધા રાખવી. કદી બૃહસ્પતિ આવીને તેની વિરુદ્ધ કહે તો પણ માનવું નહિ. શાસ્ત્ર અને સંપ્રદાય પરની શ્રદ્ધા તૂટે કે ઢીલી પડે તો મંત્રસાધના પણ ઢીલી પડે છે અને તેમાંથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે છે. તેથી જ કહ્યું છે કે 'सम्प्रदाय-विश्वासाभ्यां सर्वसिद्धिः ।'

(૨૪) પોતાના યોગ્ય શિષ્ય સિવાય બીજા સામે રહસ્યકથન ન કરવું.

(૨૫) પૂજા વગેરે નિત્ય કર્માનુષ્ઠાન કરતાં જે સમય બાકી રહે તેમાં ઉપાસ્ય દેવતાનું ચિંતન કરવું તથા પોતે શિવસ્વરૂપ (પરમાત્મા સ્વરૂપ) છે, એવી ભાવના કરવી.

(૨૬) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, હિંસા તથા અસત્યનું સેવન કરવું નહિ, તેમ જ લોકનિંદ્ય કાર્યોમાં પ્રવૃત્ત થવું નહિ.

(૨૭) એક ગુરુની ઉપાસના કરવી.

(૨૮) સર્વત્ર નિષ્પરિગ્રહતા રાખવી.

(૨૯) ફલભાગપૂર્વક કર્મો કરવાં.

(૩૦) નિત્યકર્મનો લોપ કરવો નહિ.

(૩૧) નિર્ભયતા ધારણ કરવી.

(૩૨) મંત્રસાધનાના પ્રથમ ત્રણ વર્ષમાં ઘણાં વિઘ્નો આવે છે, તે વખતે ઉદ્વેગ કરવો નહિ અને મન તથા કર્મથી સ્થિર રહેવું. **નારદપંચરાત્રમાં** કહ્યું છે કે–

मन्त्राराधनसक्तस्य, प्रथमं वत्सरत्रयम् ।
जायन्ते बहवो विघ्ना, नियमस्थस्य नारद ॥

'અમુક નિયમ પળ્યા તો શું અને ન પળ્યા તો યે શું ?' એવી લાપરવાહી રાખનાર મંત્રસાધના યથાર્થ રીતે કરી શકતા નથી, તાત્પર્ય કે નિયમપાલનના અભાવે તેમની એ સાધના નિષ્ફળ જાય છે અને તેમને ખેદ તથા પશ્ચાતાપ કરવાનો વખત આવે છે. મંત્રવિશારદોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે—

नियमांस्तु परित्यज्य, य इच्छेद् मन्त्रसाधनम् ।
चण्डभानुं समाश्रित्य, शीतलं वांच्छति धवम् ॥

'જે મંત્રસાધક નિયમો છોડીને મંત્રસાધન કરવા ઇચ્છે છે, તે નિશ્ચય મધ્યાહ્નના સૂર્યનો આશ્રય લઈને શીતલતાની આશા રાખે છે, અર્થાત તેની એ ઇચ્છા કોઈ પણ રીતે ફલીભૂત થતી નથી.'

[ ૨૯ ]

## અંતરાયો ઓળંગવાની જરૂર

અનુભવી મહાપુરુષો કહે છે કે સિદ્ધિની સમીપે પહોંચવું હોય તો મનુષ્યે ધ્યેયને અનુસરતી પ્રવૃત્તિ કરવી જોઈએ અને તેમાં જે કંઈ વિઘ્નો કે અંતરાયો આવે તેને ઓળંગી જવાની તૈયારી રાખવી જોઈએ. જેનું ધ્યેય નિશ્ચિત નથી કે ધ્યેય નિશ્ચિત હોવા છતાં પ્રવૃત્તિ તેને અનુરૂપ નથી કે પ્રવૃત્તિ ધ્યેયને અનુરૂપ હોવા છતાં માર્ગમાં આવતાં વિઘ્નો કે અંતરાયોને ઓળંગી જવાની તૈયારી નથી, તે સિદ્ધિની સમીપે પહોંચી શકતો નથી.

હિમગિરિના સહુથી ઊંચા એવરેસ્ટ શિખર પર પહોંચવા માટે કેવી કેવી તૈયારીઓ કરવામાં આવે છે? અને તેના માર્ગમાં આવતા અંતરાયોને ઓળંગવા માટે કેટલી હિંમત અને કેટલું શૂરાતન બતાવવામાં આવે છે? ચારે બાજુ બરફ છવાયેલો હોય, અતિશય ઠંડો પવન જોરથી ફૂંકાતો હોય અને હિમની મોટી મોટી શિલાઓ તૂટી પડી માર્ગમાં મહાન અવરોધો ઊભા કરતી હોય, છતાં આ

સાહસિક પ્રવાસીઓ ડરતા નથી કે દુમ દબાવીને ભાગતા નથી. તેઓ સ્થિર-સ્વસ્થ ચિત્તે સઘળી પરિસ્થિતિનો વિચાર કરે છે અને તેમાંથી પાર ઉતારવાનો ઉપાય શોધી કાઢી હિંમતભેર આગળ વધે છે, તો જ તેઓ એ પ્રવાસમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવે છે.

ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની શોધ પણ અપૂર્વ સાહસ અને અસાધારણ જહેમત ઉઠાવવાથી જ થઇ શકી છે. આપણે એક વાર ચંદ્રલોકમાં પહોંચવાની વાતને કોઈ ભેજાંબાજનો તુક્કો માનતા હતા, પણ વૈજ્ઞાનિકોએ સતત પ્રયાસ ચાલુ રાખ્યો અને તેના માર્ગમાં આવતા અંતરાયોને ઓળંગી જવા માટે વિવિધ પ્રકારનાં સાધનો શોધી કાઢ્યાં તો આજે સિદ્ધિની સમીપે ખડા છે અને થોડા જ વખતમાં ચંદ્ર ઉપર ઉતરાણ કરીને તે સંબંધી યથાર્થ માહિતી મેળવશે તથા તેનો પોતાના હિત માટે ઉપયોગ કરશે, એ નિશ્ચિત છે.

મંત્રસાધકોને આમાંથી ઘણી પ્રેરણા મળે તેમ છે. તેમનું ધ્યેય તો નિશ્ચિત છે કે મંત્રદેવતાનો સાક્ષાત્કાર કરવો અને સિદ્ધિ પ્રાપ્ત કરવી. તેને અનુરૂપ જે જે પ્રવૃત્તિઓ કરવી જોઈએ, તેનું માર્ગદર્શન ગુરુ તથા શાસ્ત્ર દ્વારા મળી રહે છે. પૂજા, ધ્યાન, જપ, તપ, હોમ, અર્થભાવના વગેરે મંત્રસિદ્ધિને અનુરૂપ પ્રશસ્ત પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિઓનું ભાવપૂર્વક અનુસરણ કરતાં એક દિવસ સિદ્ધિની સમીપે પહોંચાશે, એમાં કોઈ શંકા નથી. માર્ગે માર્ગે ચાલ્યો જનારો અમુક સમયે ઇષ્ટસ્થાને પહોંચે છે, તે આપણે રોજ

સગી આંખે નિહાળીએ છીએ, તો પછી સાધનામાર્ગને સાચી રીતે અનુસરનારો સિદ્ધિની સમીપે નહિ પહોંચે; એમ માનવાનું કારણ શું છે? તાત્પર્ય કે તે અવશ્ય પહોંચવાનો.

પરંતુ પ્રશ્ન છે અંતરાયો ઓળંગવાનો, માર્ગમાં જે કંઈ મુશ્કેલીઓ, મુશીબતો કે વિઘ્નો આવે તેને વટાવી જવાનો. પૂજા, ધ્યાન, જપ આદિ કાર્યક્રમ બરાબર ચાલતો હોય એવામાં એકાએક શરીર લથડે અને ગભરાઈ જઈને સાધના છોડી દઈએ તો સિદ્ધિની સમીપે શી રીતે પહોંચાય?

સાધના દરમિયાન શરીર લથડે નહિ તે માટે જ હિતકર અને હળવું ભોજન કરવાનું છે અને તે પણ એકજ વાર લેવાનું છે. વળી નિત્ય પ્રાણાયામ કરવાનો જે નિયમ ઘડેલો છે, તે પણ તંદુરસ્તી જાળવવામાં ઉપયોગી છે. એકંદરે તેની સમસ્ત પરિચર્યા શરીર તથા મન બંનેને તંદુરસ્ત રાખે તે રીતે નિર્માયેલી છે, એટલે તેનું પાલન કરવાથી શરીર સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેમ છે. આમાં વિચારવા જેવો માત્ર એક જ પ્રશ્ન છે કે જપ માટે કલાકો સુધી એક આસને બેસતાં હલન-ચલન ઘણું ઓછું થઈ જાય તેથી મંદાગ્નિ થવાનો ભય ખરો કે નહિ? ઘણાખરા રોગો મંદાગ્નિમાંથી લાગુ પડે છે, એ જોતાં તેનું નિવારણ અવશ્ય કરવું જોઈએ.

આ પ્રશ્નનું નિરાકરણ એ છે કે સાધકે સાયંકાળે બે-ત્રણ માઈલ પગે ચાલીને અવશ્ય ફરી આવવું જોઈએ.

એક વિચારક તો એમ પણ કહે છે કે દિવસમાં જેટલા હજાર જપ કર્યા હોય, તેટલા માઇલ પગે ચાલવાનું રાખવું. એથી મંદાગ્નિ થવાનો ભય સદંતર દૂર થશે અને સ્વીકૃત સાધના નિર્વિઘ્ને કરી શકાશે.

આમ છતાં કાર્યસંયોગે શરીર લથડી જાય તો તેથી ગભરાવાનું કારણ નથી. યોગ્ય ઉપચારો કરતાં તે સારું થઈ જશે એવો વિશ્વાસ રાખી આગળ વધવું ઘટે.

અમારો અને બીજા કેટલાક સાધકોનો અનુભવ એવો છે કે ઇષ્ટદેવનું સાચા દિલે સ્મરણ કરવાથી ઘણા ભાગે કોઈ બિમારી સતાવતી નથી.

પ્રભુનામકી ઔષધિ, ખરી ખાંત શું ખાય;
રોગપીઠા વ્યાપે નહિ, સબ સંકટ મિટ જાય.

આમ છતાં બિમારી આવે તો સિદ્ધ સ્તોત્ર વગેરેનો પાઠ કરવાથી એ બિમારી શાંત થઈ જાય છે. અમારી તંદુરસ્તી એકંદર સારી રહે છે, આમ છતાં કોઈ વાર જવર વગેરે આવવાના બનાવો બન્યા છે, પરંતુ તે વખતે '**ઉવસગ્ગહર સ્તોત્ર**'નું સ્મરણ કરવાથી એ જવર ઉતરી ગયો છે, એટલું જ નહિ પણ તે ધારેલા સમયે ઉતરી ગયો છે. હજી એક વર્ષ પહેલાંની જ વાત છે કે જ્યારે અમે એક સગાને ત્યાં લગ્નપ્રસંગે ગયા હતા. એ વખતે પ્રવાસના શ્રમ, ઉજાગરા વગેરે કારણે બીજા દિવસે સવારે તાવ આવી ગયો, એટલે સગાઓ ચિંતામાં પડ્યાં અને ઔષધ લાવવા તત્પર થયાં. અમે કહ્યું: 'બરાબર પોણા ચાર વાગે તાવ ઉતરી જશે, તમે જરા પણ ફિકર

કરશો નહિ.' ત્યારબાદ અમે સ્તોત્રસ્મરણ આદિમાં મન પરોવ્યું અને બધાના કુતૂહલની વચ્ચે બરાબર પોણાચાર વાગે ટેમ્પ-રેચર ૯૮.૫ પોઇંટ પર આવીને ઊભું. શિરોવેદનાનું શમન કરવા માટે પણ સ્તોત્રાદિના પાઠ અકસીર પૂરવાર થયેલ છે. વળી ઇષ્ટમંત્રની ધૂન લગાવીએ તો એથી પણ ત્વરિત ફાયદો થાય છે.

એક વાર અમે અમારા પુત્ર તથા એક મિત્ર સાથે આગગાડીમાં આગરાથી કાનપુર જઈ રહ્યા હતા. એવામાં મિત્રને એકાએક પેટમાં દુઃખવા આવ્યું. તે વખતે અમારી પાસે કંઈ પણ ઔષધ ન હતું, એટલે વિચારમાં પડ્યા. પેલા મિત્રનો દુઃખાવો વધતો ચાલ્યો અને આંકડી પર આંકડી આવવા લાગી. એ જ વખતે અંતરમાં એવી સ્ફુરણા થઈ કે 'મંત્રજપથી આનો દુઃખાવો મટી જશે.' પેલા મિત્રને પણ મંત્રમાં શ્રદ્ધા હતી, એટલે અમે ત્રણેય જણાએ 'ૐ હ્રીઁ અર્હઁ નમઃ' એ મંત્રની ધૂન લગાવી. અમારી આજુ-બાજુવાળા અમારી સામે જોઈ રહ્યા. પણ અમે તેથી દરકાર કરી નહિ. આશરે દશ મિનિટ આ ધૂન ચાલી હશે કે પેલા મિત્રને પેટનો દુઃખાવો સદંતર બંધ થઈ ગયો અને મુખ પર હાસ્યની રેખાઓ ફરકવા લાગી. અમારા આનંદનો પાર રહ્યો નહિ. તાત્પર્ય કે આવા પ્રસંગે ધૈર્યનું અવલંબન લઇએ અને ઇષ્ટદેવ પર શ્રદ્ધા રાખીને ચાલીએ તો બિમારી રૂપી અંતરાય ઓળંગી શકાય છે અને સાધનામાં આગળ વધી શકાય છે.

આજે ધર્મગુરુઓ ઢીલા પડ્યા છે અને પંડિતોએ પોથીનું જ્ઞાન પોથીમાં જ રાખ્યું છે. આ જ કારણે તેમને વિવિધ પ્રકારની બિમારીઓ સતાવે છે અને તેઓ પણ સામાન્ય મનુષ્યની જેમ કોઈ પણ બિમારી લાગુ પડતાં વૈદ્ય–ડોકટરને માટે દોડાદોડ કરે છે. શું તેમને પોતાના ઈષ્ટમંત્ર કે સિદ્ધ સ્તોત્રો આદિ પર શ્રદ્ધા નથી? જો ખરેખર પરિસ્થિતિ એવી જ હોય તો મંત્રનો મહિમા ગાવાનો અર્થ શો અને તેનો બીજાને ઉપદેશ આપવાનું પ્રયોજન શું? સામાન્ય મનુષ્યોની શ્રદ્ધા મંત્ર પરથી હઠી ગઈ છે, તેનું કારણ એ જ છે કે તેનો નિત્ય ઉપદેશ કરનારાઓમાં તે બાબતની શક્તિ કે તે બાબતનો પ્રભાવ નજરે પડતો નથી. તેઓ આંતરિક શ્રદ્ધા રાખીને મંત્રબળથી પોતાના રોગોનું નિવારણ કરે એ ઘણું જરૂરનું છે. આજે કેટલાક મહાનુભાવો માત્ર મંત્રથી જ રોગોની ચિકિત્સા કરે છે અને તેમાં તથ્ય હોવાનું પુરવાર થયું છે, તો ધર્મગુરુઓ તથા પંડિત પુરુષો એવી ચિકિત્સાને કેમ ન અપનાવે?

આટલું પ્રાસંગિક કહ્યા પછી મૂળ વિષય પર આવીએ. સાધના ઉમંગભેર ચાલતી હોય, એવામાં કોઈ નિકટના સગાં–સ્નેહીનું મરણ થાય તો કેટલાક સાધકો અત્યંત ઉદાસીન બની જાય છે અને સ્વીકૃત સાધનામાં તેમનું દિલ જોઈએ તેવું લાગતું નથી. પરિણામે સાધનામાં જોઈએ તેવી ક્રિયા–શુદ્ધિ રહેતી નથી, તેમજ ભાવશુદ્ધિમાં પણ ઓટ આવે છે. આવા પ્રસંગે સંસારનું સ્વરૂપ વિચારીને તથા મનને શાંત

કરીને કામ લેવું જોઈએ. સંસારના વ્યવહારો ગમે તે પ્રકારના હોય પણ મંત્રસાધકે પોતાના ધ્યેય સામે દૃષ્ટિ રાખીને પોતાની પ્રવૃત્તિઓ પૂર્વવત્ ચલાવવી જોઈએ અને લાગણીઓ પર કાબૂ રાખવો જોઈએ. સાધનાની શરૂઆતનાં ત્રણ વર્ષોમાં આવું આવું તો કંઈક બનવાનું, પણ તેથી હિંમત હારવી નહિ કે સાધનાને જરાય શિથિલ કરવી નહિ.

કેટલાક સાધકો સાધના દરમિયાન કોઈ ભયંકર દૃશ્ય નજરે પડે કે ભડકી જાય છે અને આગળ વધવાનું માંડી વાળે છે, તે પણ ઇષ્ટ નથી. 'આ તો સારા ખમીરની કસોટી થઈ રહી છે' એમ માની તેમણે નિર્ભયતા ધારણ કરવી જોઈએ અને 'કોઈથી મારો વાળ વાંકો થવાનો નથી.' એવો આત્મવિશ્વાસ રાખવો જોઇએ. સત્ય હકીકત તો એ છે કે ઇષ્ટદેવતાની સાચા ભાવથી સેવા-ભક્તિ ઉપાસના--આરાધના કરનારને કોઈ પણ ભૂત, પલિત, યક્ષ, રાક્ષસ, વ્યંતર, ડાકિની કે શાકિની કંઇ ઉપદ્રવ કરી શકતા નથી, તેથી સાધકે જરા પણ ગભરાયા વિના પોતાની સાધના ચાલુ રાખવી જોઈએ.

કેટલાક સાધકો સાધના શરૂ કર્યા પછી થોડા જ સમયમાં કોઈ ચમત્કાર કે પરચાની આશા રાખે છે અને તેવો ચમત્કાર કે પરચો જોવામાં ન આવે તો સાધનામાં શિથિલ થઇ જાય છે, તથા સાધના છોડી દેવા તત્પર થાય છે, પરંતુ એ ઉચિત નથી. વૃષ્ટિ સમય આવ્યે જ થાય છે અને ધાન્ય પણ સમય આવ્યે જ પાકે છે. વળી વૃક્ષો સમય આવ્યે જ ફળ આપે

છે અને ગાય-ભેંસ વગેરે સમય થયે જ દોહવા દે છે, એટલે દરેક ક્રિયા કે પ્રવૃત્તિનું ચોક્કસ પરિણામ આવવા માટે સમય કે કાલની અપેક્ષા રહે છે. આમ છતાં પરિણામની ઉતાવળ કરીએ કે તે માટે અધીરાઈ બતાવીએ તો બધું કામ બગડી જાય છે અને ઘમ્યું સોનું ધૂળ થાય છે. કેરી સ્વભાવે મધુર હોવા છતાં અપક્વ દશામાં તેને તોડીને ચાખવામાં આવે તો ખાટી લાગે છે અને તેનાથી દાંત અંબાય છે. તાત્પર્ય કે પરિણામ માટે અધીરા કે ઉતાવળા થઈ સ્વીકૃત સાધનાને છોડી દેવી, એ ડહાપણભરેલો માર્ગ નથી.

કેટલાક સાધકો મંત્રજપ પૂરો થતાં જો સિદ્ધિ ન થાય તો તેને છોડી દે છે, પણ એમ કરવું ઉચિત નથી. પ્રથમ પ્રયાસમાં કોઈ મહત્ત્વની ભૂલો રહી ગઈ હોય તો એમ બનવા સંભવ છે, માટે તે અંગે બીજો પ્રયાસ કરવો જોઈએ. જો બીજી વારના પ્રયાસમાં સફલતા ન મળે તો ત્રીજી વાર પણ પ્રયાસ કરવો, એવો મંત્રવિશારદોનો અભિપ્રાય છે.

નીતિવિશારદો કહે છે કે સાધન ઓછાં હોય અને સંયોગો પ્રતિકૂળ હોવા છતાં પુરુષાર્થ ચાલુ રાખીએ તો જરૂર સફલતા મળે છે. આ રહ્યા તેમના શબ્દો :

विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधि-
र्विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।
तथाप्याजौ रामः सकलमवधीद्राक्षसकुलं,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

'લંકા જેવો સુરક્ષિત દેશ જિતવાનો હતો, સમુદ્રને હાથે-પગે તરવાનો હતો, સામે રાવણ જેવો મહા બળિયો શત્રુ હતો અને રણક્ષેત્રમાં મદદ કરનારા મહાન યોદ્ધાઓ નહિ, પણ માત્ર વાનરો હતા, તો પણ શ્રીરામે સકલ રાક્ષસકુલને ઝપાટામાં જિતી લીધું; તેથી એ વાત નક્કી છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન-સંયોગો પર નથી, પરંતુ પોતાના સત્ત્વ અર્થાત્ પુરુષાર્થ પર છે.

શું આ વચનો સાધનામાં અચલ રહીને આગળ વધવા માટે પ્રબળ પ્રેરણા કરનારાં નથી?

[ ૩૦ ]

## સ્વપ્નસંકેત

નિદ્રાધીન મનુષ્યોને ઘણી વાર સ્વપ્નાં આવે છે અને તે વિવિધ પ્રકારનાં હોય છે. આમાંથી કેટલાંક સ્વપ્નો તો વાત-પિત્તાદિ વિકારને લીધે આવતાં હોય છે, અથવા અમુક વસ્તુના રોજના અભ્યાસના કારણે આવતા હોય છે, જ્યારે કેટલાંક સ્વપ્નો ખરેખર રહસ્યમય હોય છે, તેમજ ભાવી બનાવોનું સૂચન કરનારાં પણ હોય છે.

ભારતીય નિમિત્તશાસ્ત્રમાં સ્વપ્નનો વિષય ચર્ચાયેલો છે અને તેના ફલ અંગે ચોક્કસ નિર્ણયો લેવાયેલા છે. તે પરથી નૈમિત્તિકો ફલકથન કરે છે. અલબત્ત, આ કામ ઘણું અટપટું છે અને અમુક સ્વપ્નોનો અર્થ અમુક જ થાય છે, એવા નિર્ણય પર આવતાં ઘણો વિચાર કરવો પડે છે, પરંતુ તેના માટે જે શાસ્ત્રીય ધોરણો નક્કી થયેલાં છે, તે આ બાબતમાં માર્ગદર્શન આપનારાં છે.

સાધનાકાલમાં સાધકોને શુભાશુભ બંને પ્રકારનાં સ્વપ્નો આવે છે. તેમાં નીચેની વસ્તુઓ જોવામાં આવે તો શુભ ફળ

દેનારી સમજવી, અર્થાત્ સાધનાનું પરિણામ સુંદર આવશે એવો સંકેત કરનારી સમજવી :

(૧) આચાર્યદર્શન–ધર્માચાર્ય આદિ દેખાવા.
(૨) ઉપાસ્ય દેવતાની મૂર્તિ.
(૩) ઉપાસ્ય દેવતાનો શ્વેત વર્ણવાળો પ્રાસાદ.
(૪) ગુરુદેવ.
(૫) પ્રિયજન–માતા, પિતા, પત્ની, પુત્ર, ખાસ મિત્ર આદિ.
(૬) પૂર્ણચંદ્ર–પૂનમનો ચંદ્ર.
(૭) સૂર્ય.
(૮) સમુદ્ર.
(૯) પૂર્ણા નદી–જલથી ભરેલી નદી.
(૧૦) કમલસહિત તળાવ કે સરોવર.
(૧૧) યંત્રરાજ–જેની ઉપાસના ચાલુ હોય તે યંત્ર અથવા કોઈ સિદ્ધમંત્ર.
(૧૨) સુમેરુ પર્વત–સુવર્ણના શૃંગવાળો અને ઊંચો પર્વત.
(૧૩) નૌકાવિહાર.
(૧૪) અગ્નિજ્વાલા.
(૧૫) હંસ, ચક્રવાક, સારસ કે મોર.
(૧૬) બે ઘોડાના રથમાં આરોહણ.
(૧૭) શ્વેત છત્રધારણ–કોઈએ પોતાના માટે શ્વેતરંગનું છત્ર ધર્યું હોય એવું દૃશ્ય.
(૧૮) દીપપંક્તિ–દીવાની હાર.
(૧૯) માલાધારણ–કોઈ માલા પહેરાવતું હોય એવું દૃશ્ય.

(૨૦) દિવ્ય સ્ત્રીઓનું દર્શન.
(૨૧) શ્વેત ઘોડો, શ્વેત બળદ, શ્વેત હાથી,
(૨૨) હાથી પર સવારી કરવી.
(૨૩) વિમાનમાં બેસવું.
(૨૪) રાજ્યાભિષેકનું દૃશ્ય.
(૨૫) રત્નનાં આભૂષણ વગેરે.

જો સ્વપ્નમાં નીચેની વસ્તુઓ જોવામાં આવે તો અશુભ ફલ દેનારી અર્થાત્ સાધનામાં કંઈ વિઘ્ન આવશે, એવો સંકેત કરનારી સમજવી.

(૧) કાગડો, ગીધ કે ઘૂવડ.
(૨) ગધેડો, પાડો કે બિલાડી.
(૩) કૃષ્ણપુરુષ–જેનો રંગ ખૂબ કાળો હોય એવો માણસ.
(૪) દુઃખી હાલતમાં હોય એવી સ્ત્રી.
(૫) ખાલી ખાડો.
(૬) સૂકું ઝાડ.
(૭) સૂકાયેલી નદી. જેમાં જળ બિલકુલ ન હોય, તે નદી સૂકાયેલી ગણાય.
(૮) સૂકાયેલું સરોવર.
(૯) સૂકાયેલી વાવ.
(૧૦) તૈલાભ્યંગ–કોઈ શરીરે તેલ ચોળી રહ્યું હોય, એવું દૃશ્ય.
(૧૧) કંટકવૃક્ષ–કોઈ પણ કાંટાવાળું ઝાડ.
(૧૨) મકાનનું પડવું.
(૧૩) ઉન્મત્તાવસ્થા–કોઈ પણ પુરુષ કે સ્ત્રીને ગાંડપણ લાગુ પડ્યું હોય એવું દૃશ્ય.

(૧૪) નગ્નાવસ્થા.

(૧૫) અતિ ભયંકર દૃશ્ય.

જો આવાં અશુભ સ્વપ્નો આવે તો તેની શાંતિ અર્થે નૃસિંહની પ્રાર્થના નીચે મુજબ કરવી:

नृसिंहाय नमो दोषान् जहि दुःस्वप्नजान् मम ।
यतः स्वप्नाधिपस्त्वं वै सर्वेषां फलदो मतः ॥

'હે નૃસિંહદેવ! તમને નમસ્કાર હો. તમે સ્વપ્નના અધિષ્ઠાયક દેવ છો, તેથી મારા દુઃસ્વપ્નના દોષોનો નાશ કરો. તમે સર્વને ફલ આપનારા મનાયેલા છો.'

આ પ્રાર્થનાની અમુક આવૃત્તિ કરવી જોઈએ. દુષ્ટ સ્વપ્નો આવતા અટકાવવા માટે તથા તેનાથી થતા દોષોની શાંતિ માટે 'ક્ષ્રौं' મંત્રબીજની માલા ફેરવવી આવશ્યક છે.

[ ૩૧ ]

## મંત્રસિદ્ધિના સાત ઉપાયો

એક મંત્રનું ત્રણ વાર વિધિ-વિધાન પૂર્વક આરાધના કે પુરશ્ચરણ કરવા છતાં જો મંત્રસિદ્ધિ થતી ન હોય તો તેને માટે વિશિષ્ટ પ્રયોગો કરવા ઘટે છે. ગૌતમીય તંત્રમાં આવા સાત પ્રયોગોનું વિધાન કરેલું છે. જેમ કે–

भ्रामणं रोधनं वश्यं, पीडनं शोषपोषणे ।
दहनान्तं क्रमात् कुर्यात्, ततः सिद्धो भवेन्मनु ॥

'ભ્રામણ, રોધન, વશ્ય, પીડન, શોષણ, પોષણ અને દહન એ સાત પ્રયોગો છે. તે ક્રમશઃ કરવા જોઈએ. તેથી મનુષ્ય નિશ્ચય મંત્રસિદ્ધ થાય છે.

અહીં એ સાતેય પ્રયોગોનું સ્વરૂપ ટૂંકમાં દર્શાવીશું.

**૧ ભ્રામણપ્રયોગ :**

શિલાજિત, કપૂર, કુંકુમ, ખસ (પોસ્તડોડા) અને ચંદનને પાણીમાં વાટી તેનું પ્રવાહી બનાવી લેવું. પછી એ પ્રવાહી વડે એક વાયુબીજ એટલે યં અને એક મંત્રાક્ષર એ ક્રમથી પૂરો મંત્ર તાંબાના શુદ્ધ કરેલાં પતરા પર લખવો. મંત્ર

લખાઈ ગયા પછી એ પતરાને અનુક્રમે દૂધ, ઘી, મધ.તથા પાણીમાં ડૂબાડવું. ત્યારબાદ એ મંત્ર અંગે પૂજા, ધ્યાન, જપ, હોમ આદિ નિત્ય નિયમ મુજબ કરવા, એટલે મંત્રસિદ્ધિ થશે.

અહીં પ્રાસંગિક એટલું જણાવીશું કે ભારતવર્ષે મંત્ર અને યંત્રવિદ્યામાં અપૂર્વ પ્રગતિ કરી હતી, તેમ તંત્ર-વિદ્યામાં પણ અપૂર્વ પ્રગતિ કરી હતી. અહીં તંત્રવિદ્યાથી અદ્ભુત વનસ્પતિઓ, જડીબુટ્ટીઓ, રસાયણો તથા અન્ય વસ્તુઓના વિશિષ્ટ સંયોજનો કરવાની વિદ્યા સમજવી.

આ વિદ્યાની વિશેષ પ્રગતિ **સિદ્ધ નાગાર્જુન** આદિ મહાત્માઓને આભારી છે. સિદ્ધ નાગાર્જુન મહાન મંત્રવાદી હતા, ઉપરાંત તેમણે વર્ષો સુધી પહાડો અને જંગલોમાં ઘૂમીને જુદી જુદી વનસ્પતિઓ તથા જડીબુટ્ટીઓ વગેરેનો પરિચય કર્યો હતો, તેની વિશેષતાઓ શોધી કાઢી હતી અને તેના રસસિદ્ધિ વગેરે માટે સફલ પ્રયોગો કર્યા હતા. (તાંબાને તપાવી તેના રસમાં સિદ્ધ કરેલો વનસ્પતિ આદિનો રસ રેડતાં સુવર્ણ થાય તેને રસસિદ્ધિ કહે છે.)

વિશેષ આનંદની વાત તો એ હતી કે તેમણે આ રીતે જે જે પ્રયોગો કર્યા હતા, તેની નોંધ રાખી હતી અને તેનું વર્ગીકરણ કરીને એક ગ્રંથ રચ્યો હતો. આ ગ્રંથ કોઈના હાથમાં ચાલ્યો ન જાય તે માટે તેને નિરંતર ડાબા કક્ષમાં (ડાબા હાથની બગલમાં) રાખી મૂકતા. આથી તેમનો ડાબો હાથ નકામો થયો હતો અને તે ગ્રંથ **'કક્ષપુટી'** તરીકે ઓળખાયો હતો.

કક્ષપુટી ભારતીય તંત્રવિદ્યાનું નાક છે અને તેમાં અનેક અદ્‌ભુત પ્રયોગો આપવામાં આવ્યા છે, પણ તે ગ્રંથનો માત્ર મૂળપાઠ કલકત્તાથી પ્રગટ થતી એક તાંત્રિક ગ્રંથમાળામાં છપાયેલો છે. જો મંત્રવિશારદો તરફથી તેના પર યોગ્ય વિવેચન થાય તો મંત્ર-તંત્ર-તંત્રવિદ્યા પર ઘણો પ્રકાશ પડે તેમ છે, પણ એની પહેલ કોણ કરે? એ પ્રશ્ન છે.

અહીં આટલું વિવેચન કરવાનું મુખ્ય પ્રયોજન એ છે કે મંત્રસિદ્ધિ માટે જેમ મંત્રનો આધાર લેવામાં આવતો, તેમ તંત્રનો આધાર પણ લેવામાં આવતો. આ ભ્રામણાદિ પ્રયોગો તેનું સૂચન કરે છે.

**(૨) રોધનપ્રયોગ :**

જો ભ્રામણપ્રયોગથી મંત્રસિદ્ધિ ન થાય તો રોધન-પ્રયોગ કરવો જોઈએ. વિદ્યાબીજ ઐંથી સંપુટિત કરીને તેનો જપ કરવો, એ રોધનપ્રયોગ છે.

**(૩) વશ્યપ્રયોગ :**

જો રોધનપ્રયોગથી મંત્રસિદ્ધિ ન થાય તો વશ્ય-પ્રયોગ કરવો. અલતો, રક્તચંદન, કૂટ, (ઉપલટ), હળદર, ધતૂરાનાં બીજ અને મણશીલના મિશ્રણથી ભોજપત્ર પર મંત્ર લખીને તેને કંઠમાં ધારણ કરવો, તે વશ્યપ્રયોગ કહેવાય છે.

**(૪) પીડનપ્રયોગ :**

જો વશ્ય પ્રયોગથી મંત્રસિદ્ધિ ન થાય તો પીડનપ્રયોગ કરવો. તેમાં પ્રથમ ૐના યોગથી મંત્રજપ કરવો, પછી ઐં

બીજ વડે સરસ્વતીની પૂજા કરવી. ત્યારબાદ આકડાના દૂધથી ભોજપત્ર ઉપર મંત્ર લખવો, તેને પગની નીચે મૂકીને દબાવવો અને તેનો હોમ કરી દેવો. પછી જપ આદિ નિત્યનિયમ મુજબ કરવા. આ પ્રયોગને પીડનપ્રયોગ કહેવાય છે. મંત્ર-સિદ્ધિ ન થાય ત્યાં સુધી રોજ આ પ્રયોગ કરવો પડે છે.

**(૫) શોષણપ્રયોગ :**

જો પીડનપ્રયોગથી મંત્રસિદ્ધિ ન થાય તો શોષણ પ્રયોગ કરવો. યજ્ઞની ભસ્મ દ્વારા ભોજપત્ર પર મંત્ર લખીને તથા તેના છેડે બે વાયુ બીજ એટલે યં યં લખીને ગળામાં ધારણ કરવો, તેને શોષણપ્રયોગ કહેવાય છે.

**(૬) પોષણપ્રયોગ :**

જો શોષણપ્રયોગ દ્વારા મંત્રસિદ્ધિ ન થાય તો પોષણ-પ્રયોગ કરવો. મંત્રની આદિમાં ૐ અને છેડે 'ઐં ક્લીં સૌઃ' એ ત્રણ બાલાબીજનો યોગ કરીને જપ કરવો તથા મધ નાખેલા દૂધ વડે હાથ પર મંત્ર લખીને મંત્રસિદ્ધિની ભાવના કરવી, તેને પોષણપ્રયોગ કહેવાય છે.

**(૭) દહનપ્રયોગ :**

જો પોષણ પ્રયોગથી પણ મંત્રસિદ્ધિ ન થાય તો મંત્રની આગળ, પાછળ, ઊપર અને નીચે અગ્નિબીજ રં લખીને તેને બાળવો તથા પલાશ એટલે ખાખરાના બીજના તેલથી તે મંત્ર લખીને કંઠમાં ધારણ કરવો, તેને દહનપ્રયોગ કહેવાય છે. આ પ્રયોગથી મંત્રસિદ્ધિ અવશ્ય થઈ જાય છે, એમ તંત્ર-કારોનું માનવું છે.'

[ ૩૨ ]

# મંત્રસિદ્ધિ

મંત્રસાધના જેમ જેમ આગળ વધતી જાય છે, તેમ તેમ સાધકનું મન શાંત અને સ્વસ્થ થતું જાય છે તથા પોતાની અંદર કોઈ વિલક્ષણ શક્તિનો સંચાર થઈ રહ્યો હોય એવો અનુભવ થાય છે. આ વખતે કવચિત્ કંપ પણ થાય છે અને શરીર ધ્રૂજવા લાગે છે. જો કે બધાંને આવો અનુભવ થતો નથી, પણ આવો અનુભવ થાય તે એક સારું નિશાન છે.

વિશેષમાં આવા સાધકોને કેટલીક સ્ફુરણાઓ થાય છે કે જે સામી વ્યક્તિના મનોભાવ પ્રદર્શિત કરનારી હોય છે કે ભાવી બનાવોની અગમચેતી આપનારી હોય છે.

સિદ્ધિની સમીપે પહોંચેલો સાધક મંત્રાક્ષરોનું ધ્યાન ધરે કે મંત્રદેવતાની મૂર્તિ પર મીટ માંડે તો એ બંને વસ્તુ જ્યોતિર્મય દેખાય છે અને ઘણીવાર સ્વપ્નમાં પણ એ જ્યોતિર્મય સ્વરૂપનાં દર્શન થાય છે.

જ્યાં સુધી આવા કોઈ પ્રત્યયો ન થાય, ત્યાં સુધી મંત્રસાધનામાં સુંદર કે સંતોષકારક પ્રગતિ થઈ છે, એમ કહી શકાય નહિ.

જ્યારે મંત્રસિદ્ધિ તદ્દન સમીપમાં હોય ત્યારે એકાએક પ્રકાશનો પુંજ દેખાવા લાગે છે, પોતાનું શરીર પૂર્ણ જ્યોતિર્મય ભાસે છે કે જ્યોતિર્મય દેવતા પોતાના શરીરમાં પ્રવેશ કરી રહ્યા હોય એવો અનુભવ થાય છે. તે અંગે **ભૈરવીતંત્ર**માં કહ્યું છે કે :

ज्योतिः पश्यति सर्वत्र, शरीरे वा प्रकाशयुक् ।
निजं शरीरमथवा, देवतामयमेव हि ॥

'વળી આ વખતે ચિત્રમાં અલૌકિક પ્રસન્નતા તથા સંતોષનો અનુભવ થાય છે, ભોજન અને નિદ્રા અલ્પ થઈ જાય છે અને કદાચ સ્વપ્ન આવે તો પણ કોઈ વાહનની પ્રાપ્તિનું તથા તેના પર સવારી કર્યાનું આવે છે.' આ વસ્તુ **વક્રતુંડકલ્પ** માં નીચે પ્રમાણે અક્ષરાંકિત થયેલી છે :

चित्तप्रसादो मनसश्च तुष्टि-
रल्पाशिता स्वप्नपराङ्मुखत्वम् ।
स्वप्नेषु यानाद्युपलम्भनं च,
सिद्धस्य चिह्नानि भवन्ति सद्यः ॥

આ ઉપરાંત આનંદના અશ્રુ આવવાં, દેહ પુલકિત થવો, ગદ્‌ગદ્ કંઠે ભાષણ થવું આદિ બીજાં પણ કેટલાંક લક્ષણો તંત્રકારોએ દર્શાવેલાં છે.

મંત્રસિદ્ધિ થયાનું મુખ્ય લક્ષણ સાધકના મનોરથની સિદ્ધિ છે. સાધક જે સમયે જે અભિલાષા કરે, તે જલ્દી પૂરી થાય તો સમજવું કે મંત્રસિદ્ધિ થઈ છે.

મંત્રસિદ્ધિ થવાથી દેવતાનું દર્શન થાય છે, તેની સાથે વાર્તાલાપ થાય છે, સર્વત્ર ગમનાગમન કરવાની શક્તિ આવે છે, પરકાયપ્રવેશ થઈ શકે છે, દૂરની વસ્તુઓ જોઈ શકાય છે, અતિ દૂર થઈ રહેલો વાર્તાલાપ સાંભળી શકાય છે તથા અનેક પ્રકારનાં અદ્ભુત કાર્યો થઇ શકે છે. **તંત્રસાર**માં તો ત્યાં સુધી કહ્યું છે કે : सिद्धमन्त्रस्तु यः साक्षात् स शिवो नात्र संशयः–જેણે પરિપૂર્ણ મંત્રસિદ્ધિ કરી છે, તે સાક્ષાત્ શિવતુલ્ય છે, એમાં સંશય રાખવો નહિ.' તાત્પર્ય કે તે ઈશ્વરની માફક અનેક અચિંત્ય–અકલ્પ્ય કાર્યો કરવાને સમર્થ થાય છે.

કેટલાકનું એવુ માનવું છે કે વર્તમાનકાલે ગમે તેટલી ઉત્કૃષ્ટ મંત્રસાધના કરીએ તો પણ દેવતાઓ સાક્ષાત્ થઈને દર્શન આપતા નથી, પણ સ્વપ્નદર્શન, રોગનિવારણ કે પુષ્પપ્રવેશ વગેરે દ્વારા પ્રમાણ આપે છે. આ માન્યતા મોટા ભાગે સાચી હોવા છતાં આજે પણ એવા મંત્રસાધકો જોવામાં આવ્યા છે કે જેમને દેવતાએ સાક્ષાત્ દર્શન દીધાં હોય અને તેમને આધીન રહીને અજબગજબનાં કાર્યો કરાયાં હોય.

સેંકડો કે હજારો માઈલ દૂર રહેલી વસ્તુ નિમિષ-માત્રમાં હાથમાં મૂકી દેવી, આખી સભા પર કેશર કે કુંકુમનાં

છાંટણાં નાખવાં કે રૂપિયાની નોટોનો વરસાદ વરસાવવો, એ દેવતાની આધીનતા વિના બની શકે નહિ.

મંત્રસિદ્ધિ અંગે આપણા દેશમાં અનેક કથા-વાર્તાઓ પ્રસિદ્ધ છે. તેમાં કેટલીક અતિશયોક્તિ પણ હશે, પરંતુ એટલી વાત નિશ્ચિત છે કે મંત્રસિદ્ધિ થવાથી દૈવીશક્તિ સાથે અનુસંધાન થાય છે અને તેનાથી અનેક પ્રકારનાં અદ્ભુત કાર્યો થઈ શકે છે.

કેટલાક કહે છે કે મંત્રસિદ્ધિ દ્વારા જે ચમત્કારો થાય છે, તે વાસ્તવમાં આંતરિક શક્તિનો વિકાસ થવાથી જ થાય છે. ઘડીભર માની લઈએ કે આ મંતવ્ય સાચું છે, તો પણ એમાંથી એવો નિષ્કર્ષ તો નીકળે જ છે કે મંત્રનો જપ કરતાં આંતરિક શક્તિઓનો ખૂબ વિકાસ થાય છે અને તેના દ્વારા ચમત્કારિક પરિણામો લાવી શકાય છે.

મંત્રશાસ્ત્ર આજે અનેક પ્રકારના વહેમો અને અનેક પ્રકારની અતિશયોક્તિમાં અટવાઈ ગયું છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરવો અને તેમાં રહેલા વજ્ઞાનિક તથ્યને જનતા સમક્ષ મૂકવું એ સંસ્કૃતિપ્રેમી સુજ્ઞજનોનું સત્કર્તવ્ય છે.

મંત્રસિદ્ધિનો કદી પણ દુરુપયોગ કરવો નહિ તથા તે અંગે જે નિયમો પાળવાના હોય તેમાં કસુર કરવી નહિ. જો કસુર થાય તો મહામહેનતે મેળવેલી સિદ્ધિ ચાલી જાય છે.

સૌરાષ્ટ્રના બે બ્રાહ્મણ બંધુઓને સર્પ ઉતારવાની અદ્ભુત વિદ્યા પ્રાપ્ત થઈ હતી. તેઓ 'પાનરે' નામથી ઓળખાતા

હતા. કોઈને સાપ કરડે કે 'પાનરે' નું નામ બોલી ગાંઠ વાળી દેવામાં આવતી અને પાનરે મહારાજને તાર કરવામાં આવતો. ત્યારબાદ તેઓ એ સ્થાને આવતા અને સર્પનું ઝેર ઉતારતા. વર્ષો સુધી આ પ્રમાણે ચાલ્યું. પછી એક બંધુથી નિયમોનું પાલન થઈ શક્યું નહિ. તેઓ નિયમમાં શિથિલ થયા કે એ સિદ્ધિ ચાલી ગઈ. બીજા બંધુ કે જેમણે એ નિયમો પાળવાનું ચાલુ રાખ્યું હતું, તેમને એ સિદ્ધિ કાયમ રહી.

બીજા પણ કેટલાક મંત્રવાદીઓ સંબંધમાં આવું બનતું જોયું છે, એટલે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી પણ તેને સાચવવા પૂરતી કાળજી રાખવી જોઈએ, એ નિશ્ચિત છે.

[ ૩૩ ]

# મંત્રપ્રયોગો

મંત્રસિદ્ધિ થયા પછી તેનો પ્રયોગ કરવામાં આવે છે. આ પ્રયોગના હેતુ તથા પ્રકારો અંગે મંત્રશાસ્ત્રમાં ઘણી વિચારણા થયેલી છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેના અર્ધા ઉપરનો ભાગ માત્ર આ જ વિષયમાં રોકાયેલો છે.

એ તો પૂર્વે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મંત્રસાધના મુક્તિ તેમજ ભુક્તિ બંને માટે થાય છે. તેમાં મુક્તિ માટે સાધના કરનારા વૈદિક પરંપરાના સાધુઓ, મુનિઓ, સંન્યાસીઓ, ઋષિઓ તથા ગૃહસ્થ સ્ત્રી-પુરુષો મોટા ભાગે પ્રણવમંત્રનો એટલે કે ૐકારનો આશ્રય લે છે અને તેના દ્વારા ચિત્તશુદ્ધિ કરી અનુક્રમે આત્મદર્શન સુધી પહોંચે છે. આ વખતે અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રકટ થાય છે અને તે સિદ્ધ પુરુષની કોટિમાં વિરાજે છે.

આ રીતે મુક્તિ માટે ૐકારની સાધના કરનાર મોટા ભાગે જપ તથા ધ્યાનનો જ આશ્રય લે છે, એટલે કે યૌગિક

સાધનને અનુસરે છે. **માંડૂક્યોપનિષદની ગૌડપાદ-કારિકામાં** તથા **છાંદોગ્ય ઉપનિષદ્**ના પ્રથમાધ્યાયમાં ૐકારનો મહિમા વિસ્તારથી વર્ણવેલો છે.

મુક્તિના અભિલાષી જૈન મહાત્માઓ ૐકારને પંચ-પરમેષ્ઠિમય માને છે અને એ રીતે તેનો જપ કરે છે, પણ તેની સાથે 'अर्हं नमः' એવું પદ પણ લગાડે છે. તેમના અભિપ્રાયથી अर्हं બીજ પરમેશ્વર એવા પરમેષ્ઠિનું વાચક છે અને સર્વ આગમોનું રહસ્ય છે. તેનાથી દૃષ્ટ-અદૃષ્ટ સર્વ સંકલ્પોની સિદ્ધિ થાય છે.

કેટલાક મુમુક્ષુઓ મુક્તિની પ્રાપ્તિ માટે બીજમંત્ર-કરતાં નામમંત્રને પ્રધાનતા આપે છે, અર્થાત્ ભગવાનનું કોઈ પણ એક નામ ગ્રહણ કરી તેનો વિશુદ્ધ મને જપ કરવા લાગે છે. મંત્રવિશારદોએ એ વાત કબૂલ રાખી છે કે ભગવાનનું દરેક નામ એક શાંતિમંત્ર છે અને તે એનો જપ કરનારને પરમ શાંતિ આપે છે. આ રીતે ભગવાનના નામનો વિશુદ્ધ મનથી જપ કરતાં ચિત્તશુદ્ધિ થાય છે અને અનુક્રમે ભગવાનનાં દર્શન થતાં કૃત્યકૃત્યતા સધાય છે. આવા પુરુષોની આગળ પણ સિદ્ધિઓ નૃત્ય કરે છે અને તેઓ જે કંઈ બોલે કે કહે, તે પ્રમાણે સર્વ કાર્ય સંપન્ન થાય છે.

આ રીતે ૐકાર કે ભગવાનનું કોઈ પણ નામ સિદ્ધ થતાં તેનો પ્રયોગ કરવાથી દુઃખિયાનાં દુઃખ હરી શકાય છે, રોગિયાના રોગ મટાડી શકાય છે અને દુષ્ટ તથા પાપી મનુષ્યોને ધર્મ, નીતિ તથા સદાચારના માર્ગમાં સ્થિર કરી

શકાય છે. ભારતના સાધુસંતોએ લાખો-કરોડો મનુષ્યોને આ રીતે સત્પથગામી બનાવ્યા છે. મંત્રસિદ્ધિનો આ પ્રયોગ માત્ર પરોપકારવૃત્તિથી થાય છે અને તેથી તે સર્વ દ્વારા પ્રશંસા પામેલો છે.

જેઓ ભુક્તિ એટલે ભોગ કે ઐશ્વર્ય માટે મંત્રસાધના કરે છે, તે અનેક પ્રકારના મંત્રો પૈકી કોઈ પણ એક મંત્રનો આશ્રય લે છે. તેને પૂજા, ધ્યાન, જપ, હોમ આદિ ક્રિયાના બળે સિદ્ધ કરે છે અને ત્યાર બાદ તેનો વિવિધ હેતુઓ અર્થે પ્રયોગ કરે છે. મંત્રવિશારદોએ તેના છ પ્રકારો માન્યા છે કે જેને સામાન્ય રીતે '**તાંત્રિક ષટ્કર્મ**' કહેવામાં આવે છે. શાંતિ, વશ્ય, સ્તંભન, વિદ્વેષણ, ઉચ્ચાટન અને મારણ, એ તેનાં પ્રસિદ્ધ નામો છે.

જે પ્રયોગ કે કર્મથી વ્યાધિઓનું નિવારણ થાય, ઘાતક પ્રયોગોનો ખૂલો ચ્છેદ થાય તથા દુષ્ટ ગ્રહોની દૃષ્ટિનો પ્રતિકાર થાય, તેને **શાંતિકર્મ** કહેવામાં આવે છે. જેનાથી ધન, ધાન્ય, સંપત્તિ, ઐશ્વર્ય તથા કીર્તિમાં વધારો થાય, તેને પુષ્ટિકર્મ કહેવામાં આવે છે, પણ તે શાંતિકર્મનો જ એક ભાગ છે, કારણ કે તેનાથી ચિત્તને શાંતિ-આનંદ રહે છે. રાજા અથવા શક્તિસંપન્ન અધિકારી આ પ્રકારનાં કર્મ વડે રાજ્યમાં જીવનની ઉન્નતિનો પ્રતિબંધ કરનારા કારણોનું નિવારણ કરી શકે છે અને પ્રજાને સુખી બનાવી શકે છે. અન્ય લોકો પણ તેનો સદ્હેતુથી ઉપયોગ કરે તો પરિણામ સારું આવે છે.

જે પ્રયોગથી બીજાઓ આપણો હુકમ માનવા માટે

તત્પર થાય, અથવા તો આપણી કોઇપણ આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે નહિ, તેને **વશ્ય કે વશીકરણકર્મ** કહેવામાં આવે છે આકર્ષણકર્મ તથા આયુષ્યની વૃદ્ધિ માટે અનુકૂળ-પરિસ્થિતિ પેદા કરવી, તે આ કર્મનો જ એક ભાગ ગણાય છે. એક મહાપુરુષ કહે છે કે 'પ્રેમભરી મધુર વાણી એ આ જગતમાં સહુથી મોટામાં મોટો વશીકરણનો પ્રયોગ છે. તેનાથી સહુનું આપણા તરફ આકર્ષણ થાય છે અને તેઓ આપણને વશ થાય છે.'

તાત્ત્વિક દૃષ્ટિએ આ વાત ઘણી ઉત્તમ છે, પણ જીવનમાં એવા પ્રસંગો અનેક વાર આવે છે કે જ્યારે પતિને પત્ની તરફ અણગમો થાય છે અને તે એની સાથે બોલવા કે એક પ્રેમભર્યું સ્મિત ફેંકવા માટે પણ તૈયાર થતો નથી. અનેક રીતે સમજાવવા છતાં, અનેક પ્રકારની વિનંતિઓ કરવા છતાં તેનું દિલ વિમુખ રહ્યા કરે છે અને આ બાજુ તેની પત્નીના સુખનું સત્યાનાશ વળે છે. આમ વિચિત્ર પરિસ્થિતિમાં મૂકાયેલ સ્ત્રી પોતાના પતિને વશ કરવા માટે આવો કોઇ મંત્રપ્રયોગ કરે તો એમાં કંઇ જ અનુચિત નથી.

કેટલીક વાર પરિસ્થિતિ આથી ઉલટી હોય છે, એટલે કે પત્ની કહ્યામાં રહેતી નથી, મનસ્વી વર્તન કરવા લાગે છે અને પરપુરુષની દોસ્તી કરવા પ્રેરાય છે. પતિ તેને ઘણું સમજાવે, પણ તે માનતી નથી. આ સંયોગોમાં પતિ આવો કોઈ પ્રયોગ કરે તો એને અનુચિત કેમ કહેવાય? તાત્પર્ય કે જ્યાં પ્રેમની સાંકળ તૂટી હોય અને વશ્ય પ્રયોગ વડે જ

તેનું અનુસંધાન થાય એવું હોય ત્યાં આ પ્રયોગ આશીર્વાદ સમાન નીવડે છે.

જો આ પ્રયોગ દુર્જનના હાથમાં આવે અને તે પોતાની હવસ પૂરી કરવા માટે તેનો પ્રયોગ કરે તો મહાન અનર્થ થાય છે, એટલે કે કંઈકની વહુ-બેટીઓ ભ્રષ્ટ થાય છે અને એક અતિ અનિચ્છનીય વાતાવરણ પેદા થાય છે. તેથી જ મંત્રવિશારદોએ જે-તેને મંત્રદાન નહિ કરવાનો આદેશ આપ્યો છે. જેમ વાસણની ટકોરા મારીને પરીક્ષા કરવામાં આવે છે, તેમ સાધકની આ બાબતમાં પૂરી પરીક્ષા કરવી જોઈએ અને પછી જ તેને વશ્યકર્મ સફલ થાય તેવા પ્રયોગો બતાવવા જોઈએ.

આમાં કેટલાંક તંત્રનો એટલે ઔષધિસંયોજન આદિનો પણ આશ્રય લેવાય છે. આજથી બાર-તેર વર્ષ પહેલાં મંત્રસાહિત્ય એકઠું કરવા માટે અમે માલવાનો પ્રવાસ કર્યો, ત્યારે એક વૃદ્ધ જતિનો મેળાપ થયો હતો. તેણે અમને કહ્યું કે 'ભાઈ! વશીકરણપ્રયોગ સહેલો નથી. તે ખાતરીથી કરવો હોય તો અજગરની આંખનું પાણી મેળવવું પડે છે.' અમે પૂછ્યું : 'તેનું કંઈ કારણ?' ત્યારે તેણે કહ્યું : 'કારણ તો હોય જ ને! અજગરની આંખને અજબ આકર્ષણ આપનારી શક્તિ તેની પાછળ જે પાણીનો સંગ્રહ હોય છે, તેમાં રહેલી હોય છે. તે નીચે પડ્યો પડ્યો વૃક્ષ ઉપર રહેલા પક્ષીની સામે થોડી વાર મીટ માંડે કે તે પક્ષી તરફડીને નીચે તેના મુખમાં પડે છે.'

અમે તેમના આ જ્ઞાનથી આશ્ચર્ય અનુભવ્યું અને એ પાણી શી રીતે મેળવવું ? એવો પ્રશ્ન પણ કર્યો. તેણે કહ્યું : 'આ વાત આટલે જ રાખો. એનો ખુલાસો ફરી કોઈ વાર કરીશું.'

વશ્યકર્મમાં અન્ય વસ્તુઓ વપરાય છે, તેમાં પણ આવું કંઈ ને કંઈ રહસ્ય હશે કે જે આપણા પૂર્વપુરુષોને વિદિત હતું.

મધ્યકાલીન યુગમાં વશ્યકર્મનો ઘણો દુરુપયોગ થયો, તેથી જ મંત્રવિદ્યા નિંદાઈ અને ભદ્ર લોકો તેની સામે નફરતની દૃષ્ટિએ જોવા લાગ્યા. આપણે ઇચ્છીએ કે આ વિદ્યાને સંકટ સમયની સાંકળ સમજી જરૂર પૂરતો જ તેનો ઉપયોગ કરવો, પણ તેનો વારંવાર કે બદહેતુથી ઉપયોગ ન જ કરવો.

રાજા, વિશિષ્ટ અધિકારી, ધર્મગુરુ કે અન્ય મહાનુભાવ લોકપ્રિયતા ખાતર આ પ્રયોગ કરે તો એમાં કશું અનુચિત નથી.

જે પ્રયોગથી બીજાની સ્વતંત્ર ગતિનો નિરોધ થાય અને તેની અપકારી ચેષ્ટાઓના લક્ષ્યને બદલી શકાય, તેને **સ્તંભનકર્મ** કહેવામાં આવે છે. કોઈ વ્યક્તિ ધન, ઐશ્વર્ય, સત્તા કે કોઈ વિદ્યાના બળે મદોન્મત્ત બનીને બીજાને સતાવતી હોય અને ગમે તેવી હિતશિક્ષા આપવા છતાં તેને કાને ધરતી ન હોય, ત્યારે આ જાતનો પ્રયોગ

કરવો આવશ્યક મનાય છે. વળી શત્રુઓ ચડી આવ્યા હોય, લૂંટારૂઓ હલ્લો કરતા હોય કે ચોરો ચોરી કરવા માટે ઘરમાં પેઠા હોય, ત્યારે આવો પ્રયોગ સફલતાપૂર્વ કરવામાં આવે તો તેથી ઘણો લાભ થાય છે.

જંબૂકુમાર એક ધનાઢચ ગૃહસ્થના પુત્ર હતા અને એકી સાથે આઠ કન્યાઓને પરણી વાસભુવનમાં દાખલ થયા હતા. પરંતુ તેમનું મન વૈરાગ્યથી વાસિત થયેલું હતું, એટલે તેઓ ભોગથી વિમુખ રહ્યા હતા અને પોતાની સ્ત્રીઓને પણ સંયમસાધના કરવા માટે સમજાવી રહ્યા હતા. એવામાં પ્રભવ નામનો એક બળવાન ચોર પાંચસો ચોરો સાથે તેમની હવેલીમાં દાખલ થયો અને માલમત્તાની ગાંસડીઓ બાંધવા લાગ્યો. જંબૂકુમારને એ માલમત્તા પર જરા ય મોહ ન હતો, પણ આજે માલમત્તા ચોરાઈ જાય અને બીજા દિવસે સંયમદીક્ષા ધારણ કરવામાં આવે તો લોકોમાં એવો પ્રવાદ થાય કે 'માલમત્તા લૂંટાઈ ગઈ, એટલે ભાઈ ઘર છોડીને ચાલી નીકળ્યા.' આથી જંબૂકુમારે ગુરુદત્ત નમસ્કારમંત્રનો જપ શરૂ કર્યો અને તેના પ્રભાવે સર્વ ચોરો સ્થંભી ગયા, એટલે કે તેમના પર સ્તંભનકર્મની પૂરી અસર થઈ. પરિણામે પ્રભવ ચોર ગભરાયો અને તેણે બે હાથ જોડી જીવતદાન માગ્યું. જંબૂકુમારે તેને જીવતદાન આપ્યું અને તે સાથે ઉપદેશના બે શબ્દો પણ કહ્યા. પરિણામે બધાના જીવનનું પરિવર્તન થયું અને તેમને પણ સંયમ-સાધના માટે ઉત્સાહ જાગ્યો. તાત્પર્ય કે પ્રસંગ પડયે

સ્તંભનકર્મના પ્રયોગો ઉપકારી થઈ શકે છે અને તેથી જ તાંત્રિક કર્મમાં તે સ્થાન પામેલા છે.

દુર્જન મનુષ્યો આ કર્મનો પણ દુરુપયોગ કરી શકે છે. કોઈ સાથે થોડાં અણબનાવ થયો કે આ પ્રયોગ કરે તો પેલી વ્યક્તિનો હાથ–પગ રહી જાય છે, કેડ ઝલાઈ જાય છે કે વાચા પણ બંધ થઈ જાય છે. સ્તંભનપ્રયોગ આવા કોઈ ક્ષુદ્ર હેતુ માટે નથી જ. ઉપર જણાવ્યું તેમ કોઈ શુભ કે સુંદર પરિણામ લાવવા માટે જ તેનો ઉપયોગ કરવાનો છે.

જે પ્રયોગથી વિરોધી વ્યક્તિઓના સમૂહમાં ફૂટ પડે અને એ રીતે તેમનું વિઘાતક બળ તૂટી જાય, તેને **વિદ્વેષણ કર્મ** કહે છે. રાજ્યની રક્ષા માટે કે અનુચિત સંગઠન તોડવા માટે આ કર્મનો પ્રયોગ થાય તે ઇષ્ટ છે. ક્ષુદ્ર સ્વાર્થી હેતુ માટે તેનો પ્રયોગ કરવાનો નથી.

જે પ્રયોગથી સામી વ્યક્તિની માન–મર્યાદા તૂટે તથા તેને ગામ કે દેશ છોડવાનો વખત આવે, તેને **ઉચ્ચાટન કર્મ** કહે છે. આ એક પ્રકારનું ઉગ્ર કર્મ છે અને અન્ય કોઈ ઉપાય કામ ન લાગતો હોય ત્યાં બહુ સમજી–વિચારીને તેનો પ્રયોગ કરવા જેવો છે.

એક રાજ્યનો દિવાન દુરાચારી હતો અને તે કોઈ રીતે પોતાનો દુરાચાર છોડતો ન હતો. રાજ્યની ઘણીખરી સત્તા તેના હાથમાં હતી, એટલે કોઈ તેને કશું કરી શકતા ન હતા. આખરે ગામના બે–ચાર ડાહ્યા માણસોએ ભેગા થઈને એક મંત્રવાદી આગળ ઉચ્ચાટનનો પ્રયોગ કરાવ્યો.

આથી થોડા દિવસમાં જ બધા લોકો તેને નફરતની દૃષ્ટિએ જોવા લાગ્યા અને સલામ કરતાં પણ બંધ થઈ ગયા. ત્યાર બાદ થોડા દિવસે રાજાની સાથે વાંધો પડ્યો અને રાજાએ તેને હદપાર કર્યો. આ રીતે ઉચ્ચાટનનો જે પ્રયોગ થયો, તેને ઉચિત તથા આવશ્યક જ લેખવો પડે. બાકી વ્યાપારમાં હરિફાઈ ચાલતી હોય કે સમાજમાં પ્રતિપક્ષી તરીકે ઊભો રહેતો હોય, અથવા કોઈ વાર ગાળ દીધી હોય એવાં ક્ષુદ્ર કારણોએ આ જાતનો પ્રયોગ કરવો ઇષ્ટ નથી.

જે પ્રયોગથી મનુષ્યનું મરણ થાય તેને **મારણકર્મ** કહે છે. આ અતિ ઉગ્ર કર્મ છે અને અનિવાર્ય સંયોગો ઊભા ન થાય, ત્યાં સુધી તે કરવા જેવું નથી. આ વાત સામુદાયિક હિતને અનુલક્ષીને કહેવાય છે. પોતાના સ્વાર્થ માટે તો આ કર્મનો ઉપયોગ કરવાનો છે જ નહિ. જે જે મનુષ્ય પોતાના સ્વાર્થને માટે બીજાનું મરણ નિપજાવે છે, તે મહાપાપી છે અને તેનાં અતિ કડવાં ફળો તેને અવશ્ય ભોગવવાં પડે છે.

કોઈ વાર આવો પ્રયોગ જનહિતાર્થે કરવાની જરૂર પડે છે, એટલે તે કરવામાં આવે છે, પરંતુ તેનું પ્રાયશ્ચિત તો લેવું જ પડે છે.

સૌરાષ્ટ્રના એક ગામનો આ સાચો કિસ્સો છે અને તે પ્રસ્તુત વિચારણામાં ઉપયોગી થાય તેવો હોવાથી જ અહીં રજૂ કરવામાં આવે છે.

એક ગામ ખાધે-પીધે સુખી હતું. તેની વસ્તી આશરે

ત્રણ હજાર માણસની હતી. ત્યાં એક સાંઈ આવીને રહેલો હતો અને તે અનેક પ્રકારના મંત્રપ્રયોગો કરતો હતો. તેની મોટી એબ એ હતી કે તે પનઘટ જતાં માર્ગમાં આવીને ઊભો રહેતો અને વહૂ-દીકરીઓની અણછાજતી મશ્કરી કરતો. ગામલોકોએ તેને એક-બે વાર ટપાર્યો, પણ તે માન્યો નહિ. 'આ લોકો મને શું કરી શકવાના હતા?' એવું તેને અભિમાન હતું. અને વાત સાચી હતી કે લોકો તેનાથી ડરતા હતા. 'વખતે મૂઠ મારે અને આપણે મરી જઈએ તો!' એ વિચારે તેઓ ઢીલા પડી જતા હતા અને તેની સામે કોઈ અસરકારક પગલાં લઈ શકતા ન હતા.

એવામાં એ ગામમાં એક સાધુ મહાત્મા આવ્યા. લોકોએ તેમની આગળ આ વાત કરી અને તેના ત્રાસમાંથી કોઈ પણ રીતે બચાવવાની વિનંતિ કરી. મહાત્માએ કહ્યું કે 'વારુ, જોઈશું.'

બીજા દિવસે તેમણે સાંઈને સંદેશો કહેવડાવ્યો કે 'ભલા થઈને રહેવામાં સાર છે.' ત્યારે એ ઉદ્ધત સાંઈએ કહ્યું કે 'તમારા જેવા કંઈ જોગટા ગામમાં આવ્યા ને ગયા, મને શિખામણ આપવાની જરૂર નથી.' મહાત્માજીએ ફરી એક વાર સંદેશો કહેવડાવ્યો, પરંતુ તેનું પરિણામ પણ શૂન્યમાં જ આવ્યું. મહાત્માજી સમજી ગયા કે આ પૂરેપૂરો નાદાન છે અને શિક્ષા કર્યા વિના માનશે નહિ, એટલે ત્રીજા દિવસે ગામબહાર લોકોને ભેગા કર્યા અને જણાવ્યું કે પેલા સાંઈને કોઈ પણ રીતે અહીં લઈ આવો.

કેટલાક આગેવાનો સાંઈને તેડવા ગયા. સાંઈને વિદ્યાનો મદ હતો અને આ સાધુ પોતાને કંઈપણ કરી શકશે એમ તે માનતો ન હતો, એટલે તે ગામ બહાર આવ્યો, પણ તરવાર વડે પોતાની આસપાસ કુંડાળું દોરીને બધાથી થોડે દૂર ઊભો રહ્યો. આ ચેષ્ટાનો અર્થ એ હતો કે તે વખતે પેલો સાધુ કોઈ પ્રયોગ કરે તો તેની ઝપટમાં અવાય નહિ.

સાધુ મહાત્માએ એક કપડું ઓઢેલું હતું અને તેમના હાથ તેની અંદર છૂપાએલા હતા. તેમના ડાબા હાથે એક લોઢાનું કડું પહેરેલું હતું. તેમણે સાંઈને કહ્યું : 'તમારા અત્યાર સુધીના બધા ગુનાઓ માફ છે, પણ હવે પછી ગુનો ન કરવાની કબૂલાત આપો. અર્થાત્ તમારે કોઈ વાર પનઘટના માર્ગે ઊભા રહેવું નહિ કે કોઈ વહૂ–દીકરીની મશ્કરી કરવી નહિ.'

સાંઈએ કહ્યું : 'તમે મને કહેનાર કોણ ?'

મહાત્માએ કહ્યું : 'તમારો હિતસ્વી.'

સાંઈએ કહ્યું : 'મારા હિતસ્વી થવાની કોઈ જરૂર નથી. તમે તમારા માર્ગે ચાલ્યા જાઓ, નહિ તો જોયા જેવી કરીશ.'

મહાત્માએ કહ્યું : 'સાંઈ સમજી જાવ. હજી તક છે.' પણ સાંઈએ ન જ માન્યું. તે પોતે દોરેલા કુંડાળામાં અભિમાનથી ઊભો હતો અને મહાત્મા પર મૂઠ મારવાની તૈયારી કરતો હતો. એ જ વખતે મહાત્માએ પોતાના ડાબા હાથના કાંડા પર રહેલું કડું મંત્ર ભણીને ઉપર ચડાવવા માંડ્યું

કે તે સાંઈ પોતાના કુંડાળામાંથી ઉચકાયો અને અદ્ધર ચડવા લાગ્યો. થોડી વારમાં તો તે ઘણો ઊંચો ચડી ગયો અને બધા લોકો તેના તરફ જોઈ રહ્યા. પછી મહાત્માએ લોખંડનું કડું જોરથી નીચે ઉતાર્યું અને હાથ પરથી કાઢી નાખ્યું કે સાંઈ સડસડાટ નીચે આવ્યો અને જોરથી જમીન પર પટકાયો. બસ, એ જ વખતે તેનું પ્રાણપંખેરૂં ઉડી ગયું અને લોકોએ રાહતનો દમ ખેંચ્યો. અલબત્ત, એ મહાત્માએ પછી પ્રાયશ્ચિત કરી લીધું, પણ આ પ્રયોગથી સેંકડો સ્ત્રીઓની છેડતી થતી અટકાવી અને એક ગામને જબ્બર ત્રાસમાંથી મુક્ત કર્યું.

આટલા વિવેચન પરથી તાંત્રિક ષટ્કર્મની આવશ્યકતા સમજાઈ હશે અને તેમાં કેવી વિવેચકબુદ્ધિ રાખવી ઘટે, તે પણ લક્ષ્યમાં આવ્યું હશે.

આ સિવાય બીજા પણ અનેક જાતના મંત્રપ્રયોગો થાય છે. જેમ કે–

(૧) ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત જાણવી.
(૨) સ્વપ્નો દ્વારા સાચા ઉત્તર મેળવવા.
(૩) છાયાપુરુષની સિદ્ધિ કરવી.
(૪) અન્ન તથા ધનભંડાર અક્ષય બનાવવા.
(૫) રોગચાળાને અટકાવવા.
(૬) અનાવૃષ્ટિ દૂર કરવી, અર્થાત્ વરસાદ લાવવો.
(૭) તીડનો ભય દૂર કરવો.
(૮) આગને ફેલાતી અટકાવવી.

(૯) સ્ત્રી તથા ગાય વગેરે પશુને સુખરૂપ પ્રસૂતિ કરાવવી.
(૧૦) સાપ આદિને પકડવા અને તેનું ઝેર ઉતારવું.
(૧૧) હજારો માઈલ દૂર રહેલી વસ્તુ જોવી.
(૧૨) અતિ દૂર થઈ રહેલો વાર્તાલાપ સાંભળવો.
(૧૩) ઇચ્છિત વસ્તુ રજૂ કરવી.
(૧૪) ભૂત-વ્યંતર આદિને સાધી તેની પાસેથી ધાર્યાં કામ લેવાં.
(૧૫) એક વસ્તુનું બીજી વસ્તુમાં પરિવર્તન કરી નાંખવું.
(૧૬) ખેતરમાં ધાન્યાદિ વિશેષ પાકે તેમ કરવું.
(૧૭) મનગમતું રૂપ ધારણ કરવું.
(૧૮) અદૃશ્ય થવું.
(૧૯) સૂક્ષ્મતા કે સ્થૂલતા ધારણ કરવી તથા વજન ઘટાડવું કે વધારવું.
(૨૦) કોર્ટ કચેરીમાં ચાલતા મુકદ્દમામાં જિત મેળવવી.
(૨૧) ચોરને પકડી પાડવો.
(૨૨) પરકાયામાં પ્રવેશ કરવો.
(૨૩) આકાશગમન કરવું.
(૨૪) જય-વિજયની પ્રાપ્તિ કરવી વગેરે.

[ ૩૪ ]

# શાબર મંત્રો

વેદ, પુરાણો તથા તંત્રશાસ્ત્રોના આધારે બ્રાહ્મણ પરંપરામાં અથવા તો હિંદુ સમાજમાં જે મંત્રપદ્ધતિ પ્રચલિત થઈ છે અને જેનો સાધુ, સંન્યાસીઓ, વિદ્વાનો તથા સુજ્ઞ વર્ગમાં ઘણો આદર તથા ઘણો પ્રચાર છે, તેનો બને તેટલો પ્રમાણભૂત પરિચય પાછલાં પૃષ્ઠોમાં આપવામાં આવ્યો છે અને તે અંગે જ્યાં જ્યાં વિવેચનો કરવાની જરૂર જણાઈ, ત્યાં તે યથાસ્થાને કરવામાં આવ્યાં છે. જૈન તથા બૌદ્ધોની મંત્રપદ્ધતિ આ પદ્ધતિને ઘણા અંશે મળતી છે. તે ૐકાર તથા અન્ય બીજાક્ષરોનું મહત્ત્વ સ્વીકારે છે, પૂજા, ધ્યાન, જપ આદિનો આદર કરે છે તથા તેની આચારસંહિતાનો પણ મોટા ભાગે સ્વીકાર કરે છે. પરંતુ આ બધાથી નિરાળી પદ્ધતિને અનુસરનારા શાબર મંત્રો પણ ભારતવર્ષમાં પ્રચાર પામ્યા છે અને લોકોમાં તેનો અધિક પ્રચાર છે, એટલે તે અંગે પણ અહીં કેટલુંક વિવેચન કરવું આવશ્યક છે.

(૧) વનમેં બ્યાઈ અંજની, કચ્ચે વનફૂલ ખાય;
હાક મારી હનુમંતને, ઈસપીંડસે આધાસીસી ઉતર જાય.

આધાસીસીને ઉતારવાનો આ એક શાબર મંત્ર છે. તે મનમાં અમુક વાર બોલીને દર્દીના દર્દવાળા ભાગમાં રાખ લગાડે તો આધાસીસી ઉતરી જાય છે, અર્થાત્ તેની પીડા મટી જાય છે. કાળી ચૌદસના દિવસે સ્મશાનમાં જઈ ૧૦૦૦૦ દશ હજાર મંત્રનો જપ કરીને એ રાખ મંત્રેલી હોવી જોઇએ.

(૨) નમો રામકી ધનુષ, લક્ષ્મણુકા બાણુ;
આંખ દર્દ કરે તો, લક્ષ્મણુકુમારકી આણુ.

નેત્રપીડાનું નિવારણુ કરનારો આ પણુ એક શાબર મંત્ર છે. એ મંત્ર બોલીને લીમડાની ડાળીથી એકવીશ વાર આંખોને ઝાડવાથી આંખની પીડા મટી જાય છે. આ મંત્ર પણુ કાળી ચૌદશને દિવસે સ્મશાનમાં જઈ ૧૦ માળા ફેરવી સિદ્ધ કરેલો હોવો જોઈએ.

(૩) વનમેં બેઠી વાનરી, અંજની જાયો હનુમંત, બાલા ડમરૂ વ્યાહિ વિલાઈ, આંખની પીડા, મસ્તકપીડા, ચૌરાસી વાઈ, બલી બલી ભસ્મ હો જાય, પકે ન ફૂટે, પીડા કરે તો ગોરખજતિ રક્ષા કરે. ગુરુકી શક્તિ, મેરી ભક્તિ, ફુરો મંત્ર, ઈશ્વરી વાચા.

આ પણુ એક શાબર મંત્ર છે. ૪૧ દિવસમાં સવા લાખ જપ કરવાથી સિદ્ધ થાય છે. જ્યારે કોઈ પણુ રોગની પીડા મટાડવી હોય ત્યારે ૧૦૮ વાર ગણીને મોરપીંછી વડે ઝાડવાથી એ રોગની પીડા મટે છે.

(૪) ૐ નમો દીપ મોહે, દીપ જાગે, પવન ચાલે, પાણી ચાલે, શાકિણી ચાલે, ડાકિણી ચાલે, ભૂત ચાલે, પ્રેત

ચાલે, નવસો નવાણું નદી ચાલે, હનુમાન વીરકી શક્તિ, મેરી ભક્તિ, ફુરો મંત્ર ઈશ્વરી વાચા.

આ પણ એક શાબર મંત્ર છે, તે હનુમાનજીની પૂજા કરી તેમના મંદિરમાં બેસી સવા લાખ જપ કરવાથી સિદ્ધ થાય છે. પછી કોઈના શરીરમાં ડાકણ કે શાકણ આવતી હોય તેને સામે બેસાડી ૧૦૮ વાર આ મંત્રથી મોરપીંછ વડે ઝાડવાથી વળગાડ દૂર થાય છે અને આરામ થાય છે.

આ પરથી શાબર મંત્રો કેવા હોય છે, તેનો ખ્યાલ આવશે. ઉત્તર ભારત વગેરેમાં આ જ મંત્રો બોલાતા હોય તો એમાં હિંદીની છાયા વધારે હોય છે અને પરંપરા અનુસારે કોઇ શબ્દોમાં ફેરફાર પણ હોય છે; પરંતુ તેનું સામાન્ય સ્વરૂપ આ પ્રકારનું હોય છે. આવા સેંકડો–હજારો મંત્ર બનેલા છે અને આજે પણ તેના જાણકારો તેનો સફલ પ્રયોગ કરે છે.

આ મંત્રોની ભાષા સરલ હોય છે, એટલે તે જલ્દી કંઠસ્થ થઈ શકે છે; વળી તેનાં વિધિ–વિધાનો પણ પ્રમાણમાં ઘણાં સાદાં હોય છે અને જપ તથા બલિ–બાકળા સિવાય બીજી કડાકૂટ કરવાની હોતી નથી, એટલે સામાન્ય લોકો તેના તરફ આકર્ષાય છે અને તેની સાધના કરવા તત્પર બને છે.

અહીં પ્રશ્ન એ છે કે આમાં ૐકાર કે અન્ય મંત્ર-બીજો નથી, વળી શબ્દરચના પણ ઘણી વિચિત્ર અને મોટા ભાગે અર્થહીન હોય છે, છતાં તે શી રીતે ફલદાયી થાય

છે? આમાંના પ્રથમ મંત્રમાં હનુમાનજીની હાકનો ઉલ્લેખ છે, બીજામાં લક્ષ્મણકુમારની આણ આપેલી છે, ત્રીજા મંત્રમાં 'ગુરુકી ભક્તિ, મેરી શક્તિ, ફુરોમંત્ર, ઇશ્વરી વાચા' એ શબ્દો વડે એમ જણાવ્યું છે કે આમાં ગુરુની ભક્તિ અને કંઇક મારી શક્તિ કામ કરે છે. આ મંત્રનું સ્ફુરણ થાઓ એટલે કે તેની શક્તિનો વિસ્તાર થાઓ. આ ઇશ્વરી વાચા છે, એટલે કે તે મિથ્યા થનાર નથી. ચોથા મંત્રમાં પણ આવા જ શબ્દો છે અને ઘણાખરા શાબર મંત્રોના છેડે આ શબ્દો આવે છે. કેટલાંકમાં ગોરખજતિનો પણ ખાસ ઉલ્લેખ કરેલો હોય છે. આનો અર્થ એ છે કે ગુરુએ આ મંત્રમાં જે શક્તિ સંનિહિત કરી હોય છે, તે શ્રદ્ધા તથા યોગ્ય વિધિથી પ્રકટ થાય છે અને તેના વડે કાર્ય સિદ્ધિ થાય છે. વળી આ પરથી એમ પણ સમજવું ઘટે છે કે ૐ તથા અન્ય બીજાક્ષરો કરતાં પણ ગુરુનું વચન વધારે શક્તિશાળી છે, મહાશક્તિનું બીજ છે, એટલે મંત્રસાધકે તેના પર વધારે ધ્યાન આપવું જોઇએ.

એક વાર **મહાત્મા આનંદઘનજી** ફરતાં ફરતાં મેડતા શહેરમાં આવી ચડ્યા. તેમની ફકીરી અને અવધૂત દશાની ચમત્કારિક વાતો સાંભળી ત્યાંના રાજાની રાણી તેમની પાસે આવી અને કહેવા લાગી કે 'પ્રભો! હું અહીંના રાજાની રાણી છું અને અણમાનીતી થઈ પડી છું. માટે કૃપા કરીને મારા પતિ વશ થાય એવો કોઈ ઉપાય બતાવો.'

આનંદઘનજી તો તદ્દન નિઃસ્પૃહ હતા અને આવી

સાંસારિક ખટપટમાં પડે તેવા ન હતા, એટલે તેમણે એક કાગળની કાપલીમાં લખી આપ્યું કે—

તેરા પતિ વશ હોવે ઉસમેં આનંદઘનકું ક્યા ?
તેરા પતિ વશ ન હોવે ઉસમેં ભી આનંદઘનકું ક્યા ?

રાણી સમજી કે મહારાજે કૃપાવંત થઈને કોઈ મંત્ર લખી આપ્યો છે, એટલે હર્ષિત થઈ અને વાંચ્યા સિવાય જ તે કાગળ એક માદળિયામાં મૂકી દીધો. પછી એ માદળિયું હાથે બાંધ્યું. હવે બન્યું એવું કે આ બનાવ પછી અણુમાનીતી રાણી ઉપર રાજાનો પ્રેમ વધવા લાગ્યો અને તેના મહેલે આવવા લાગ્યો. એક વખત વાતવાતમાં રાણી બોલી ગઈ કે 'આનંદઘનજી મહારાજના મંત્રપ્રયોગથી હું તમને વશ કરી શકી છું.'

આ સાંભળી રાજા આનંદઘનજી પાસે આવ્યો અને ભારે ક્રોધાયમાન થઈને કહેવા લાગ્યો કે 'તમે સંસારથી વૈરાગ્ય પામી સાધુ થયા છો, છતાં વશીકરણનાં કાર્ય કરો છો, તે શું યોગ્ય છે ?'

તે સાંભળી આનંદઘનજીએ શાંત સ્વસ્થ ચિત્તે જવાબ આપ્યો કે 'તમે એ કહેવાતો મંત્ર વાંચી જુઓ, પછી મને કહેજો.'

રાજાએ માદળિયું મંગાવી અંદરનો કાગળ વાંચ્યો તો ઉપર લખેલાં બે વાક્ય નીકળ્યાં, આથી તે શરમીંદો પડી ગયો, પણ એ વાત તેના સમજમાં આવી ગઈ કે મહાત્માજીએ તેનું ભલું થવાના સંકલ્પપૂર્વક આ શબ્દો લખી આપ્યા.

હતા, એટલે મારી મનોવૃત્તિમાં ફેરફાર થયો અને આ પરિણામ આવ્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે યોગી કે તપસ્વી મહાત્માઓ પ્રબળ સંકલ્પ કરીને જે શબ્દરચના કરી આપે છે, તે મંત્ર રૂપ બની જાય છે, પછી તે દેખીતી રીતે ગમે તેવી વિચિત્ર અને અટપટી કેમ ન હોય? શાબર મંત્રની સફલતાનું કારણ આ જ છે.

'શાબર મંત્રો કોનાથી પ્રવર્ત્યા?' એ એક વિચારણીય પ્રશ્ન છે. તે અંગે એક સ્થળે એમ કહેવાયું છે કે 'ભગવાન્ શિવ અને પાર્વતીએ જ્યારે અર્જુનની સાથે યુદ્ધ કરવા માટે કિરાતનું રૂપ ધારણ કર્યું હતું, ત્યારે આગમ અને નિગમની ચર્ચામાં પાર્વતીજીના જે પ્રશ્નોના ઉત્તર આપ્યા, તે શાબર મંત્ર એટલે કે ભિલ્લપ્રદત્ત મંત્ર કહેવાયા.'

પરંતુ વિદ્વાનો આ મંતવ્યને વિશેષ મહત્ત્વ આપતા નથી. ડૉ. **ચતુર્ભુજ સહાય** મંત્રવિદ્યા નામના એક લેખમાં કહે છે: 'મંત્ર બનાવતી વખતે શબ્દોમાં શક્તિ મૂકવામાં આવે છે. વેદમંત્રોને બ્રહ્માએ શક્તિ આપી અને તાંત્રિક મંત્રોને શિવે શક્તિવાન બનાવ્યા. પરંતુ કલિયુગમાં એક જુદા પ્રકારની રચના થઈ. આ રચના શ્રી મચ્છેન્દ્રનાથજીના શિષ્ય અને ગોરખનાથજીના ગુરુભ્રાતા યોગીરાજ શાબરનાથજી દ્વારા નિર્માણ કરવામાં આવી. કેટલાક સમયથી લોકો વેદ-મંત્રોમાંથી શક્તિ મેળવવાનું ભૂલી ગયા હતા. શ્રી શંકરા-ચાર્યજીના અદ્વૈતવાદની આગળ તાંત્રિકો અને બૌદ્ધોની બુદ્ધિ પણ મલિન પડવા લાગી હતી. આવા સમયાં શાબરીનાથે

લોકકલ્યાણ માટે કેટલાક મંત્રો બનાવ્યા અને તેને નીચ જાતિના અણુપઢ લોકોમાં પ્રચલિત કર્યાં, તે શાબર મંત્રો કહેવાયા.'

પરંતુ શાબર મંત્રોમાં સિદ્ધિ દેનારા મહાત્માઓનો ઉલ્લેખ તંત્રગ્રંથોમાં નીચે પ્રમાણે થયો છે :

नागार्जुनो जडभरतो, हरिश्चन्द्रस्तृतीयकः ।
सत्यनाथो भीमनाथो, गोरक्षश्चर्यटस्तथा ॥
अवघटश्चैव वैरागाः, कंथाधारिजलंधरो ।
मार्गप्रवर्तका ह्येते, तद्वच्च मल्यार्जुनः ॥
एतदुक्तं शावराणां, मन्त्राणां सिद्धिदायकाः ।

(૧) નાગાર્જુન, (૨) જડભરત, (૩) હરિશ્ચન્દ્ર, (૪) સત્યનાથ, (૫) ભીમનાથ, (૬) આચાર્ય ગોરક્ષનાથ, (૭) અવઘટનાથ, વૈરાગી, (૮) કંથાધારી જલંધર અને (૯) મલ્યાર્જુન એ માર્ગપ્રવર્તકો છે અને શાબર મંત્રોમાં સિદ્ધિ આપનાર છે. આ પરથી તો એમ જણાય છે કે આ મંત્રો શાબરનાથે નહિ, પણ નાથ સંપ્રદાયના મહાત્માઓએ પ્રવર્તાવેલા છે અને તેમાં ગુરુ ગોરક્ષનાથે વધારે મહત્ત્વનો ભાગ ભજવેલો છે. ઘણા શાબર મંત્રોમાં ગોરખજતિનો ઉલ્લેખ આવે છે અને આજે પણ ગોરખ સંપ્રદાયના સાધુઓ તથા સાપ પકડનારા મદારી લોકો વગેરે આ મંત્રનો વિશેષ પ્રયોગ કરે છે, તે પણ આ બાબતનું એક પુષ્ટ પ્રમાણ છે.

શાબર મંત્રોને સફળતા મળેલી જોઈ, બીજા પણ

યોગી-યતિઓએ આ જાતના મંત્રો બનાવ્યા હોય અને એ રીતે તેની સંખ્યા ખૂબ મોટી થઈ હોય, એ પણ બનવા યોગ્ય છે. મુસલમાન કોમમાં મુસલમાન ફકીરો વગેરેએ આ મંત્રના અનુસરણ કર્યાના અનેક દાખલાઓ મળે છે. કટોરો ચલાવવાનો મંત્ર તેનું ઉદાહરણ છે. તે મંત્ર આ રીતે બોલાય છે :

'નમો બિસ્મિલ્લાહ રહિમાને રહીમ મહમદા વીર અલેકસ્સલામ, હરી ટોપી હરી કમાન, હરા ઘોડા હરા પલાન, તીસ ઉપર બૈઠે મહમદા વીર પઠાણ નદીકો ચલાવ, વાદીકો ચલાવ, ભૂતકો ચલાવ, પ્રેતકો ચલાવ, ચૌસઠિ યોગિનીકો ચલાવ, પીઠ પંજર ચાઉંદે હનુમંત વીરકો ચલાવ, રાજા ઇંદ્રકો ચલાવ, થાલીકો ચલાવ, વેલાકો ચલાવ, કટોરાકો ચલાવ, જહાં ચોર તહાં ચલ, જહાં વસ્તુ તહાં ચલ, જહાં દ્રવ્ય તહાં ચલ, ઇસિ બાલકકા કહા ન કરે તો સૂઅર ખાયે હરામ કરે, ઇસિ બાલકકા કહા ન કરૈ તો તૈત્રીસ રોજ હિન્દુ કે હાથ ધરે હરામ કરે, ઇસિ બાલકકા કહા ન કરે તો પાર્વતી કે સેજ સૂતે હરામ કરે, ઇસ બાલકકા કહા ન કરે તો કપિલા મારી હરામ કરે, ઇસિ બાલકકા કહા ન કરે તો કંકાર ઉપાવન-હાર સિરજનહારકી વાચા ચૂકે, ઇસિ બાલકકા કહા ન કરે તો પૃથ્વી કે પાપ તેરે માંથે ઇલ્લાહ ઇલા ઇલ્લિલ્લાહ મહમદા વીર પઠાન તુરકિની કે જાયે તેરી શક્તિ, મેરી ભક્તિ, ફુરો મંત્ર, ઇશ્વરી વાચા.'

મુસલમાનોમાં નાના મોટા અરબ્બી ભાષાના મંત્રો પણ

અનેક છે, પરંતુ શાબર મંત્રોની તેના પર કેવી અસર પડેલી છે, તે જાણવા માટે જ આ મંત્ર રજૂ કર્યા છે.

મુકદ્દમો જિતવા માટે મુસલમાની મંત્ર નીચે મુજબ છે: 'व ओफन-वेदा अमरी ईलल्लाह् इननल्लाह् वसी सनवील ईबाद ' પશ્ચિમ તરફ મુખ રાખીને રોજ ૧૦૦૦૦ જપ કરતાં મુકદ્દમામાં સફલતા મળે છે.

આ જ રીતે કોઈપણ મનોરથ પૂરો કરવા માટે 'या अजीजो या लतीफो' એ મંત્રને સવાર-સાંજની નમાઝ પછી ૧૨૦૦૦ જપ કરવામાં આવે છે અને લોબાન વગેરેનો ધૂપ કરવામાં આવે છે.

ગોરખનાથ વગેરેએ આવા મંત્રો કેમ રચ્યા? તેનો ખુલાસો એ છે કે બીજાક્ષરો બોલવાનું કામ કઠિન છે અને તાંત્રિક મંત્રોનું વિધિવિધાન ઘણું મોટું હોવાથી સામાન્ય લોકો તેને અનુસરી શકે નહિ, એટલે તેમણે આ પ્રકારના મંત્રોની રચના કરી અને તેનો શાબર એટલે ભીલ તથા અન્ય નીચ જાતિમાં પ્રચાર કર્યો, એટલે તે શાબર તરીકે ઓળખાયા. પરંતુ આજે તો ભદ્ર તથા સંસ્કારી લોકો પણ આવા કોઈને કોઈ મંત્રનો જપ કરતા હોય છે, કારણ કે તેમાં 'સોંઘું ભાડું અને સિદ્ધપુરની જાત્રા' છે.

[ ૩૫ ]

## ઉપસંહાર

મંત્રશાસ્ત્ર એક મહત્ત્વનો વિષય હોવા છતાં આજે તેનું અધ્યયન-અધ્યાપન જોઈએ તેવું થતું નથી કે તેના સાધક-બાધક અંશો અંગે પુષ્ટ પ્રમાણભૂત ચર્ચા-વિચારણા થતી નથી. આપણા વિદ્વાનોનો મોટો ભાગ તેના પ્રત્યે ઉપેક્ષા સેવે છે, અથવા થોડા ઉપરચોટિયા ઉલ્લેખો કરીને સંતોષ માને છે; પરંતુ ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને યોગશાસ્ત્રની જેમ આ શાસ્ત્રનું અધ્યયન-અધ્યાપન કરવા યોગ્ય છે અને તેમાંથી જે નવનીત સાંપડે, તે વિનમ્ર ભાવે જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવાની જરૂર છે.

અંગ્રેજી શાસન દરમિયાન સહેતુક એવો પ્રચાર ચાલુ હતો કે પ્રથમ આપણે અસંસ્કૃત હતા, અનેક પ્રકારના વહેમો અને કુરિવાજોમાં સપડાઈ ગયા હતા તથા આપણા શાસ્ત્રોમાં તથ્ય કરતાં અતથ્ય વધારે હતું, એટલે કે સત્ય હકીકતો રજૂ કરવાને બદલે અતિશયોક્તિ ભરેલી કે કલ્પિત વસ્તુઓ રજૂ કરવામાં આવી હતી. આવા સતત પ્રચારના પરિણામે

અંગ્રેજી શિક્ષણ લેનારા પૈકી ઘણાએ આપણાં શાસ્ત્રોને હંબગ માન્યા અને સુધારાની ધૂનમાં નક્કર અને ઉપયોગી વસ્તુઓને પણ ફેંકી દીધી. મંત્રશાસ્ત્ર પણ એજ કુચેષ્ટાનું ભોગ બન્યું.

ત્યારબાદ રાષ્ટ્રવાદ મોખરે આવ્યો અને તેણે આપણી પ્રાચીન સંસ્કૃતિ પર દૃષ્ટિ દોડાવવાની શરૂઆત કરી, પણ તેમાં નોંધપાત્ર પ્રગતિ કરીએ તે પહેલાં તો વિજ્ઞાનની સિદ્ધિઓથી ઉત્તેજિત થયેલા ભૌતિકવાદે આપણામાંના ઘણાનો કબજો લઈ લીધો અને મંત્રશાસ્ત્ર પ્રત્યે એ જ ઉપેક્ષા ચાલુ રહી. પરંતુ વધારે ખરાબ વસ્તુ તો એ બની કે આ વિષયના અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથો જે આપણા ભંડારમાં સુરક્ષિત હતા, તે દ્રવ્યના લોભે વેચાઈ ગયા અને પરદેશના પુસ્તકાલયોમાં પહોંચી ગયા. આમ છતાં હજીયે આપણા દેશમાં મંત્રવિષયક અનેક ગ્રંથો મૌજૂદ છે કે જે ખાસ અધ્યયન માગે છે. એક વારાણસીની સંસ્કૃત ગવર્મેન્ટ કોલેજમાં જ ૧૦૦૦ જેટલા તંત્રગ્રંથોની પ્રતિઓ સંઘરાયેલી છે અને હાલ તેના સૂચીપત્રો બનાવવાનો પ્રયાસ ચાલે છે.

આ ગ્રંથલેખનમાં અમારો ઉદ્દેશ્ય એટલો જ હતો કે મંત્રશાસ્ત્ર એક પદ્ધતિસરનું શાસ્ત્ર છે અને તેમાં જે જે હકીકતો રજૂ કરવામાં આવી છે, તેની પાછળ પુખ્ત વિચાર અને ઊંડો અનુભવ રહેલો છે, એ દર્શાવી આપવું. આપણે જો વિજ્ઞાનનો અર્થ સત્ય હકીકત કે પ્રયોગસિદ્ધ વસ્તુ કરતા હોઈએ તો મંત્રશાસ્ત્ર એક વિજ્ઞાન છે, કારણ કે તેમાં રજૂ થયેલી હકીકતો સત્ય છે અને લાખો મનુષ્યોએ તેના પ્રયોગો કરી જોયા છે.

આ પ્રયોગ કરનારાઓમાંથી કેટલાકને કશી ફલપ્રાપ્તિ થઈ ન હોય, એ બનવા યોગ્ય છે, પણ તેમાં મંત્રશાસ્ત્રનો વાંક નથી. વાંક તેમની અપૂર્ણ તૈયારીઓનો કે અશુદ્ધ ક્રિયાઓનો છે. અમુક દવાઓથી રોગ ન મટે, તેટલા જ કારણે વૈદ્યકશાસ્ત્રની નિંદા કરીએ કે તેને ખોટું કહેવાની હદે પહોંચીએ, એ જેમ ઉચિત નથી, તેમ મંત્રના અમુક પ્રયોગો લાભદાયી ન નીવડ્યા, માટે મંત્રશાસ્ત્ર ખોટું છે, એમ કહેવું હરગીઝ ઉચિત નથી.

આજે પણ મંત્રસાધન ફલદાયી છે, તેનાથી અનેકને લાભ થાય છે અને આપણે જીવનનો ઉત્કર્ષ ચાહતા હોઈએ તો તેની નિષ્ઠાપૂર્વક અજમાયશ કરવા જેવી છે.

અમે આમાં મંત્રનો સંગ્રહ આપ્યો નથી, કારણ કે મંત્રસંગ્રહો તો ઘણા જ બહાર પડયા છે, પણ તેના વિધિ-વિધાનો કે રહસ્ય સમજવામાં આવતાં નથી. તે વસ્તુ આ ગ્રંથના વાચનથી બરાબર સમજાશે અને ઇષ્ટમંત્રની સાધના કરવાનો ઉત્સાહ જાગ્રત થશે.

છેવટે આપણા ઋષિ-મહર્ષિઓએ વિશ્વમંગલની જે ભાવના અક્ષરાંકિત કરેલી છે, તેનું ઉચ્ચારણ કરીને આ ગ્રંથ સમાપ્ત કરીશું.

सर्वे वै सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत् ॥
शिवमस्तुसर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥

# ઉપયોગી લેખો



[ ૧ ]

# મંત્રશક્તિ અંગે શ્રી કેદારનાથજી

## લે. શ્રી. મોહનલાલ મહેતા ( સોપાન )

[ સુકાની સાપ્તાહિકના વિદ્વાન્ તંત્રી શ્રી. મોહનલાલ મહેતાએ ( શ્રી સોપાને ) શ્રી કેદારનાથજીની મુલાકાત લઈ તેનો હેવાલ તા. ૯–૭–૬૬ તથા તા. ૧૬–૭–૬૬ના સુકાનીના અંકમાં પ્રકટ કરેલો. તેમાં મંત્રશક્તિ અંગે શ્રી કેદારનાથજીએ જે વિચારો પ્રકટ કરેલા, તે વિચારણીય હોઈ અત્રે રજૂ કરવામાં આવ્યા છે. ]

આ પછી મંત્રશક્તિ વિષેનો પ્રશ્ન એમની સમક્ષ મૂક્યો. અને તેનો તેમના તરફથી જે જવાબ મળ્યો, તેમાં કંઈક જુદો જ અનુભવ અમને સૌને થયો. પ્રશ્ન આ પ્રમાણે હતો :

'આપ સાપનું ઝેર ઉતારો છો, સાંધાના દુઃખાવા, આધાશીશી, ટાઢિયો તાવ વગેરે મટાડો છો એવું સાંભળ્યું છે. એની ક્રિયાનો કંઈક પરિચય આપશો ? એ માટે કોઈ મંત્રનો ઉપયોગ થતો હોય તો એ મંત્ર જાહેર કરી શકશો ?

મંત્ર દ્વારા આવી સિદ્ધિ કેમ મળે, તે વિષે આપ કંઈક વૈજ્ઞાનિક, તાર્કિક કે બૌદ્ધિક કારણ આપશો ?'

પૂ. નાથજીના જીવનમાં વિવેક અને સાધનાનું જે મહત્ત્વ છે, તે જોતાં આવા મંત્ર વિષે આશ્ચર્ય થતું હતું. મારા મિત્રો શ્રી અમૃતલાલ યાજ્ઞિક અને તે પછી શ્રી પરમાનંદ-ભાઈ કાપડિયાએ પણ આ વિષે પૂ. નાથજીને કેટલાક પ્રશ્નો પૂછી તેના જવાબોને પ્રસિદ્ધિ આપી હતી. મને જાતે એક અનુભવ થયો હતો. મારા એક સ્વજનની કમર ઝલાઈ જતાં પડખું ફેરવવાની પણ શક્તિ રહી નહોતી. ઊઠ-બેસ તો કરી જ શકાય નહિ. આ રોગના નિવારણમાં પૂ. નાથજીના મંત્રની મદદ મળી હતી. આ સવાલ પૂ. નાથજીની પાસે મૂક્યો ત્યારે એમણે કહ્યું :

### મન્ત્ર અને જીવન

'મંત્ર તે યોગવિદ્યા કે યોગની સિદ્ધિ નથી, પરંતુ તપની સિદ્ધિ છે. તેને હું ચમત્કાર માનતો નથી, આપણે વીજળીનું બટન દબાવીએ અને બત્તી થતાં અજવાળું ફેલાય તેમાં ચમત્કાર નથી. આ મંત્રશક્તિ દુઃખનિવારણ માટે છે, તેથી મેં તે મેળવી લીધી છે, જાળવી છે અને તેનો ઉપયોગ કર્યો છે. વાસ્તવમાં આ મંત્રશક્તિ માટે મેં પોતે કંઈ કર્યું નથી. મને એ મંત્રો બીજા તરફથી મળેલા છે. તેનો મેં અનુભવ કર્યો છે અને એક વાર પણ તેમાં નિષ્ફળતા મળી નથી, પરંતુ તેનું વૈજ્ઞાનિક, બૌદ્ધિક કે તાર્કિક કારણ હજી હું મેળવી શક્યો નથી. આ મંત્ર ધારણ કરવા માટે અમુક

પ્રકારનું જીવન જીવવું જરૂરી હોય છે. હું તેવું જીવન જીવું છું. એમ કરવા હું બંધાયેલો છું. મંત્ર આપનારની કૃપાનું આ ફળ છે. એમણે પણ આ મંત્ર તપથી નહિ, પરંતુ બીજાની કૃપાથી મેળવ્યો હતો. મંત્ર સાથે જે રહેણી–કરણી સંકળાયેલી છે, તેમાં જીવનની પવિત્રતા, ભોજનના નિયમો વગેરે સમાયેલા છે. ઉપરાંત, તેનું પ્રદર્શન કરી શકાય નહિ, તે દ્વારા ધનપ્રાપ્તિ થઈ શકે નહિ અને એવા દુઃખમાં પડેલાઓનું દુઃખ દૂર કરવાનો ઇન્કાર પણ કરી શકાય નહિ. જમવા બેઠા હોઈએ અને કોઈ બોલાવે તો ઊઠવું પડે અને તે દિવસનું ભોજન છોડવું પણ પડે. મંત્ર સાથે આ કર્તવ્ય સંકળાયેલું છે. વિદ્યા સાથે દયા જોઈએ, એમ હું પ્રથમથી માનતો આવ્યો છું.

## મંત્ર સાથે તંત્રજ્ઞાન

પૂ. નાથજી જેમ સાપનું, તેમ વીંછીનું ઝેર પણ મંત્ર દ્વારા ઉતારી શકે છે અને આધાશીશી, મેલેરિયા, કમરની લચક વગેરે વાત, પિત્ત અને શીતના વ્યાધિઓના નિવારણમાં તેમને સફળતા મળી છે. તેઓ એમ માને છે કે જેનાથી મૃત્યુ થાય એવું ઝેર પણ જો ઉતારી શકાય તો બીજા અનેક રોગોમાં મંત્રો કામ આપી શકે. એમનું પોતાનું મંત્રજ્ઞાન આટલા રોગો પૂરતું છે, પરંતુ તેઓ વિશેષ જ્ઞાનની કલ્પના કરી શકે છે. મંત્રસિદ્ધિ અને તેના ઉપયોગ પર અમે એમને ઘણા પ્રશ્નો પૂછ્યા, જવાબમાં એમણે કહ્યું કે આનું વૈજ્ઞાનિક સંશોધન થવું જોઈએ. એમણે જે વિચાર્યું છે તેનો સાર

એ છે કે માનવ-મનની શક્તિઓનો કોઈ પાર નથી અને આ વિશ્વમાં પણ અનંત શક્તિ વિલસી રહી છે. એ બંને શક્તિઓ જો સમરસ થાય તો ઘણી સિદ્ધિઓ નિપજાવી શકે. લગભગ વીસેક વર્ષની ઉંમરે એમને મંત્ર મળ્યો ત્યારે તેઓ ઝાડ-પાન, ખેતીવાડી વગેરે કામમાં રોકાયેલા હતા અને તે પ્રદેશમાં સાપનો ઉપદ્રવ પણ ઘણો હતો. કેવળ લોકકલ્યાણની ભાવનાથી, કરુણાથી પ્રેરાઈને એમણે એ મંત્ર મેળવ્યો હતો. એ વર્ષોમાં અનેક માણસોને મંત્ર દ્વારા એમણે સાપના ઝેરમાંથી અને બીજી વ્યાધિઓમાંથી મુક્તિ અપાવી હતી. એમનું કહેવું છે કે મંત્રની સાથે તેનું તંત્ર જાણવું પણ જરૂરી છે. એટલે કે મંત્રનો ઉપયોગ ક્યારે ને કેમ કરવો? એ વખતે કેવી ક્રિયા કરવી? તે બધું જાણવું જોઈએ. સાપ-વીંછીનું ઝેર ઉતારવા માટે પાણી, ચોખા કે અડદ, જે સરળતાથી લભ્ય હોય તેનો તેઓ ઉપયોગ કરે છે. મંત્રની ભિન્ન ભિન્ન શાખાઓ છે. કેટલાંક લોકો સ્નાન કરી ભીને કપડે જ મંત્ર બોલી શકે છે. મેલેરિયા અને આધાશીશીમાં કાળો દોરો મંત્રીને બાંધવામાં આવે છે. વાયુના રોગમાં શરીરમાં જ્યાં પીડા થતી હોય તે ભાગને પકડીને મંત્ર બોલતા બોલતા વસ્ત્રના ટુકડાથી ત્યાં મારવાનું હોય છે. મંત્ર પ્રગટ ન થવો જોઈએ, તેથી તેનો બાહ્ય રીતે માત્ર ગણગણાટ જ થાય છે. પૂ. નાથજીની દૃષ્ટિએ આમાં કશો ચમત્કાર નથી, પણ મનના ધર્મનું, સંકલ્પશક્તિનું, તપસિદ્ધિનું અને વિશ્વધર્મનું સંયોજન થતાં શબ્દમાંથી આવી શક્તિ પ્રગટે છે. આપણને તેનું જ્ઞાન નથી, તેથી તે ચમત્કાર લાગે છે. અંતે તો આ શક્તિ

સર્વશક્તિમાન ચૈતન્યની–પ્રભુની શક્તિ છે, તેથી તે વિષે કોઈને અભિમાન ન થવું જોઈએ.

## ઝેર ઉતારવાની ક્રિયા

ઝેર ઉતારવાની ક્રિયા વિષે પૂછતાં એમણે કહ્યું : 'અમારે ત્યાં એક થાંભલો હતો. જેને સાપ કરડ્યો હોય તેને તે થાંભલા સાથે બાંધવામાં આવે, કારણ કે મંત્રનો ઉચ્ચાર અને પાણી છાંટવાની ક્રિયા શરૂ થતાં ડંખ પામેલા માનવીના દેહમાં સાપ દાખલ થઈ ગયો હોય અને તે મંત્રજ્ઞ પર તૂટી પડી વેર લેવા માગતો હોય, એવી સ્થિતિ પેદા થાય છે. હાજર રહેલા બીજા કોઈને એવો ભય નથી. જો ડંખ પામેલી વ્યક્તિને બાંધવામાં ન આવે તો તેના દ્વારા મંત્રજ્ઞનું મૃત્યુ થવાનો પણ સંભવ ખરો. જ્યાં આવા થાંભલાની સગવડ ન હોય ત્યાં બીજી રીતે આવો અંકુશ ઊભો કરવો જરૂરી બની જાય છે.' એમણે કહ્યું : 'મનુષ્યને ઝેર કેમ ચડે છે, તે હું જાણું છું. વિષના પ્રભાવ અને પરિણામની પણ મને ખબર છે. કઈ જાતનો સાપ કરડ્યો છે, તે પણ સમજી શકું છું. કોબ્રા હોય તો તેના ગળા પર જેટલા પટ્ટા હોય તેટલી ફીટ આવે છે. ત્રણથી વધુ પટ્ટા હોતા નથી. એટલી ફીટ આવતાં મૃત્યુ થઈ જાય છે. સાપના ઝેરથી બેભાન બનેલી વ્યક્તિને હું જ્યારે મંત્રોચ્ચાર સાથે પાણી છાંટું ત્યારે સાપ તેના શરીરમાં આવ્યો હોય તેમ કહે છે કે પોતે શા માટે કરડ્યો છે. સાપને બોલાવવો શી રીતે, તેને પૂછવું કેવી રીતે વગેરે ક્રિયાને તંત્ર કહેવામાં આવે છે. પાણી છાંટતાં

એ માનવી દ્વારા એ માનવીની ભાષામાં સાપ કહે છે : 'પાણી ન નાખો, હું મરી જઈશ, બળી જઈશ, પાણી ન નાખો, હું ચાલ્યો જઈશ.' એ પછી પૂછીએ કે તે ક્યાં છે તો તે જ્યાં હોય, જ્યાં જતો હોય, જ્યાં પહોંચ્યો હોય તે જણાવવા માંડે છે. સાધારણ રીતે સાપ પર પગ પડ્યો હોય કે તેને કંઈ ઈજા પહોંચાડવામાં આવી હોય ત્યારે તે કરડે. જૂના વેરનું પણ કહે, પરંતુ આ વેર આગલા જન્મનું ન હોય, એટલે કે ક્યારેક પણ તેને ઈજા પહોંચાડવામાં આવી હોય તેનું જ પરિણામ હોય. એક કિસ્સામાં એમ કહેવામાં આવ્યું કે હું રસ્તા પર રાહ જોતો હતો અને આનો પગ પડ્યો, તેથી એને કરડ્યો. મેં પૂછ્યું, કોની રાહ જોતો હતો? તો તેનો જવાબ આપ્યો નહિ. મંત્રજ્ઞને સાપ ધમકી પણ આપે, પણ તેથી ગભરાવું નહિ જોઈએ. ભય અને મંત્ર સાથે રહી શકે નહિ. ત્રણેક વર્ષ પહેલાંના એક કિસ્સા વિષે પૂ. નાથજીએ કહ્યું : એ માણસનો પગ સજ્જડ લાકડા જેવો થઈ ગયો હતો. મંત્રોચ્ચાર સાથે પાણી છંટાતાં એમાં ચેતન આવવા લાગ્યું અને છેલ્લે મસ્તક પર પાણી છંટાયું, ત્યારે તે સર્વથા મુક્ત થયો. પાણીની અસર થવામાં સહેજ પણ વિલંબ થતો નથી. પાણી છંટાતાં જ ડંખ પામેલી વ્યક્તિનું તે અંગ તેમાંથી મુક્ત થઈ જાય છે.

## સંશોધનનો વિષય

આ મંત્ર અને ક્રિયાની વૈજ્ઞાનિકતા વિષે પૂ. નાથજી સાથે વધુ ચર્ચા થતાં એમણે કહ્યું : 'મંત્રોચ્ચાર પછી

મારામાંથી એ પાણીમાં શું ગયું, એ પાણી ડંખ પામેલા માણુસના અંગ પર પડતાં તેમાં શું પ્રવેશ્યું વગેરે સંશોધનનો વિષય છે. આ માટે લોહી તપાસવું જોઈએ, નાડી તપાસવી જોઈએ, હૃદય તપાસવું જોઇએ અને મંત્રેલું પાણી પણ તપાસવું જોઈએ. હું તો શોધક છું, વૈજ્ઞાનિક રીતે આવી તપાસ ઇચ્છું પણ છું, પરંતુ પ્રયોગ ખાતર સાપ કરડાવવામાં હું માનતો નથી. એ રીતે સાપ કરડાવી ઝેર ઉતારવું તેમાં મને અહંકાર લાગે છે. વળી આ જીવન-મરણનો સવાલ છે, આ મંત્ર બીજાને પણ આપી શકાય, પરંતુ મનુષ્યની સંયમશક્તિ કેટલી છે? તે જોવું જોઈએ. અંધવિશ્વાસ ન જોઈએ, તેમ નાસ્તિકતા પણ ન જોઇએ. મંત્ર આપ્યા પછી પાછો લઈ શકાતો નથી અને જે નિયમોનું પાલન ન કરી શકે તેને પોતાને પણ નુકસાન થવાનો સંભવ છે. મંત્ર મેળવનારે અમુક સમયે તેનો જાપ કરવો પડે. મંત્રને લીધા પછી નષ્ટ કરી શકાતો નથી, તેથી એ જીવન-ભરની સાધના બની રહે છે. મંત્રવિદ્યાથી ગમે તે બીમારી દૂર થઈ શકે એમ હું માનું છું, પરંતુ મનઃશક્તિ અને વિશ્વશક્તિના મેળ દ્વારા વિવિધ મંત્રસિદ્ધિ મેળવવી જોઇએ. આ વિષયમાં ખાસ તો મનોવૈજ્ઞાનિક સંશોધન જરૂરી છે, કારણ કે આ મનઃશક્તિનું પરિણામ છે. આમાં કશું અલૌકિક કે દૈવી નથી.

[ ૨ ]

# મંત્રશાસ્ત્ર અને જૈન શ્રમણો

## શ્વેતામ્બર જૈન સંપ્રદાય ઉપર અવલંબિત

[ ગવેષણાત્મક વિસ્તૃત વિવેચન ]

લે પં. રુદ્રદેવ ત્રિપાઠી, સાહિત્ય-સાંખ્ય-યોગ-દર્શનાચાર્ય, એમ.એ, પીએચ. ડી., પ્રા સંસ્કૃત વિદ્યાપીઠ, દિલ્લી.

### માનવની સહજ અભિરુચિ

આ સંસારમાં માતૃગર્ભથી મુક્તિ પામેલો દરેક માનવ જ્ઞાનતંતુઓની પહેલી શ્રેણી પર પહોંચતાની સાથે જ સુખની અભિલાષા કરે છે. જેમ જેમ તેની પ્રવૃત્તિઓ વધે છે, તેમ તેમ તે માનવના માનસમૃગની તૃષ્ણાઓ વધવા લાગે છે. અણુ–અણુમાં સુખની સુવાસ, સ્વાર્થનો પરાગ અને માનસિક પિપાસાની શાંતિને શોધતો તે માણુસ ચારેય બાજુ દિગ્ભ્રાંતની પેઠે ભમે છે, પણ સુખ તો રમત–ગમતમાં જેમ એક બાળક બીજા બાળકને પકડવાની કોશીશ કરવા છતાં પકડી શકતો નથી, તેમ એને પકડી શકતો નથી અને 'તું ડાર ડાર હું પાત પાત'ની કહેવતને પૂરી પાડે છે. વળી સુખ પણ પોતાની

ચતુરાઈથી મુગ્ધ બનાવે છે, પરંતુ હાથ આવતું નથી. એટલે સુખને કઈ રીતે વશ કરવું ? એ એક વિચારણીય પ્રશ્ન બને છે.

## સુખ મેળવવાનાં સાધનો

આધિદૈવિક, આધ્યાત્મિક, અને આધિભૌતિકરૂપ[1] ત્રિવિધ તાપોનાં શમનથી સુખ મળે છે. આવી ધારણા વડે વિવિધ આચાર્યોએ માર્ગદર્શન આપ્યું છે, અને 'સ્વાર્થી દોષાન્ ન પશ્યતિ'ની ઉક્તિને અનુસરતો માનવ પાણીના રેલાની જેમ પ્રેરિત થાય છે. તે જ કારણે તે જાતજાતની પ્રક્રિયાવાળા મંત્ર, યંત્ર, તંત્ર, યોગ અને સ્વરશાસ્ત્ર પ્રત્યે દોરાય છે અને અંતે કટુઔષધિરૂપ અન્ય માર્ગોને છોડી તેનું મન ગળી ઔષધિમાં એટલું રમી જાય છે કે તેને છોડતું નથી. જો કે આ મંત્રમાર્ગના અનુયાયીઓ માટે સિદ્ધિનાં સોપાનો એવાં વિકટ હોય છે કે કોઈ પણ સ્થળે લથડી જવાનો કે પડી જવાનો અવસર આવે છે; પણ તેની સાથે આ માર્ગની એક વિશેષતા એ પણ છે કે જે આ માર્ગનું અનુસરણ કરે છે, તે પાછો ફરવા ઇચ્છતો નથી.

---

૧. આધિદૈવિક દુ:ખમા–ભૂત, પ્રેત, પિશાચ વગેરેની બાધા અને શીત, ગ્રીષ્મ, વર્ષા તથા વીજલી વગેરેથી થતાં દુ:ખથી ગણના થાય છે. આધ્યાત્મિક દુ:ખમાં–શરીરમાં ઉપજેલા વાત, પિત્ત અને કફના વિકારથી ઉત્પન્ન રોગો જ્વર, અતિસાર વગેરે તથા સંયોગ–વિયોગનાં કારણે ઉપજેલા માનસિક રોગોની ગણના થાય છે. આધિભૌતિક દુ:ખોમાં–જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જરૂપ ચતુર્વિધસૃષ્ટિના મનુષ્ય, પશુ, વૃક્ષ અને મશક–દંશો વડે ઉપજાએલા દુ:ખોની ગણના થાય છે. આ વિશે વધારે જોવું હોય તો જુઓ–સાંખ્યકારિકા–ગૌડપાદભાષ્યકારિકા ૧.

## મંત્ર, તંત્ર અને યંત્ર

આ માર્ગમાં મુખ્યત્વે ત્રણ ધારાઓ જોવામાં આવે છે અને તે ત્રણેય જૈન શ્રમણોને અભીષ્ટ છે. કોઈ સ્થળે એક તંત્રથી અને કોઇ સ્થળે જુદી-જુદી રીતે પ્રયોગ કરવાની આજ્ઞા જૈન શ્રમણોએ આપી છે. અહીં એ વિશેષતા છે કે જૈનશાસ્ત્રોમાં યોગને પણ તંત્રની જ સંજ્ઞા આપી છે. અન્ય સંપ્રદાયોમાં યોગશબ્દ પ્રત્યે વધારે આદર જોવા મળે છે અને તેથી મંત્ર-યંત્ર અને તંત્ર સંબંધી વિવિધ પ્રયોગોને પણ ઉપાસના-યોગનાં[2] અંગોમાં સ્થાન અપાયેલું છે. સમાજની પ્રવૃત્તિ જ્યારે મંત્ર-તંત્ર પ્રત્યે વધારે ઉગ્ર થવા પામી ત્યારે જૈન શ્રમણોએ પોતાના મંત્રવિષયક અક્ષય જ્ઞાન-કોષને ઉઘાડયો અથવા તો 'કુલાર્ણવતંત્ર' કે 'મહાનિર્વાણ-તંત્ર' ની-કલિયુગમાં આગમાનુસાર કરેલાં પૂજા-વિધાનો ફળદાયી નીવડે છે, કલિયુગમાં આગમ વગર બીજી ગતિ નથી'[3] આ

---

૨-ઉપાસનાયોગનાં દશ અંગો છે, તે આ પ્રમાણે : ૧-શ્રદ્ધા, ૨-શુદ્ધિ, ૩-આસન, ૪-પંચાંગ-સેવન, ૫-સદાચાર, ૬-ધારણા, ૭-ધ્યાન, ૭-યંત્ર, ૯-પૂજન, યાગ, તર્પણાદિ અને ૧૦-મંત્રજપ.

૩- कृते श्रुत्युक्त आचारस्त्रेतायां स्मृतिसम्भवम् ।
द्वापरे तु पुराणोक्तः कलावागमसम्मतः ॥-કુલાર્ણવતંત્ર.
विना ह्यागममार्गेण कलौ नास्ति गतिः प्रिये ।-મહનિર્વાણતંત્ર

આગમની પરિભાષા આ રીતે મલે છે-

सृष्टिश्च प्रलयश्चैव देवतानां यथार्चनम् ।
साधनं चैव सर्वेषा, पुरश्ररणमेव च ॥
षट्कर्मसाधनं चैव, ध्यानयोगश्चतुर्विधः ।
सप्तभिर्लक्षणैर्युक्तमागम तद् विदुर्बुधाः ॥-વારાહીતંત્ર

અથવા आगतं शिववक्त्रात्तु, गतं च गिरिजामुखे ।
मत श्री वासुदेवस्य, तत आगम उच्यते ॥

ઉક્તિ પ્રમાણે સમસ્ત જૈન–ધર્માવલંબીઓને માંત્રિક ઉપાસનામાં પ્રવૃત્ત કર્યા. તેમાં સૃષ્ટિ, પ્રલય, દેવતાપૂજા, સર્વસાધન, પુરશ્ચરણ, ષટ્કર્મ–૧–શાંતિ, ૨–વશીકરણ, ૩–સ્તંભન, ૪–વિદ્વેષણ, ૫–ઉચ્ચાટન તથા ૬–મારણ, સાધન અને ધ્યાનયોગની પ્રમુખતાને અનુલક્ષી ઘણા ગ્રંથોની રચના થઈ છે. આટલું જ નહિ પણ શાસ્ત્રીય રીતે પણ જૈનાચાર્યોએ તેમાં ઘણાં સુધારા–વધારા કરેલા છે. અન્ય સંપ્રદાયોમાં સૂત્રરૂપે સૂચવેલા પ્રયોગોનો શાસ્ત્રીય વિધિ, તેમાં થતાં કર્મોની વ્યવસ્થિત ઓળખાણ અને તે અંગે એકથી વધારે પડતા પ્રયોગોનો સચોટ પરિચય જૈનશ્રમણોની સ્વાધ્યાયનિષ્ઠા અને હોંશ શાસ્ત્રજ્ઞાનને પુરવાર કરે છે. કેટલીક વિદ્યાઓ, હાજરાત (નખદર્પણ)-ના જુદા જુદા પ્રકારો, કજ્જલાવતાર, ઘટાવતાર, પુષ્પાવતારના પ્રયોગો, અંજનના તદ્દન નવા ઉપયોગો, બીમારીઓને મટાડવા માટે જાતજાતની મૂલિકાઓના પ્રયોગો તથા યંત્રોના–પતાકા, અંક, રેખા, અક્ષર અને નામમૂલક પ્રકારોની સાથે જ પુરુષ અને દેવતાઓની આકૃતિમાં બીજાક્ષરો, અંકો અને મંત્રોને ધરાવતા યંત્રો; એકાક્ષરથી માંડીને શતાક્ષરી અને સહસ્રાક્ષરી મંત્રો-માલા મંત્રોની સાધનાઓ તથા ત્રાટકાદિ તાંત્રિક પ્રયોગોની સાથેજ આયુર્વેદને અનુસરતા મંત્રપ્રયોગ પૂર્વક ઔષધના વંધ્યત્વ-દોષ, પુત્રપ્રાપ્તિ, બાલ–ચિકિત્સા સંબંધી સંખ્યાબંધ પ્રયોગોને જોઈ આપણે જૈનાચાર્યોની જ્ઞાન–ગરિમાને આંકવામાં અસમર્થ બની જઈએ છીએ. નાનામોટા પારદ–પ્રયોગોને ગ્રંથબદ્ધ કરી જગતના કલ્યાણ માટે માતૃભૂમિના પગપાળે પ્રવાસ કરતા જૈનશ્રમણો આજે પણ લોકકલ્યાણની ભૂમિકામાં અગ્રણી છે, એમ કહીએ તો પણ અત્યુક્તિ ન કહેવાય.

## સિદ્ધિ અને તેના પ્રકારો

યોગશાસ્ત્રમાં સિદ્ધિનું વ્યાખ્યાન કરતાં મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે-'માણસને ૧-જન્મ, ૨-ઔષધિ, ૩-મંત્ર, ૪-તપ અને ૫-સમાધિ વડે સિદ્ધિ થાય છે.[૪] તેથી કેટલાક સાધકો પૂર્વભવના સંસ્કારોથી જન્મ લેતાં જ સિદ્ધ થાય છે, બીજા ઔષધિ કે ચૂર્ણ વગેરેના પ્રયોગથી સિદ્ધિને વરે છે. કોઈ મંત્રાદિની ઉપાસના વડે પોતાનાં અને બીજાનાં કાર્યને સિદ્ધ કરી લે છે, ઘણા માણસો તપ વડે સ્વ-પરનું કલ્યાણ કરવાની શક્તિ ધરાવે છે અને કેટલાક આ બધી બાબતોથી ઉપર ઉઠી અણિમા, મહિમા, ગરિમા લઘિમા આદિ ક્ષુદ્ર સિદ્ધિઓને કૈવલ્ય-પ્રાપ્તિમાં વિઘ્નરૂપ માની સમાધિમાં જ પોતાનાં જીવનને ગાળે છે. ઘણા મહાપુરુષોને આ સિદ્ધિ દાસીરૂપ થઈ પગ-પગ ઉપર આજ્ઞા માને છે અને કેટલાક સિદ્ધ થયા પછી પણ ઈષ્ટ-સાધનામાં અસફળ રહે છે. એટલે આ સિદ્ધિના પાંચેય પ્રકારોને જૈન શ્રમણોએ પણ માન આપ્યું છે અને તે માટે યત્ર-તત્ર ભલામણ કરી છે.

## જૈનધર્મમાં માંત્રિક પ્રયોગોનો પ્રવેશ

આધ્યાત્મિક ઉન્નતિ ચાહનારા વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણે સંપ્રદાયો મંત્રાદિસાધનાને સ્વીકારે છે, તેથી જ જૈનધર્મમાં—अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशाङ्गं विशालं—

---

४—जन्मौषधिमन्त्रतप.समाधिजाः सिद्धयः ।—योगसूत्र, पतंजलि.

ની અનુસાર વિશાલ દ્વાદશાંગીમાં બારમું અંગ દૃષ્ટિવાદ હતું. તેના પાંચ વિભાગોમાંથી ત્રીજા વિભાગમાં આવેલા ચૌદ પૂર્વોમાં દશમું પૂર્વ 'વિદ્યાપ્રવાદ' નામનું હતું. જેમાં અનેક વિદ્યાઓ અને મંત્રો હતા. જૈનશાસ્ત્રના એક પ્રામાણિક વિદ્વાનના કહેવા પ્રમાણે 'જૈન ધર્મમાં એક લાખ મંત્રો અને એક લાખ યંત્રો છે' આ વાત સાચી પડે છે. બીજા સંપ્રદાયો મુજબ જૈન સંપ્રદાયમાં પણ મંત્રાદિની સાધના–પ્રવૃત્તિ આદિકાળથી જ ચાલી આવે છે, છતાં ય કેટલાક વિદ્વાનોની ધારણા એવી છે કે જૈન ધર્મમાં નેમિનાથ પછી ત્રેવીશમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ કે જે ઈ. પૂર્વ ૮૫૦ માં થયા હતા—તેમના વખતે અન્ય ત્રણ પરંપરાઓ– ૧–વૈદિક, ૨–તાપસ અને ૩–નાસ્તિક કે ભૌતિકવાદી— ચાલતી હતી અને પ્રાયઃ તાપસો જંતર–મંતર ટોટકા વગેરે કરતા હતા તથા પંચાગ્નિતપ, વૃક્ષની શાખામાં ઊલટે મસ્તકે લટકી રહેવું, હાથો ઊંચા રાખીને ફરવું, લોખંડની ખીલીઓ ઉપર સૂવું, ટાઢમાં રાત્રે પાણીમાં રહેવું વગેરે ક્રિયાઓ કરી સમાજને આકૃષ્ટ કરતા હતા, એટલે ભગવાન પાર્શ્વનાથે આ બધી ક્રિયાઓને અનુચિત ગણી ધ્યાનને પ્રમુખતા આપી. ધ્યાનની વિવિધ ક્રિયાઓ કરી આત્મકલ્યાણ કરવું અને જીવોનું પણ આ રીતે જ કલ્યાણ થઈ શકે એમ ઉપદેશ આપ્યો. એટલે ધ્યાનમાર્ગથી ધીમે ધીમે પૂર્વસંસ્કારવશ તે વખતના સાધુઓએ આ પાર્શ્વ–પરંપરા અને પ્રચલિત સાધુ-પરંપરાની વચ્ચે સંક્રમણકાળમાં રહેવાથી જૈનધર્મમાં પણ મંત્ર–તંત્રને આશ્રય મળ્યો તથા પરિણામે અનેક ઉપાસનાઓ

અને ક્રિયાકાંડો ચાલી નીકળ્યા. જો કે તે પછી થયેલા ભગવાન્ મહાવીરે તેનું પ્રત્યાખ્યાન કર્યું છે.

બીજી રીતે જિનશાસનમાં પંચનમસ્કારની પ્રમુખતા તો આદિકાલથી પ્રચલિત હતી જ. તેમાં પણ અવસર આવ્યે જુદી જુદી ક્રિયાઓ ચાલુ થઈ. નમસ્કાર ઉપર પ્રકટ થયેલા ગ્રંથો એ બાબતમાં આપણું ધ્યાન ખેંચે છે. નાનાથી લઈ મ્હોટા–મ્હોટા રોગો–ઉપદ્રવોને દૂર કરવા માટે અમુક બીજ-મંત્રો લગાડી નમસ્કારના ચમત્કારિક પ્રયોગો પ્રગટ્યા. છતાં ઐતિહાસિકોની આ વાત સાચી લાગે છે કે પાર્શ્વનાથના સમયમાં માંત્રિક પ્રયોગોને વધારે પોષણ મળ્યું છે, કેમકે તે વખતે ગોરખનાથી સંપ્રદાય પણ કુંડલિની–જાગરણની લાલસામાં હતો અને હઠયોગની સાધનામાં મશગૂલ રહેતો હતો. તેમાંથી નિરાશ બનેલા સાધુઓએ જ મંત્રમાર્ગને અપનાવ્યો હતો.

## જૈન શ્રમણોની શક્તિપૂજા

અન્ય સંપ્રદાયોની જેમ જૈન સંપ્રદાયમાં પણ જૈન શ્રમણોએ શક્તિપૂજાને માન આપ્યું છે અને તેથી આ સંપ્રદાયમાં શાક્તતંત્રોની સત્તા છે. આચાર્ય હેમચંદ્રવિરચિત ‘યોગશાસ્ત્ર’ના સાતમા અને આઠમા પ્રકાશમાં ધર્મધ્યાનની ‘પદસ્થ’ નામક પદ્ધતિમાં બીજા ધર્માનુયાયીઓની જેમ ષટ્ચક્રવેધની પદ્ધતિ અનુસાર વર્ણમયી દેવતાનું ચિંતન કરવામાં આવ્યું છે. અહીં માતૃકાધ્યાનનું વર્ણન અત્યંત રોચક શૈલીમાં કર્યું છે તથા અનેક મંત્રોની પરંપરાથી

શક્તિયુક્ત આત્મસ્વરૂપની ભાવનાઓનું વિધાન છે. જૈનમંત્રોમાં ૐ-પ્રણવ, માયા-હ્રીઁ, કામબીજ-ક્લીઁ વગેરે બીજાક્ષરોની શક્તિ જેવી અન્યત્ર મનાયેલી છે, તેવી જ સ્વીકારવામાં આવી છે. માત્ર મુખ્યદેવતા સ્વરૂપે "अरिहंताणं" આ પાંચ અક્ષરવાળા મંત્ર અથવા તો નમસ્કાર મહામંત્રના પાંચેય મંત્રો લેવામાં આવ્યા છે અને શ્વેતાંબરમતાનુસાર પ્રત્યેક તીર્થંકરની શાસનદેવતા—ચક્રેશ્વરી, અજિતા, દુરિતારિ, કાલિકા, વૈરોટ્યા વગેરે માનવામાં આવી છે. ધરણેન્દ્ર-પદ્માવતીની ઉપાસના તો ખરેખર શાક્ત-સંપ્રદાયાનુકૂલ છે. સનાતની ઉપાસકોમાં શ્રીચક્રની જે આરાધના ચાલે છે, તે જ શ્રીદેવીની ઉપદેવીઓ તરીકે બૌદ્ધોમાં તારાદેવી અને જૈનોમાં પદ્માવતી દેવીનું સંમાન છે. જૈન કવિઓ પણ 'સારસ્વત-કલ્પ' ને માને છે. સરસ્વતીના સોળ વિદ્યાવ્યૂહો માનવામાં આવ્યા છે, જે રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા વગેરે નામોથી પ્રસિદ્ધ છે. આથી સ્પષ્ટપણે કહી શકાય કે જૈનશ્રમણોને શક્તિ-ઉપાસના ઇષ્ટ છે. હોમ્બુજામાં ચાલતી પદ્માવતીની પૂજા-પદ્ધતિ તે માટે ઉત્તમ પ્રમાણ છે. વૈદિક મતાવલંબીઓમાં દેવીઓની અર્ચા તથા વિવિધ નામોની જેમ જૈન-શ્રમણોએ પણ પદ્માવતીની ઉપાસના વિવિધ નામો વડે કરવાનું સૂચન કર્યું છે. પણ અહીં આ વાત યાદ રાખવા જેવી છે કે બૌદ્ધોમાં હીનયાન કે હિન્દુઓના વામાચાર જેવો કોઈ વિકારી સંપ્રદાય જૈનોમાં પ્રચલિત નથી.

## મંત્રોપાસનામાં ગુરુ અને દીક્ષા

જ્યારે ઉપાસક ઉપાસનામાં પ્રવૃત્ત થાયછે, ત્યારે તેને

ગુરુની આવશ્યકતા હોય છે અને તે પોતાના આચાર પ્રમાણે દીક્ષિત થાય તો જ તેની આરાધના ફળવતી નીવડે છે. એવી માન્યતાના આધારે જૈનધર્મમાં પણ ગુરુની આવશ્યકતા અભીષ્ટ છે. નમસ્કારમંત્રમાં રહેલા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓનાં વંદન આ વાતને બળ આપે છે. જૈન શ્રમણોએ પણ મંત્રશાસ્ત્ર અને ઉપાસના સંબંધી જ્ઞાનની પ્રાપ્તિ માટે દીક્ષાના મહત્ત્વને સ્વીકાર્યું છે. આચાર્ય શંકરના શબ્દોમાં દીક્ષાની જ આવશ્યકતા દર્શાવાયેલી છે, તે ખરેખર સર્વ સંપ્રદાયોમાં ગ્રાહ્ય બની છે. તેમણે કહ્યું છે કે–मुनिर्न व्यामोहं भजति गुरुदीक्षाक्षततमाः–અર્થાત્ તે મુનિ અથવા સાધક ગુરુ વડે અપાયેલી દીક્ષાને લીધે સમસ્ત અજ્ઞાનથી મુક્તિ પામી કોઈ પણ જાતના મોહને પામતો નથી. એટલે આજના દુરાગ્રહી સાધકો જે છપાયેલાં પુસ્તકો વાંચી સાધનામાં પ્રવૃત્ત થાય છે, તે ઘણીવાર ઉત્તમ ફળના બદલે જીવનભર માટે કષ્ટને વહોરી લે છે. માનવ ભૂલોનું ભાજન છે; જ્યારે સાધનાનો માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ છે, તેથી દીક્ષા લેવી જ જોઈએ. દીક્ષા એ ગુરુ વડે અપાયેલી અનુગ્રહશક્તિ છે. આચાર્ય અભિનવગુપ્તે 'તંત્રાલોક'માં દીક્ષાની વ્યુત્પત્તિ કરતાં કહ્યું છે કે–'જ્ઞાનની વાસ્તવિકતા અપાય છે અને પાશવિક બંધનો કપાય છે, એટલે દાન તથા ક્ષયના સંયોગથી દીક્ષા શબ્દ બને છે.'[૫] મંત્રશાસ્ત્રોમાં દીક્ષાનું મહત્ત્વ ઘણું ઘણું વખણાયેલું છે, તેમ જ જૈન શ્રમણો પણ આ વિષે

---

૫–दीयते ज्ञानसद्भावः, क्षीयते पशुबन्धनम् ।
दानक्षपणसंयुक्ता, दीक्षा तेनेह कीर्तिता ।।–તંત્રાલોક.

શ્રદ્ધા ધરાવે છે, તેથી ગુરુ અને દીક્ષા પ્રાપ્ત થયા પછી જ સાધનામાર્ગમાં આગળ વધવું.

## સાધનામાં આચાર-વિચારનું સ્થાન

દેશ, કાળ અને પાત્રને જોઈ જે કામ કરવામાં આવે છે, તે જ સફળ થાય છે. સાધકે સાધનામાર્ગમાં પ્રવૃત્ત થયા પછી અમુક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ; નહિતર વર્ષોની મહેનતને નિષ્ફળ થતાં વાર નહિ લાગે. आचारः प्रथमो धर्मः-આચાર એ પ્રથમ ધર્મ છે, તે પ્રમાણે શય્યા ત્યાગથી શયનકાળ સુધી કાયિક, વાચિક અને માનસિક પ્રક્રિયાઓમાં બાહ્યાચાર અને અભ્યન્તર આચાર ઉપર પૂરે-પૂરું લક્ષ્ય રાખવું જોઈએ. બીજા શબ્દોમાં બહિર્યાગ અને અન્તર્યાગનું જે સૂચન છે, તે સાધનામાર્ગમાં પ્રમુખરૂપે ભજવાના છે. તેથી શય્યાત્યાગ, મલવિસર્જન, દન્તધાવન, સ્નાન, વસ્ત્રપ્રક્ષાલન, પૂજાસ્થળપ્રવેશ, આસન, દિશા, સાધનાનુસારી વસ્ત્રધારણ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, તાંબૂલ, દક્ષિણા અને ક્ષમાપ્રાર્થના પછી ઉદ્વાસન આદિ કર્મો કરતી વખતે તે તે આરાધ્ય દેવી-દેવોનું સ્વરૂપ, ચિત્ર, યંત્ર કે પ્રતિમા અથવા તો ગ્રન્થરૂપ ઇષ્ટદેવની ધારણા રાખી ઉભયવિધ પૂજાનો વિચાર આવશ્યક માનવામાં આવ્યો છે. જૈન ધર્મમાં પણ આવાં કર્મકાંડ પ્રત્યે શ્રદ્ધા છે અને તે સંબંધી ઘણાં સૂચનો મંત્રગ્રંથોમાં કરેલાં છે. ઉપાસકની કસોટી આવા આચારોનું પાલન તથા દરેક કર્મ સંબંધી આદેશોનો વિચાર અત્યાવશ્યક છે, કેમકે શાંતિકર્મમાં ઉગ્રકર્મની

વસ્તુઓનો ઉપયોગ અથવા પ્રકારાંતરે વૈષમ્ય થાય તો સિદ્ધિને બદલે આપત્તિ જ વેઠવી પડે. વજ્ઞાનિક પ્રક્રિયાઓની જેમ ત્રિવિધ સંયોગોની સમરૂપતા ન હોય તો સિદ્ધિ કોઈ પણ હિસાબે હાથ લાગતી નથી. એટલે ઉપાસનાકાળમાં પરસ્પર સંભાષણ, બ્રહ્મચર્ય-પાલન, આહાર-શુદ્ધિ, સંયમશીલતા વગેરે ઉપર અતિસૂક્ષ્મ દૃષ્ટિથી સજાગ રહેવું જોઈએ. સાત્ત્વિક વૃત્તિ એ સાધનાનો પહેલો પાયો છે તથા સાધનાકૂળ વાતાવરણની સ્થિરતા માટે સ્વાધ્યાય, વાચન અને મનન નિરંતરપણે ચાલુ રાખવું જોઈએ.

## મંત્રો અને તેના અર્થો

મનન તથા ત્રાણધર્મવાળા મંત્રના અર્થનું ચિંતન મનને એકાગ્ર કરવામાં અત્યંત ઉપયોગી છે. સંપ્રદાયાનુસારી અર્થ-ભાવના વડે કાર્યસિદ્ધિમાં વિલંબ થતો નથી. મંત્રવિષે બીજા સંપ્રદાયોમાં કહ્યું છે કે મંત્રનાં અંગોનું જ્ઞાન ન રાખી જપ કરાય તો તે ભસ્મમાં આહુતિ આપવા જેવો હોય છે.[૬] એટલે મંત્રનાં-કવચ, પંજર, હૃદય, અષ્ટોત્તરશતનામ, અંગસ્તુતિ, યંત્ર, પુરશ્ચરણ-પદ્ધતિ, અંગન્યાસ, કરન્યાસ, માહાત્મ્ય, સહસ્ર-નામ, સ્તવરાજ અને માલામન્ત્ર—[૭]આ અંગોનું પણ જ્ઞાન

---

૬. अङ्गहीनो मनुर्जप्तो, भस्माहुतिसमो भवेत् ।—પ્રણવકલ્પ.

૭. प्रथम कवचं दिव्य, पञ्जरं तदनन्तरम् ।
हृदय प्रणवार्थाख्यं, नाम्नामष्टोत्तरं शतम् ॥
अंगस्तुतिं तथा यन्त्रं, पुरश्चरणपद्धतिम् ।
अङ्गन्यास करन्यासं, माहात्म्यं तदपेक्षितम् ॥
नाम्नां सहस्रं दिव्यानां, प्रणवस्य शुचिस्मिते ।
स्तवराजादिसर्वाणि, मालामन्त्रमनुस्मृतिम् ॥
मन्त्रमात्रस्य सर्वस्याप्येतान्यङ्गानि पार्वति ॥ २५ थी २८ ॥
—પ્રણવકલ્પ.

મેળવી લેવું ઇષ્ટ છે. જૈનધર્મમાં જે મંત્રો છે, તેમાંથી કેટલાક મંત્રો આમાંનાં કેટલાંક અંગોને ધરાવે છે અને કેટલાક મંત્રો એમના એમ જ સૂચવેલા છે. તે માટે ગુરુની આજ્ઞાને પ્રધાનતા આપી જેટલાં અંગો મળે તેટલાંનો ઉપયોગ કરવાનો હોય છે. ઘણા ભાઈઓ ઉપેક્ષાબુદ્ધિ રાખીને અંગો ઉપર ધ્યાન દેતા નથી, તેમને માટે ગીતાનો—यः शास्त्रविधिमुत्सृज्य, वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति, न सुखं न परां गतिम् ॥ અર્થાત્ જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તન કરે છે, તે સિદ્ધિ મેળવી શકતો નથી, તે સુખ કે પરમગતિને પણ પ્રાપ્ત થતો નથી.'–આ ઉપદેશ સ્મરણીય છે.

કોઈ પણ મંત્રનું અર્થજ્ઞાન કરવા માટે માત્ર સંસ્કૃત કે પ્રાકૃતભાષાનું જ્ઞાન પર્યાપ્ત નથી, કેમકે મંત્રોની ભાષા જુદા જ પ્રકારની હોય છે. એટલે સંપ્રદાયસિદ્ધ અર્થને ગુરુપરંપરાએ જાણી મનને એકાગ્ર કરવું જોઈએ. ધારો કે આપણે ૐ પ્રણવનો અર્થ એકલો બ્રહ્મવાચક જ માની લઈએ છીએ,[૮] પણ જૈન ધર્મના પંચનમસ્કાર મંત્રના સારરૂપ अ–અરિહંત, अ–અશરીરી, आ–આચાર્ય, उ–ઉપાધ્યાય અને म्–મુનિનાં અક્ષરોનું કૂટ બનાવી અ + અ + આ + ઉ + મ્ = ૐ મંત્ર તૈયાર થાય તેનું જ્ઞાન સંપ્રદાય વગર કેમ થઈ શકે? તેમ જ સનાતનીઓ ૐકારમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની અવસ્થિતિ ગણે છે. શાક્ત સંપ્રદાયમાં ૐકારની સાથે હ્રીંકારને જોડી

૮. ओमित्येकाक्षरं ब्रह्म ॥

પ્રકૃતિ–પુરુષાત્મક તત્ત્વનું સ્મરણ થાય છે.[૯] ગણપતિના ઉપાસકો ૐકારને ગણપતિની મૂર્તિરૂપ જ કહે છે.[૧૦] શૈવો શિવની જલાધારી સહિત લિંગાકૃતિ બતાવે છે, તેથી સાંકેતિક, સામ્પ્રદાયિક, વ્યાકરણનિષ્ઠ, ગુરૂપદિષ્ટ, નિરુક્તપ્રાપ્ત આદિ અર્થો ઉપર ધ્યાન આપવું જરૂરી છે. આપણે 'अहं'નો અર્થ હું અથવા અહંકાર માનીએ છીએ, ત્યારે તાંત્રિકાર્થ છે અકારાક્ષરથી લઈ હકારાક્ષર સુધીના અક્ષરો, તેમજ કુલ શબ્દનો અર્થ વંશ કે સમુદાય સમજવામાં આવે છે, પણ 'कौ पृथिव्यां लीयन्ते इति कुलम्' આવો અર્થ તો સંપ્રદાયને આધારે જ મળે છે. તે બધાનો વિચાર જરૂરી છે.

## મંત્રસિદ્ધિના ઉપાયો

ઘણી વાર એમ થાય છે કે આપણને મંત્ર મળી જાય છે અને આપણે વિધિપૂર્વક આરાધના પણ ચાલુ કરી દઈએ છીએ, છતાં યોગ્ય સિદ્ધિ થતી નથી. તે માટે જુદા–જુદા આચાર્યોએ કેટલાક ઉપાયો સૂચવ્યા છે. તેમાં પદ્મચક્રશોધન, અકડમચક્ર, મંત્રમેલન, પાંચ ભૌતિકચક્ર, દ્વાદશારચક્ર, નક્ષત્રચક્ર, ઋણધનશોધનચક્ર વગેરેના આધારે પૂર્વનિર્ણય કરવાનો આદેશ જૈનધર્મના મહાન્ મન્ત્રશાસ્ત્ર આર્ષવિદ્યાનુશાસનમાં અત્યન્ત વિસ્તારપૂર્વક આપ્યો છે. મંત્રમાં રહેલા દોષો અથવા સુપ્ત,

---

૯. ओमित्येकाक्षरं ब्रह्म तदेवाहुश्च ह्रीँमयम् ।
द्वे बीजे मम मन्त्रौस्तो मुख्यत्वेन सुरोत्तमे ॥ —દેવી ભાગવત.

૧૦. ऊर्ध्वशुण्डमधःशुण्डं, द्विधा व्यावृत्तशुण्डकम् ।
सर्गविसर्गसन्धीशं नौम्योङ्कारविनायकम् ॥ —જપસૂત્ર

કીલિત, અભિશપ્ત અને ખંડિત હોવાને કારણે સિદ્ધિમાં વિલંબ થાય છે, તેથી તે દોષોનાં નિવારણ માટે ઉચિત શાસ્ત્રોપદિષ્ટ ઉપાયો કરવા જોઈએ. પંચાંગવિધાન—રહસ્યસ્તોત્ર, કવચ, પંચરત્ન, ગીતા, ન્યાસ અને ધ્યાનાદિ વડે ચૈતન્ય કરેલા મંત્રને તત્ત્વ, મુદ્રા, મંડલ, સ્વર આદિ જપ-રહસ્યનાં એકત્રીશ અંગો તથા સવારથી સાંજ સુધીની ૮૪ પ્રક્રિયાઓની સમજ લઈ જપ આરંભ કરવો જોઈએ. જપના પ્રકારો, માલાના પ્રકારો અને મંત્ર-પ્રયોગના પ્રકારો જાણ્યા વગર જપમાં પણ ભૂલ થવા સંભવ છે. વિશિષ્ટ કામ્ય કર્મના આધારે સૂચવેલી માલાના મણકાનો ઉપયોગ થવાથી સત્વર સિદ્ધિ થાય છે. જૈનમંત્રો આમ તો સિદ્ધ જ હોય છે અને તેમના જપ માટે ચક્રશોધન વગેરેની આવશ્યકતા નથી, તો પણ જ્ઞાન પ્રાપ્ત કરી લેવાથી માનસિક શાંતિ રહે છે.

અન્ય સંપ્રદાયમાં કોઈ પણ મંત્રસિદ્ધિ કરતાં પહેલાં ગાયત્રીનાં પુરશ્ચરણનું વિધાન પ્રચલિત છે. તેમજ જૈનધર્મમાં પણ પંચનમસ્કાર-મહામંત્રની આરાધના પૂર્વમાં કરવી અત્યંત જરૂરી છે. કેટલાક ગ્રંથોમાં જૈન ગાયત્રીના જપનું પણ સૂચન છે, તેમજ સંધ્યા અને નિત્યકર્મના સ્થળે નવ-સ્મરણ અને લોગસ્સ વગેરે ભણવાનું સૂચન આચાર્યોએ કર્યું છે.

## જૈનધર્મમાં યંત્રોની અધિકતા

यमनाद् यन्त्रमित्याहुः—આરાધ્યદેવની શક્તિનું એક સ્થળે કેન્દ્રીકરણ જેમાં હોય, તેને યંત્ર કહે છે. પ્રત્યેક

દેવ-દેવતાની શક્તિ અપાર હોય છે, તેમાંથી ઉપાસકને કઈ અભીષ્ટ છે, શાંતિ કરનારી કે વિનાશ કરનારી? તેનો નિર્ણય લઈ તે અનુસાર વર્ણો. અંકો અથવા રેખાઓ વડે તે તે દેવની શક્તિનું થમન-નિયંત્રણ યંત્રમાં હોય છે. મંત્રોની જેમ યંત્ર-વિદ્યા પણ અતિ ગહન છે. જૈન શ્રમણોએ યંત્ર-શાસ્ત્રના જ્ઞાન માટે કેટલાક ગ્રંથોની રચના કરી છે. તેમાં યંત્રોના પ્રકારો. આલેખનનો વિધિ, આલેખન સામગ્રી, સૃષ્ટિ, સ્થિતિ અને સંહારક્રમ વગેરે વિષયોની સ્પષ્ટતા કરી છે. સામાન્ય રીતે યંત્રો ત્રણ પ્રકારના હોય છે : ૧-ભૂપૃષ્ઠ યંત્ર, ૨-મેરુપૃષ્ઠ યંત્ર અને ૩-પાતાલયંત્ર. ભૂપૃષ્ઠ યંત્રમાં લેખનપ્રકાર સામાન્ય રહે છે. મેરુપૃષ્ઠ યંત્રમાં અક્ષરો, રેખાઓ અથવા અંકો ઉભરેલા હોય છે. તેમ જ પાતાલયંત્રમાં અક્ષરાદિ કોતરેલા હોય છે. પોતાના ઇચ્છિત કાર્યની સિદ્ધિ માટે આવા યંત્રો-ભૂજપત્ર, કમલપત્ર, બિલ્વ અથવા પીપળના પાન ઉપર લખાય છે, જ્યારે ચિરકાળ સુધી ટકાવી રાખવાને માટે સ્ફટિક, સુવર્ણ, રજત કે તામ્રપત્રનો ઉપયોગ હોય છે. લેખિનીરૂપમાં આમ્ર દાડિમ, બિલ્વ, કંટક કે સોયનું વિધાન છે. સાથે જ અષ્ટગંધ, કેશર, કસ્તૂરી, કર્પૂર, હસ્તિમદ. શ્વેત કે રક્તચંદન, લોહી અને કજ્જલ વગેરેનો કામ્યકર્મોને અનુરૂપ પ્રયોગ થાય છે.

યંત્રનાં સ્વરૂપનું જ્ઞાન આપવા માટે શ્રી દેવેન્દ્રગણિએ 'કોષ્ઠકચિંતામણિ' નામક ગ્રંથની રચના કરી હતી, તેમાં ૧૦૦ ગાથાઓ હતી અને તે ઉપર સ્વયં ગ્રંથકારે સંસ્કૃતમાં

અતિવિસ્તૃત ટીકા રચી હતી. આજે આ ગ્રંથની માત્ર ટીકા ઉપલબ્ધ થાય છે, પણ મૂળ મળતું નથી.[૧૧] ત્યાં યંત્રના ભવ્ય, અતિભવ્ય, સર્વતોભદ્ર અને મહાસર્વતોભદ્ર એવા ચાર ભેદો કર્યા છે. મહાસર્વતોભદ્રની રચના પાંસઠ અંકવાળા પચીશ કોષ્ઠકો વડે થાય છે અને તેમાં વીશા કે પંદરિયા યંત્રની માફક દરેક બાજુના સરવાળામાં પાંસઠનો સરવાળો આવે છે અને આ રીતે તે–પંચોતેર પ્રકારે પોતાનું યોગફળ પાંસઠ આપવાને લીધે મહાસર્વતોભદ્ર યંત્ર કહેવાય છે. રાવણકૃત 'તાંડવતંત્ર'માં પણ યંત્ર વિષે અમુક વિશેષતાઓ મળે છે. પણ જૈન શ્રમણોની આ વૈજ્ઞાનિક સાધના સર્વોપરિ કહી શકાય એવી છે. પંચદશી, વીશા, ચોવીશા, ત્રીશા, બત્રીશા, ચાલીસા, પાંસઠિયા, સિત્તરિયા, શતાંક, અષ્ટોત્તરશતાંક અને તેથી પણ વધારે અંકવાળા યંત્રોની યોજનાની સાથે જ આકારભેદથી થનારા ચતુરસ્ર, ત્રિકોણ, વર્તુલ, ષટ્કોણ, પંચશૃંગ, કલશાકાર, ત્રિવૃત્ત, સાર્ધત્રિવૃત્ત, અર્ધવૃત્ત, કમલાકૃતિ, તાંબૂલ કે પિપલપર્ણાકાર, હસ્તાકાર, અસ્ત્ર-શસ્ત્રાકૃતિમૂળક અને પુરુષાકૃતિવાળા ઘણા યંત્રો આપણને આશ્ચર્ય પમાડે એવા છે. જૈનધર્મના અતિભવ્ય અને સર્વ પ્રસિદ્ધ નમસ્કાર–ચક્ર, ઋષિમંડલયંત્ર, કલિકુંડયંત્ર, વિજયયંત્ર વગેરે વિવિધ મંત્રોથી વિભૂષિત હોય છે. વિજયપતાકા યંત્રના કોષ્ઠકોની ૬૫૬૧ જેટલી સંખ્યા હોય છે.

---

૧૧–'કોષ્ઠકચિંતામણિ' ગ્રંથનું સંપાદન આ પંક્તિના લેખકે કરેલું છે અને તેની પાંડુલિપિ મુંબઈ સ્થિત જૈન સાહિત્યવિકાસ–મંડળમાં સુરક્ષિત છે.

## યંત્રોની પ્રતિષ્ઠા અને અન્ય પ્રક્રિયાઓ

ઉત્તમ યોગ અને ઉત્તમ મુહૂર્તમાં યંત્રનું લેખન કર્યા પછી તેની પ્રતિષ્ઠા કરવી આવશ્યક છે. પ્રાણુપ્રતિષ્ઠા વગર યંત્રનું કંઈ મહત્ત્વ રહેતું નથી. જે યંત્ર લખાયો છે, તે વારુણમંડળમાં છે અથવા અગ્નિમંડળમાં? ભૂમંડળમાં છે અથવા આકાશમંડળમાં? કેટલાં વૃત્તો તેમાં છે? તેનો અધિષ્ઠાતા દેવ કોણ? અધિષ્ઠાત્રી દેવી, ઉપદેવ. ગણ અને પીઠ ક્યાં છે? તે બધાની છાણ–બીણ કરી પ્રતિષ્ઠા માટે પુરશ્ચરણ, પૂજા, અભિષેક, હવન, તર્પણ, માર્જન, દાન, પુષ્પસમર્પણ વગેરે શાસ્ત્રીય-પદ્ધતિથી થાય તો જ પરિશ્રમ સફળ થાય છે. એટલે તે તે વિષયનું જ્ઞાન આપતા–શારદા-તિલક, યોગિનીતંત્ર, રુદ્રયામલ, પ્રાણુતોષિણી, વામકેશ્વરતંત્ર, તાંડવતંત્ર વગેરે ગ્રંથોની જેમ જૈનાચાર્યોએ પણ–પંચનમસ્કૃતિ-દીપક, આર્ષવિદ્યાનુશાસન, તંત્રપ્રકાશ, કોષ્ઠકચિંતામણિ, ઋષિમંડલયંત્રવિધાન વગેરે ઘણા ગ્રંથોનું સર્જન કર્યું છે અને કેટલાક તદ્દન નવા–ઘંટાકર્ણ, માણિભદ્ર, કલિકુંડ, રાવણપતાકા, અર્જુનપતાકા, શનિયંત્ર, હસ્તિયંત્ર, અશ્વયંત્ર વગેરે યંત્રોની રચના કરી આ વિજ્ઞાનને આગળ વધાર્યું છે.

## તાંત્રિક પ્રયોગો અને તેમનો ઉપયોગ

કામિક આગમના તત્રાંતરપટલમાં તંત્ર શબ્દની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે–તત્ત્વ અને મંત્રથી સમન્વિત વિપુલ અર્થોનો વિસ્તાર અને સંસારના ભ્રાન્ત જીવોનું ત્રાણ કરવાને

લીધે 'તંત્ર' સંજ્ઞા થઈ છે.[૧૨] જો કે શાસ્ત્રોમાં તંત્રશબ્દના અર્થો—શાસ્ત્ર, અનુષ્ઠાન, વિજ્ઞાન, દર્શન, આચાર-પદ્ધતિ, સાંખ્ય, ન્યાય, ધર્મશાસ્ત્ર વગેરે કરવામાં આવ્યા છે અને જૈનધર્મમાં પણ યોગને તંત્ર નામથી સ્વીકાર્યો છે, છતાં અહીં યંત્ર-મંત્રાદિ સમન્વિત એક વિશિષ્ટ સાધનામાર્ગનું નામ તંત્ર માનીએ છીએ.

મહાન વિદ્વાન નાગાર્જુને પોતાની માતા નાગમતીની કૃપાથી આબૂ પહાડ ઉપર ઔષધિ-વિજ્ઞાનને જાણ્યું. પછી પાદલિપ્તસૂરિની પાસે જઈ આકાશગામિની વિદ્યા શીખ્યો. તે પછી પોતે સંઘરેલા પ્રયોગોને કક્ષપુટી ગ્રંથમાં લખ્યા. આ રીતે જૈનાચાર્યોએ તંત્રસાધનામાં પણ કોઈ ખામી રાખી નથી. તેનું જ ફળ છે કે જાંગુલીમંત્ર, ઔષધિમંત્ર, સર્પાદિ વિષધારી જીવોને વશમાં કરવાના મંત્રો, ઝેર ઉતારવાના મંત્રો, શ્વેતાર્ક, શ્વેતગુંજા, અપરાજિતા, રુદંતી, મયૂરશિખા, સહદેવી, શિયાળશ્રૃંગી, માર્જારી, શંખપુષ્પી વગેરે વૃક્ષોનાં મૂળ રવિપુષ્ય, ગુરુપુષ્ય, હોળી, દીવાળી, નવરાત્રિ કે ગ્રહણ આદિ પર્વોમાં લાવી મંત્ર વડે પૂજન કરવાથી જાતજાતના રોગો-દોષો દૂર કરવાનું તથા વ્યાપારવૃદ્ધિ, દ્રવ્યલાભ, ઇચ્છિત કાર્યસિદ્ધિ વગેરે કાર્યોમાં પ્રત્યક્ષ ફળ આજે પણ આપે છે. સુખપ્રસવ, સંતાનપ્રાપ્તિ, ગર્ભબાધાનિવારણ, મૃતવત્સા-દોષનિવારણ, કાકવન્ધ્યાદિ દોષનિવારણ જેવા વૈદકના પ્રયોગો

---

१२-तनोति विपुलानर्थान्, तत्त्वमन्त्रसमन्वितान् ।
त्राणं च कुरुते यस्मात्, तन्त्रमित्यभिधीयते ॥

પણ મંત્રશાસ્ત્રની સહાયતા મેળવી સફળ બનાવવાના પ્રયોગો ‘વિદ્યાનુશાસન’માં બહુ વિસ્તારથી સૂચવેલા છે. અનેક પ્રકારના તાવો, કમળો, ગર્ભાશયનું ખસી જવું તથા વાયુ-ગોળાના રોગો વગેરે ઔષધિના બળથી ઘણી વાર દૂર કરવામાં આવે છે.

એક બાજુ પારદના પ્રયોગો અને સુવર્ણસિદ્ધિના પ્રયોગો પણ જૈન શ્રમણોએ અચૂક લખ્યા છે. એકાક્ષિ નાળિયેર, દક્ષિણાવર્ત શંખ, એક આંખવાળો રુદ્રાક્ષ, દક્ષિણ સૂંઢવાળા ગણપતિ વગેરેની ઉપાસના પણ તંત્રમાં આવી જાય છે કે જેને જૈન શ્રમણોના સહવાસથી યતિવરોએ લખી સુરક્ષિત રાખ્યા છે. જાદુગિરી, યક્ષિણીસાધન, પ્રેતસાધન, શ્મશાન સિદ્ધિ, પરકાયા અથવા મૃતકાયાનાં દર્શન પણ કોઈક સ્થળે જોવા મળે છે, એટલે સિંહાવલોકનથી આપણે એમ કહી શકીએ કે મંત્રશાસ્ત્રનાં સમસ્ત અંગો ઉપર જૈનાચાર્યોને પૂરી માહિતી હતી અને પોતે આવાં બધાં કર્મોને હેય માનવા છતાં લોક-કલ્યાણ અને જનરુચિને ખ્યાલમાં રાખીને તેનું આલેખન કર્યું છે.

## યોગ અને સ્વરોદય

ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ છે. આવી પરિભાષા વડે મહર્ષિ પતંજલિએ યોગનો પરિચય આપ્યો છે. રાજયોગ અને હઠયોગની બે ધારાઓમાં પ્રસરેલા આ યોગમાં સાધક મૂળરૂપે કુંડલિનીને જાગ્રત કરવા ઇચ્છે છે. કુંડલિની-જાગરણનું

વિધાન જૈનાચાર્યોને પણ ઇષ્ટ છે. સાધના કરનાર અધ્યાત્મ-માર્ગમાં આગળ વધતો જાય છે અને આસનોના આધારે મૂલાધારથી માંડીને સહસ્રાર સુધી સાડા ત્રણ આંટા મારી બધાં ચક્રોને વશમાં રાખનારી કુંડલિનીરૂપ સર્પિણી કે જે તંદ્રા પામેલી હોય છે, તેને ચૈતન્ય કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે યોગબળથી કુંડલિની–જાગરણ થાય છે, ત્યારે તેના ખેંચાણથી સહસ્રારમાં સ્થિત અમૃતકળશનું ભેદન થાય છે અને આ અમૃતસ્રાવ માનવને અમૃતરૂપ બનાવી દે છે. યોગશાસ્ત્રની આવી દિવ્ય પ્રક્રિયાઓનું વિવિધ પ્રમાણો સાથે વિવેચન કરતાં જૈનાચાર્યોએ પોતાના યોગમાર્ગનું વિશાલ પ્રદર્શન કર્યું છે અને ઉત્તમોત્તમ પદ્ધતિ જણાવવાનો પ્રયત્ન કર્યો છે. જો કુંડલિની જાગ્રત થવામાં વિઘ્નો આવે અને વિઘ્નરૂપ સિદ્ધિઓની પાછળ સાધક ઘેલો થઈ જાય તો તે અણિમા, મહિમા, લઘિમા, ગરિમા આદિ સિદ્ધિઓ વડે ઘણાં–ઘણાં ચમત્કારપૂર્ણ કાર્ય કરી શકે છે.

યોગની આ જટિલ ક્રિયાઓમાં સ્વરશાસ્ત્રનું જ્ઞાન ઘણું લાભદાયક હોય છે. શ્વાસ–પ્રશ્વાસની ક્રિયાઓ ઉપર સંયમ કે નિયંત્રણ રાખી, વાસ્તવિકતા જાળવી, ઈડા, પિંગળા અને સુષુમ્ણા નાડી વડે ચાલતા સ્વરોની ગતિ ઓળખવી એ પણ એક રીતે મંત્રશાસ્ત્રનું અંગ ગણાય છે. સ્વરશાસ્ત્રમાં પાંડિત્ય પ્રાપ્ત કરવાથી લોકમાં પ્રવર્તેલી ઘટનાઓનું જ્ઞાન પોતાના શરીરની નાડીઓની ચાલથી કરામલકવત્ જોવાની શક્તિ આવી જાય છે. જૈનાચાર્યો પણ સ્વરશાસ્ત્ર ઉપર

શ્રદ્ધા રાખવાનો ઉપદેશ આપે છે. શ્રમણો મુખ્યત્વે જ્ઞાન-સાધના અને પર્યટન કરનારા હોય છે, તેથી વિવિધ પ્રદેશોમાં ચાલતી પ્રક્રિયાઓનો ખ્યાલ આવવામાં વાર લાગતી નથી અને સ્વધર્માનુયાયીઓને રૂઢિમાર્ગથી બચાવીને ઉત્તમમાર્ગ ઉપર લાવવા માટે શોધ-ખોળપૂર્વક સાચા શાસ્ત્રીય જ્ઞાનનું પ્રવર્તન કરવા ઇચ્છે એ સહજ છે. તેનું પરિણામ આ બધાં શાસ્ત્રોમાં આપણે જોઈ શકીએ છીએ. યતિસમુદાયે આ વિજ્ઞાનમાં ઘણો ફાળો આપ્યો છે અને જે પ્રયોગ સાધુ-સાધ્વીઓ ન કરી શકતા કે સાધુધર્મમાં બાધા કરનારા પ્રયોગોને યતિવર્ગ લોકકલ્યાણ માટે કરતા. તેથી જ આજે પણ યતિસમુદાય પ્રત્યે જનસામાન્યનું બહુમાન છે. મંત્ર, યંત્ર, તંત્ર, યોગ અને સ્વરોદય આ પાંચેય અમૃતનું એક સ્થળે જ્ઞાન આપવા જે પ્રયત્નો જૈન ધર્મમાં થયા છે, તેનું આ સંક્ષેપમાં નિદર્શન છે.

## જૈનાચાર્યો અને તેમના ગ્રંથો

મંત્રશાસ્ત્રને લગતા ગ્રંથોની રચના વિશાળ છે. જૈનાચાર્યોએ આરંભકાળથી જ આ વિષય ઉપર લખવાનો આરંભ કર્યો હતો. આગમોમાં મુખ્યત્વે 'મહાનિશીથસૂત્ર'માં પંચ-નમસ્કાર-મંત્ર અને સૂરિમંત્રને લગતાં મંત્રવિધાનોનો વિશેષ ઉલ્લેખ મળે છે. પછી વિજ્જા-વિદ્યાઓનાં નામો—પઉમચરિયં, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર વગેરે ગ્રંથોમાં મળે છે. દિગંબર સંપ્રદાયનું પ્રવર્તન પ્રધાનપણે દક્ષિણમાં હોવાથી ત્યાંનાં

જૈન બ્રાહ્મણોએ પણ આ વિષયમાં પૂરેપૂરો રસ લીધો જણાય છે. તથા શ્રી સિંહતિલકસૂરિનું મંત્રરાજરહસ્ય અને તંત્રલીલાવતી, ભટ્ટ અકલંકદેવ, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી જિનપ્રભસૂરિ, શ્રી જિનદત્તસૂરિ, મુનિ ગુણાકર, શ્રી બપ્પભટ્ટસૂરિ, શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે અનેક આચાર્યોએ મંત્રશાસ્ત્ર ઉપર સ્વતંત્ર ગ્રન્થો લખ્યા છે અથવા પોતાના મંત્રશાસ્ત્ર સંબંધી અનુભવને ટીકા ગ્રંથોમાં રજૂ કર્યો છે. શ્રી પદ્માવતીદેવીની આરાધના કરનારા આચાર્યો વડે લખાયેલા પ્રયોગોમાં—ધરણેન્દ્રપદ્માવતી, રક્તપદ્માવતી, હંસપદ્માવતી, સરસ્વતી પદ્માવતી, શબરી પદ્માવતી, કામેશ્વરી પદ્માવતી, ભૈરવી પદ્માવતી, ત્રિપુરા પદ્માવતી, નિત્યા પદ્માવતી, પુત્રકર પદ્માવતી, સ્વપ્નસાધનપદ્માવતી, મહામોહિની પદ્માવતી, ઘટાવતાર પદ્માવતી અને કજ્જલાવતાર પદ્માવતીના કલ્પો વિદ્યાઓ અને મંત્રપ્રયોગો લખાયા છે. તેમ જ પાર્શ્વવિદ્યા, સૂરિમંત્રકલ્પ, સૂરિવિદ્યા, ગાંધારવિદ્યા, વર્ધમાનવિદ્યા, તીર્થંકર વિદ્યા વગેરેને લગતા ગ્રંથો જૈન ધર્મની મંત્રશાસ્ત્રીય પ્રવૃત્તિના પરિચાયક છે.

એક બાજુ કર્ણપિશાચિની, કરુકુલ્લા, પ્રત્યંગિરા, ઉચ્છિષ્ટ ચાંડાલિની, જ્વાલામાલિની, કુષ્માંડી તથા અંબિકા દેવીના કલ્પો મળે છે, તો બીજી બાજુ ઘટ, દર્પણ, નખ, જલ, દીપ, ખડ્ગ અને કજ્જલમાં દેવીના અવતારપ્રયોગો પણ આ વિષયની વિવિધતામાં પોતાનો ફાળો આપે છે. સિદ્ધ માંત્રિકોની શ્રેણીમાં પહોંચેલા આચાર્યોમાં શ્રી જિનદત્તસૂરિ,

શ્રી જિનકુશલસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ જેવા કેટલાક આચાર્યોની મંત્રસાધના પણ થાય છે. તેમ જ સ્તોત્રસાહિત્યમાં અનેરી મંત્રમયતા જોવી હોય તો–ઉવસગ્ગહરં, લઘુશાન્તિ, નમિઊણસ્તોત્ર, ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિરસ્તોત્ર, ભત્તિબ્ભર સ્તોત્ર જેવાં ઘણાં સ્તોત્રો જૈન ધર્મમાં પ્રસિદ્ધ છે.

[ ૩ ]

# સર્વવેદ સારભૂત ગાયત્રી-મંત્ર

લેખક : શ્રી યોગાચાર્ય એમ. એ.

## ગાયત્રી વેદજનની :

સનાતન સાહિત્યમાં વેદની મહત્તા સર્વોપરિ છે અને વેદોની ઉત્પત્તિનું મૂળ ઓંકાર છે. આ મૂળનું જે પહેલું અંકુરણ થયું, તે જ 'ગાયત્રી-મંત્ર'ના નામથી ઓળખાય છે. ગાયત્રી-મંત્રનો વિસ્તાર વેદોનાં રૂપમાં પ્રકટ થયો અને અનુક્રમે તેનો મહિમા મંત્ર-બ્રાહ્મણાત્મક વેદોમાં, મંત્ર-તંત્ર-યંત્રાત્મક આગમોમાં, અધ્યાત્મ-પ્રધાન ઉપનિષદોમાં, અષ્ટાદશ-પુરાણ તથા ઉપપુરાણોમાં, તેમજ સ્તુતિ-સાહિત્યમાં અત્યંત આદરપૂર્વક પ્રસાર પામ્યો. ગાયત્રી-મંત્રની આરાધના માટે પ્રેરણા આપતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્થળે સ્થળે કહ્યું છે કે: "ગાયત્રી એ પરમ જપ છે, ગાયત્રી અત્યંત જરૂરી ગૌરવશાળી છે, ગાયત્રીની ચર્ચા વગર સત્પુરુષોમાં નિંદા થાય છે. માત્ર ગાયત્રીની આરાધનામાં નિષ્ણાત થઈ દ્વિજ-

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. બધા વેદોના સારરૂપ એવી ગાયત્રીની આરાધના સ્વયં બ્રહ્માદિ દેવો પણ સંધ્યા કરતી વેળાએ ધ્યાન અને જપ સાથે કરે છે."[1] આવા અનેક પ્રમાણોના આધારે જ ગાયત્રીને વેદોની માતા માનવામાં આવે છે.

## નામકરણ અને વ્યાખ્યા :

આ મંત્રમાં ત્રણ પદો હોવાને લીધે તેનો છંદ 'ગાયત્રી' થાય છે અને તેથી જ આવા ત્રણ પદોવાળા મંત્રનું નામ ગાયત્રી કહેવાય છે. છતાં અહીં ગાયત્રી શબ્દની વ્યાખ્યા—गायन्तं त्रायत इति—ગાનાર-સ્તુતિ કરનારની જે રક્ષા કરે તે ગાયત્રી—આ રીતે કરવામાં આવે છે અને આ અર્થની માન્યતા સર્વત્ર વ્યાપ્ત છે.

આમ તો મંત્રોના સ્વરૂપ વિષે મંત્રશાસ્ત્રોમાં બીજ-મંત્ર, મંત્ર અને માલામંત્ર એવા ત્રણ ભેદો કરી તેમના અક્ષરોનું સ્વરૂપ નિર્ધારણ કર્યું છે, પણ ગાયત્રી-મંત્ર એક વૈદિક-મંત્ર હોવાને લીધે ચોવીસ અક્ષરોવાળો કહેવાય છે. અને તેથી તે માલામંત્રની સંજ્ઞામાં આવે છે, તેમજ તે

---

(૧) गायत्री परमो जपः ॥४।४॥, गायत्र्यति गरीयसी ॥५।१६॥ —બૃહદ્ પારાશરસ્મૃતિ. एतदर्चा-विसंयुक्तः .... गर्हणां याति साधुषु ॥ —મનુસ્મૃતિ ૨।૮૦॥ गायत्रीमात्रनिष्णातो द्विजो मोक्षत्वमाप्नुयात् ॥१२।८९०॥ सर्ववेदसारभूता गायत्र्यास्तु समर्चना । ब्रह्मादयोऽपि सन्ध्यायां तां ध्यायन्ति जयन्ति च ॥११।१५।१६॥—દેવીભાગવત.

અંતિમ વયમાં ફળ આપનાર કહી શકાય છે.[૨] પણ ગાયત્રી-મંત્રની દીક્ષા તો દરેક દ્વિજને બાલ્યકાળમાં અપાય છે અને તેનો જપ પણ ત્યારથી જ ચાલુ થઈ જાય છે, એટલે ગાયત્રી–મંત્ર આવા બંધનોથી મુક્ત છે, એમ માનવું જોઈએ. આપણે આ મંત્રના અક્ષરોની ગણના કરીએ ત્યારે અર્ધાક્ષરોની ગણના વગર માત્ર અક્ષરોની સંખ્યા તેવીસ થાય છે, છતાં ત્યાં અર્ધમાત્રાને ગુરુગમ્ય માની 'ચોવીસ અક્ષરવાળો આ મંત્ર છે' એમ કહેવાય છે. પછી ત્રણ વ્યાહૃતિઓ કે સાત વ્યાહૃતિઓ તથા ચોથા પાદરૂપ શિરોમંત્રને પણ તેની સાથે જપવાનું વિધાન છે અને પ્રણવ તો સાથે હોય જ. એટલે આ મંત્રના અક્ષરોની સંખ્યા વધી જાય છે.[૩] સમસ્ત વેદાદિ-શાસ્ત્રોનો સાર ગાયત્રીમાં વિરાજમાન હોવાથી તે સૌથી વધી જાય છે અને આવા મહિમાને લીધે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે: બીજા અનુષ્ઠાનો હોય કે ન હોય પણ માત્ર ગાયત્રીના અનુષ્ઠાનથી દ્વિજ કૃતકૃત્ય થાય છે.[૪]

---

(२) आविंशत्यक्षरान्मन्त्रा मालामन्त्रा इति स्मृताः । અને अन्तिमे वयसि प्राहुर्मालामन्त्रान् फलप्रदान् ॥મંત્રવ્યાકરણ.

(३) प्रणवाद्या व्याहृतय. सप्त स्युः सत्पदादिना । चतुर्विंशत्यक्षरात्मा गायत्री शिरसान्विता ॥२॥

—શારદાતિલક, ૨૧ મું પટલ

પ્રણવ–ૐ, ત્રિવ્યાહૃતિ–ભૂઃ, ભુવઃ, સ્વઃ, સપ્તવ્યાહૃતિ—પૂર્વોક્ત ત્રણ વ્યાહૃતિઓ સાથે મહઃ, જનઃ, તપઃ અને સત્યં. શિરોમંત્ર— ૐ आपो ज्योती रसोऽमृत ब्रह्मभूर्भुव स्वरोम् ।

(४) कुर्यादन्यत्र वा कुर्यादनुष्ठानादिकं तथा । गायत्रीमात्रनिष्ठस्तु कृतकृत्यो भवेद् द्विजः ॥१३॥ —કૂર્મપુરાણ

## ગાયત્રી-મંત્રની ઉપાસના :

સૃષ્ટિના આરંભકાળથી જ ગાયત્રીની ઉપાસના ચાલુ થઈ જવાથી અને મોટા-મોટા મહર્ષિઓ તેની ઉપાસનામાં તત્પર હોવાથી તેની ઉપાસના ઘણી જ વ્યાપક બની ગઈ છે. આજ સુધી ગાયત્રીની ઉપાસના અંગે હજારો ગ્રંથો લખાયા છે અને તેમાં લખાયેલાં વિધાનો કોઈ પણ અન્ય મંત્રના વિધિ-વિધાનો કરતાં ભારે વિસ્તારને પામ્યાં છે. વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વશિષ્ઠ અને કશ્યપ જેવા દિવ્ય મહર્ષિઓએ જેની ઉપાસનામાં પોતાનાં આયુષ્યને ખપાવ્યું હોય તે અંગે વિધાનોની ન્યૂનતા કેમ રહી શકે ? સામાન્ય રીતે ગાયત્રી ઉપાસનાનાં બે અંગો માની શકાય. પહેલું અંગ નિત્યકર્મનું છે, જેમાં ગાયત્રીનો જપ કરવો આવશ્યક છે અને તેનું કંઈ ખાસ ફળ નથી, પણ જો નિત્યકર્મ તરીકે ગાયત્રી જપ ન થાય તો પાપ અવશ્ય લાગે. એટલે करणे फलाभावोऽकरणे प्रत्यवायः એ નિત્યકર્મનો સિદ્ધાન્ત છે. બીજું અંગ છે કામ્યકર્મ. આમાં આપણે પોતાનાં ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે ગાયત્રીની ઉપાસના કરી તેને મેળવી શકીએ. આ રીતે ગાયત્રી-મંત્ર અન્ય મંત્રોની સમાનતામાં આવી જાય છે. આ બે અંગો ઉપરાંત આ મંત્રની એક વિશેષતા એ પણ છે કે આપણે જ્યારે કોઈ અન્ય કામ્ય-કર્મ માટે કોઈ અન્ય દેવ-દેવીઓના મંત્રની ઉપાસના કરવા તત્પર થઈએ, તેમાં પણ કાયિક, વાચિક અને માનસિક તૈયારી માટે પહેલાં ગાયત્રી-મંત્રના જપનું

વિધાન છે, તેથી સાધકની ઉપાસના સંબંધી યોગ્યતા વધે છે. જો એમ ન થાય તો શાસ્ત્રકારોના કથન અનુસાર નિષ્ફળતા સાંપડે છે.

આવી જુદી જુદી ઉપાસનાઓમાં સાધકને વૈદિક અથવા તાંત્રિક પદ્ધતિનો અથવા તો બંનેના મિશ્રિતરૂપનો આશ્રય લેવો પડે છે. શુદ્ધ વૈદિક ઉપાસનામાં પ્રાતઃસંધ્યાવંદનાદિ કર્મ કર્યા પછી પુરશ્ચરણાદિ[૫] ના સંકલ્પ પ્રમાણે દૈનિક જપ કરવો જોઈએ તથા ગાયત્રીદેવીનું ધ્યાનાવાહનાદિ ષોડશોપચાર પૂજન વગેરે કર્મો કરવાં જોઈએ. અહીં પુરશ્ચરણ અંગે થોડી સ્પષ્ટતા આ રીતે થઈ શકે છે :

પુરશ્ચરણ શબ્દની રચના પુરઃ (એટલે આગળ) અને ચરણ (એટલે ચાલવું) આ બે શબ્દો વડે થઈ છે. સાધના માટે આગળ વધવામાં અમુક ક્રિયાઓ કરાય તો સિદ્ધિ સરળતાથી મળી શકે. ચાલવાની ક્રિયામાં ગતિ, આગતિ અને સ્થિતિ આ ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. પુરશ્ચરણમાં આ ત્રણે બાબતોની આવશ્યકતા હોય છે. ગતિમાં જે દોષોની આગતિને રોકી ઉચિત શક્તિને પ્રસ્ફુટિત કરવા માટે યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરવા ઇચ્છનારે પુરશ્ચરણ કરવું જોઈએ. આ પુરશ્ચરણમાં (૧) નિત્યકર્મ સ્નાનાદિ; (૨) સન્ધ્યા, (૩) ગાયત્રી પૂજન-(જેનાં પ્રધાન અંગ પૂજા, કવચ, ન્યાસ, ધ્યાન, સ્તોત્ર પાઠ વગેરે આવે છે.) (૪) શાપ-

---

(૫) સામાન્ય રીતે સવા લક્ષ જપથી પુરશ્ચરણ થાય છે. વિશેષમાં મંત્રાક્ષર સંખ્યા પ્રમાણે પ્રત્યક્ષર લક્ષ મંત્રજપ કરવો જોઈએ.

મોચન, (૫) જપ, (૬) હવન–દશાંશ, (૭) તર્પણ, (૮) માર્જન, (૯) બ્રાહ્મણભોજન અને (૧૦) વિસર્જન વગેરે ક્રિયાઓનું વિભાજન થઇ શકે છે.[૬]

## ગાયત્રીની તાંત્રિક ઉપાસના :

તાંત્રિક ઉપાસનામાં રહેલા તંત્ર શબ્દ ઉપર ઘણા માણસોની ધારણા એવી છે કે આ કોઈ મેલી વિદ્યા છે, અથવા તો અમુક જાતના ટોટકા, જંતર–મંતર કે કોઇ સ્મશાન–સાધના જેવું કર્મ છે, પણ તે માત્ર ભ્રમ છે. શાસ્ત્રોમાં 'તંત્ર' શબ્દની વ્યાખ્યા વેદના અર્થમાં જ થઈ છે.[૭] અને શાસ્ત્રોના વિવિધ વિસ્તારને તંત્રની સંજ્ઞા આપી છે. તેથી ગાયત્રીની તાંત્રિક ઉપાસનામાં પણ 'મંત્ર–વિજ્ઞાન'માં પ્રદર્શિત માર્ગનો જ વિસ્તાર માનવો. સ્વામી પ્રત્યગાત્માનંદજીએ વધારે સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે–'તંત્રવિધાનમાં મંત્ર એ મુખ્યમંત્રી છે અને મંત્રનાં ચૈતન્ય માટે તથા સમર્થ વિનિયોગ માટે યંત્રોની પણ વિશેષ આવશ્યકતા રહે છે.[૮] ગાયત્રીની તાંત્રિક ઉપાસનામાં ઉપયોગી વિષયોની વિચારણા આ રીતે છે :—

---

(૬) पूजा त्रैकालिकी नित्यं जपस्तर्पणमेव च । होमं ब्राह्मणभुक्तिश्च पुरश्चरणमुच्यते ॥ —કુલાર્ણવતંત્ર

૭–श्रुतिश्च द्विविधा–वैदिकी तान्त्रिकी च । इति तन्त्राणामपि 'श्रुति:' इति व्यवहार: । —હારીતધર્મશાસ્ત્ર. वैदिकी तान्त्रिकी चैव, द्विविधा कीर्तिता श्रुतिः । કુલ્લૂક ભટ્ટ—મનુસ્મૃતિટીકા.

૮–तन्त्रविधानेषु मन्त्र एव मुख्यमन्त्री मन्त्राणां चैतन्योद्बोधनाय समर्थ–विनियोगाय च यन्त्राणामपि सविशेष उपयोग : । —અધ્યક્ષીય ભાષણ–વારાણસી

૧-આકૃતિ-આરાધનામાં મનની એકાગ્રતા માટે ઉપાસ્યદેવની આકૃતિ હોય તો તેથી સાધનામાં સરળતા આવી જાય છે. આ આકૃતિ માટે આપણે નિરાકાર અને સાકાર સ્વરૂપનું નિર્ધારણ કરી શકીએ. નિરાકારસ્વરૂપમાં માત્ર તેજોમય શક્તિનું ચિંતન થાય છે. સાકાર-ચિંતનમાં-

मुक्ताविद्रुमहेमनीलधवलच्छायैर्मुखैस्त्रीक्षणै-
र्युक्तामिन्दुनिबद्धरत्नमुकुटां तत्त्वात्मवर्णात्मिकाम् ।
गायत्रीं वरदाभयाङ्कुशकशाः शुभ्रं कपालं गदां,
शंखं चक्रमथारविन्दयुगलं हस्तैर्वहन्तीं भजे ॥

આ પદ્યના સંદર્ભનો આશ્રય ઉપયુક્ત હોય છે. જો યંત્રમયસ્વરુપનું ચિંતન કરવું હોય તો-મધ્યમાં ત્રિકોણ, પછી તેની બહાર ષટ્કોણ, તે પછી વલયપૂર્ણ અષ્ટદલ અને તે પછી વલયયુક્ત અઠ્ઠાવીસ દલોની રચના કરી તેમાં શાસ્ત્રોક્ત પદ્ધતિથી મંત્રાક્ષરો લખવા. આ રીતે તૈયાર થયેલા યંત્રની પ્રાણ-પ્રતિષ્ઠા કરી આરાધના કરવી જોઈએ.

૨-ધ્યાન-ગાયત્રીનું ધ્યાન કરતી વખતે ગાયત્રી-મંત્રના પ્રત્યેક વર્ણનું ધ્યાન અને તેની શક્તિઓનું ધ્યાન કરવામાં આવે છે. વર્ણધ્યાનમાં 'ગાયત્રી-પંચાંગ' વગેરેમાં સૂચવેલાં પદ્યોનું અવલંબન લેવું જોઈએ.

ઉદાહરણરૂપમાં તત્પદનું ધ્યાન આ રીતે છે.—

तत्कारं चम्पकापीतं ब्रह्म-विष्णु-शिवात्मकम् ।
शतपत्रासनारूढं ध्यायेत् सुस्थान-संस्थितम् ॥

ચંપાનાં પુષ્પ જેવું પીત, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપી, કમળ ઉપર વિરાજમાન્ એવું 'તત્' પદનું ધ્યાન કરવું. જો ગાયત્રીદેવીની શક્તિઓનું ધ્યાન કરવું હોય તો ઉપર સૂચવેલા ધ્યાન–પદ્યના આધારે અને—

पञ्चवक्त्रां दशभुजां सूर्यकोटिसमप्रभाम् ।
सावित्रीं ब्रह्मवरदां चन्द्रकोटिसुशीतलाम् ॥
त्रिनेत्रां सितवक्त्रां च मुक्ताहारविराजिताम् ।
वराभयांकुशकशा हेमपत्राक्षमालिकाः ॥
शंखचक्राब्जयुगलं कराभ्यां दधतीं पराम् ।
सितपंकजसंस्थां च हंसारूढां सुखस्मिताम् ॥
ध्यात्वैवं मानसाम्भोजे गायत्रीकवचं पठेत् ।

આ રીતે ધ્યાન કરી શકાય છે. વૈદિક ઉપાસનામાં ત્રિકાળ સંધ્યામાં ગાયત્રીનાં ત્રણ સ્વરૂપો માનવામાં આવે છે. તેમાં પ્રાતઃકાળમાં બ્રહ્માણી, મધ્યાહ્નમાં રુદ્રાણી અને સાંજના વખતે લક્ષ્મીનાં રૂપમાં હોય છે. તેની સાથે વેદ, ગોત્ર, વસન, આભરણ, વાહન વગેરે પણ બદલાઈ જાય છે, તે લક્ષ્યમાં રાખવાનું છે.

**૩–કવચ**–સાધકે પોતાની રક્ષા માટે કવચનો પાઠ કરવો જોઈએ. તે કવચ પોતાનાં અંગો ઉપર ભગવતીની શક્તિઓ વડે આચ્છાદન થાય છે, એમ ભાવના રાખવી. તે કવચ પણ ત્રણ પ્રકારનું છે. પદશક્તિમય, અક્ષર–શક્તિમય અને નામશક્તિમય. જેમકે—

१— तत्पदं पातु मे पादौ जंघे मे सवितुः पदम् ।
वरेण्यं कटिदेशं तु नाभिं भर्गस्तथैव च ॥ ઇત્યાદિ

२— तद्वर्णः पातु मूर्द्धानं सकारः पातु भालकम् ।
चक्षुषी मे विकारस्तु श्रोत्रे रक्षेत् तु कारकः ॥ ઇત્યાદિ

३— गायत्री पूर्वतः पातु सावित्री पातु दक्षिणे ।
ब्रह्मविद्या च मे पश्चादुत्तरे मां सरस्वती ॥ ઇત્યાદિ

આ શ્લોકો બોલતી વખતે તે તે અંગો ઉપર હાથ પણ મૂકી શકાય અથવા ભાવનાથી પણ ઉચિત વિધિ થાય છે. આચાર્યોએ કવચના અન્ય પ્રકારો પણ પ્રસ્તુત કર્યાં છે, પરંતુ વિસ્તારભયથી તે અહીં આપવામાં આવતા નથી.

૪—**ન્યાસ**—માનસિક દૃઢતા અને વિચારપુષ્ટિ માટે ગાયત્રી-ન્યાસની પણ આવશ્યકતા છે. તે પણ પદમય, અક્ષરમય, નામમય વગેરે ભેદોમાં પ્રાપ્ત થાય છે.

૫—**સ્તોત્ર**—ઉપાસ્ય દેવતાના અપૂર્વ મહિમાનું વાસ્તવિક સ્વરૂપ રજૂ કરતાં વિવિધ છંદ, અલંકાર અને કથાનકોને ધરાવતાં અસંખ્ય સ્તોત્રો ગાયત્રી દેવી ઉપર લખાયાં છે. તેમાંથી એક-બેનો પોતાની ઇચ્છા અને સમયની અનુકૂળતા પ્રમાણે સ્તોત્રપાઠ કરવો જોઈએ.[૯]

---

૯—આ નિબંધના લેખકે 'ગાયત્રી-લહરી' નામે સ્તુતિકાવ્યની રચના કરી છે, તેમાં ગાયત્રી-ઉપાસનાને લગતું ઘણું સાહિત્ય શિખરિણી છંદમાં આપ્યું છે.

૬-શાપ-મોચન-પુરાણોમાં ગાયત્રીના શાપને લગતી બે કથાઓ સંક્ષેપમાં આ રીતે મળે છેઃ-(૧) બ્રહ્માજીની પહેલી પત્ની સાવિત્રી પતિની આજ્ઞા હોવા છતાં એક યજ્ઞમાં સંમિલિત ન થઈ, ત્યારે બીજી પત્ની ગાયત્રીએ તેમની આજ્ઞાનુસાર યજ્ઞમાં સહયોગ આપ્યો. તેથી અસંતુષ્ટ થતાં સાવિત્રીએ ગાયત્રીને શાપ આપ્યો કે તારી શક્તિ નષ્ટ થશે. પછી દેવોના અનુનય-વિનયથી પ્રસન્ન થઈ સાવિત્રીએ શાપોદ્ધાર મંત્ર આપ્યો.

(૨) એક વાર બ્રહ્મા, વશિષ્ટ અને વિશ્વામિત્ર એ ત્રણે વ્યક્તિઓએ પોત-પોતાની સ્વતંત્ર સૃષ્ટિ ચલાવવા માટે ગાયત્રી દેવીની ઉપાસના કરી, છતાં ગાયત્રી દેવીએ સૃષ્ટિ રચવાનું સામર્થ્ય તેમને આપ્યું નહિ, તેથી રુષ્ટ થઈને તેમણે શાપ આપ્યો અને પછી દેવોની પ્રાર્થનાનુસાર શાપ-વિમોચનનો ઉપયોગ દર્શાવ્યો.

આ રીતે શાપવિમોચન મંત્રોનો પ્રથમ જપ કરવાથી ગાયત્રીજપ શીઘ્ર ફળદાયી નીવડે છે. શાપો-દ્ધાર માટે મંત્ર નીચે પ્રમાણે હોય છે :

ॐ यद्ब्रह्मेति ब्रह्मविदो विदुस्त्वां पश्यन्ति धीराः ।
सुमनसो वा गायत्रि त्वं ब्रह्मशापाद्विमुक्ता भव ॥

૭-હવન-હોમનો વિધિ પ્રાયઃ પ્રસિદ્ધ છે. (૮-૯) તેમજ તર્પણ અને માર્જન પણ તેનાં જ અંગો છે.

૧૦-મુદ્રા-ગાયત્રીજપની પહેલાં અને પછી કેટલીક મુદ્રાઓનું પ્રદર્શન આવશ્યક ગણાય છે. આ મુદ્રાઓ જપની પહેલાં ૨૪ પ્રકારની કરવામાં આવે છે. તેમનાં નામો આ રીતે છે: ૧-સુમુખ, ૨-સંપુટ, ૩-વિતત, ૪-વિસ્તૃત, ૫-દ્વિમુખ, ૬-ત્રિમુખ, ૭-ચતુર્મુખ, ૮-પંચમુખ, ૯-ષણ્મુખ, ૧૦-અધોમુખ, ૧૧-વ્યાપકાંજલિ, ૧૨-શકટ, ૧૩-યમપાશ, ૧૪-ગ્રંથિત, ૧૫-ઉન્મુખોન્મુખ, ૧૬-પ્રલંબ, ૧૭-મુષ્ટિક, ૧૮-મત્સ્ય, ૧૯-કૂર્મ, ૨૦-વરાહ, ૨૧-સિંહાક્રાન્ત, ૨૨-મહાક્રાન્ત, ૨૩-મુદ્દગર અને ૨૪-પલ્લવ.

તેમજ જપ કરી રહ્યા પછી ૧-સુરભિ, ૨-જ્ઞાન ૩-વૈરાગ્ય, ૪-યોનિ, ૫-શંખ, ૬-પંકજ, ૭-લિંગ અને ૮-નિર્વાણ, આ આઠ મુદ્રાઓ કરવી જોઈએ. શાસ્ત્રોમાં કહ્યું છે કે જે સાધક આ મુદ્રાઓને જાણતો નથી, તેનો જપ નિષ્ફળ થાય છે.

**અન્ય ઉપાંગો**-ગાયત્રીની સાધનાનો વિસ્તાર વધારે હોવાથી તેમાં અષ્ટોત્તરશતનામ, સહસ્રનામ, ગાયત્રીહૃદય, ગાયત્રી-પંજર, ગાયત્રી આગ્નેયાસ્ત્ર, ગાયત્રી રામાયણ અને ગાયત્રીયોગ વગેરેનું પણ વિધાન છે.

## ગાયત્રી નામની મહત્તા :

ગાયત્રી મંત્રની એટલી મહત્તા હોવાને લીધે વૈદિક અને જૈન-બૌદ્ધાદિ અન્ય ધર્મોમાં પણ અનેકવિધ ગાયત્રી

મંત્રોનું પ્રચલન થયું છે. ગાયત્રીના ૨૪ અક્ષરોમાં ચોવીસ દેવતાઓનો નિવાસ છે. તે આ રીતે :—૧–ગણેશ, ૨–નૃસિંહ, ૩–વિષ્ણુ, ૪–શિવ, ૫–કૃષ્ણ, ૬–રાધા, ૭–લક્ષ્મી, ૮–અગ્નિ, ૯–ઇન્દ્ર, ૧૦–સરસ્વતી, ૧૧–દુર્ગા, ૧૨–હનુમાન, ૧૩–પૃથ્વી, ૧૪–સૂર્ય, ૧૫–રામ, ૧૬–સીતા, ૧૭–ચંદ્ર, ૧૮–યમ, ૧૯–બ્રહ્મા, ૨૦–વરુણ, ૨૧–નારાયણ, ૨૨–હયગ્રીવ, ૨૩–હંસ તથા ૨૪–તુલસી. આ દેવી–દેવતાઓના જુદા જુદા ગાયત્રી-મંત્રોની રચના પણ મળે છે. જેમકે–ॐ एकदंष्ट्राय विद्महे, वक्रतुण्डाय धीमहि । तन्नो दन्ती प्रचोदयात् । આ રીતે બધા દેવોના ગાયત્રીમંત્રોનાં ત્રણ પદો હોય છે અને તેમાં विद्महे, धीमहि અને प्रचोदयात् આ ત્રણે પદો અવશ્ય રહે છે. અન્ય દેવતાઓની ગાયત્રીરચના પણ આ રીતે જ થઈ શકે છે. જૈન–ગાયત્રી, પદ્માવતીગાયત્રી, ભૈરવગાયત્રી વગેરેમાં પણ આવી જ રીતિનો ઉપયોગ થાય છે. શ્રીવિદ્યાના પંચદ-શાક્ષરી મંત્ર અને ષોડશાક્ષરી મંત્રોમાં રહેલા વર્ણોનો અર્થ ગાયત્રી–મંત્ર જેવો છે. એટલે આ પરથી આપણે ગાયત્રી મંત્રની મહત્તાનું મૂલ્યાંકન કરી શકીએ.

## ગાયત્રી અને ગુહ્યતંત્ર :

શારદાતિલકના એકવીશમા પટલમાં ગાયત્રી–મંત્ર વડે વિવિધ તાંત્રિક સાધનાઓ–જેમકે–ગ્રહશાંતિ માટે દૂધવાળા વૃક્ષોની સમિધા વડે હવન, સર્વદોષ શાંતિ માટે જલ વડે તર્પણ, અભિચાર શાંતિ માટે પંચગવ્ય સાથે સમિધાનું હવન; પૃથ્વીમાં ખાડો કરી તેમાં ત્રિશૂલ અને મંત્ર લખી

દાટવાથી સર્વવિધ શાંતિ, અભિષેક, સ્મૃતિવૃદ્ધિ, રોગનિવારણ, જ્વરનાશન, ધનપ્રાપ્તિ, તેમજ મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ આદિ પ્રયોગોનું વિધાન મળે છે.

ઉપસંહાર :

ગાયત્રી મંત્રનો મહિમા જેણે અનુભવ્યો હોય તેવા મહાપુરુષોમાં મહામના મદનમોહન માલવીય, સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય ટિળક, સ્વામી દયાનંદ, સ્વામી રામતીર્થ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, યોગી અરવિંદ વગેરનું નામ પ્રથમ કોટિમાં આવે છે. મદનમોહન માલવીયજીએ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરતા પહેલાં ત્યાં ચોવીસ લક્ષ ગાયત્રીનું પુરશ્ચરણ કરાવ્યું હતું અને તેનો વિશ્વવિખ્યાત પ્રભાવ આજે આપણી સામે છે. તાત્પર્ય કે ગાયત્રી મંત્ર પરમ પવિત્ર અને અખિલ આગમ-નિગમનો સાર છે.

वर्णास्त्रां कुण्डिकाहस्तां शुद्धनिर्मलतैजसाम् ॥
सर्वतत्त्वमयीं वन्दे गायत्रीं वेदमातरम् ॥

—:o:—

[ ૪ ]

# મંત્રસાધના માટે આસન, સ્થાન, માલા વગેરેની વિચારણા

લે. શ્રી જેઠાલાલ ત્રિવેદી બી. એ. સાહિત્યમાર્તંડ

મંત્રસાધના કરનારે મંત્રસિદ્ધિ માટે અનેક તાંત્રિક રહસ્યો જાણી લેવાં પડે છે. તેવાં રહસ્યો તથા વિધિ–વિધાન જાણ્યા વગર કરેલી સાધના ઝટ ફળદાયી બનતી નથી. આસન, વસ્ત્ર, માળા વગેરેની વિધિ મંત્રસાધકે કાળજીથી અનુસરવી પડે છે. એટલે તે વિષે જાણવા જેવી માહિતી અત્રે સંક્ષેપમાં રજૂ કરવામાં આવી છે.

મંત્રસાધકે આસનનો ખાસ વિચાર કરવાનો છે. જે મંત્રો ઊભા રહીને અગર બીજી વિશિષ્ટ દેહભંગીથી જપવાના હોય તે સિવાયના મંત્રોના સામાન્ય જાપ માટે આસનનો વિચાર આવશ્યક બને છે.

## આસન

આસન શીર્ષક તળે સાધકનો દેહ–આધાર સાધના

વખતે કેવી રીતે ગોઠવવો તેનો તથા બેસવા માટેના પ્રસ્તરણ-પાથરણાનો વિચાર કરવો પડે તેમ છે. આસનો વિષે યોગ-શાસ્ત્રમાં-હઠયોગની સાધનામાં ૮૪ આસનોનો ઉલ્લેખ થાય છે. તેમાં સ્વસ્તિકાસન, પદ્માસન, વીરાસન, સિદ્ધાસન વગેરે જાણીતાં છે. મંત્રસાધકે આવું કોઈ આસન સિદ્ધ કર્યું હોય તો તે જ આસનથી સાધનામાં બેસવું.

આવા કોઈ આસનથી દેહને કષ્ટ થાય તો તે સાધનામાં બાધક નીવડે છે. તે માટે કોઈ ખાસ આસન સિદ્ધ ન કર્યું હોય તે પદ્માસન વાળીને બેસે તો ચાલી શકે. તે ન બને તો સ્વસ્તિકાસન અથવા સુખાસન કે પલાંઠી વાળીને બેસવું હિતકર છે. આસન એવું પસંદ કરવું કે મનની એકાગ્રતા સરળતાથી પ્રાપ્ત થઈ શકે. આસન સ્થિર, નીરોગ અને અંગોનું લાઘવ ઉત્પન્ન કરે એવું હોવું જોઈએ.

સાધકે ધરતી ઉપર બેસવું ન જોઈએ. લાકડાની સુંવાળી પાટ, પાટલો લઈ તે ઉપર મનને ઉદ્વેગ ન થાય તેવું કુશ (દર્ભ), કંબલ, મૃગચર્મ કે ઊનનું પ્રસ્તરણ (આસન) બીછાવીને બેસવું. આસન મૂકતી વખતે ત્યાં જળથી કે કુંકુમથી ત્રિકોણ કરવો અને પછી ૐ હ્રીં આધારશક્તિકમલासनाय नमः । એમ બોલી આધારશક્તિનું પૂજન કરવું.

વસ્ત્રનું આસન તંત્રશાસ્ત્રમાં હીન ગણેલું છે. જુઓઃ-

वस्त्रासने च दारिद्रं पाषाणे व्याधिपीडनम् ॥

કપડાનું તથા પથ્થરનું આસન કોઈ દિવસ પસંદ કરવું નહિ. આસન વગર બેસીને, સૂતાં સૂતાં કે ચાલતાં ચાલતાં

જપ કરવાનો સામાન્ય રીતે નિષેધ કરેલો છે. મંત્રસિદ્ધિ પ્રાપ્ત થયા પછી આ નિષેધ સિદ્ધોને નડતો નથી.

મન તથા ઇન્દ્રિયોને પ્રસન્ન તથા સ્વાયત્ત કરી સામાન્ય રીતે આસન ઉપર સાધકે પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસવું. આસન ઉપર ટટ્ટાર, કરોડરજ્જુ સીધું રહે તે રીતે બેસવું. અને દૃષ્ટિ નાકની અણીના અગ્ર ભાગ ઉપર રાખવી. તંત્ર-ગ્રંથોમાં જપ કરતી વખતે બેસવાની દિશાનું વિશિષ્ટ ફળ પણ કહેલું છે. શિવપુરાણમાં કહ્યું છે કે, પૂર્વાભિમુખ કરેલો જપ વશીકરણમાં અને દક્ષિણાભિમુખ જપ અભિચાર-કર્મમાં ઝટ સફળતા આપનારો છે. પશ્ચિમાભિમુખ જપ ધનપ્રાપ્તિ કરાવનાર અને ઉત્તરાભિમુખ જપ શાન્તિદાયક છે. સાધકે આ વિધાન ખ્યાલમાં રાખીને જપ કરતી વખતે બેસવાની દિશાની પસંદગી કરવી જોઈએ.

## વસ્ત્રાદિક

સાધકે શ્વેત સ્વચ્છ વસ્ત્ર સામાન્ય રીતે પસંદ કરવાં ઇષ્ટ ગણાય. કોઈ ખાસ સાધના અંગે રક્ત વસ્ત્ર કે પુષ્પની માળા કહેલી હોય તો તે પ્રમાણે અનુસરવું. શીવેલું અંગરખું, ટોપી, પાઘડી, વગેરે ધારણ કરવાં નહિ. ખભે ઉપવસ્ત્ર રાખવું. નગ્ન બનીને, ગળે કપડું લપેટીને કે અશુદ્ધ શરીરે જપ કરવા બેસવું નહિ. સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, દેવતા તથા બીજા શ્રેષ્ઠ પુરુષોની હાજરીમાં તેમની તરફ પીઠ કરીને જપ કરવા નહિ.

જપ કરતી વખતે ક્રોધ, મદ, છીંકવું, થૂંકવું, બગાસું

ખાવું વગેરેનો નિષેધ છે. છતાં તેવો પ્રકાર બની જાય તો આચમન કરવું અથવા પાર્વતીસહિત શિવનું સ્મરણ કરવું કે ગ્રહનક્ષત્રનાં દર્શન કરવાં, અગર તો પ્રાણાયામ કરવો. સવારી અગર ખાટલા પર બેસીને કે ચિંતાથી વ્યાકુલ મને જપ કરવા નહિ.

## સ્થાન

જપ કરવાનું સ્થાન પવિત્ર, શાંત અને ચિત્તને પ્રસન્નતા આપે તેવું હોવું જોઈએ. નદીકાંઠો, શિવાલય, બાગ, ગોશાળા વગેરે સ્થાનો જપ માટે પ્રશસ્ત ગણાય છે. જળમાં ઊભા રહીને જપ કરવાના પ્રયોગો પણ હોય છે. તીર્થસ્થાન જપ માટે ઉત્તમ ગણાય છે. પણ ત્યાં શાંત સ્થાન પ્રાપ્ત થાય તો જ ઈષ્ટાર્થ સિદ્ધ થાય.

શિવજી કહે છે કે, ઘરમાં કરેલો જપ એક ગણું ફળ આપે છે, પણ ગોશાળામાં કરેલા જપનું ફળ સો ગણું, પવિત્ર વન કે ઉદ્યાનમાં કરેલા જપનું ફળ હજારગણું, પવિત્ર પર્વત ઉપરના જપનું ફળ દશ હજારગણું, નદીતટ પરના જપનું ફળ લાખ ગણું, દેવાલયમાં કરેલા જપનું ફળ કરોડ ગણું અને શિવની સમક્ષ કરેલા જપનું ફળ અનંતગણું થાય છે.

## જપમાળા

**સંસ્કાર:**– માળા એ મંત્રજાપનું મહત્ત્વનું સાધન છે. જપ કરવાની માળા જો નવીન હોય તો તેને સંસ્કાર કરવો જોઈએ. તે માટે માળાને એક તરભાણીમાં પિપળાનાં પાન

ઉપર પધરાવી ૐ નમઃ શિવાય । અથવા ૐ નમો ભગવતે રુદ્રાય । એ બેમાંથી ગમે તે એક મંત્ર તથા ગાયત્રી મંત્ર કે પોતાને ઇષ્ટ મંત્ર બોલી તેને (માળાને) ગોમૂત્ર, ગોમય, ગાયનું દૂધ, ગાયનું દહીં અને ગાયનું ઘી એ પાંચ વસ્તુઓ વડે નવડાવવી. પછી તેજ મંત્ર બોલી માળાને શુદ્ધ જળથી નવડાવવી. પછી अस्मिन् रुद्राक्षे,श्री उमायुतं शिवं आवाहयामि । એમ બોલી તે માળાના મેરુ ઉપર એટલે સૌના ઉપરના ૧૦૯મા મોટા મણકા ઉપર કુંકુમ અને પુષ્પ ચઢાવી તેમાં રુદ્રનો વાસ થયાની ભાવના કરવી.

**પૂજનઃ**—રોજના જપ કરતી વખતે પણ માળાનું પૂજન પ્રથમ કર્યા બાદ જપની શરુઆત કરવી જોઈએ. માળાની રોજની પૂજા માટે ૐ सिध्यै नमः । એમ બોલી માળાના મેરુ ઉપર કુમકુમ, પુષ્પ વગેરે ચઢાવી હાથ જોડી નમસ્કાર કરવા.

માળાને પૃથ્વી ઉપર મૂકવી નહિ, પૃથ્વીને અડકાડવી પણ નહિ. તેમ કરવાથી ફળની સિદ્ધિ ન થતાં દેવતા કોપ પામે છે, પૂજન કર્યા પછી માળાને પોતાના મસ્તકે ચઢાવી બે હાથ જોડી, ૐ मां माले महामाये सर्वशक्तिस्वरूपिणी । चतुर्वर्गस्त्वयि न्यस्तस्मान्मां सिद्धिदा भव । એવી પ્રાર્થના કરી ઇષ્ટ દેવતાને નમસ્કાર કરી જપ કરવા.

## જપમાળા માટેના આવશ્યક નિયમો

(૧) માળાના મણકા ૧૦૮ હોય છે, પણ જપની સંખ્યા ગણવામાં એક માળાના ૧૦૦ જપ ગણવામાં આવે

છે. ઉપરની આઠની સંખ્યાના જપ થાય છે, પણ તે ગણત્રીમાં લેવાતા નથી.

(૨) માળા એકથી વધુ વખત ફેરવવી પડે ત્યારે મણુકા પૂરા થતાં મેરુનું ઉલ્લંઘન ન કરતાં છેલ્લા મણુકાનો જપ પૂરો કરી માળા પાછી ફેરવી છેલ્લા મણુકાને જ બીજી માળાનો પહેલો મણુકો ગણી બીજી માળા ફેરવવી. મેરુનું ઉલ્લંઘન કરી આગળ જવું નહિ.

(૩) જપ કરતી વખતે માળા ખૂલ્લી રાખવામાં આવતી નથી. માળાને ગૌમુખીમાં રાખીને જ જપ થાય છે. ગૌમુખી ન હોય તો જપ કરતી વખતે માળા ઉપર સ્વચ્છ વસ્ત્રનો ટૂકડો ઢાંકવામાં આવે છે.

ખૂલ્લી માળા ફેરવવી તે અશાસ્ત્રીય છે. તંત્રશાસ્ત્ર કહે છે : 'मालां च पुस्तकं चैव गुरोरपि न दर्शयेत् ।' માળા ગુરુને પણ બતાવવાની મના છે, તો પછી બીજાને તો બતાવી જ શી રીતે શકાય ?

(૪) માળા ફેરવતી વખતે પ્રાતઃકાળે નાભિ ઉપર હાથ રાખીને, મધ્યાહ્નને હૃદય આગળ હાથ રાખીને અને સંધ્યાકાળે મુખ આગળ હાથ રાખીને જપ કરવામાં આવે છે. તેમ ન જ બને તો સામાન્ય રીતે હૃદય આગળ હાથ રાખીને માળા ફેરવવી જોઈએ.

(૫) માળા અનામિકા, મધ્યમા અને અંગૂઠા વડે તર્જનીનો સ્પર્શ કર્યા વગર ફેરવવી જોઈએ.

(૬) માળા જપતી વખતે ઉતાવળ કરવી નહિ. મણુકા

ફેરવતી વખતે અવાજ ન થાય તથા માળા ગૂંચવાઈ ન જાય કે હાથમાંથી પડી ન જાય તેની જપ કરનારે કાળજી રાખવી જોઈએ.

(૭) નિત્યના સામાન્ય જાપમાં જપમાળા ન હોય તો ચાલે. તેવે પ્રસંગે કરમાળાથી જપ કરી શકાય છે. પણ **કામ્ય જપમાં** એટલે કામના માટેના અનુષ્ઠાનપ્રયોગ વગેરેમાં જપમાળા આવશ્યક છે.

## માળાની બનાવટ

જપ કરવાની માળા તેમજ ગળામાં પહેરવાની માળા જો રુદ્રાક્ષની હોય તો ઉત્તમ જાણવી. તેના અભાવે સ્ફટિક, સુવર્ણ, મોતી, મણિ, તુલસી વગેરેની માળાઓ વાપરી શકાય છે. શિવપુરાણમાં જપ કરવાની માળાઓ તથા આંગળીઓ વગેરેના જપનું મહત્ત્વ ક્રમવાર બતાવેલું છે, તે ધ્યાનપાત્ર છે.

આંગળીથી જપની ગણત્રી કરવાથી એકગણું ફળ મળે છે, રેખાથી જપની ગણત્રી કરવાથી આઠગણું ફળ મળે છે, પુત્રજીવક (જિયાપોતા) નાં બીજની માળાથી ગણત્રી કરવાથી જપનું દસગણું અધિક ફળ મળે છે. શંખના મણકાથી સોગણું, મૂંગાઓથી હજારગણું, સ્ફટિકની માળાથી દશહજારગણું, મોતીની માળાથી લાખગણું, પદ્માક્ષથી દશ લાખ ગણું અને સોનાના મણકાની માળાથી જપનું કરોડગણું અધિક ફળ મળે છે. પણ કુશ (દર્ભ) ની ગાંઠથી તથા રુદ્રાક્ષથી જપની ગણત્રી કરતાં અનંતગણું અધિક ફળ મળે છે.

ત્રીસ રુદ્રાક્ષના મણકાની બનાવેલી માળા જપકર્મમાં ધન આપનારી ગણાય છે. સત્તાવીસ મણકાની માળા પુષ્ટિ-દાયિની તથા પચીસ મણકાની માળા મુક્તિદાયિની ગણાય છે. પંદર રુદ્રાક્ષ વડે બનેલી માળા અભિચાર કર્મમાં ફલદાયી નીવડે છે. એકસો આઠ મણકાની માળા ઉત્તમોત્તમ ગણાય છે. સો મણકાની માળા ઉત્તમ અને પચાસ મણકાની માળા મધ્યમ ગણાય છે. ચોપન મણકાની માળા મનોહર અને શ્રેષ્ઠ કહેવાય છે.

## જપના પ્રકાર

મંત્રશાસ્ત્ર અનુસાર જપના મુખ્ય ત્રણ અને બીજા બે મળી કુલ પાંચ પ્રકાર ગણવામાં આવે છે. જપ કરનારે જપના આ પ્રકારો તથા તેની ફલશ્રુતિ ખાસ સમજવા જેવી છે.

જપના મુખ્ય ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે: (૧) માનસ જપ, (૨) ઉપાંશુ જપ અને (૩) વાચિક જપ. આમાં વાચિક જપ સૌથી કનિષ્ઠ ગણાય છે. આ ત્રણે પ્રકારોની સમજૂતી હવે બતાવવામાં આવે છે.

**માનસ જપ** :-જે જપમાં મંત્રની અક્ષરપંક્તિનું, એક વર્ણથી બીજા વર્ણનું, એક પદથી બીજા પદનું તથા શબ્દ અને અર્થનું મન દ્વારા વારંવાર માત્ર ચિંતન થાય છે, તે માનસ જપ કહેવાય છે. સાધનાની ઉચ્ચ કોટિએ આ જાતના જપમાં સાધક રત થાય છે.

**ઉપાંશુ જપ**:—જે જપમાં માત્ર જીભ હાલે છે અથવા તો એવા ધીમા સ્વરથી અક્ષરો ઉચ્ચારવામાં આવે છે કે, તે બીજા સાંભળી શકતા નથી, તેને ઉપાંશુ જપ કહે છે. ઉપાંશુ જપ કરનાર પોતે મંત્રનો પ્રગટ ઉચ્ચાર કર્યા વગરજ મનથી તે સ્પષ્ટ સાંભળી શકે છે. આ જપને મધ્યમ પ્રકારના ગણવામાં આવે છે.

**વાચિક જપ** :—જપ કરનાર ઉંચા–નીચા સ્વરથી, સ્પષ્ટ તથા અસ્પષ્ટ પદ અને અક્ષરો સાથે મંત્રનો પ્રગટ વાચા દ્વારા પાઠ કરે છે, તેને વાચિક જપ કહે છે.

વાચિક જપ એકગણું ફળ આપે છે, ઉપાંશુ જપ સોગણું ફળ આપે છે અને માનસ જપનું ફળ સહસ્રગણું કહેલું છે. માટે સાધકે વાચિક જપ પરથી ઉપાંશુ તથા માનસ જપ ઉપર જવા પ્રયાસ કરવો જોઈએ.

**સગર્ભ જપ** :—પ્રાણાયામ સાથે જે જપ કરવામાં આવે છે, તેને સગર્ભ જપ કહે છે. તે માનસ જપ કરતાં પણ શ્રેષ્ઠ ગણાય છે.

**અગર્ભ જપ** :—પ્રાણાયામ વગરના જપને આ નામ આપવામાં આવે છે. પણ આ જપના પ્રારંભમાં તથા અંતમાં પ્રાણાયામ કરવાનું વિધાન કરેલું છે. પ્રાણાયામ અને મંત્રજપ એકબીજાનાં પૂરક બને તે ઇષ્ટ ગણાય છે.

## ઉપસંહાર

મંત્રશાસ્ત્રના શૈવ, બૌદ્ધ, જૈન, અઘોર એવા અનેક

સંપ્રદાયો છે. ઇસ્લામના પણ મંત્રો છે. તે બધાની સાધન-વિધિ એક સરખી ન જ હોય. છતાં મંત્રસાધકોને સામાન્ય રીતે માર્ગદર્શક થઈ પડે તેવી આસન, દિશા, વસ્ત્ર, માળા અને જપક્રિયા વિષે આવશ્યક માહિતી આ લેખમાં રજૂ કરી છે.

મંત્રશાસ્ત્રના પ્રયોગ મોટે ભાગે ગુરુગમ્ય છે. પણ યોગ્ય ગુરુ ન મળે ત્યાં સુધી હાથ જોડીને બેસી તો ન જ રહેવાય. સમજીને પુરુષાર્થ કરનારની દુર્ગતિ નથી થતી, એ કથન લક્ષમાં લઈને 'મંત્રવિજ્ઞાન' જેવા ગ્રંથોનું આયોજન થાય છે, તે અનેક જીજ્ઞાસુ સાધકોને માર્ગદર્શન અને પ્રેરણા આપશે એમાં શંકા નથી. આવી ભાવનાથી મંત્રશાસ્ત્રના નમ્ર ઉપાસક તરીકે આ સ્વલ્પ માહિતી રજૂ કરેલી છે.

[ ૫ ]

# મંત્રગ્રહણમાં વિધિ તથા નિષેધ

લે. ઠાકુર શ્રી રામસુમેરસિંહજી બી. એ.,

[ હિંદી પરથી અનુવાદિત ]

આ જડવાદના યુગમાં ઘણા માણસો તો મંત્રમાં વિશ્વાસ જ કરતા નથી. વિશ્વાસ કરનારાઓમાં તે લોકોની અધિકતા છે કે જેઓ કોઈ મંત્ર સિદ્ધ કરવા ઇચ્છતા નથી. કોઈક ગણીગાંઠી વ્યક્તિઓ આ માર્ગમાં અગ્રેસર થાય છે, પરંતુ અનેક કઠિનાઈઓના કારણે સફલ થતી નથી. વર્તમાન સમયમાં કદાચિત્ જ કોઈક મંત્રસિદ્ધ મહાપુરુષ મળશે. એમ તો નહિ કહી શકાય કે તેમનો સર્વથા અભાવ છે, પરંતુ તેમની સંખ્યા આંગળીઓ પર ગણી શકાય તેટલી છે. આ સંબંધમાં અસફલતાનું કારણ શ્રદ્ધાનો અભાવ છે. શ્રદ્ધા વિના કોઈ પણ મંત્ર સિદ્ધ થઈ શકતો નથી, તેથી મંત્રને સિદ્ધ કરવા માટે શ્રદ્ધા અત્યંત આવશ્યક છે.

યોગ્ય ગુરુની પાસે જ મંત્ર લેવો શ્રેયસ્કર છે. બ્રાહ્મણ ચારે વર્ણને મંત્ર આપી શકે છે. જે બ્રાહ્મણ જિતેન્દ્રિય,

સત્યવાદી, પ્રશાંત ચિત્ત અને પિતૃ-માતૃ હિતમાં રત હોય છે, તે જ ગુરુ થવાને યોગ્ય છે. જે મંત્રપ્રદાન કરી ઉદ્ધાર કરી શકે છે તથા અભિશાપ દ્વારા વિનાશ કરવામાં સમર્થ છે, તે જ શ્રેષ્ઠ સદ્ગૃહસ્થ બ્રાહ્મણ ગુરુના ગૌરવમય પદને સુશોભિત કરવા યોગ્ય છે. જે વ્યક્તિ ગુરુને મનુષ્ય, મંત્રને અક્ષર તથા દેવ-પ્રતિમાને શિલા સમજે છે, તેને ઘોર નરક પ્રાપ્ત થાય છે. જેના પર મહાદેવ રુષ્ટ થાય છે, તેની રક્ષા ગુરુ કરી શકે છે, પણ ગુરુદેવ કુપિત થતાં તેનો કોઈ નિસ્તાર નથી. ગૃહીત મંત્રનો પરિત્યાગ કરવાથી મૃત્યુ, ગુરુનો પરિત્યાગ કરવાથી દરિદ્રતા તથા ગુરુ અને મંત્ર બંનેનો ત્યાગ કરવાથી ઘોર નરક પ્રાપ્ત થાય છે.

મંત્ર લેવામાં વિશેષતા એ છે કે ઉદાસીન વ્યક્તિ ઉદાસીથી, વનસ્થ વનવાસીથી, યતિ યતિથી, ગૃહસ્થ ગૃહસ્થથી અને વૈષ્ણવ વૈષ્ણવથી મંત્ર ગ્રહણ કરે. ગૃહસ્થ કદી પણ ઉદાસીન કે સંન્યાસી આદિથી મંત્ર લે નહિ. પિત્રાદિથી મંત્ર ગ્રહણ કરવાનો નિષેધ છે. **યોગિનીતંત્ર**માં લખ્યું છે કે 'પિતા, માતામહ, કનિષ્ઠ સહોદર (નાનો ભાઇ) અને શત્રુપક્ષમાં રહેલી વ્યક્તિઓથી મંત્ર ગ્રહણ કરવો નહિ. **રુદ્રયામલ**માં લખ્યું છે કે 'પતિ પોતાની ભાર્યાને, પિતા પુત્ર તથા કન્યાને તથા ભાઈ ભાઈને મંત્ર આપે નહિ.' પતિ જો સિદ્ધ માંત્રિક હોય તો તે પત્નીને મંત્ર આપી શકે છે. પિત્રાદિ જો સિદ્ધ માંત્રિક હોય તો તેનાથી મંત્ર લેવામાં કોઈ દોષ નથી.'

કાલી, તારા, મહાદુર્ગા, ત્વરિતા, છિન્નમસ્તકા, વાગ્‌વાદિની, અન્નપૂર્ણા, પ્રત્યઙ્ગિરા, કામાખ્યાવાસિની, બાલા, માતંગી, શૈલવાસિની તથા કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ધૂમાવતી, બગલા, કમલા, છિન્નમસ્તકા તથા માતંગી એ દશ મહાવિદ્યાઓ છે. આ વિદ્યાનો મંત્ર લેતાં સિદ્ધાદિશોધન, નક્ષત્રાદિવિચાર, કાલાદિશુદ્ધિ અને અરિમિત્રાદિનો વિચાર કરવાનો હોતો નથી. આ દેવતાઓ સિદ્ધ વિદ્યા છે, તેથી એમનો મંત્ર લેવામાં કોઈ વિચારની આવશ્યકતા નથી. કેટલાકનો અભિપ્રાય એવો છે કે પ્રત્યેક મંત્ર વિચાર કરીને ગ્રહણ કરવો જોઈએ.

ચૈત્ર માસમાં મંત્ર લેવાથી સર્વ પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ, વૈશાખમાં રત્નલાભ, જ્યેષ્ઠમાં મરણ, અષાડમાં બંધુનાશ....આસોમાં રત્નલાભ, કાર્તિક અને માગસરમાં મંત્રસિદ્ધિ, પોષમાં શત્રુવૃદ્ધિ અને પીડા, માહમાં મેધાવૃદ્ધિ અને ફાગણમાં મંત્ર લેવાથી સર્વ પ્રકારના મનોરથો પૂર્ણ થાય છે. આ પ્રમાણે માસના ગુણાગુણનો વિચાર કરી મંત્ર ગ્રહણ કરવો. પરંતુ મંત્ર લેવામાં જો વિહિત માસ મલમાસ હોય તો મંત્ર લેવો નહિ, કારણ કે મલમાસમાં બધાં કાર્યનો નિષેધ બતાવેલો છે. ચૈત્ર માસમાં કેવલ ગોપાલમંત્ર જ લેવાય છે. અષાડમાં મંત્ર લેવાથી બંધુનાશ માત્ર શ્રીવિદ્યાના સંબંધમાં જ જાણવો. ×

---

× અહીં શ્રાવણ અને ભાદરવા માસનું ફળ બતાવેલું નથી. કદાચ લેખ છપાતી વખતે એ પંક્તિઓ રહી ગઈ હોય.

રવિવારે મંત્ર લેવાથી ધનલાભ, સોમવારે લેવાથી શાંતિ: અને મંગળવારે લેવાથી આયુષ્યનો ક્ષય થાય છે. બુધવારે મંત્ર ગ્રહણ કરવાથી સૌન્દર્યલાભ, ગુરુવારે ગ્રહણ કરવાથી જ્ઞાનવૃદ્ધિ, શુક્રવારે ગ્રહણ કરવાથી સૌભાગ્ય અને શનિવારે ગ્રહણ કરવાથી વંશની હાનિ થાય છે. તેથી રવિ, સોમ, બુધ, ગુરુ અને શુક્ર એ મંત્ર ગ્રહણ કરવા માટે પ્રશસ્ત વાર છે. કેવલ મંગલ અને શનિ પ્રશસ્ત નથી. આ બે દિવસોમાં મંત્ર લેવો નહિ. જે દિવસે અસ્વાધ્યાય હોય, તે દિવસે પણ મંત્ર લેવો નહિ. ઉત્તરાયણ અને દક્ષિણાયનાદિ સંક્રાંતિ દિને, ચંદ્ર-સૂર્યના ગ્રહણમાં, યુગાદ્યાતિથિ અને મન્વતરા તિથિમાં મંત્રગ્રહણ પ્રશસ્ત છે. મંત્રગ્રહણ માટે સૂર્યગ્રહણ જેવો કોઈ શુભ કાલ નથી. સૂર્ય અને ચંદ્ર બંનેના ગ્રહણકાલમાં મંત્ર લેવો શુભ છે. સોમવાર ને અમાવસ્યા, મંગળવાર ને ચતુર્દશી અને રવિવારે સાતમ આવતી હોય તો તે પર્વસમાન લેખાય છે. આ પર્વોમાં મંત્ર લેવો શુભ છે.

**યામલ**માં લખ્યું છે કે 'ગંગાદિ પુણ્યક્ષેત્રમાં, કુરુક્ષેત્રમાં, પ્રયાગમાં, કાશીક્ષેત્રમાં અથવા કોઇ પીઠસ્થાનમાં કાલાકાલ શુદ્ધિનું પ્રયોજન નથી. ગુરુ કૃપાપૂર્વક શિષ્યને બોલાવીને જો મંત્ર આપવા ઈચ્છતા હોય તો લગ્નાદિ કોઈ વિચાર કરવાનું પ્રયોજન નથી, કારણ કે એ સમયે સમસ્ત વાર, સમસ્ત તિથિ તથા સમસ્ત નક્ષત્ર શુભપ્રદ હોય છે. ગોશાલા, ગુરુગૃહ, દેવાલય, કાનન, પુણ્યક્ષેત્ર, ઉદ્યાન, નદી–

તીર, આંબળાના વૃક્ષની સમીપ, પર્વતાગ્ર, પર્વતગુફા તથા ગંગાતટ આ બધાં સ્થાનોમાં દીક્ષા ગ્રહણ કરવાથી કોટીગણું ફળ મળે છે. ગયા, ભાસ્કર ક્ષેત્ર, વિરજાતીર્થ, ચંદ્ર પર્વત, ચહગ્રામ, માતંગ દેશ તથા કન્યાગૃહ આ સર્વ સ્થાનોમાં મંત્રગ્રહણ કરવાનો નિષેધ છે.

અશ્વિની નક્ષત્રમાં મંત્ર લેવાથી શુભ, ભરણીમાં મરણ, કૃત્તિકામાં દુઃખ, રોહિણીમાં જ્ઞાનલાભ, મૃગશીર્ષમાં સુખ, આદ્રામાં બંધુનાશ, પુનર્વસુમાં ધન, પુષ્યમાં શત્રુનાશ, અશ્લેષામાં મૃત્યુ, મઘામાં દુઃખમોચન, પૂર્વફાલ્ગુનીમાં સૌન્દર્ય, ઉત્તરફાલ્ગુનીમાં જ્ઞાન, હસ્તમાં ધન, ચિત્રામાં જ્ઞાન–બુદ્ધિ, સ્વાતિમાં શત્રુનાશ, વિશાખામાં દુઃખ, અનુરાધામાં બંધુવૃદ્ધિ, જ્યેષ્ઠામાં સુતહાનિ, મૂળમાં કીર્તિવૃદ્ધિ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢામાં યશોવૃદ્ધિ, શ્રવણમાં દુઃખ, ધનિષ્ઠામાં દારિદ્ર, શતભિષામાં બુદ્ધિ, પૂર્વભાદ્રપદમાં સુખ તથા રેવતી નક્ષત્રમાં કીર્તિની વૃદ્ધિ થાય છે. રામમંત્રમાં આર્દ્રા અને કૃત્તિકાનો નિષેધ છે.

બહુ ધીમે મંત્રજપ કરવાથી બીમારી પેદા થાય છે અને અતિ શીઘ્રતાથી જપ કરતાં ધનહાનિ થાય છે. (તાત્પર્ય કે વિલંબિત અને દ્રુત એ બંને દોષો ટાળીને સમગતિએ મંત્રજપ કરવો.)

બધા મંત્રોમાં વિધિ અને નિષેધ છે, કેવલ ભગવાનનું નામ જ એવો મંત્ર છે કે જેમાં કોઈ વિધિ તથા નિષેધ નથી.

# સહુએ અવશ્ય સંઘરવા જેવા

## ગણિત સંબંધી ત્રણ સુંદર ગ્રંથો

### જેમાં

ગણિતની ગેબી સૃષ્ટિનો ભેદ સુંદર રીતે ખોલવામાં આવ્યો છે તથા અનેક પ્રકારના ચમત્કારિક પ્રયોગો અને ઉપયોગી બાબતોનો સંગ્રહ આપવામા આવ્યો છે. વિશેષમાં બુદ્ધિને કસે તેવા વિશ્વભરના ચૂંટી કાઢેલા કોયડાઓનો ઉત્તમ સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે. પત્રોએ તથા વિદ્વાનોએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરેલી છે.

**આ ગ્રંથોની રચના**

જાણીતા લેખક તથા સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક

ગણિતદિનમણિ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહે**

ઘણા અનુભવ પછી સુગમ શૈલીમાં કરેલી છે.

* * *

**આખો સેટ રૂપિયા પંદરમાં જ મળે છે.**

તે આજે જ વસાવી લો.

દરેક ગ્રંથનુ છૂટક મૂલ્ય રૂપિયા પાંચ છે.

પ્રાપ્તિસ્થાન :

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ–૯.

**વિશેષ વિગત માટે હવે પછીનાં પૃષ્ઠો જુઓ.**

ગુજરાત રાજયના શિક્ષણખાતા તરફથી આ પુસ્તકોની અધ્યાપનમંદિરો, વાણિજ્યમહાવિદ્યાલયો, વિજ્ઞાનમહાવિદ્યાલયો અને પ્રૌઢો માટેના વાંચનાલયોને માટે ખાસ ભલામણ થયેલી છે.

## ૧ ગણિત-ચમત્કાર

સુધારા-વધારા સાથેની બીજી આવૃત્તિ.

ઊંચા મેપલીથો કાગળ, પૃ. ૨૧૬, પાકું બાઇન્ડીંગ.

મૂલ્ય રૂ. ૫-૦૦, રજી. પોસ્ટનો ખર્ચ રૂ. ૧-૧૦.

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે :—

### ખંડ પહેલો


૧ આઠ અંકની કરામત
૨ નવ અંકની કરામત
૩ સંખ્યાઓનું બંધારણ
૪ ચમત્કારિક સંખ્યાઓ
૫ સંખ્યાના પીરામીડ
૬ સરવાળાની કેટલીક રીતો
૭ બાદબાકીનો તાળો
૮ ગુણાકારની વિરાટ્ શક્તિ
૯ ગુણાકારની બે અનોખી રીતો
૧૦ ગુણાકારના કેટલાક પ્રયોગો
૧૧ ભાગાકારની વિશેષતા
૧૨ ભાગાકારની પૂર્તિ
૧૩ સર્વતોભદ્ર યંત્રો
૧૪ મનનો ધારેલો આંક કહેનારાં યંત્રો
૧૫ સિદ્ધાંકના ત્રણ પ્રયોગો
૧૬ ગંજીફાના ચાર પ્રયોગો
૧૭ દશ ચમત્કારિક પ્રયોગો
૧૮ અંક-વિનોદ


### ખંડ બીજો


૧ ગણિતજ્ઞાનની પૂર્તિ કરનારા સો કોયડાઓ
૨ ઉત્તરો


આ પુસ્તક માટે વિદ્વાનોએ ઘણો ઊંચો અભિપ્રાય આપેલો

# ૨ ગણિત-રહસ્ય

[ બીજી આવૃત્તિ ]

ઊંચા મેપલીથો કાગળ, પૃ. ૨૨૪, પાકું બાઈન્ડીંગ.

મૂલ્ય રૂ. ૫-૦૦, રજી. પોસ્ટનો ખર્ચ રૂ. ૧-૧૦.

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે :—


૧ આમુખ
૨ અંકસ્થાન
૩ શૂન્યનુ સામર્થ્ય
૪ ગણિતની વિશિષ્ટ પ્રજ્ઞા
૫ મોટી સંખ્યાઓ યાદ રાખવાની રીત
૬ અંકસ્મૃતિનો એક વિલક્ષણ પ્રયોગ
૭ સંખ્યાનો ચમત્કાર
૮ એકી-બેકીના આકર્ષક પ્રયોગો
૯ સમફરક સંખ્યાઓનો સરવાળો
૧૧ ત્રણ ક્રમિક સંખ્યાઓનું શોધન
૧૨ ઉત્તરની અચૂક આગાહી
૧૩ હજાર વિકલ્પોનો એક જ ઉત્તર
૧૪ ધારેલો પ્રશ્ન કહેવાની રીત
૧૫ પ્રકીર્ણ પાચ પ્રયોગો
કોયડાઓ
ઉત્તરો


આ ગ્રંથની પ્રસ્તાવના ભારત સરકારના માહિતી અને આકાશ-વાણી ખાતાના પ્રધાન **શ્રીમાન્ કે. કે. શાહે** લખેલી છે. ભારતના નાયબ વડાપ્રધાન સન્માનનીય **શ્રી મોરારજી દેસાઈ** આદિ અનેક મહાનુભાવોએ આ ગ્રંથ માટે ઊંચો અભિપ્રાય દર્શાવેલો છે.

## ૩ ગણિત–સિદ્ધિ

[બીજી આવૃત્તિ]

ઊંચા મેપલીથો કાગળ, પૃ. ૨૧૨, પાકું બાઈન્ડીંગ.

મૂલ્ય રૂ. ૫–૦૦, રજી. પોસ્ટનો ખર્ચ રૂ. ૧–૧૦.

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામા આવ્યાં છે:—

૧ ઉપક્રમ
૨ દશનો પાયો
૩ સરવાળાની પ્રાચીન અને આધુનિક પદ્ધતિ
૪ સરવાળામાં ઝડપ કેમ આવે?
૫ સરવાળાની ટૂંકી અને સહેલી રીતો
૬ સરવાળાની ચકાસણી
૭ સરવાળાનો એક સુંદર પ્રયોગ
૮ બાદબાકી અંગે કેટલુંક
૯ બાદબાકીના ત્રણ પ્રયોગો
૧૦ ગુણાકારની પ્રાથમિક ભૂમિકા
૧૧ ગુણાકારની ટૂંકી અને સહેલી રીતો–૧
૧૨ „ „ „ „ ૨
૧૩ „ „ „ „ ૩
૧૪ બહુ મોટો ગુણાકાર કરવાની સહેલી રીત
૧૫ ગુણાકાર અંગે વિશેષ
૧૬ ગુણાકારની ચકાસણી
૧૭ ભાગાકારની મૂળ ભૂમિકા
૧૮ ભાગાકારની ટૂંકી અને સહેલી રીતો
૧૯ ભાગાકાર અંગે વિશેષ
૨૦ ભાગાકારનો સંક્ષેપ અને ચકાસણી
૨૧ ગણિત અને ગણતરી

હિસાબોમાં ઝડપ તથા ચોકસાઈ લાવવા માટે આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે.

## પંડિત શ્રી ધીરજલાલ શાહ કૃત

# સ્મરણકલા અંગે

## શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનો અભિપ્રાય

સામાન્ય જનતાને ચમત્કાર, મંત્રસિદ્ધિ કે યોગપ્રક્રિયા લાગે એવી સ્મરણકલાની શતાવધાની કલા પાછળ શાસ્ત્રીય સિદ્ધાંતો રહેલા છે, એમ જ્યારે શ્રી ધીરજલાલે અમને સમજાવ્યું, ત્યારે તેમની હૃદય-વિશુદ્ધિ માટે મને ખૂબ માન ઉત્પન્ન થયું. આપણા દેશમાં વિદ્યા-કલાને ગુપ્ત રાખવાની એક પ્રથા પડી ગઈ છે. કા તો કલાકાર કલાચોર બને છે, કાં કલાની આસપાસ ગૂઢ રહસ્યભર્યું વાતાવરણ ઉત્પન્ન કરી પોતાની મહત્તા વધારવા મથે છે. આને પરિણામે આપણી કેટલીક કલાઓ અને કેટલાય હુન્નરો બગડી ગયા અને નાશ પણ પામ્યા. શ્રી ધીરજલાલે સ્મરણકલાનું ઊંડું અવગાહન કર્યું છે અને તેના પરિણામે તેઓ પોતાના ગુરુપદની મહત્તા ઠીક ઠીક વધારી શક્યા હોત, પરંતુ તેમણે તેમ ન કરતાં પોતાના અભ્યાસ અને પોતાની તપશ્ચર્યાનાં ફલ આ 'સ્મરણકલા' નામના અપૂર્વ ગ્રંથમાં પ્રકટ કરી ગુજર્જર જનતા સમક્ષ ખુલ્લા મૂકી દીધાં છે અને સ્મરણકલાની વિધ વિધ કુંચીઓ ગુજર્જર જનતના હાથમાં મૂકી દીધી છે. આ ગ્રંથને ઠીક ઠીક વિચાર કરીને હું અપૂર્વ કહું છું...મને યાદ છે ત્યાં સુધી સ્મરણકલા વિષે આવો કોઈ ગ્રંથ ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી.

મૂલ્ય રૂપિયા ૫=૦૦, રજી. થી પોસ્ટેજ રૂા. ૧=૨૦

મુખ્ય પ્રાપ્તિસ્થાન : પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.

વી. પી. થી મોકલવામાં આવે છે.

પૃષ્ઠ ૩૫૬ + ૨૦ = ૩૭૬

મંત્રસમુદાયમાં ચિંતામણિસમાન
ૐકાર અને હ્રીઁકાર મંત્રના અપૂર્વ માહાત્મ્ય તેમજ
વિધિવિધાનને સુગમ શૈલિમાં રજૂ કરનારો ઉત્તમ ગ્રંથ

# મંત્ર-ચિંતામણિ

* આધ્યાત્મિક સંપદાઓમાં ૐ કારનો મહિમા અપૂર્વ છે, તેમ મંત્રસંપદાઓમાં હ્રીઁકારનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. તેની ઉપાસનાને લગતી તમામ અગત્યની હકીકતો પ્રાચીન કલ્પો તથા અનુભવના આધારે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવી છે.

* આ ગ્રંથમાં બંને મંત્રોના વિવિધ પ્રયોગો તથા અન્ય મંત્રો સાથેનું સંયોજન અને તેના પ્રકારો વગેરે પણ દર્શાવવામાં આવ્યા છે.

* આ ગ્રંથનું આલેખન મંત્રવિજ્ઞાનના લેખક ગણિતદિનમણિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહે અનેક પ્રમાણભૂત ગ્રંથોના આધારે કર્યું છે અને તે ભારતીય મંત્રસાહિત્યમાં અનેરી ભાત પાડનારું નીવડ્યું છે.

* આ ગ્રંથ મંત્રવિજ્ઞાનની જેમ ઊંચા મેપલીથો કાગળ પર છપાયેલો છે અને કદમાં પણ તેવડો જ છે. વળી દ્વિરંગી પૂંઠાથી સુશોભિત છે.

* તેનું મૂલ્ય રૂા. ૭–૫૦ છે. રજી. પોસ્ટેજ ખર્ચ રૂા. ૧–૩૦ આવે છે.

* તમારી નકલો આજે જ મેળવી લ્યો.

પ્રજ્ઞા પ્રકાશન મંદિર
લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.